नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩

# સ્થાન

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૩

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૩) સ્થાન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र- | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र- | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र- | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૩ ‘સ્થાન’

## અંગસૂત્ર- ૩ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્થાન–૧ | ૦૦૬ | ૬ | સ્થાન–૬ | ૦૯૨ |
| ૨ | સ્થાન–૨ | ૦૧૦ | ૭ | સ્થાન–૭ | ૦૯૯ |
| ૩ | સ્થાન–૩ | ૦૨૬ | ૮ | સ્થાન–૮ | ૧૦૮ |
| ૪ | સ્થાન–૪ | ૦૪૬ | ૯ | સ્થાન–૯ | ૧૧૬ |
| ૫ | સ્થાન–૫ | ૦૭૭ | ૧૦ | સ્થાન–૧૦ | ૧૨૩ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | -3- **आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518

2-આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [3] સ્થાન
## અંગસૂત્ર–૩– ગુજરાતી ભાવાનુવાદ

## સ્થાન–૧

**સૂત્ર–૧**

સુધર્માસ્વામીએ જંબૂસ્વામીએને કહ્યું– હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે. ભગવંતે આ પ્રમાણે કહેલું છે.

**સૂત્ર–૨**

આત્મા એક છે. (આત્મા એટલે કે જીવ, તેવ્યક્તિગત સ્વરૂપે એક છે).

**સૂત્ર–૩ થી ૬**

૩– દંડ એક છે...(આત્મા જે ક્રિયાથી દંડાય તેને દંડ કહે છે.)
૪– ક્રિયા એક છે...(કરવું તે ક્રિયા, તેના કાયિકી આદિ અનેક ભેદો છે.)
૫–લોક એક છે... (જ્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો રહેલા છે, તેને લોક કહે છે.)
૬–અલોક એક છે...(જ્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ન હોય, તેને અલોક કહે છે.)

**સૂત્ર–૭ થી ૧૬**

૭– ધર્માસ્તિકાય એક છે... (જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક દ્રવ્યને ધર્માસ્તિકાય કહે છે.)
૮– અધર્માસ્તિકાય એક છે..(જીવ અને પુદ્ગલની સ્થિતિમાં સહાયક દ્રવ્યને અધર્માસ્તિકાય કહે છે.)
૯– બંધ એક છે...(ક્રોધ આદિ કષાયથી કર્મ પુદ્ગલોનું આત્મ પ્રદેશ સાથે બંધાવું તે બંધ કહેવાય)
૧૦– મોક્ષ એક છે...(આત્માનું સર્વ કર્મ પુદ્ગલોથી મુક્ત થવું તેને મોક્ષ કહે છે.)
૧૧– પુન્ય એક છે...(શુભ કર્મરૂપ કર્મ–પ્રકૃતિને પુણ્ય કહે છે.)
૧૨– પાપ એક છે...(અશુભ કર્મરૂપ કર્મ–પ્રકૃતિને પાપ કહે છે.)
૧૩– આશ્રવ એક છે...(કર્મ આવવાના કારણો અથવા કર્માંબંધના હેતુને આશ્રવ કહે છે.)
૧૪– સંવર એક છે... આવતા કર્મોને રોકવા અથવા આશ્રૃવનો નિરોધ, તેને સંવર કહે છે.)
૧૫– વેદના એક છે...(વેદવું અર્થાત્ અનુભવવું, કર્મના ફળને અનુભવવું તેને વેદના કહે છે.)
૧૬– નિર્જરા એક છે..(કર્મોનું આત્મપ્રદેશથી દૂર થવું કે છુટા પડવું તેને નિર્જરા કહે છે.)

**સૂત્ર–૧૭ થી ૪૩**

(૧૭) પ્રત્યેક શરીરમાં રહેલો જીવ એક છે...જીવ્યો છે, જીવે છે કે જીવશે તેને જીવ કહે છે. તે પ્રત્યેક શરીરની અપેક્ષાએ એક છે.

(૧૮) બાહ્ય પુદ્ગલો લીધા વિના જીવોની વિકુર્વણા અર્થાત્ વિશેષ ક્રિયા, તે એક છે.
(૧૯) મન એક છે...(મનન કરવું તે અથવા જેને વડે મનન કરાય તેને મન કહે છે.)
(૨૦) વચન એક છે...(બોલવામાં આવે તે વચન.)
(૨૧) કાય વ્યાપાર એક છે...(વૃદ્ધિ પામે તે કાય, કાયાની પ્રવૃત્તિને કાય વ્યાપાર કહે છે.)
(૨૨) ઉત્પાદ એક છે...(એક સમયમાં એક પર્યાયની અપેક્ષાએ ઉત્પત્તિ એક છે.)
(૨૩) વિનાશ એક છે...(ઉત્પત્તિની જેમ ઉત્પન્ન થયેલ પર્યાયનો વિનાશ થવો તે ‘વિનાશ’ એક છે.)
(૨૪) વિગતાર્ચ્ચા અર્થાત્ મૃત જીવશરીર, તે સામાન્યની અપેક્ષાએ એક છે.)
(૨૫) ગતિ એક છે...(જીવનું વર્તમાન ભવને છોડીને આગામી ભવમાં જવું તેને ગતિ કહે છે.)

(૨૬) આગતિ એક છે...(પૂર્વભવને છોડીને વર્તમાન ભાવમાં આવવું તેને આગતિ કહે છે.)

(૨૭) ચ્યવન એક છે...(વૈમાનિક આદિ દેવોના મરણને ચ્યવન કહે છે. તે એક જીવને આશ્રીને એક છે.)

(૨૮) ઉપપાત એક છે...(દેવ તથા નારકીના જન્મને ઉપપાત કહે છે. તે એક જીવને આશ્રીને એક છે.)

(૨૯) તર્ક એક છે...(તર્ક એટલે વિમર્શ, અવાય થી પહેલા અને ઇહાથી પછી થાય છે,તે એક છે.)

(૩૦) સંજ્ઞા એક છે...(સંજ્ઞાના અનેક અર્થ છે, જેમ કે– આહાર, ભય વગેરે. વ્યંજનાવગ્રહ પછીના ઉત્તર કાળમાં થનાર મતિ વિશેષને પણ સંજ્ઞા કહેછે. ઇત્યાદિ)

(૩૧) મતિ એક છે...(મનન કરવું તે મતિ. કંઈક અર્થનું જ્ઞાન થયા પછી તેની સૂક્ષ્મ આલોચનારૂપ બુદ્ધિ.)

(૩૨) વિજ્ઞતા એક છે...વિશેષ જ્ઞાનસંપન્ન વ્યક્તિને વિજ્ઞ કહે છે, સામાન્ય અપેક્ષાએ વિજ્ઞતા એક છે.

(૩૩) વેદના એક છે...(પીડા રૂપ પરિણતિને વેદના કહે છે, તે સામાન્યની અપેક્ષાએ એક છે.)

(૩૪) છેદન એક છે...(શરીર કે અન્યનું કુહાડા વગેરેથી છેદન કરવું તે, સામાન્યની અપેક્ષાએ એક છે.)

(૩૫) ભેદન એક છે...ભાલા વડે શરીરને વિદારવું તે ભેદન કહેવાય છે.)

(૩૬) ચરમ શરીરીનું મરણ એક છે...(અંતિમ શરીરધારી જીવને ચરમશરીરી કહે છે.તે એક જ હોય છે.

(૩૭) પૂર્ણ શુદ્ધ તત્ત્વજ્ઞ પાત્ર એટલે કે કેવળી અથવા તીર્થંકર સામાન્ય અપેક્ષાથી એક છે...

(૩૮)એકભૂત જીવોનું દુઃખ એક છે. (સ્વકૃત કર્મફળનો ભોગી હોવાથી જીવોનું દુખ એક કહ્યું છે.)

(૩૯) જેના સેવનથીથી આત્મા ક્લેશ પામે તેવી અધર્મપ્રતિજ્ઞા એક છે...

(૪૦) જેના આચરણથી આત્મા વિશિષ્ટ જ્ઞાનાદિ પર્યાયવાળો બને તે ધર્મપ્રતિજ્ઞા એક છે...

(૪૧) દેવ, અસુર, મનુષ્યોને જે જે સમયમાં વિચારે છે તે તે સમયમાં કાલ વિશેષથી મન એક છે, વચન બોલવાના સમયમાં વચન એક છે, કાય– પ્રવૃત્તિના સમયમાં કાયવ્યાપાર એક છે.(મન–વચન–કાયયોગ એક છે)

(૪૨) દેવ, અસુર, મનુષ્યોને તે તે સમયમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ એક જ હોય છે.

(૪૩) જ્ઞાન એક છે, દર્શન એક છે, ચારિત્ર એક છે. વસ્તુના સ્વરૂપને જાણવું તે જ્ઞાન, શ્રદ્ધા તે દર્શન અને યથાર્થ આચરણ તે ચારિત્ર કહેવાય છે.

### સૂત્ર–૪૪ થી ૪૬

(૪૪) સમય એક છે...(કાળના સૌથી સૂક્ષ્મ અંશને સમય કહે છે.)

(૪૫) પ્રદેશ એક છે, પરમાણુ એક છે...દ્રવ્યનો નિર્વિભાગ અંશ અર્થાત્ નાનામાં નાનો દેશ તે પ્રદેશ કહેવાય અને પરમાણુ એટલે પુદ્ગલ દ્રવ્યનો નિર્વિભાગ અંશ સ્કંધ(સમુદાય)થી છૂટો પડી જાય ત્યારે પરમાણુ કહેવાય છે.

(૪૬) સિદ્ધિ એક છે, સિદ્ધ એક છે, પરિનિર્વાણ એક છે, પરિનિવૃત્ત એક છે... લોકના અગ્રભાગે રહેલ સ્થાન અથવા સિદ્ધશિલાને પણ સિદ્ધિ કહે છે.... જેઓ કર્મથી સર્વથા મુક્ત છે તેને સિદ્ધ કહે છે.... કર્મજનિત સંતાપના અભાવને પરિનિર્વાણ કહે છે... શારીરિક માનસિક દુઃખોથી સર્વથા રહિત જીવને પરિનિવૃત્ત કહે છે.

### સૂત્ર–૪૭

શબ્દ એક છે..., રૂપ એક છે..., ગંધ એક છે..., રસ એક છે..., સ્પર્શ એક છે.

શુભશબ્દ એક છે,... અશુભશબ્દ એક છે,

સુરૂપ એક છે,.. દુરૂપ એક છે,

દીર્ઘ એક છે, ... હ્રસ્વ એક છે,

વૃત્ત એક છે..., ત્રિકોણ એક છે..., ચોરસ એક છે..., વિસ્તીર્ણ એક છે..., પરિમંડલ એક છે,

કૃષ્ણ એક છે,... નીલ એક છે,... લોહિત એક છે,... પીત એક છે,... શ્વેત એક છે,

સુગંધ એક છે,... દુર્ગંધ એક છે,

તિક્ત એક છે..., કટુક એક છે..., કષાય એક છે..., અંબિલ એક છે..., મધુર એક છે.

કર્કશ એક છે..., મૃદુ એક છે..., ગુરુ એક છે..., લઘુ એક છે..., સહિત એક છે..., ઉષ્ણ એક છે..., સ્નિગ્ધ એક છે..., રૂક્ષ એક છે.

સૂત્ર–૪૮

પ્રત્યેક પાપસ્થાનોનું એકત્વ બતાવતા કહે છે–

પ્રાણાતિપાત–(હિંસા કરવી) એક છે, મૃષાવાદ–(અસત્ય બોલવું) એક છે, અદત્તાદાન–(અણ દીધેલી વસ્તુ લેવી, ચોરી કરવી) એક છે. મૈથુન–(અબ્રહ્મચર્ય) એક છે. પરિગ્રહ–(વસ્તુ આદિનો સંગ્રહ ) એક છે.

ક્રોધ–(ગુસ્સો) એક છે, માન–(અહંકાર) એક છે, માયા–(કપટ)) એક છે, લોભ–(અસંતોષ) એક છે,

રાગ–(પ્રિય વસ્તુની આસક્તિ) એક છે, દ્વેષ–(અપ્રિય વસ્તુ પર દુર્ભાવ) એક છે, કલહ–(લડાઈ) એક છે. અભ્યાખ્યાન–(ખોટું આળ ચડાવવું) એક છે. પૈશુન્ય–(ચાડીચુગલી) એક છે. પરપરિવાદ– બીજાની નિંદા કરવી) એક છે. અરતિરતિ–અરતિ એટલે ઉદ્વેગજન્ય મન–પરિણામ અને રતિ એટલે આનંદ કે હર્ષરૂપ મનો પરિણામ) એક છે, માયામૃષા–(કપટ સહિત જૂઠું બોલવું) એક છે. મિથ્યાદર્શન શલ્ય–(વિપરીત શ્રદ્ધા) એક છે.

સૂત્ર– ૪૯

પ્રાણાતિપાત વિરમણ–( હિંસા થી અટકવું તે)એક છે યાવત્ પરિગ્રહ વિરમણ એક છે.

ક્રોધ વિવેક–(ક્રોધનો ત્યાગ) એક છે યાવત્ મિથ્યાદર્શન શલ્ય વિવેક એક છે.

સૂત્ર–૫૦

અવસર્પિણી કાળ એક છે. સુસમસુસમા એક છે યાવત્ દુસમદૂસમા કાળ એક છે.

ઉત્સર્પિણી કાળ એક છે. દુસમદૂસમા એક છે યાવત્ સુસમસુસમા કાળ એક છે.

સૂત્ર–૫૧

વર્ગણા એટલે જીવ સમુદાય અથવા એક સમાન પુદ્ગલોનો સમૂહ..... નૈરયિકોની વર્ગણા એક છે, અસુરકુમારોની વર્ગણા એક છે, એ રીતે ચોવીશ દંડક યાવત્ વૈમાનિકોની વર્ગણા એક છે.

ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, ભવસિદ્ધિક નૈરયિક, અભવસિદ્ધિક નૈરયિક – યાવત્ – એ રીતે ભવસિદ્ધિક વૈમાનિક, અભવસિદ્ધિક વૈમાનિક તે પ્રત્યેકની વર્ગણા એક–એક છે.

સમ્યગ્દષ્ટિઓ, મિથ્યાદષ્ટિઓ, મિશ્રદષ્ટિઓ, સમ્યગ્દષ્ટિ નૈરયિકો, મિથ્યાદષ્ટિ નૈરયિકો એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો એ પ્રત્યેકની વર્ગણા એક–એક છે. આ પ્રમાણે સ્તનિતકુમારોની વર્ગણા એક છેસુધી કહેવું.

મિથ્યાદષ્ટિ પૃથ્વીકાયિકોની વર્ગણા એક છે. એ રીતે યાવત્ વનસ્પતિ–કાયિકોની વર્ગણા એક છે.

સમ્યગ્દષ્ટિ બેઇન્દ્રિયોની વર્ગણા એક છે, મિથ્યાદષ્ટિ બેઇન્દ્રિયોની વર્ગણા એક છે, એ રીતે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયોની પણ જાણવી. બાકીનાની નૈરયિકવત્ યાવત્ મિશ્રદષ્ટિ વૈમાનિકોની વર્ગણા એક છે.

કૃષ્ણપાક્ષિક જીવો, શુક્લપાક્ષિક જીવો, કૃષ્ણપાક્ષિક નૈરયિક, શુક્લપાક્ષિક નૈરયિકની પ્રત્યેકની એક–એક વર્ગણા છે. એવી રીતે ચોવીશે દંડકો કહેવા.

કૃષ્ણલેશ્યાવાલા જીવોની, નીલલેશ્યાવાલા જીવોની યાવત્ શુક્લલેશ્યાની પ્રત્યેકની વર્ગણા એક–એક છે.

કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોની છે યાવત્ કાપોતલેશ્યાવાળા નૈરયિકોની વર્ગણા એક છે, એ રીતે જેટલી જેની લેશ્યાઓ તેની તેટલી વર્ગણા કહેવી.

ભવનપતિ, વાણવ્યંતર, પૃથ્વીકાય–અપ્કાય–વનસ્પતિકાયિકોને પહેલી ચાર લેશ્યા છે. તેઉકાય–વાયુકાય, બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોને પહેલી ત્રણ લેશ્યા છે, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોને છ લેશ્યા છે, જ્યોતિષ્કોને એક તેજોલેશ્યા છે, વૈમાનિકોને ઉપરની ત્રણ લેશ્યા છે, તેની તેટલી લેશ્યાઓ જાણવી.

કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિકોની એક વર્ગણા છે, એ પ્રમાણે છ એ લેશ્યામાં બે–બે પદો કહેવા. કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક નૈરયિકો અને કૃષ્ણલેશ્યાવાળા અભવસિદ્ધિક નૈરયિકોની એક–એક વર્ગણા છે. એ રીતે જેની જેટલી લેશ્યાઓ હોય તેની તેટલી લેશ્યા કહેવી યાવત્ વૈમાનિકોની.

કૃષ્ણલેશ્યિક સમ્યગ્દૃષ્ટિ, કૃષ્ણલેશ્યિક મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશ્યિક મિશ્રદૃષ્ટિ તે પ્રત્યેકની એક–એક વર્ગણા છે, એવી રીતે છ એ લેશ્યાને વિશે યાવત્ વૈમાનિકોની જેની જેટલી દૃષ્ટિ છે તેટલી કહેવી.

કૃષ્ણલેશ્યિક કૃષ્ણપાક્ષિકો, કૃષ્ણલેશ્યિક શુક્લપાક્ષિકો ની એક–એક વર્ગણા છે. યાવત્ વૈમાનિક, જેની જેટલી લેશ્યાઓ. આ પ્રમાણે આઠ પદ વડે ચોવીસે દંડક જાણવા.

તીર્થ સિદ્ધોની વર્ગણા એક છે, એ રીતે યાવત્ એક સિદ્ધોની વર્ગણા એક છે. પ્રથમ સમય સિદ્ધોની યાવત્ અનંત સમય સિદ્ધોની વર્ગણા એક–એક છે. પરમાણુ પુદ્ગલોની યાવત્ અનંતપ્રદેશિક સ્કંધોની વર્ગણા એક–એક છે. એક પ્રદેશાવગાઢ પુદ્ગલો યાવત્ અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોની પ્રત્યેકની વર્ગણા એક–એક છે.

એક સમય સ્થિતિક યાવત્ અસંખ્યાત સમય સ્થિતિક પ્રત્યેક પુદ્ગલોની વર્ગણા એક–એક છે.

એકગુણ કાળા યાવત્ અસંખ્યાત ગુણ કાળા વર્ણવાળા પ્રત્યેક પુદ્ગલોની વર્ગણા એક–એક છે.

આ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વર્ગણા કહેવી, તે યાવત્ અનંતગુણ રૂક્ષ સ્પર્શવાળા પુદ્ગલોની વર્ગણા એક છે.

જઘન્ય–ઉત્કૃષ્ટ–અજઘન્યોત્કૃષ્ટ પ્રત્યેક સ્કંધોની વર્ગણા એક–એક છે. એ રીતે જઘન્ય–ઉત્કૃષ્ટ–મધ્યમ અવગાહના વાળા સ્કંધોની પ્રત્યેકની વર્ગણા એક–એક છે. જઘન્ય–ઉત્કૃષ્ટ–મધ્યમ સ્થિતિવાળા પ્રત્યેક સ્કંધોની વર્ગણા એક–એક છે. જઘન્ય–ઉત્કૃષ્ટ–મધ્યમ ગુણ કાળા વર્ણવાળા પ્રત્યેક સ્કંધોની વર્ગણા એક–એક છે. એ રીતે યાવત્ વર્ણ, ગંધ, રસ, સ્પર્શોની એક–એક કહેવી યાવત્ મધ્યમ ગુણ રૂક્ષ સ્પર્શવાળા પુદ્ગલોની વર્ગણા એક છે.

**સૂત્ર–૫૨ થી ૫૬**

(૫૨) બધાં દ્વીપ–સમુદ્રો મધ્યે જંબૂદ્વીપ દ્વીપ એક છે, યાવત્ પરિક્ષેપથી ૩,૧૬,૨૨૭ યોજન, ૩–ગાઉ, ૨૨૮–ધનુષ અને ૧૩॥ અંગુલથી કંઈક અધિક છે.

(૫૩) શ્રમણ ભગવંત મહાવીર આ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરોમાં છેલ્લા તીર્થંકર એકલા સિદ્ધ, બુદ્ધ, મુક્ત યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.

(૫૪) અનુત્તર વિમાનના દેવોની કાયા એક હાથ ઉર્ધ્વ–ઉચ્ચત્વ થી કહી છે.

(૫૫) આર્દ્રા–ચિત્રા–સ્વાતિ ત્રણે નક્ષત્રનો એક–એક તારો કહેલ છે.

(૫૬) એક પ્રદેશાવગાઢ પુદ્ગલો અનંત છે, એક સમય સ્થિતિક એક ગુણ કાળા પુદ્ગલ અનંત કહ્યા છે – યાવત્ – એકગુણ રૂક્ષ સ્પર્શવાળા પુદ્ગલો અનંત છે.

**'સ્થાન' સૂત્ર(અધ્યયન)ના સ્થાન–૧–નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન-૨

## ઉદ્દેશો-૧

સૂત્ર-૫૭

લોકમાં જે આ જીવાદિ વસ્તુઓ છે, તે બધી બે પ્રકારે છે – જીવ અને અજીવ... ત્રસ અને સ્થાવર... સયોનિક અને અયોનિક... આયુસહિત અને આયુરહિત... સઇન્દ્રિય અને અનિન્દ્રિય... સવેદ અને અવેદ... રૂપી અને અરૂપી... સપુદ્‌ગલ અને અપુદ્‌ગલ... સંસારમાં રહેલ અને સંસારમાં ન રહેલ... શાશ્વત અને અશાશ્વત.

સૂત્ર-૫૮,,૫૯

(૫૮) અજીવ બે પ્રકારે કહેલ છે– આકાશ અને નોઆકાશ... ધર્મ અને અધર્મ...

(૫૯) બંધ અને મોક્ષ... પુન્ય અને પાપ... આશ્રવ અને સંવર... વેદના અને નિર્જરા...

સૂત્ર-૬૦

ક્રિયા બે ભેદે છે – જીવક્રિયા, અજીવક્રિયા... જીવક્રિયા બે ભેદે–સમ્યક્‌ત્વ ક્રિયા, મિથ્યાત્વ ક્રિયા... અજીવ ક્રિયા બે ભેદે–ઈર્યાપથિકી, સાંપરાયિકી...

બે ભેદે ક્રિયા છે – કાયિકી, અધિકરણિકી... કાયિકી ક્રિયા બે ભેદે–અનુપરત કાયક્રિયા, દુષ્પ્રયુક્ત કાયક્રિયા... અધિકરણિકી ક્રિયા બે ભેદે–સંયોજનાધિકરણિકી, નિર્વર્તના અધિકરણિકી...

ક્રિયા બે ભેદે છે – પ્રાદ્વેષિકી, પારિતાપનિકી .. પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે– જીવ પ્રાદ્વેષિકી, અજીવ પ્રાદ્વેષિકી... પારિતાપનિકી ક્રિયા બે ભેદે–સ્વહસ્ત પારિતાપનિકી, પરહસ્ત પારિતાપનિકી...

ક્રિયા બે ભેદે છે – પ્રાણાતિપાત ક્રિયા, અપ્રત્યાખ્યાન ક્રિયા... પ્રાણાતિપાત ક્રિયા બે ભેદે–સ્વહસ્ત પ્રાણાતિપાત ક્રિયા, પરહસ્ત પ્રાણાતિપાત ક્રિયા...અપ્રત્યાખ્યાન ક્રિયા બે ભેદે–જીવ અપ્રત્યાખ્યાન ક્રિયા અને અજીવ પ્રત્યાખ્યાન ક્રિયા... (અહીં બાર સૂત્રો થયા).

બે ક્રિયા ભેદે છે – આરંભિકી, પારિગ્રહિકી... આરંભિકી ક્રિયા બે ભેદે–જીવ આરંભિકી, અજીવ આરંભિકી. પારિગ્રહિકી પણ બે ભેદે છે– જીવ પારિગ્રહિકી, અજીવ પારિગ્રહિકી.

ક્રિયા બે ભેદે છે – માયા પ્રત્યયિકી, મિથ્યાદર્શન પ્રત્યયિકી... માયા પ્રત્યયિકી ક્રિયા બે ભેદે– આત્મભાવવંકનતા, પરભાવવંકનતા... મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા બે ભેદે–ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી, તદ્‌વ્યતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી.

બે ભેદે ક્રિયા છે – દષ્ટિજા, સ્પૃષ્ટિ ... દષ્ટિજા ક્રિયા બે ભેદે–જીવદષ્ટિજા, અજીવદષ્ટિજા... સ્પૃષ્ટિજા ક્રિયા બે ભેદે છે– જીવ સ્પૃષ્ટિજા, અજીવ સ્પૃષ્ટિજા.

ક્રિયા બે ભેદે છે – પ્રાતીત્યિકી, સામંતોપનિપાતિકી... પ્રાતીત્યિકી ક્રિયા બે ભેદે–જીવ પ્રાતીત્યિકી, અજીવ પ્રાતીત્યિકી. સામંતોપનિપાતિકી ક્રિયા બે ભેદે– જીવ સામંતોપનિપાતિકી,અજીવ સામંતોપનિપાતિકી.(૨૪ સૂત્રો)

ક્રિયા બે ભેદે છે – સ્વહસ્તિકી...નૈસૃષ્ટિકી... સ્વહસ્તિકી ક્રિયા બે ભેદે – જીવ સ્વહસ્તિકી, અજીવ સ્વહસ્તિકી ... નૈસૃષ્ટિકી બે ભેદે– જીવ નૈસૃષ્ટિકી, અજીવ નૈસૃષ્ટિકી.

ક્રિયા બે છે – આજ્ઞાપનિકી, વૈદારણિકી. તેના બબ્બે ભેદ નૈસૃષ્ટિ ક્રિયા મુજબ જાણવા.

ક્રિયા બે છે – અનાભોગ પ્રત્યયિકી, અનવકાંક્ષ પ્રત્યયિકી... અનાભોગ પ્રત્યયિકી ક્રિયા બે ભેદે છે – અનુપયુક્ત આદાનતા અને અનુપયુક્ત પ્રમાર્જનતા... અનવકાંક્ષ ક્રિયા બે ભેદે – સ્વશરીર અનવકાંક્ષપ્રત્યયિકી, પર શરીર અનવકાંક્ષ પ્રત્યયિકી...

ક્રિયા બે છે – પ્રેમ પ્રત્યયિકી, દ્વેષ પ્રત્યયિકી... પ્રેમ પ્રત્યયિકી ક્રિયા બે ભેદે – માયા પ્રત્યયિકી, લોભ

પ્રત્યયિકી ... દ્વેષ પ્રત્યયિકી ક્રિયા બે ભેદે – ક્રોધ પ્રત્યયિકી, માન પ્રત્યયિકી. (આ રીતે ૩૬ પેટા સૂત્રો થયા.)

સૂત્ર–૬૧

ગર્હા અર્થાત્ પોતાની ભૂલ કે પાપ નો સ્વીકાર કરવો તે, તે બે ભેદે છે – કેટલાક મન વડે ગર્હા કરે છે, કેટલાક વચન વડે ગર્હા કરે છે. અથવા ગર્હા બે ભેદે – કોઈ લાંબો કાળ ગર્હા કરે છે, કોઈ અલ્પકાળ ગર્હા કરે છે,

સૂત્ર–૬૨

પચ્ચક્ખાણ અર્થાત્ પાપ પ્રવૃત્તિ ન કરવાનો અથવા પ્રમાદ ત્યાગ કરીને ધર્મ આદરવાનો નિયમ લેવો તે.

તે બે પ્રકારે છે તે આ રીતે – કોઈ માત્ર મનથી પચ્ચક્ખાણ કરે છે, કોઈ માત્ર વચનથી પચ્ચક્ખાણ કરે છે અથવા પચ્ચક્ખાણ બે ભેદે – કોઈ દીર્ઘકાલીન પચ્ચક્ખાણ કરે છે, કોઈ અલ્પકાલીન પચ્ચક્ખાણ કરે છે.

સૂત્ર–૬૩

બે ગુણ વડે યુક્ત અનગાર અનાદિ, અનંત, દીર્ઘકાલીન, ચાર ગતિવાળા સંસાર કાંતારને ઉલ્લંઘે છે. તે આ પ્રમાણે – વિદ્યા વડે અને ચારિત્ર વડે.

સૂત્ર–૬૪, ૬૫

આરંભ અને પરિગ્રહ બે સ્થાનને જાણીને અને પ્રત્યાખ્યાન પૂર્વક તેનો ત્યાગ ન કરે ત્યાં સુધી આત્મા...

૧. કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવા પામતો નથી.

૨. આત્મા શુદ્ધ બોધિ પામે નહીં તે.

૩. આત્મા મુંડ થઈને, ઘરથી નીકળીને અણગાર પ્રવ્રજ્યા ન પામે

૪. શુદ્ધ બ્રહ્મચર્યવાસમાં ન વસે.

૫. શુદ્ધ સંયમથી સંયમિત ન થાય.

૬. શુદ્ધ સંવરથી સંવરે નહીં.

૭. પરિપૂર્ણ મતિજ્ઞાનને ન પામે.

૮. પરિપૂર્ણ શ્રુતજ્ઞાનને ન પામે.

૯. પરિપૂર્ણ અવધિજ્ઞાનને ન પામે.

૧૦. પરિપૂર્ણ મનઃપર્યવજ્ઞાનને ન પામે.

૧૧. પરિપૂર્ણ કેવલજ્ઞાનને ન પામે.

૧૨. આત્મા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણપણા વડે પ્રાપ્ત કરે એવી રીતે યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે...

સૂત્ર–૬૬

બે સ્થાનથી આત્મા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મશ્રવણપણાને પામે – સાંભળીને અને અવધારીને. એ જ પ્રમાણે વિશુદ્ધ બોધિથી કેવલજ્ઞાન સુધીના સર્વે સ્થાનોને પ્રાપ્ત કરે છે.

સૂત્ર–૬૭ થી ૬૯

(૬૭) બે સમયો કહ્યા છે – અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ.

(૬૮) ઉન્માદ બે ભેદે છે – યક્ષના આવેશરૂપ અને દર્શન મોહનીયકર્મના ઉદયથી. તેમાં જે યક્ષાવેશ ઉન્માદ છે તે સુખેથી વેદાય છે અને સુખેથી તજી શકાય છે અને જે ઉન્માદ મોહનીયકર્મના ઉદયથી જે ઉન્માદ છે તે દુઃખવેદ્ય અને દુસ્ત્યાજ્ય છે.

(૬૯) દંડ બે કહ્યા છે – અર્થદંડ–(પ્રયોજનવશ હિંસા આદિ કરે) અને અનર્થદંડ–(નિષ્પ્રયોજન હિંસા આદિ કરે) નૈરયિકોને બે દંડ કહ્યા છે – અર્થદંડ, અનર્થદંડ. એ રીતે ચોવીસે દંડકમાં યાવત્ વૈમાનિકને જાણવું.

સૂત્ર–૭૦

દર્શન–(શુદ્ધ શ્રદ્ધા) બે પ્રકારે છે – સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન... સમ્યગ્દર્શન બે ભેદે–નિસર્ગ સમ્યગ્દર્શન અને અભિગમ સમ્યગ્–દર્શન... નિસર્ગ સમ્યગ્દર્શન બે ભેદે - પ્રતિપાતિ–(નષ્ટ થનારું), અપ્રતિપાતિ–(નષ્ટ ન થનારું). અભિગમ સમ્યગ્દર્શન બે ભેદે – પ્રતિપાતિ, અપ્રતિપાતિ.

મિથ્યાદર્શન બે ભેદે – અભિગ્રહિક મિથ્યાદર્શન, અનભિગ્રહિક મિથ્યાદર્શન. અભિગ્રહિક મિથ્યાદર્શન બે ભેદે – અંતસહિત, અંતરહિત, અનભિગ્રહિક મિથ્યાદર્શન પણ આ જ બે ભેદે છે.

સૂત્ર–૭૧

૧. જ્ઞાન બે ભેદે કહેલ છે– પ્રત્યક્ષ–(ઇન્દ્રિયોની સહાયતા વિના થતું)જ્ઞાન અને પરોક્ષ–(ઇન્દ્રિયોની સહાયતા થી થતું) જ્ઞાન.

૨. પ્રત્યક્ષ જ્ઞાન બે ભેદે – કેવલજ્ઞાન, નોકેવલજ્ઞાન.

૩. કેવલજ્ઞાન બે ભેદે – ભવસ્થ કેવલજ્ઞાન, સિદ્ધ કેવલજ્ઞાન.

૪. ભવસ્થ કેવલજ્ઞાન બે ભેદે – સયોગીભવસ્થ કેવલજ્ઞાન, અયોગિભવસ્થ કેવલજ્ઞાન.

૫,૬. સયોગિ ભયસ્થ કેવલજ્ઞાન બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમ સમય – સયોગિ ભવસ્થ કેવલજ્ઞાન અથવા ચરિમ સમય અને અચરિમસમય સયોગિ ભવસ્થ કેવલજ્ઞાન.

૭,૮. એવી રીતે અયોગિ ભવસ્થ કેવલજ્ઞાનના પણ બે ભેદો જાણવા.

૯. સિદ્ધ કેવલજ્ઞાન બે ભેદે – અનંતર સિદ્ધ કેવલજ્ઞાન, પરંપર સિદ્ધ કેવલજ્ઞાન.

૧૦. અનંતર સિદ્ધ કેવલજ્ઞાન બે ભેદે – એક અનંતર સિ૦ અને અનેક અનંતર સિદ્ધ કેવલજ્ઞાન.

૧૧. પરંપર સિદ્ધ કેવલજ્ઞાન બે ભેદે – એક પરંપર સિ૦ અને અનેક પરંપર સિદ્ધ કેવલજ્ઞાન.

૧૨. નોકેવલજ્ઞાન બે ભેદે – અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન.

૧૩. અવધિજ્ઞાન બે ભેદે – ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક.

૧૪. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન બે ને હોય – દેવોને, અને નૈરયિકોને.

૧૫. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન બે ને હોય – મનુષ્યોને અને પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને.

૧૬. મનપર્યવજ્ઞાન બે ભેદે કહેલ છે – ઋજુમતિ, વિપુલમતિ.

૧૭. પરોક્ષજ્ઞાન બે ભેદે કહેલ છે– આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન.

૧૮. આભિનિબોધિકજ્ઞાન બે ભેદે – શ્રુતનિશ્રિત, અશ્રુતનિશ્રિત.

૧૯. શ્રુતનિશ્રિત આભિનિબોધિકજ્ઞાન બે ભેદે – અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ.

૨૦. અશ્રુતનિશ્રિતના પણ આ જ બે ભેદ છે.

૨૧. શ્રુતજ્ઞાન બે ભેદે – અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય.

૨૨. અંગબાહ્ય બે ભેદે – આવશ્યક, આવશ્યક વ્યતિરિક્ત.

૨૩. આવશ્યક વ્યતિરિક્ત બે ભેદે–કાલિક અને ઉત્કાલિક.

સૂત્ર–૭૨

ધર્મ બે ભેદે કહેલ છે– ૧.શ્રુતધર્મ–(આગમ આદિ શ્રુતધર્મનો અભ્યાસ કે સ્વાધ્યાય કરવો) ૨.ચારિત્રધર્મ–(સમ્યક્ રૂપે વ્રત, સમિતિ આદિનું આચરણ કરવું).

શ્રુતધર્મ બે ભેદેકહે છે– સૂત્ર શ્રુતધર્મ અને અર્થ શ્રુતધર્મ.

ચારિત્રધર્મ બે ભેદે - અગાર–(ગૃહસ્થ) ચારિત્રધર્મ અને અણગાર–(સાધુ) ચારિત્રધર્મ.

સંયમ બે ભેદે કહેલ છે– સરાગસંયમ, વીતરાગસંયમ.

સરાગસંયમ બે ભેદે – સૂક્ષ્મસંપરાય સરાગ સંયમ અને બાદરસંપરાય સરાગ સંયમ,

સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમસમય – સૂક્ષ્મસંપરાય સરાગ સંયમ અથવા ચરમ અને અચરમ સૂક્ષ્મસંપરાયસરાગ સંયમ. અથવા સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ બે ભેદે – સંક્લેશમાનક, વિશુદ્ધમાનક સૂક્ષ્મસંપરાયસરાગ.

બાદરસંપરાય સરાગ સંયમ બે ભેદે છે– પ્રથમ સમય અને અપ્રથમસમય બાદરસંપરાય સરાગ સંયમ, અથવા ચરિમ અને અચરિમ બાદરસંપરાય સરાગ સંયમ અથવા બાદરસંપરાય સરાગ સંયમ બે ભેદે – પ્રતિપાતિ, અપ્રતિપાતિ બાદરસંપરાય સરાગ સંયમ.

વીતરાગસંયમ બે ભેદે – ઉપશાંત કષાય અને ક્ષીણકક્ષાય–વીતરાગસંયમ.

ઉપશાંતકષાય વીતરાગ સંયમ બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમ સમય – ઉપશાંત કષાય વીતરાગ સંયમ અથવા ચરમ અને અચરમ–સમય ઉપશાંતકષાય વીતરાગ સંયમ.

ક્ષીણકષાય વીતરાગ સંયમ બે ભેદે છે – છદ્મસ્થ અને કેવલી–ક્ષીણકષાય વીતરાગસંયમ.

છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમ બે ભેદે – સ્વયંબુદ્ધ ક્ષીણકષાય વીતરાગ સંયમ અને બુદ્ધબોધિત–છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સંયમ.

સ્વયંબુદ્ધ ક્ષીણકષાય વીતરાગ સંયમ બે ભેદે છે– પ્રથમ સમય અને અપ્રથમ સમય. અથવા ચરમ સમય અને અચરમ સમય સ્વયંબુદ્ધ ક્ષીણકષાય વીતરાગ સંયમ.

બુદ્ધિબોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગસંયમ બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમ સમય. અથવા ચરમ સમય અને અચરમ સમય બુદ્ધિબોધિત છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગસંયમ.

કેવલિ ક્ષીણકષાય વીતરાગસંયમ બે ભેદે – સયોગી અને અયોગી–કેવલી ક્ષીણકષાય વીતરાગસંયમ.

સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગસંયમ બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમ સમય અથવા ચરમ સમય અને અચરમ સમય સયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગસંયમ.

અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગસંયમ બે ભેદે – પ્રથમ સમય અને અપ્રથમ સમય અથવા ચરમ સમય અને અચરમ સમય અયોગી કેવલી ક્ષીણકષાય વીતરાગસંયમ.

### સૂત્ર–૭૩

૧. પૃથ્વીકાયિક બે ભેદે કહેલ છે – સૂક્ષ્મ અને બાદર. ૨ થી ૫. એ રીતે વનસ્પતિકાયિક પર્યંત સર્વ એકેન્દ્રિયના બે ભેદે કહેલ છે – સૂક્ષ્મ અને બાદર.

૬. પૃથ્વીકાયિક બે ભેદે કહેલ છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. ૭ થી ૧૦. એ રીતે વનસ્પતિકાયિક પર્યંત સર્વ એકેન્દ્રિયના બે ભેદ જાણવા.

૧૧. પૃથ્વીકાયિક બે ભેદે કહેલ છે – પરિણત–(અચિત્ત), અપરિણત–(સચિત્ત). ૧૨ થી ૧૫. એ પ્રમાણે વનસ્પતિકાયિક પર્યંત સર્વ એકેન્દ્રિયના બે ભેદ જાણવા.

૧૬. દ્રવ્ય બે ભેદે કહેલ છે– પરિણત અને અપરિણત

૧૭. પૃથ્વીકાયિક બે ભેદે કહેલ છે – ગતિસમાપન્નક–(એક ભવમાંથી બીજા ભવમાં જતા સમયે અંતરાલ–ગતિમાં વર્તતા જીવો), અગતિસમાપન્નક–(વર્તમાન ભવમાં અવસ્થિત જીવો).૧૮થી ૨૧. એ રીતે વનસ્પતિકાયિક પર્યંતના સર્વે એકેન્દ્રીયના બબ્બે ભેદ જાણવા.

૨૨. દ્રવ્યના બે ભેદ કહેલ છે– ગતિ સમાપન્નક અને અગતિ સમાપન્નક.

૨૩. પૃથ્વીકાયિક બે ભેદે – અનંતરાવગાઢ, પરંપર અવગાઢ. ૨૪ થી ૨૮. એ રીતે અપ્કાયિકથી વનસ્પતિકાય સુધીના દ્રવ્યો બબ્બે ભેદે જાણવા.

૨૯. દ્રવ્યના બે ભેદ કહેલ છે– અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ.

સૂત્ર–૭૪

કાળ બે ભેદે કહેલ છે – અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ.

આકાશ બે ભેદે કહેલ છે – લોકાકાશ અને અલોકાકાશ.

સૂત્ર–૭૫

નૈરયિકોને બે શરીર છે – અભ્યંતર, બાહ્ય. અભ્યંતર તે કાર્મણ, બાહ્ય તે વૈક્રિય. એ રીતે દેવોને પણ જાણવા.

પૃથ્વીકાયિકને બે શરીર છે – અભ્યંતર, બાહ્ય. અભ્યંતર તે કાર્મણ, બાહ્ય તે ઔદારિક. યાવત્ વનસ્પતિકાયિકને બે શરીર છે.

બેઇન્દ્રિયને બે શરીર છે – અભ્યંતર, બાહ્ય. અભ્યંતર તે કાર્મણ. બાહ્ય તે અસ્થિ–માંસ–લોહીથી બદ્ધ ઔદારિક. યાવત્ ચઉરિન્દ્રિયને બે શરીર જાણવા.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકને બે શરીર છે – અભ્યંતર, બાહ્ય. અભ્યંતર તે કાર્મણ, બાહ્ય તે અસ્થિ–માંસ–લોહી–સ્નાયુ–શિરાબદ્ધ ઔદારિક, મનુષ્યને પણ તેમ જ છે.

વિગ્રહગતિ સમાપન્નક નૈરયિકને બે શરીરો છે – તૈજસ અને કાર્મણ–નિરંતર યાવત્ વૈમાનિકોને બે શરીર છે.

નૈરયિકોને બે સ્થાને શરીરુત્પત્તિ છે – રાગથી, દ્વેષથી. યાવત્ વૈમાનિકને તેમ છે.

નૈરયિક યાવત્ વૈમાનિકને બે સ્થાને શરીરની નિર્વર્તના છે – રાગનિર્વર્તના, દ્વેષનિર્વર્તના.

કાયના બે ભેદ છે - ત્રસકાય અને સ્થાવરકાય. ત્રસકાય બે ભેદે છે– ભવસિદ્ધિક, અભવસિદ્ધિક. સ્થાવરકાયના પણ બે ભેદ છે– ભવસિદ્ધિક, અભવસિદ્ધિક.

સૂત્ર–૭૬

બે દિશા સન્મુખ રહીને નિર્ગ્રન્થો–નિર્ગ્રન્થીને દીક્ષા દેવી કલ્પે–પૂર્વ અને ઉત્તર. ...એ રીતે ૧. લોચ કરવા, ૨. શિક્ષા આપવા, ૩. ઉપસ્થાપનાર્થે, ૪. સહભોજનાર્થે, ૫. સંવાસાર્થે, ૬. સ્વાધ્યાયના ઉદ્દેશાર્થે, ૭. સમુદ્દેશ માટે, ૮. અનુજ્ઞા માટે, ૯. આલોચના માટે, ૧૦. પ્રતિક્રમણ માટે, ૧૧. નિંદાર્થે, ૧૨. ગર્હાર્થે, ૧૩. છેદનાર્થે, ૧૪. વિશુદ્ધિ માટે, ૧૫. ફરી ન કરવા સન્મુખ જવા માટે, ૧૬. યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપકર્મ સ્વીકારાર્થે પૂર્વ–ઉત્તર દિશા લેવી.

બે દિશા સન્મુખ અપશ્ચિમ મારણાંતિક સંલેખના આરાધના કરનારા, ભક્તપાન પ્રત્યાખ્યાન કરનારા તથા પાદપોપગત અને મરણની આકાંક્ષા ન કરનાર સાધુ–સાધ્વીને સ્થિર રહેવા પૂર્વ અને ઉત્તરદિશા કલ્પે છે.

**સ્થાન–૨, ઉદ્દેશા–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૨, ઉદ્દેશો–૨

સૂત્ર–૭૭

(૧) જે દેવો ઉર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા છે, તે બે પ્રકારે છે - કલ્પોપપન્નક–(બાર દેવલોકમાં ઉત્પન્ન), વિમાનોપપન્નક–(ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન). ચારોપપન્નક અર્થાત્ જે જ્યોતિષ્ક દેવો છે, તે પણ બે ભેદે છે– ચારસ્થિતિક હોય એટલે કે અઢીદ્વીપની બહાર ગતિ રહિત હોય અથવા ગતિરતિક–અર્થાત્ અઢીદ્વીપમાં સતત ગમનશીલ હોય. તે દેવો વડે સદા પાપકર્મનો બંધ કરે છે, તે પાપના ફળને દેવભવમાં રહીને જ કેટલાક દેવો ભોગવે છે અને કેટલાક તે પાપના ફળને ભવાંતરમાં વેદે છે.

(૨) નૈરયિકોને સદા જે પાપકર્મ બંધાય છે, તે ત્યાં રહીને પણ કેટલાક વેદે છે અને કેટલાક ભવાંતરમાં જઈને વેદે છે. એ રીતે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો સુધી જાણવું.

મનુષ્યોને સદા જે પાપકર્મ બંધાય છે, તેના ફળને કેટલાક અહીં રહીને વેદે છે, કેટલાક ભવાંતરમાં ભોગવે છે. મનુષ્ય સિવાયના બાકીના સમાન પાઠવાળા છે.

સૂત્ર–૭૮

(૧) નૈરયિકોને બે ગતિ, બે આગતિ કહી છે– નરકને વિશે ઉત્પન્ન થતા નારકી,મનુષ્ય અથવા પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય. તે જ રીતે નૈરયિકપણાને છોડતો નૈરયિક મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચપણામાં જાય.

એ રીતે અસુરકુમારો પણ જાણવા. વિશેષ એ કે – અસુરકુમાર અસુરકુમારત્વને છોડતો મનુષ્યપણા કે તિર્યંચ યોનિકપણામાં જાય. એ રીતે સર્વે દેવો જાણવા.

(૨) પૃથ્વીકાયિકોને બે ગતિ, બે આગતિ કહી છે – પૃથ્વીકાયિક, પૃથ્વીકાયને વિશે ઉત્પન્ન થતાં પૃથ્વીકાય કે નોપૃથ્વીકાયમાંથી આવે. પૃથ્વીકાયિક, પૃથ્વીકાયપણાને છોડતો પૃથ્વીકાયિકત્વ કે નોપૃથ્વીકાયિકત્વમાં જાય. મનુષ્યો સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે કહેવું.

સૂત્ર–૭૯

૧. નૈરયિકો બે ભેદે કહ્યા છે– ભવસિદ્ધિક, અભવસિદ્ધિક. વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૨. નૈરયિક બે ભેદે – અનંતરોપપન્નક, પરંપરોપપન્નક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૩. નૈરયિક બે ભેદે – ગતિસમાપન્નક, અગતિસમાપન્નક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૪. નૈરયિક બે ભેદે–પ્રથમસમયોપપન્નક, અપ્રથમસમયોપપન્નક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આમ જાણવું.

૫. નૈરયિક બે ભેદે–આહારક, અનાહારક. વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૬. નૈરયિક બે ભેદે – ઉચ્છ્વાસક, નોચ્છ્વાસક યાવત્ વૈમાનિક.

૭. નૈરયિક બે ભેદે – સઇન્દ્રિય, અનિન્દ્રિય વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૮. નૈરયિક બે ભેદે – પર્યાપ્તક, અપર્યાપ્તક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૯. નૈરયિક બે ભેદે – સંજ્ઞી, અસંજ્ઞી, એ રીતે સર્વે પંચેન્દ્રિય યાવત્ વ્યંતર (વૈમાનિક) સુધી જાણવું.

૧૦. નૈરયિક બે ભેદે – ભાષક, અભાષક – એ રીતે એકેન્દ્રિય સિવાય બધા દંડકોમાં જાણવું.

૧૧. નૈરયિક બે ભેદે – સમ્યગ્દૃષ્ટિક, મિથ્યાદૃષ્ટિક એ રીતે એકેન્દ્રિય વર્જીને સર્વે દંડકોમાં જાણવું.

૧૨. નૈરયિક બે ભેદે – પરિત્ત સંસારિક, અનંત સંસારિક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૧૩. નૈરયિક બે ભેદે – સંખ્યાતકાલ સમયસ્થિતિક, અસંખ્યાતકાલ સમય સ્થિતિક. એ રીતે એકેન્દ્રિય, વિકલેન્દ્રિયને વર્જીને પંચેન્દ્રિય યાવત્ વ્યંતર સુધી જાણવું.

૧૪. નૈરયિક બે ભેદે – સુલભબોધિક, દુર્લભબોધિક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૧૫. નૈરયિક બે ભેદે – કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક વૈમાનિક સુધી સર્વે દંડકોમાં આ પ્રમાણે જાણવું.

૧૬. નૈરયિક બે ભેદે – ચરિમ, અચરિમ એ રીતે વૈમાનિકપર્યંત બબ્બે ભેદ જાણવા.

સૂત્ર–૮૦

બે સ્થાન વડે આત્મા અધોલોકને જાણે છે અને દેખે છે – સમુદ્ઘાતરૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે – દેખે છે. સમુદ્ઘાત ન કરવારૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે – દેખે છે. એવી રીતે ૧. તિર્છાલોકને, ૨. ઉર્ધ્વલોકને અને ૩. પરિપૂર્ણ ચૌદરાજલોકને જાણે છે અને દેખે છે.

બે સ્થાન વડે આત્મા અધોલોકને જાણે છે અને દેખે છે – કરેલ વૈક્રિય શરીરરૂપ સ્વભાવ વડે, ન કરાયેલ વૈક્રિય શરીરરૂપ સ્વભાવ વડે, એવી રીતે તિર્યગ્લોકને, ઉર્ધ્વલોકને અને પરિપૂર્ણ ચૌદ રાજલોકને જાણે છે – દેખે છે.

બે સ્થાન વડે આત્મા શબ્દોને સાંભળે છે – દેશથી અને સર્વથી. એવી રીતે (૨) રૂપને જુએ છે, (૩) ગંધોને સૂંઘે છે, (૪) રસોને આસ્વાદે છે, (૫) સ્પર્શોને અનુભવે છે.

બે સ્થાન વડે આત્મા પ્રકાશિત છે – દેશથી અને સર્વથી. એવી રીતે– ૨)પ્રભાસે છે, ૩)વિકુર્વે છે, ૪)પરિચારણા સેવે છે, ૫)ભાસે–બોલે છે, ૬)આહાર કરે છે, ૭)પરિણામને પમાડે છે, ૮)વેદે છે, ૯)નિર્જરા કરે છે.

બે સ્થાન વડે દેવ શબ્દોને સાંભળે છે – દેશથી, સર્વથી. યાવત્ દેવ દેશથી અને સર્વથી નિર્જરા કરે છે.

મરુત્ (લોકાંતિક) દેવ બે પ્રકારે છે – એક શરીરવાળા અને બે શરીરવાળા.

એ પ્રમાણે – કિન્નર, કિંપુરુષ, ગંધર્વ, નાગકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર એ આઠે દેવો બબ્બે ભેદે છે – એક શરીરવાળા અને બે શરીરવાળા.

### સ્થાન–૨, ઉદ્દેશા–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

## સ્થાન–૨, ઉદ્દેશો–૩

સૂત્ર–૮૧

૧. શબ્દ બે ભેદે કહેલ છે– ભાષા શબ્દ, નોભાષા શબ્દ.

૨. ભાષાશબ્દ બે ભેદે કહેલ છે - અક્ષરસંબદ્ધ અર્થાત્ વર્ણાત્મક અને નોઅક્ષરસંબદ્ધ.

૩. નોભાષા શબ્દ બે ભેદે - આતોદ્ય–(ઢોલ આદિના)શબ્દ, નોઆતોદ્ય–(વાંસ આદિના) શબ્દ.

૪. આતોદ્ય શબ્દ બે ભેદે - તત–(વીણા આદિના), વિતત–(નગારા આદિના) શબ્દ.

૫. તત શબ્દ બે ભેદે - ઘન–(તાલ આદિ વાદ્યોના અને શુષિર–(બંસરી આદિનાં)શબ્દો.

૬. એ પ્રમાણે વિતત શબ્દ પણ બે ભેદે છે– ઘન અને શુષિર .

૭. નોઆતોદ્ય શબ્દ બે ભેદે કહેલ છે – ભૂષણશબ્દ, નોભૂષણશબ્દ.

૮. નોભૂષણ શબ્દ બે ભેદે – તાલશબ્દ, લત્તિકા શબ્દ.

બે સ્થાને શબ્દોત્પત્તિ થાય છે – એકત્રિત થતા પુદ્ગલોથી અને ભેદાતા પુદ્ગલોથી.

સૂત્ર–૮૨

૧. બે કારણે પુદ્ગલો એકઠાં થાય છે - સ્વભાવથી/સ્વયં એકઠાં થાય, બીજા વડે પુદ્ગલો એકઠાં થાય.

૨. બે કારણ વડે પુદ્ગલો ભેદાય છે – પોતાની મેળે અથવા બીજાઓ વડે.

૩. બે કારણે પુદ્ગલો સડે છે – પોતાની મેળે અથવા બીજાઓ વડે.

૪. એવી રીતે બે કારણે પુદ્ગલો પડે છે. ૫. બે કારણે વિનાશ પામે છે. (તેમ જાણવું).

૧. પુદ્ગલો બે પ્રકારે કહ્યા છે – જુદા થયેલા, જુદા ન થયેલા.

૨. પુદ્ગલો બે ભેદે - સ્વભાવથી ભેદાય તેવા, ન ભેદાય તેવા.

૩. પુદ્ગલો બે ભેદે – પરમાણુ પુદ્ગલો, નોપરમાણુ પુદ્ગલો.

૪. પુદ્ગલો બે ભેદે – સૂક્ષ્મ અને બાદર.

૫. પુદ્ગલો બે ભેદે છે - બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ–(શરીર સાથે સ્પર્શેલા), નોબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ.

૬. પુદ્ગલો બે ભેદે - પર્યાયાતીત–(જીવો દ્વારા ગૃહિત પુદગલો), અપર્યાયાતીત.

૭. પુદ્ગલો બે ભેદે છે - આત્તા–(જીવ દ્વારા પરિણત પુદગલો) અને અનાત્તા.

૮. પુદ્ગલો બે ભેદે છે - ઈષ્ટ–(પ્રયોજન પૂર્ણ કરી શકે એવા પુદ્ગલો) અને અનિષ્ટ.

એ પ્રમાણે પુદ્ગલો બે ભેદે કહેલ છે– ૯.કાંત–અકાંત, ૧૦.પ્રિય–અપ્રિય, ૧૧.મનોજ્ઞ–અમનોજ્ઞ, ૧૨.મણામ–અમાણામ.

સૂત્ર–૮૩

શબ્દો બે ભેદે છે – ત્તા, અણત્તા. એ રીતે ઈષ્ટ યાવત્ મણામ –

રૂપ બે ભેદે છે – અત્તા, અણત્તા યાવત્ મણામ.

આ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શના પ્રત્યેકના પણ છ–છ આલાવા કહેવા.

સૂત્ર–૮૪

૧. આચાર બે ભેદે છે – જ્ઞાનાચાર, નોજ્ઞાનાચાર.

૨. નોજ્ઞાનાચાર બે ભેદે છે– દર્શનાચાર, નોદર્શનાચાર.

૩. નોદર્શનાચાર બે ભેદે છે– ચારિત્રાચાર, નોચારિત્રાચાર.

૪. નોચારિત્રાચાર બે ભેદે છે – તપાચાર, વીર્યાચાર.

૧. પ્રતિમા બે ભેદે છે – સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા.

૨. પ્રતિમા બે ભેદે છે– વિવેક પ્રતિમા, વ્યુત્સર્ગ પ્રતિમા.

૩. પ્રતિમા બે ભેદે છે– ભદ્રા પ્રતિમા, સુભદ્રા પ્રતિમા.

૪. પ્રતિમા બે ભેદે છે – મહાભદ્રા પ્રતિમા, સર્વતોભદ્રા પ્રતિમા.

૫. પ્રતિમા બે ભેદે – લઘુમોક પ્રતિમા, વડી મોકપ્રતિમા,

૬. પ્રતિમા બે ભેદે – યવમધ્યચંદ્રપ્રતિમા, વજ્રમધ્યચંદ્રપ્રતિમા.

સામાયિક બે ભેદે છે - અગાર–(ગુહસ્થ)સામાયિક, અણગાર - (સાધુ)સામાયિક.

સૂત્ર–૮૫

(૧) ઉપપાત–(જીવો નો જન્મ) બે ભેદે છે – દેવોનો, નારકોનો.

(૨) ઉદ્વર્તના–(જીવોનું મરણ) બે ભેદે છે – નૈરયિકોની, ભવનવાસીઓની.

(૩) ચ્યવન–(મરણ) બે ભેદે છે – જ્યોતિષ્કોનું, વૈમાનિકોનું.

(૪) ગર્ભ વ્યુત્ક્રાંતિ–(ઉત્પત્તિ) બે ભેદે છે – મનુષ્યોની, પંચેન્દ્રિય તિર્યંચોની.

(૫) બે પ્રકારના જીવો ગર્ભમાં આહાર કરે છે – મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો.

(૬) બે પ્રકારના જીવો ગર્ભમાં વૃદ્ધિ પામે છે – મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો.

એ જ પ્રમાણે– (૭) નિર્વૃદ્ધિ–(હાનિ), (૮) વિકુર્વણા, (૯) ગતિ પર્યાય, (૧૦) સમુદ્‌ઘાત, (૧૧) કાળ સંયોગ, (૧૨) જન્મવું, (૧૩) મરણ એ સર્વે બબ્બે ભેદે જાણવા.

(૧૪) ચામડીવાળા સંધિ બંધનવાળા શરીર બે પ્રકારના જીવોને છે – મનુષ્યોને, પંચેન્દ્રિય તિર્યંચોને.

(૧૫) શુક્ર–શોણિતથી ઉત્પત્તિ બે પ્રકારના જીવોને છે – મનુષ્યો, પંચેન્દ્રિય તિર્યંચો.

(૧૬) સ્થિતિ–(કાલમર્યાદા) બે ભેદે છે - કાયસ્થિતિ–(એક જ કાયમાં નિરંતર જન્મ લેવો તે), ભવસ્થિતિ–(એક જ ભવમાં જેટલું આયુષ્ય હોય તે ).

(૧૭) કાયસ્થિતિ બે ભેદે – મનુષ્યોની, પંચેન્દ્રિય તિર્યંચોની.

(૧૮) ભવસ્થિતિ બેની–દેવોની, નારકોની.

(૧૯) આયુષ્ય બે ભેદે છે – અદ્ધાયુષ્ક, ભવાયુષ્ક.

(૨૦) અદ્ધાયુ બેને છે – મનુષ્યોને, પંચેન્દ્રિય તિર્યંચોને.

(૨૧) ભવાયુષ્ બેને છે – દેવોને, નૈરયિકોને.

(૨૨) કર્મ બે ભેદે છે – પ્રદેશ કર્મ, અનુભાવ કર્મ.

(૨૩) યથાયુને બે પાળે છે – દેવો, નારકો.

(૨૪) બેના આયુ સંવર્તક છે – મનુષ્યના અને પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોના.

સૂત્ર–૮૬

જંબૂદ્વીપ નામક દ્વીપમાં મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણમાં બે વર્ષક્ષેત્રો કહ્યા છે, તે અતિ સમતુલ્ય, અવિશેષ, નાના પ્રકારપણાથી રહિત, અન્યોન્યને ન ઉલ્લંઘતા, લંબાઈ–પહોળાઈ–આકાર–પરિધિ વડે સમાન છે તે ભરત અને

ઐરવત. એ રીતે આ અભિલાપ વડે હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ રમ્યક્વર્ષ છે.

જંબૂદ્વીપ નામક દ્વીપ મધ્યે મેરુપર્વતની પૂર્વ–પશ્ચિમે બે ક્ષેત્ર છે – અતિ સમતુલ્ય, અવિશેષ યાવત્ તે પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર–દક્ષિણે બે કુરુક્ષેત્ર અતિ સમતુલ્ય છે. યાવત્ તે દેવકુરુ, ઉત્તરકુરુ છે.

તેમાં અતિ મોટા બે વૃક્ષો છે – બહુ સમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત, અન્યોન્યને ન ઉલ્લંઘતા, લંબાઈ–પહોળાઈ–ઊંચાઈ, ઉદ્વેધ–સંસ્થાન–પરિધિ વડે સમાન છે, તે કૂટશાલ્મલી અને જંબૂ–સુદર્શન.

ત્યાં મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્યવાળા, પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો વસે છે, તે – વેણુદેવગરુડ અને અનાઢ્ય, તે જંબૂદ્વીપના અધિપતિ છે.

સૂત્ર–૮૭

જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે વર્ષધર પર્વતો કહ્યા છે – તે બહુ સમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત, અન્યોન્ય ન ઉલ્લંઘતા તેમજ લંબાઈ–પહોળાઈ–ઊંચાઈ–ઊંડાઈ–સંસ્થાન–પરિધિ વડે સમાન છે. તે આ – લઘુ હિમવંત અને શિખરી, એ રીતે મહા હિમવંત અને રુક્મી, એમ જ નિષધ અને નિલવાન પર્વત કહેવા.

જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણે હેમવંત અને હૈરણ્યવત ક્ષેત્રમાં બે વૃત્તવૈતાઢ્ય પર્વત છે – બહુસમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત યાવત્ તે શબ્દાપાતી અને વિકટાપાતી નામક છે.

તેમાં બે મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા છે – તે સ્વાતિ, પ્રભાસ.

જંબૂદ્વીપના મેરુની ઉત્તર અને દક્ષિણે હરિવર્ષ અને રમ્યક્ વર્ષ ક્ષેત્રમાં બે–વૃત્તવૈતાઢ્ય પર્વત છે – બહુ સમતુલ્ય યાવત્ ગંધાપાતી અને માલ્યવંતપર્યાય નામક છે.

તે બંનેમાં એક એક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. અરુણ અને પદ્મ નામે છે.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણ દિશામાં દેવકુરુ ક્ષેત્રના પૂર્વ અને પશ્ચિમ પડખામાં અશ્વના સ્કંધ સદશ, અર્દ્ધ ચંદ્ર–સંસ્થાન સંસ્થિત બે વક્ષસ્કાર પર્વતો છે. તે બહુસમ છે યાવત્ સૌમનસ અને વિદ્યુત્પ્રભ નામે છે.

જંબૂદ્વીપના મેરુની ઉત્તર દિશાએ ઉત્તરકુરુ ક્ષેત્રમાં પૂર્વ અને પશ્ચિમ પડખામાં અશ્વના સ્કંધ સમાન યાવત્ ગંધમાદન, માલ્યવંત બે વક્ષસ્કાર પર્વત છે, જે અર્ધચંદ્રાકાર છે ઇત્યાદિ પૂર્વવત.

જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણે બે દીર્ઘવૈતાઢ્ય પર્વત છે. બહુસમતુલ્ય યાવત્ ભરતમાં દીર્ઘવૈતાઢ્ય, ઐરવતમાં દીર્ઘવૈતાઢ્ય.

ભરતના દીર્ઘ વૈતાઢ્યમાં બે ગુફાઓ કહી છે – બહુ સમતુલ્ય, અવિશેષ, નાનાત્વ રહિત, અન્યોન્ય ન ઉલ્લંઘતી, લંબાઈ–પહોળાઈ–ઊંચાઈ–આકાર–પરિધિ વડે સમાન છે તે આ – તમિસ્રા ગુફા અને ખંડપ્રપાત ગુફા.

ત્યાં બે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે – કૃતમાલક, નૃત્યમાલક,

ઐરાવત ક્ષેત્રના દીર્ઘ વૈતાઢ્યમાં બે ગુફાઓ કહી છે યાવત્ ભરત માફક જાણવું.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે લઘુ હિમવંત નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહ્યા છે – તે બહુસમતુલ્ય યાવત્ પહોળાઈ, ઊંચાઈ, સંસ્થાન, પરિધિ વડે (સમાન છે તે) લઘુહિમવંતકૂટ અને વૈશ્રમણકૂટ.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે મહાહિમવંત નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહેલ છે. તે બહુસમતુલ્ય યાવત્ મહાહિમવંતકૂટ અને વૈડૂર્યકૂટ નામે છે.

એ રીતે નિષધ વર્ષધર પર્વતમાં બે કૂટ છે – યાવત્ – નિષધકૂટ અને રુચકપ્રભકૂટ.

જંબૂદ્વીપના મંદર પર્વતની ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતના બે કૂટ કહ્યા છે, તે બહુસમ યાવત્ નીલવંતકૂટ, ઉપદર્શનકૂટ નામે છે.

એ રીતે શિખરી નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહ્યા છે – યાવત્ – શિખરીકૂટ, તિગિચ્છિકૂટ.

સૂત્ર–૮૮

જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં લઘુ હિમવંત અને શિખરી વર્ષધર પર્વતમાં બે મહાદ્રહો કહ્યા છે – બહુસમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત, અન્યોન્ય ન ઉલ્લંઘતા એવા, લંબાઈ–પહોળાઈ–ઊંડાઈ–સંસ્થાન અને પરિધિ વડે સમાન છે. તે – પદ્મદ્રહ, પુંડરીક દ્રહ.

ત્યાં બે દેવીઓ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે – શ્રી, લક્ષ્મી. એવી રીતે મહાહિમવંત અને રુકમી પર્વત બે મોટા દ્રહો છે – બહુસમ યાવત્ પૂર્વવત. તે મહાપદ્મદ્રહ, મહાપુંડરીકદ્રહ. ત્યાં બે દેવી છે – હ્રી, બુદ્ધિ.

એ રીતે નિષધ અને નીલવંત પર્વતે તિગિંછીદ્રહ, કેશરીદ્રહ છે. ત્યાં ધૃતિ અને કીર્તિ નામે દેવી છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે મહાહિમવંત વર્ષધર પર્વતના મહાપદ્મદ્રહથી બે મહાનદી નીકળે છે – રોહિતા, હરિકાંતા. એ રીતે નિષધ વર્ષધર પર્વતના તિગિંછી દ્રહથી બે મહાનદી નીકળે છે – હરિત્, શીતોદા.

જંબૂદ્વીપના મેરુ પર્વતથી ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતના કેસરીદ્રહથી બે મહાનદી વહે છે – સીતા, નારિકાંતા. એ રીતે રુકમી વર્ષધર પર્વતના મહાપુંડરીક દ્રહથી બે મહાનદી નીકળે છે – નરકાંતા, રૂપ્યકૂલા.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે બે પ્રપાતદ્રહો કહ્યા છે, તે આ રીતે - બહુસમ યાવત્ તે – ગંગાપ્રપાતદ્રહ, સિંધુપપાતદ્રહ. એ રીતે હિમવત ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહો કહ્યા છે – રોહિત્પ્રપાતદ્રહ, રોહિતાંશાપ્રપાતદ્રહ.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે હરિવર્ષ ક્ષેત્રમાં બે પ્રતાપદ્રહ કહ્યા છે– હરિપ્રપાતદ્રહ, હરિકાંત પ્રપાતદ્રહ.

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે અને દક્ષિણે મહાવિદેહ ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહો કહ્યા છે – યાવત્ – સીતાપ્રપાતદ્રહ, સીતોદાપ્રતાત દ્રહ.

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રમ્યક્વર્ષ ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહો કહ્યા– યાવત્ –નરકાંતા પ્રપાતદ્રહ, નારીકાંતા પ્રપાતદ્રહ. એ રીતે હૈરણ્યવત ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહો કહ્યા છે – યાવત્ – સુવર્ણકૂલાપ્રપાતદ્રહ, રૂપ્યકૂલાપ્રપાતદ્રહ.

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે ઐરવતક્ષેત્રમાં બે પ્રપાતદ્રહો કહ્યા– યાવત્ – રક્તાપ્રપાતદ્રહ, રક્તવતી પ્રપાતદ્રહ.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે બે મહાનદી કહી છે – યાવત્ – ગંગા, સિંધુ. એ રીતે જેમ પ્રપાતદ્રહો છે, તેમ નદીઓ કહેવી યાવત્ – ઐરવત ક્ષેત્રમાં બે મહાનદી કહી છે – યાવત્ – રક્તા, રક્તવતી.

સૂત્ર–૮૯

(૧) જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સુષમદૂષમકાળે બે કોડાકોડી સાગરોપમનો કાળ હતો. ...(૨) એ રીતે આ અવસર્પિણીમાં યાવત્ બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ કહ્યો છે.

(૩) એ રીતે આગામી ઉત્સર્પિણીકાળે પણ યાવત્ બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળ થશે.

(૪) જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી સુષમ આરામાં મનુષ્ય બે ગાઉની ઊંચાઈ વાળા. (૫) બે પલ્યોપમના આયુને પાળનારા હતા. (૬) એ રીતે આ અવસર્પિણીમાં પણ જાણવું. (૭) એવી રીતે આગામી ઉત્સર્પિણી કાળે પણ સુષમ આરામાં ઊંચાઈ અને આયુ જાણવા.

(૮) જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રને વિશે એક યુગના એક સમયે બે અરિહંત વંશો ઉત્પન્ન થયા છે – થાય છે અને થશે. (૯) એ રીતે ચક્રવર્તી વંશ, (૧૦) દસારવંશ (ઉત્પન્ન થયા છે – થાય છે અને થશે.)

(૧૧) જંબૂદ્વીપના ભરત, ઐરવત ક્ષેત્રમાં અરિહંત ઉત્પન્ન થયા છે – થાય છે – અને થશે. (૧૨) એ રીતે ચક્રવર્તી, (૧૩) દસારવંસ–બલદેવ, વાસુદેવને જાણવા.

(૧૪) જંબૂદ્વીપના બંને કુરુક્ષેત્રને વિશે મનુષ્યો સદા સુષમસુષમ આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા વિચરે છે, તે ક્ષેત્રો દેવકુરુ અને ઉત્તરકુરુ.

(૧૫) જંબૂદ્વીપ નામક દ્વીપમાં બે વર્ષક્ષેત્રમાં મનુષ્યો સદા સુષમ આરાની ઉત્તમ ઋદ્ધિને ભોગવતા વિચરે છે, તે વર્ષક્ષેત્રો – હરિવર્ષ અને રમ્યકવર્ષ.

(૧૬) જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્યો સદા સુષમદુષમ નામક આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા વિચરે છે, તે – હૈમવત અને હૈરણ્યવત.

(૧૭) જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્યો સદા દુષમસુષમ આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા વિચરે છે. તે આ પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ.

(૧૮) જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્યો છ પ્રકારના કાળ સંબંધી આયુષ્યાદિ ઋદ્ધિને પામીને ભોગવતા વિચરે છે. તે આ ભરત અને ઐરવત ક્ષેત્ર.

## સૂત્ર–૯૦ થી ૯૪

(૯૦) જંબૂદ્વીપ નામક દ્વીપમાં બે ચંદ્રો પ્રકાશતા હતા – પ્રકાશે છે – પ્રકાશશે. બે સૂર્યો તપતા હતા – તપે છે – તપશે.

જંબૂદ્વીપ નામક દ્વીપમાં બે કૃતિકા નક્ષત્ર છે. એ પ્રમાણે બે રોહિણી, બે મૃગશિર્ષ, બે આર્દ્રા વગેરે બે ભરણી સુધી ૨૮–૨૮ નક્ષત્રો જાણવા. આ નક્ષત્રોએ ચંદ્ર સાથે યોગ કર્યો હતો, કરે છે અને કરશે. તે નક્ષત્રો આ પ્રમાણે–

(૯૧) બબ્બે– કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પૂર્વા–ઉત્તરફાલ્ગુની,

(૯૨) બબ્બે– હસ્ત, ચિત્રા, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા,

(૯૩) બબ્બે– અભિજિત્, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા, પૂર્વા–ઉત્તરા ભાદ્રપદ, રેવતી, અશ્વિની અને ભરણી

(૯૪) અઠ્ઠાવીસ નક્ષત્રાધિપતિ આ પ્રમાણે – અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદીતિ, બૃહસ્પતિ, સર્પ, પિતર, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, ઈન્દ્રાગ્નિ, મિત્ર, ઈન્દ્ર, નિર્ઋતિ, આપ્, વિશ્વ, બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, વિવૃદ્ધિ, પુષા, અશ્વી અને યમ – આ પ્રત્યેક દેવો બબ્બે જાણવા.

(હવે ૮૮–ગ્રહો કહે છે–) અંગારક, વ્યાલક, લોહિતાક્ષ, શનૈશ્ચર, આહુણિક, પ્રાહુણિક, કણ, કનક, કણકનક, કનકવિતાનક, કનકસંતાનક, સોમ, સહિત, અશ્વાસન, કજ્જોપક, કર્બટ, અયસ્કર, દુંદુભક, શંખ, શંખવર્ણ, શંખવર્ણાભ, કંસ, કંસવર્ણ, કંસવર્ણાભ, રુપી, રૌપ્યાભાસ, નીલ, નીલાભાસ, ભસ્મ, ભસ્મરાશિ, તિલ, તિલપુષ્પવર્ણ, દક, દકપંચવર્ણ, કાક, કાકંધ, ઇંદાગ્નિ, ધૂમકેતુ, હરિ, પિંગલ, બુધ, શુક્ર, ગુરુ, રાહુ (૪૪)

અગસ્તિ, માણવક, કાસ, સ્પર્શ, ધુર, પ્રમુખ, વિકટ, વિસંધિ, નિયલ, પઈલ, ઝટિતાલક, અરુણ, અગિલ, કાલ, મહાકાલ, સ્વસ્તિક, સૌવસ્તિક, વર્ધમાન, (પુષ્પ–માનક) (અંકુશ), પ્રલંબ, નિત્યાલોક, નિત્યોદ્યોત, સ્વયંપ્રભ, અવભાસ, શ્રેયંકર, ક્ષેમંકર, આભંકર, પ્રભંકર, અપરાજિત, અરજ, અશોક, વિગતશોક, વિમલ, વિતત, વિત્રસ્ત, વિશાલ, સાલ, સુવ્રત, અનિવૃત્ત, એકજટી, દ્વિજટી, કરકરિક, રાજગલ, પુષ્પકેતુ અને ભાવકેતુ. આ ૮૮ મહાગ્રહો પ્રત્યેક બબ્બે જાણવા.

## સૂત્ર–૯૫ થી ૯૭

(૯૫) જંબૂદ્વીપ નામક દ્વીપની વેદિકા ઊંચાઈથી બે ગાઉ ઊર્ધ્વ કહેલી છે. લવણ સમુદ્ર ચક્રવાલ વિષ્કંભથી બે લાખ યોજન છે, તેની વેદિકા બે ગાઉ ઊંચી કહી છે.

(૯૬) ધાતકીખંડદ્વીપના પૂર્વાર્દ્ધ મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણે બે વર્ષક્ષેત્રો કહ્યા છે. તે બહુ સમતુલ્ય છે. યાવત્ તે ભરત અને ઐરવત છે. જેમ જંબૂદ્વીપના ભરત અને ઐરવતનું વર્ણન કર્યું તેમ અહીં પણ જાણવુ. યાવત્ બંનેમાં મનુષ્યો છ પ્રકારના કાલને અનુભવતા વિચરે છે.

તે આ ભરત અને ઐરવતમાં વિશેષ એ કે - અહી બે વૃક્ષ છે– કૂટશાલ્મલી અને ઘાતકી. તેના ઉપર રહેતા દેવોના નામ અનુક્રમે છે–ગરૂડકુમાર જાતિના વેણુ અને સુદર્શન.

ધાતકીખંડદ્વીપના પશ્ચિમાર્દ્ધમાં મેરુ પર્વતની ઉત્તર–દક્ષિણે બે વર્ષક્ષેત્રો છે યાવત્ ભરત અને ઐરવત યાવત્ છ પ્રકારના કાલને અનુભવતા વિચરે છે. આ ભરત–ઐરવતમાં વિશેષ એ છે કે ત્યાં કૂટશાલ્મલી અને મહાધાતકી

વૃક્ષ છે. ગરુલજાતિય વેણુદેવ, પ્રિયદર્શન દેવો છે.

ધાતકીખંડ નામના દ્વીપમાં – પ્રત્યેક બબ્બે– ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્ વર્ષ, પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ ક્ષેત્રો છે. બબ્બે – દેવકુરુના મહાવૃક્ષો, દેવકુરુના મહાવૃક્ષના વાસી દેવો, ઉત્તરકુરુ, ઉત્તરકુરુના મહાવૃક્ષો, ઉત્તરકુરુ મહાવૃક્ષના નિવાસી દેવો છે.

બબ્બે–લઘુહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુકમી, શિખરી પર્વતો કહ્યા છે. ત્યાં બબ્બે શબ્દાપાતી, શબ્દાપાતીવાસી સ્વાતિ દેવો, વિકટાપાતી, વિકટાપાતીવાસી પ્રભાસ દેવો, ગંધાપાતી, ગંધાપાતીવાસી અરુણ દેવો, માલ્યવંતપર્યાય, માલ્યવંતપર્યાયવાસી પદ્મદેવો રહેલા છે.

ધાતકીખંડ નામના દ્વીપમાં બબ્બે– માલવંત, ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન, સૌમનસ, વિદ્યુત્પ્રભ, અંકાવતી, પદ્માવતી, આશીવિષ, સુખાવહ, ચંદ્રપર્વત, સૂર્યપર્વત, નાગપર્વત, દેવપર્વત, ગંધમાદન, ઈષુકાર પર્વત આવેલા છે.

ધાતકીખંડ નામના દ્વીપમાં બબ્બે કૂટો કહ્યા છે– લઘુ હિમવંતકૂટ, વૈશ્રમણકૂટ, મહાહિમવંતકૂટ, વૈડૂર્યકૂટ, નિષધકૂટ, રુચકકૂટ, નીલવંતકૂટ, ઉપદર્શનકૂટ, મણિકંચનકૂટ, શિખરીકૂટ, તિગિચ્છિકૂટ

ધાતકીખંડ નામના દ્વીપમાં બબ્બે– પદ્મદ્રહ, પદ્મદ્રહવાસિની શ્રીદેવીઓ, મહાપદ્મદ્રહ, મહાપદ્મદ્રહવાસી હ્રીદેવીઓ, એવી રીતે યાવત્ પુંડરીકદ્રહ, પુંડરીક દ્રહવાસી લક્ષ્મીદેવીઓ, ગંગા પ્રપાતદ્રહ યાવત્ રક્તવતી પ્રપાતદ્રહ એ દરેક બબ્બે છે.

ધાતકીખંડ દ્વીપમાં બબ્બે– રોહિતા યાવત્ રૂપ્યકૂલા, ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા, ક્ષીરોદા, સિંહશ્રોતા, અંતર્વાહિની, ઉર્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની એ પ્રત્યેક નદી બબ્બે છે.

ધાતકીખંડ નામના દ્વીપમાં બબ્બે – કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, આવર્ત્ત, મંગલાવર્ત્ત, પુષ્કલ, પુષ્કલાવતી, વત્સ, સુવત્સ, મહાવત્સ, વત્સાવતી, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવતી, પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્માવતી, શંખ, નલિન, કુમુદ, સલિલાવતી, વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ અને ગંધિલાવતી વિજયો છે.

ઉપરોક્ત ૩૨ વિજયક્ષેત્રોની મુખ્ય નગરીઓ છે, તે બબ્બે – ક્ષેમા, ક્ષેમપુરી, રિષ્ટ, રિષ્ટપુરી, ખડ્ગી, મંજૂષા, ઔષધિ, પુંડરીકિણી, સુસીમા, કુંડલા, અપરાજિતા, પ્રભંકરા, અંકાવતી, પક્ષ્મવતી, શુભા, રત્નસંચયા, અશ્વપુરી, સિંહપુરી, મહાપુરી, વિજયપુરી, અપરાજિતા, અપરા, અશોકા, વિગતશોકા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, ચક્રપુરી, ખડ્ગપુરી, અવંધ્યા અને અયોધ્યા – ક્રમશઃ આ ૩૨ રાજધાની પ્રત્યેક બબ્બે છે.

ધાતકીખંડ નામના દ્વીપમાં મેરુપર્વત ઉપર બબ્બે – ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પાંડુકવન છે.

ત્યાં બબ્બે – પાંડુકંબલશિલા, અતિપાંડુકંબલશિલા, રક્ત–કંબલશિલા, અતિરક્તકંબલશિલા છે. બે મેરુ પર્વત, બે મેરુ ચૂલિકા છે.

ધાતકીખંડ નામક દ્વીપની વેદિકા બે ગાઉ ઊંચી કહેલી છે.

(૯૭) કાલોદધિ સમુદ્રની વેદિકા બે ગાઉની ઊંચી કહેલી છે.

પુષ્કરવર દ્વીપાર્દ્ધના પૂર્વાર્ધમાં મેરુપર્વતની ઉત્તર–દક્ષિણે બે ક્ષેત્ર કહ્યા છે. તે બહુસમતુલ્ય યાવત્ ભરત, ઐરવત છે. તેમજ યાવત્ બે કુરુ કહ્યા છે – દેવકુરુ, ઉત્તરકુરુ. ત્યાં અતિ શોભાવાળા બે મહાદ્રુમો કહ્યા છે – કૂટશાલ્મલી અને પદ્મવૃક્ષ. બે દેવો છે – ગરૂલ વેણુદેવ અને પદ્મ. યાવત્ છ પ્રકારના કાળ–આરાના ભાવોને અનુભવતા ત્યાંના મનુષ્યો વિચરે છે.

પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધને વિશે મેરુપર્વતની ઉત્તર–દક્ષિણે બે ક્ષેત્રો કહ્યા છે – તે પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે – વૃક્ષો કૂટશાલ્મલી અને મહાપદ્મ છે. દેવો ગરુલજાતીય વેણુદેવ અને પુંડરીક છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધ

દ્વીપને વિશે બે ભરત, બે ઐરવત યાવત્ બે મેરુ, બે મેરુચૂલિકા છે.

પુષ્કરવરદ્વીપની વેદિકા બે ગાઉની ઊંચી કહી છે. એ રીતે બધા દ્વીપ તથા સમુદ્રોની પણ વેદિકાઓ બે ગાઉની ઊંચી કહેલી છે.

સૂત્ર–૯૮

બે અસુરકુમાર ઇન્દ્રો કહ્યા છે– ચમર, બલિ. બે નાગકુમાર ઇન્દ્રો કહ્યા છે – ધરણ, ભૂતાનંદ. બે સુવર્ણકુમાર ઇન્દ્રો કહ્યા છે – વેણુદેવ, વેણુદાલી. બે વિદ્યુત્કુમાર ઇન્દ્રો કહ્યા છે – હરિ, હરિસ્સહ. બે અગ્નિકુમાર ઇન્દ્રો કહ્યા છે – અગ્નિશિખ, અગ્નિમાણવ. બે દ્વીપકુમાર ઇન્દ્રો કહ્યા છે – પૂર્ણ, વશિષ્ઠ. બે ઉદધિકુમાર ઇન્દ્રો કહ્યા છે – જલકાંત, જલપ્રભ. બે દિક્કુમાર ઇન્દ્રો કહ્યા છે – અમિતગતિ, અમિતવાહન. બે વાયુકુમાર ઇન્દ્રો કહ્યા છે – વેલંબ, પ્રભંજન. બે સ્તનિતકુમાર ઇન્દ્રો કહ્યા છે – ઘોષ, મહાઘોષ. (આ રીતે દશ સૂત્રો થકી ભવનપતિના ૨૦ ઇન્દ્રો કહ્યા.)

બે પિશાચેન્દ્ર કહ્યા છે – કાલ, મહાકાલ. બે ભૂતેન્દ્ર કહ્યા છે – સુરૂપ, પ્રતિરૂપ. બે યક્ષેન્દ્ર કહ્યા છે – પૂર્ણભદ્ર, માણિભદ્ર, બે રાક્ષસેન્દ્ર કહ્યા છે – ભીમ, મહાભીમ. બે કિન્નરેન્દ્ર કહ્યા છે – કિન્નર, કિંપુરુષ. બે કિંપુરુષેન્દ્રો કહ્યા છે – સત્પુરુષ, મહાપુરુષ. બે મહોરગેન્દ્ર કહ્યા છે – અતિકાય, મહાકાય. બે ગંધર્વેન્દ્ર કહ્યા છે – ગીતરતિ, ગીતયશા. ...(આ આઠ સૂત્રોમાં વ્યંતરેન્દ્ર–૧ના ૧૬ ઇન્દ્રો બતાવ્યા.)

બે અણપન્નીન્દ્રો કહ્યા છે – સન્નિહિત, સામાનિક. બે પણપન્નીન્દ્રો કહ્યા છે – ધાતા, વિધાતા. બે ઋષિવાદીન્દ્રો કહ્યા છે – ઋષિ, ઋષિપાલિત. બે ભૂતવાદીન્દ્રો કહ્યા છે – ઈશ્વર, મહેશ્વર. બે કંદીન્દ્રો કહ્યા છે – સુવત્સ, વિશાલ. બે મહાકંદીન્દ્રો કહ્યા છે – હાસ્ય, હાસ્યરતિ. બે કુંભડેન્દ્ર કહ્યા છે – શ્વેત, મહાશ્વેત. બે પતંગેન્દ્ર કહ્યા છે – પતંગ, પતંગપતિ. ...(આ આઠ સૂત્રોમાં વ્યંતરેન્દ્ર–૨ના ૧૬ ઇન્દ્રો કહ્યા.)

બે જ્યોતિષ્ક દેવોના ઇન્દ્રો કહ્યા છે – ચંદ્ર અને સૂર્ય.

સૌધર્મ અને ઈશાન કલ્પમાં બે ઇન્દ્રો કહ્યા છે – શક્ર, ઈશાન, સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં બે ઇન્દ્રો કહ્યા છે – સનત્કુમાર, માહેન્દ્ર. બ્રહ્મલોક અને લંતક કલ્પમાં બે ઇન્દ્રો કહ્યા છે – બ્રહ્મ, લાંતક. મહાશુક્ર અને સહસ્રારકલ્પમાં બે ઇન્દ્રો કહ્યા છે – મહાશુક્ર, સહસ્રાર. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પમાં બે ઇન્દ્રો કહ્યા છે – પ્રાણત, અચ્યુત. (અહીં બાર દેવલોકના ૧૦ ઇન્દ્રો કહ્યા છે.)

મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં વિમાનો બે વર્ણવાળા કહ્યા છે. તે આ પ્રમાણે – પીળા અને ધોળા.

ગ્રૈવેયકના દેવો ઊંચપણે બે હાથની અવગાહનાવાળા છે.

**સ્થાન–૨, ઉદ્દેશા–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૨, ઉદ્દેશો–૪

સૂત્ર–૯૯

૧. સમય–(કાળનો સૌથી સૂક્ષ્મ ભાગ અને આવલિકા–(અસંખ્યાત સમયોનો સમૂહ) જીવનો પર્યાય હોવાથી જીવ કહેવાય છે અને અજીવનો પર્યાય હોવાથી અજીવ પણ કહેવાય છે.

૨. આનપ્રાણ કે સ્તોક જીવ અને અજીવ કહેવાય છે. ૩. ક્ષણ કે લવ જીવ અને અજીવ કહેવાય છે.

એવી રીતે – ૪. મુહૂર્ત અને અહોરાત્ર, ...૫. પક્ષ અને માસ, ...૬. ઋતુ અને અયન, ..૭. સંવત્સર અને યુગ, ...૮. સો વર્ષ અને હજાર વર્ષ, ...૯. લાખ વર્ષ અને ક્રોડ વર્ષ, ...૧૦. પૂર્વાંગ અને પૂર્વ, ...૧૧. ત્રુટિતાંગ અને ત્રુટિત, ...૧૨. અડડાંગ અને અડડ, ...૧૩. અપપાંગ અને અપપાત, ...૧૪. હૂહુતાંગ અને હૂહૂત, ...૧૫. ઉત્પલાંગ અને ઉત્પાત, ...૧૬. પદ્માંગ અને પદ્મ, ...૧૭. નલિનાંગ અને નલિન, ...૧૮. અક્ષનિકુરાંગ અને અક્ષનિકુર, ...૧૯. અયુતાંગ અને અયુત, ...૨૦. નિયુતાંગ અને નિયુત, ...૨૧. પ્રયુતાંગ અને પ્રયુત, ...૨૨. ચૂલિકાંગ અને

ચૂલિકા, ...૨૩. શીર્ષપ્રહેલિકાંગ અને શિર્ષપ્રહેલિકા, ...૨૪. પલ્યોપમ અને સાગરોપમ, ...૨૫. ઉત્સર્પિણી, અવસર્પિણી એ પ્રત્યેક (સમય કે કાલના માપો) જીવ અને અજીવપણે કહેવાય છે.

ગામ, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આકર, આશ્રમ, સંબાહ, સંનિવેશ, ઘોષ, આરામ, ઉદ્યાન, વન, વનખંડ, વાપી, પુષ્કરિણી, સરોવર, સરપંક્તિ, કૂપ, તળાવ, દ્રહ, નદી, પૃથ્વી, ઘનોદધિ, વાતસ્કંધ, અવકાશાંતર, વલય, વિગ્રહ, દ્વીપ, સમુદ્ર, વેલ, વેદિકા, દ્વાર, તોરણ, નૈરયિક, નરકવાસો, યાવત્ વૈમાનિક, વૈમાનિકાવાસ, કલ્પ, કલ્પવિમાનાવાસ, વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, કૂટ, કૂટાગાર, વિજય કે રાજધાની, એ બધાં (સ્થાનો) જીવ અને અજીવ કહેવાય છે.

છાયા, આતપ, જ્યોત્સના, અંધકાર, અવમાન, ઉન્માન, અતિયાનગૃહ, ઉદ્યાનગૃહ, અવલિંબ કે સનિપ્રપાત જીવ અને અજીવ કહેવાય છે.

**સૂત્ર–૧૦૦**

— બે રાશિ કહી છે – જીવરાશિ અને અજીવરાશિ.

— બંધ બે ભેદે કહેલ છે – રાગબંધ અને દ્વેષબંધ.

— જીવોને બે સ્થાને પાપકર્મોનો બંધ થાય છે – રાગથી અને દ્વેષથી.

— જીવોને બે સ્થાને પાપકર્મ ઉદીરણા થાય છે - અભ્યુપગમિકી–(સ્વેચ્છાથી સ્વીકૃત વેદનાથી), ઔપક્રમિકી–(કર્મોદયના કારણથી થનાર વેદનાથી).

— એ રીતે વેદના અને નિર્જરા પણ બબ્બે ભેદે કહેલ છે.– અભ્યુપગમિકી, ઔપક્રમિકી.

**સૂત્ર–૧૦૧**

બે સ્થાનથી આત્મા શરીરને સ્પર્શીને નીકળે છે – દેશથી પણ આત્મા શરીરને સ્પર્શીને નીકળે, સર્વથી પણ આત્મા શરીરને સ્પર્શીને નીકળે છે. એ રીતે બે પ્રકારે આત્મા શરીરથી ભાર નીકળે છે– શરીરને ફરકાવીને, સ્ફોટન કરીને, સંકોચીને અને જીવપ્રદેશથી જૂદું કરીને નીકળે છે.

**સૂત્ર–૧૦૨**

બે સ્થાન વડે આત્મા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણપણે પ્રાપ્ત કરે છે - કર્મોના ક્ષયથી કે ઉપશમથી એ રીતે યાવત્ બે કારણોથી જીવ મનઃપર્યવજ્ઞાન પામે છે - ઉદયપ્રાપ્ત કર્મોના ક્ષય કે અનુદિત કર્મોના ઉપશમથી.

**સૂત્ર–૧૦૩ થી ૧૦૬**

(૧૦૩) બે પ્રકારે ઉપમાવાળો કાળ કહ્યો છે – પલ્યોપમ, સાગરોપમ. તે પલ્યોપમ શું છે? પલ્યોપમ –

(૧૦૪) જે એક યોજન લાંબો–પહોળો–ઊંડો (કૂવો) પલ્ય હોય. તેને એકથી સાત દિવસના ઊગેલા કરોડો વાલાગ્રો વડે ઠાંસી ઠાંસીને ભરવો. –

(૧૦૫) તે વાલાગ્રમાંથી સો સો વર્ષે એક એક વાલાગ્રને કાઢવાથી જેટલે કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળને એક પલ્યોપમ કાળ જાણવો. –

(૧૦૬) એ એક પલ્યોપમને દશ કોડાકોડી ગુણા કરવાથી એક સાગરોપમના કાળનું પ્રમાણ થાય છે.

**સૂત્ર–૧૦૭ થી ૧૦૯**

(૧૦૭) ક્રોધ બે પ્રકારે છે – આત્મપ્રતિષ્ઠિત અને પરપ્રતિષ્ઠિત. એ રીતે નૈરયિકથી લઈને વૈમાનિક પર્યંત જાણવું. એ રીતે માં, માયા, લોભ થી મિથ્યાદર્શનશલ્ય પર્યંત જાણવું.

(૧૦૮) સંસાર સમાપન્નક–(સંસારી) જીવો બે ભેદે છે – ત્રસ અને સ્થાવર. –

સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સિદ્ધ, અસિદ્ધ. –

સર્વે જીવો બે ભેદે કહ્યા છે – સઇન્દ્રિય, અનિન્દ્રિય. –

આ પ્રમાણે હવેની ગાથા (ક્રમ–૧૦૯) મુજબ સશરીરી, અશરીરી પર્યન્ત જાણવું.

(૧૦૯) – સિદ્ધ–અસિદ્ધ, સઇન્દ્રિય–અનીન્દ્રિય, સકાય–અકાય, સયોગી–અયોગી, સવેદી–નીર્વેદી, સકષાય–અકષાય, સલેશ્ય–અલેશ્ય, જ્ઞાન–અજ્ઞાન, સાકારોપયોગ–નિરાકારોપયોગ, આહારક–અનાહારક, ભાષક–અભાષક, ચરમ–અચરમ અને સશરીરી–અશરીરી (આ તેર પ્રકારે બબ્બે ભેદો કહ્યા છે.)

**સૂત્ર–૧૧૦**

૧. શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને માટે બે મરણ સદા વર્ણવ્યા નથી, સદા કીર્તિત કર્યા નથી, સદા વ્યક્તરૂપે કહ્યા નથી, સદા પ્રશંસ્યા નથી અને તેના આચરણની અનુમતિ આપી નથી તે – વલાદમરણ–(સંયમમાં ખેદ પામતા મરવું), વશાર્તમરણ–(ઇન્દ્રિય વિષયોને વશ થઇ પતંગની જેમ મરવું).

એ જ રીતે બબ્બે ભેદે ૨. નિદાન મરણ, તદ્‌ભવમરણ. ૩. પર્વતથી પડીને મરણ, વૃક્ષથી પડીને મરણ. ૪. જળપ્રવેશ મરણ, અગ્નિ પ્રવેશ મરણ. ૫. વિષભક્ષણ મરણ, શસ્ત્રપ્રહાર મરણ; જાણવા.

૬. બે મરણ યાવત્ નિત્ય અનુજ્ઞાત નથી અને કારણે નિષિદ્ધ નથી – વૈહાયસ–(વૃક્ષની શાખા વગેરે પર લટકી ગળે ફાંસો ખાઈને મરવું) અને ગૃદ્ધપૃષ્ઠ–ગીધ આદિ પક્ષી વડે શરીર ચુંથાવીને મરવું) .

૭. શ્રમણ ભગવંત મહાવીરે બે મરણ શ્રમણ નિર્ગ્રન્થોને નિત્ય વર્ણવ્યા છે – યાવત્ – અનુમતિ આપી છે તે – પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન.

૮.પાદપોપગમન બે ભેદે છે– નિર્હારિમ–(જેની અંતિમક્રિયા કરાય છે તેવું મરણ) અનિર્હારિમ–જેની અંતિમ ક્રિયા નથી થતી તેવું મરણ). ૯.ભક્તપ્રત્યાખ્યાન બે ભેદે – નિર્હારિમ અને અનિર્હારિમ. તે નિયમથી સપ્રતિકર્મ છે.

**સૂત્ર–૧૧૧**

આ લોક શું છે ? - જીવ અને અજીવ તે લોક છે, લોકમાં અનંત શું છે? - જીવ અને અજીવ અનંત છે, લોકમાં શાશ્વત શું છે? - જીવ અને અજીવ શાશ્વત છે.

**સૂત્ર–૧૧૨**

બોધિ બે ભેદે કહેલ છે – જ્ઞાનબોધિ, દર્શનબોધિ. બે ભેદે બુદ્ધો કહ્યા છે – જ્ઞાનબુદ્ધ, દર્શનબુદ્ધ. એ રીતે મોહ પણ બે ભેદે– જ્ઞાનમોહ અને દર્શનમોહ અને મૂઢ પણ બે ભેદે– જ્ઞાનમૂઢ અને દર્શનમૂઢ.

**સૂત્ર–૧૧૩**

૧. જ્ઞાનાવરણીય કર્મ બે ભેદે – દેશ જ્ઞાનાવરણીય, સર્વ જ્ઞાનાવરણીય. ૨. દર્શનાવરણીય કર્મ પણ એ રીતે બે ભેદે છે. ૩. વેદનીય કર્મ બે ભેદે – સાતા વેદનીય, અસાતા વેદનીય. ૪. મોહનીય કર્મ બે ભેદે – દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય. ૫. આયુષ્કર્મ બે ભેદે – અદ્ધાયુ અને ભવાયુ. ૬. નામકર્મ બે ભેદે – શુભનામ, અશુભનામ. ૭. ગોત્રકર્મ બે ભેદે – ઉચ્ચગોત્ર, નીચગોત્ર. ૮. અંતરાય કર્મ બે ભેદે – વર્તમાનમાં મળેલ વસ્તુનો નાશ કરે અને ભાવિમાં મેળવવા યોગ્ય લાભને અટકાવે.

**સૂત્ર–૧૧૪ થી ૧૧૬**

(૧૧૪) મૂર્છા બે ભેદે છે – પ્રેમપ્રત્યયા–(રાગને કારને થતી મૂર્છા), દ્વેષપ્રત્યયા.

પ્રેમપ્રત્યયા મૂર્છા બે ભેદે છે – માયા, લોભ. ... દ્વેષપ્રત્યયા મૂર્છા બે ભેદે – ક્રોધ, માન.

(૧૧૫) આરાધના બે ભેદે – ધાર્મિક આરાધના, કેવલિ આરાધના. ધાર્મિક આરાધના બે ભેદે છે – શ્રુતધર્મારાધના, ચારિત્રધર્મારાધના. ... કેવલિ આરાધના બે ભેદે છે – અંતક્રિયા, કલ્પવિમાનોત્પત્તિકા.

(૧૧૬) બે તીર્થંકરો વર્ણથી નીલકમલ સમાન કહ્યા છે – મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ. બે તીર્થંકરો પ્રિયંગુ

સમાન વર્ણવાળા છે – મલ્લિ, પાર્શ્વ. બે તીર્થંકર વર્ણથી પદ્મ જેવા (રાતા) કહ્યા છે – પદ્મપ્રભ, વાસુપૂજ્ય. બે તીર્થંકર ચંદ્ર જેવા શ્વેત વર્ણી છે – ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિ).

**સૂત્ર–૧૧૭ થી ૧૨૦**

(૧૧૭) સત્યપ્રવાદ (છટ્ઠા) પૂર્વની બે વસ્તુઓ–(વિભાગ) કહેલ છે.

(૧૧૮) પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની એ પ્રત્યેક નક્ષત્રના બબ્બે તારા છે.

(૧૧૯) મનુષ્યક્ષેત્ર અંતર્ગત બે સમુદ્રો કહ્યા છે – લવણ સમુદ્ર અને કાલોદ સમુદ્ર.

(૧૨૦) બે ચક્રવર્તી કામભોગોને ન તજીને અવસરે આયુ પૂર્ણ કરીને નીચે સાતમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયા – સુભૂમ ચક્રવર્તી અને બ્રહ્મદત્ત ચક્રવર્તી.

**સૂત્ર–૧૨૧ થી ૧૨૬**

(૧૨૧) અસુરેન્દ્રને વર્જીને ભવનવાસી દેવોની દેશ ઊન બે પલ્યોપમ સ્થિતિ કહી છે. સૌધર્મકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ કહી છે, ઈશાન કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક બે સાગરોપમ કહી છે. સનત્કુમાર કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે, માહેન્દ્ર કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમની સ્થિતિ છે.

(૧૨૨) બે કલ્પોમાં કલ્પસ્ત્રી (દેવી)ઓ કહી છે – સૌધર્મ અને ઈશાનમાં.

(૧૨૩) બે કલ્પોમાં દેવો તેજોલેશ્યી કહ્યા છે – સૌધર્મમાં, ઈશાનમાં.

(૧૨૪) બે કલ્પોમાં દેવો કાયપરિચારક કહ્યા છે – સૌધર્મમાં, ઈશાનમાં. બે કલ્પોમાં દેવો સ્પર્શ પરિચારક કહ્યા છે – સનત્કુમારમાં, માહેન્દ્રમાં. બે કલ્પોમાં દેવો રૂપ પરિચારક કહ્યા છે – બ્રહ્મલોકમાં, લાંતકમાં. બે કલ્પોમાં દેવો શબ્દ પરિચારક કહ્યા છે – મહાશુક્રમાં, સહસ્રારમાં. બે ઈન્દ્ર મન પરિચારક છે – પ્રાણતે, અચ્યુતે.

(૧૨૫) જીવોએ બે સ્થાનમાં સામાન્યથી ઉપાર્જિત પુદ્ગલોને પાપકર્મપણાએ ગ્રહણ કર્યા છે – કરે છે અને કરશે – ત્રસકાયમાં ઉપાર્જેલા, સ્થાવરકાયમાં ઉપાર્જેલા.

એવી રીતે ઉપચિત કર્યા છે – કરે છે – કરશે... બાંધ્યા છે – બાંધે છે – બાંધશે... ઉદીરણા કરી છે – કરે છે – કરશે... વેદન કર્યા છે – કરે છે – કરશે... નિર્જરા કરી છે – કરે છે – કરશે.

(૧૨૬) બે પ્રદેશવાળા સ્કંધો અનંતા કહ્યા છે, બે પ્રદેશોને અવગ્રાહીને રહેલ પુદ્ગલો અનંતા કહ્યા છે યાવત્ દ્વિગુણરૂક્ષ પુદ્ગલો અનંતા કહ્યા છે.

**સ્થાન–૨, ઉદ્દેશા–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

**સ્થાન–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન–૩

## ઉદ્દેશો–૧

સૂત્ર–૧૨૭

ઈન્દ્રો ત્રણ પ્રકારે છે – નામ ઈન્દ્ર, સ્થાપના ઈન્દ્ર, દ્રવ્ય ઈન્દ્ર...

ઈન્દ્રો ત્રણ પ્રકારે છે – દર્શનેન્દ્ર–(ક્ષાયિક સમ્યક્દષ્ટિ), જ્ઞાનેન્દ્ર–(જ્ઞાનધારક), ચારિત્રેન્દ્ર...

ઈન્દ્રો ત્રણ પ્રકારે છે– દેવેન્દ્ર–(વૈમાનિકેન્દ્ર), અસુરેન્દ્ર, મનુષ્યેન્દ્ર–(ચક્રવર્તી).

સૂત્ર–૧૨૮, ૧૨૯

વિકુર્વણા ત્રણ પ્રકારે કહી છે – બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને કરાતી વિકુર્વણા, બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા, બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને કે ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા.

વિકુર્વણા ત્રણ પ્રકારે કહી છે – અભ્યંતર પુદ્‌ગલોને ગ્રહણ કરીને કરાતી વિકુર્વણા, અભ્યંતર પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના કરાતી વિકુર્વણા, અભ્યંતર પુદ્‌ગલોને ગ્રહણ કરીને કે કર્યા વિના કરાતી વિકુર્વણા.

વળી ત્રણ પ્રકારે વિકુર્વણા કહી છે – બાહ્યઅભ્યંતર પુદ્‌ગલ ગ્રહણ કરીને એક, બાહ્યઅભ્યંતર પુદ્‌ગલ ગ્રહણ કર્યા વિના એક, બાહ્યઅભ્યંતર પુદ્‌ગલ ગ્રહણ કરીને કે કર્યા વિના એક એવી ત્રણ વિકુર્વણા કરાય છે.

(૧૨૯) નૈરયિક ત્રણ પ્રકારે કહ્યા છે - કતિસંચિત–(સંખ્યાત જીવોની ઉત્પત્તીવાલા), અકતિસંચિત–(અસંખ્યાત જીવોની ઉત્પત્તિવાળા), અવક્તવ્યસંચિત. એ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિકપર્યંત જાણવું.

સૂત્ર–૧૩૦

ત્રણ પ્રકારે પરિચારણા (દેવોનું વિષય સેવન) કહેલ છે – ૧. કોઈ દેવ અન્ય દેવોને કે બીજા દેવોની દેવીઓને આલિંગન કરી–કરીને ભોગવે છે, પોતા વડે પોતાની વિકુર્વણા કરી–કરીને પરિચારણા કરે છે.

૨. કોઈ દેવ અન્ય દેવોને કે અન્ય દેવોની દેવીઓને આલિંગન કરી કરીને પરિચારણા કરતો નથી, પણ પોતાની દેવીઓને આલિંગન કરી – કરીને પરિચારણા કરે છે. પોતા વડે પોતાની વિકુર્વણા કરી – કરીને ભોગવવા યોગ્ય શરીર કરીને પરિચારણા કરે છે.

૩. કોઈ દેવ અન્ય દેવોને, અન્ય દેવોની દેવીને આલિંગન કરીને પરિચારણા કરતો નથી, પોતાની દેવીને આલિંગન કરીને પણ પરિચારણા કરતો નથી, પણ પોતા વડે પોતાની વિકુર્વણા કરી–કરીને પરિચારણા કરે છે.

સૂત્ર–૧૩૧

ત્રણ પ્રકારે મૈથુન કહેલ છે – દેવ સંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચ સંબંધી. ત્રણ જીવો મૈથુન પામે છે – દેવો, મનુષ્ય, તિર્યંચયોનિક. ત્રણ જીવો મૈથુન સેવે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

સૂત્ર–૧૩૨

યોગ ત્રણ પ્રકારે કહેલ છે – મનોયોગ, વચનયોગ, કાયયોગ. એવી રીતે વિકલેન્દ્રિયને વર્જીને નૈરયિકથી વૈમાનિક પર્યન્ત ત્રણ યોગ હોય છે.

ત્રણ પ્રકારે પ્રયોગ કહેલ છે – મનપ્રયોગ, વચનપ્રયોગ, કાયપ્રયોગ. જેમ યોગમાં કહ્યું તેમ વિકલેન્દ્રિયને વર્જીને પ્રયોગમાં પણ જાણવું.

કરણ ત્રણ ભેદે કહેલ છે – મનકરણ, વચનકરણ, કાયકરણ. એ પ્રમાણે વિકલેન્દ્રિયને વર્જીને વૈમાનિક પર્યન્ત જાણવું... કરણ ત્રણ ભેદે કહ્યા છે – આરંભકરણ, સંરંભકરણ, સમારંભકર. તે વૈમાનિક પર્યન્ત બધાને છે.

સૂત્ર–૧૩૩

ત્રણ સ્થાન વડે જીવો અલ્પ આયુપણે કર્મ બાંધે છે – પ્રાણનો વિનાશ કરવાથી, અસત્ય બોલવાથી, તથારૂપ

શ્રમણ કે માહણને અપ્રાસુક, અનેષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે પડિલાભવાથી. આ રીતે જીવ અલ્પાયુકર્મ બાંધે છે.

ત્રણ સ્થાન વડે જીવ દીર્ઘાયુ યોગ્ય કર્મ બાંધે– પ્રાણીની હિંસા ન કરીને, અસત્ય ન બોલીને, તથારૂપ શ્રમણ કે માહણને પ્રાસુક તથા એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વડે પડિલાભીને. જીવ દીર્ઘાયુરૂપ કર્મ બાંધે.

ત્રણ સ્થાન વડે જીવ અશુભ દીર્ઘાયુ યોગ્ય કર્મ બાંધે છે – પ્રાણીની હિંસા કરીને, અસત્ય બોલીને, તથારૂપ શ્રમણ કે માહણની હેલણા–નિંદા–ગર્હા–અપમાન કરીને. આ હેલણાદિમાંથી કોઈ એક વડે, અમનોજ્ઞ–અપ્રીતિકારી અશનાદિ આપીને થાય છે. આ ત્રણ સ્થાનો વડે જીવ અશુભ દીર્ઘાયુપણે કર્મ બાંધે છે.

ત્રણ સ્થાન વડે જીવ શુભ દીર્ઘાયુ યોગ્ય કર્મ બાંધે – પ્રાણીની હિંસા ન કરીને, અસત્ય ન બોલીને, તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને અશન–પાન–ખાદિમ–સ્વાદિમ પડિલાભીને. આ ત્રણ સ્થાનથી જીવને શુભ દીર્ઘાયુકર્મનો બંધ થાય છે.

સૂત્ર–૧૩૪

ગુપ્તિઓ–(કુશલ મન વગેરેમાં પ્રવર્તવું અને અકુશલ મન વગેરેથી નિવર્તવું તે) એ ગુપ્તિ ત્રણ કહી છે – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ... સંયત મનુષ્યોને ત્રણ ગુપ્તિ કહી છે – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ.

ત્રણ અગુપ્તિઓ કહી છે – મનઅગુપ્તિ, વચનઅગુપ્તિ, કાયઅગુપ્તિ. એમ નારકોને યાવત્ સ્તનિતકુમારોને, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને, અસંયત મનુષ્યોને, વ્યંતરોને, જ્યોતિષ્કોને, વૈમાનિકોને હોય.

ત્રણ દંડ કહેલા છે – મનદંડ, વચનદંડ, કાયદંડ. નૈરયિકોને ત્રણ દંડ કહેલા છે – મનદંડ, વચનદંડ, કાયદંડ. વિકલેન્દ્રિય વર્જીને યાવત્ વૈમાનિક ત્રણ દંડ કહેલા છે.

સૂત્ર–૧૩૫

ગર્હા ત્રણ ભેદે છે – કોઈ મનથી ગર્હા કરે છે, કોઈ વચનથી ગર્હા કરે છે, કોઈ પાપકર્મો ન કરીને કાયાથી ગર્હા કરે છે અથવા – ગર્હા ત્રણ ભેદે છે – કોઈ દીર્ઘકાળ ગર્હા કરે છે, કોઈ અલ્પકાળ ગર્હા કરે છે. કોઈ પાપકર્મથી પોતાને દૂર રાખવા માટે કાયાથી પાપ પ્રવૃત્તિ કરતા નથી.

પ્રત્યાખ્યાન ત્રણ ભેદે કહેલ છે – કોઈ મનથી પ્રત્યાખ્યાન કરે છે, કોઈ વચનથી પ્રત્યાખ્યાન કરે છે, કોઈ કાયાથી પ્રત્યાખ્યાન કરે છે. ...જેમ ગર્હા કહી તેમ પચ્ચક્ખાણને વિશે પણ બે આલાવા કહેવા.

સૂત્ર–૧૩૬

૧. ત્રણ વૃક્ષો કહ્યા છે – પત્રસહિત, પુષ્પસહિત, ફળસહિત. ૨. એ પ્રમાણે ત્રણ પ્રકારે પુરુષો કહ્યા છે – પત્ર–સહિત વૃક્ષ સમાન, પુષ્પસહિત વૃક્ષો સમાન, ફલ સહિત વૃક્ષો સમાન.

૩. પુરુષ ત્રણ પ્રકારે કહ્યા છે – નામપુરુષ, સ્થાપના પુરુષ, દ્રવ્યપુરુષ.

૪. ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે – જ્ઞાનપુરુષ, દર્શનપુરુષ, ચારિત્રપુરુષ.

૫. ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે – વેદપુરુષ, લિંગપુરુષ, અભિલાપપુરુષ.

૬. ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે – ઉત્તમપુરુષ, મધ્યમપુરુષ, જઘન્યપુરુષ.

૭. ઉત્તમપુરુષો ત્રણ પ્રકારે છે – ધર્મપુરુષ, ભોગપુરુષ, કર્મપુરુષ. ધર્મપુરુષ તે અરિહંતો, ભોગપુરુષ તે ચક્રવર્તી, કર્મપુરુષ તે વાસુદેવ.

૮. મધ્યમ પુરુષો ત્રણ પ્રકારે – ઉગ્ર, ભોગ, રાજન્ય.

૯. જઘન્યપુરુષ ત્રણ– દાસ, ભૃત્ય, ભાગિયા.

સૂત્ર–૧૩૭ થી ૧૩૯

(૧૩૭) ૧. ત્રણ પ્રકારે મત્સ્યો કહ્યા છે – અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમજ. ૨. અંડજ મત્સ્યો ત્રણ પ્રકારે છે –

સ્ત્રી, પુરુષ, નપુંસક. ૩. પોતજ મત્સ્યો ત્રણ પ્રકારે કહ્યા છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. (સંમૂર્ચ્છિમ નપુંસક જ હોય.)

૧. પક્ષીઓ ત્રણ પ્રકારે છે – અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમજ. ૨. અંડજ પક્ષી ત્રણ પ્રકારે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. ૩. પોતજ પક્ષી ત્રણ પ્રકારે કહ્યા છે – સ્ત્રી, પુરુષ, નપુંસક. એ જ રીતે ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ કહેવા.

(૧૩૮) ૧. સ્ત્રીઓ ત્રણ પ્રકારે છે – તિર્યંચયોનિક સ્ત્રી,, મનુષ્યયોનિક સ્ત્રી., દેવી. ૨. તિર્યંચયોનિક સ્ત્રી ત્રણ પ્રકારે – જલચરી, સ્થલચરી, ખેચરી. ૩. મનુષ્ય સ્ત્રી ત્રણ પ્રકારે છે – કર્મભૂમિજા, અકર્મભૂમિજા, અંતર્દ્વીપજા.

૧. પુરુષો ત્રણ પ્રકારે છે – તિર્યંચયોનિક પુરુષ, મનુષ્યયોનિક પુરુષ, દેવપુરુષ. ૨. તિર્યંચયોનિક પુરુષ ત્રણ પ્રકારે છે – જલચર, સ્થલચર, ખેચર. ૩. મનુષ્ય પુરુષો ત્રણ પ્રકારે છે – કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ.

૧. નપુંસકો ત્રણ પ્રકારે– નૈરયિકનપુંસક, તિર્યંચયોનિક નપુંસક, મનુષ્ય નપુંસક. ૨. તિર્યંચયોનિક નપુંસકો ત્રણ પ્રકારે– જલચર, સ્થલચર, ખેચર. ૩. મનુષ્યનપુંસક ત્રણ પ્રકારે– કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ.

(૧૩૯) તિર્યંચયોનિક ત્રણ પ્રકારે છે– સ્ત્રી, પુરુષ, નપુંસક.

**સૂત્ર–૧૪૦**

૧. નૈરયિકોને ત્રણ લેશ્યાઓ કહી છે – કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા.

૨. અસુરકુમારોને ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ કહી છે – કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા. ૩ થી ૧૧. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો જાણવા.

એ પ્રમાણે ૧૨. પૃથ્વીકાયિક, ૧૩. અપ્કાયિક, ૧૪. વનસ્પતિકાયિક, ૧૫. તેઉકાયિક, ૧૬. વાયુકાયિક, ૧૭. બે–ઇન્દ્રિય, ૧૮. તેઇન્દ્રિય, ૧૯. ચઉરિન્દ્રિય, એ બધાને નૈરયિકોની માફક ત્રણ લેશ્યાઓ કહેલી છે.

૨૦. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ કહી છે – કૃષ્ણ લેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા.

૨૧. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ત્રણ લેશ્યા અસંક્લિષ્ટ કહેલી છે – તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

૨૨. એ રીતે મનુષ્યોને પણ જાણવું.

૨૩. વ્યંતરોને અસુરકુમારની જેમ જાણવું.

૨૪. વૈમાનિકોને ત્રણ લેશ્યાઓ કહી છે – તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.

**સૂત્ર–૧૪૧**

ત્રણ કારણે તારા પોતાના સ્થાનેથી ચલિત થાય છે – વિકુર્વણા કરતા, પરિચારણા કરતા, એક સ્થાનથી બીજા સ્થાને સંક્રમણ કરતા...

ત્રણ કારણે દેવો વિદ્યુત્કાર કરે – વિકુર્વણા કરતા, પરિચારણા કરતા, તથારૂપ શ્રમણ કે માહણને ઋદ્ધિ, કાંતિ, યશ, બલ, પુરસ્કાર, પરાક્રમ બતાવતા દેવ વિદ્યુત્કાર કરે...

ત્રણ કારણે દેવ સ્તનિત શબ્દ કરે – વિકુર્વણા કરતો ઇત્યાદિ સૂત્ર વિદ્યુત્કાર સૂત્રવત્ જાણવું.

**સૂત્ર–૧૪૨**

(૧) ત્રણ કારણે લોકમાં અંધકાર થાય – અરિહંત નિર્વાણ પામે ત્યારે, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મ વિચ્છેદ પામે ત્યારે, પૂર્વ–શ્રુત નાશ પામતા.

(૨) ત્રણ કારણે લોકમાં ઉદ્યોત થાય – અરિહંતો જન્મ લે ત્યારે, અરિહંતો પ્રવ્રજ્યા લે ત્યારે, અરિહંતોના કેવલ જ્ઞાનોત્પત્તિ મહોત્સવમાં.

(૩) ત્રણ કારણે દેવ ભવનોમાં અંધકાર થાય – અરિહંતો નિર્વાણ પામે ત્યારે, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મ વિચ્છેદ થતાં, પૂર્વગતશ્રુત નાશ પામતા.

(૪) ત્રણ કારણે દેવ ભવનોમાં ઉદ્યોત થાય – અરિહંતો જન્મ લે ત્યારે, અરિહંતો પ્રવ્રજ્યા લે ત્યારે, અરિહંતોના કેવલજ્ઞાન પ્રાપ્તિ મહોત્સવમાં.

(૫) ત્રણ કારણે દેવોનો સન્નિપાત (આગમન) થાય – અરિહંતો જન્મે ત્યારે, અરિહંતો પ્રવ્રજ્યા લે ત્યારે, અરિહંતોના કેવલજ્ઞાન પ્રાપ્તિ મહોત્સવમાં.

(૬) એ રીતે દેવોનું એકઠાં થવું. અને (૭) દેવતાનો હર્ષનાદ (ત્રણે કારણે જાણવો.)

(૮) ત્રણ કારણે દેવો મનુષ્યલોકમાં જલદી આવે છે – અરિહંતો જન્મે ત્યારે, અરિહંતો પ્રવ્રજ્યા લે ત્યારે, અરિહંતોના કેવલ જ્ઞાનોત્પત્તિ મહોત્સવમાં. એ જ રીતે...

(૯) સામાનિક દેવો, (૧૦) ત્રાયસ્ત્રિંશકો, (૧૧) લોકપાલ દેવો, (૧૨) અગ્રમહિષીઓ, (૧૩) ત્રણ પર્ષદાના દેવો, (૧૪) અનિકાધિપતિ, (૧૫) આત્મરક્ષક દેવો (એ બધા) મનુષ્યલોકમાં શીઘ્ર આવે છે.

ત્રણ કારણે દેવો – (૧) સિંહાસનથી તત્કાળ ઊભા થાય છે – અરિહંતો જન્મ લે ત્યારે. ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. એવી રીતે (૨) આસનો ચલાયમાન થાય છે, (૩) સિંહનાદ કરે, (૪) વસ્ત્રની વૃષ્ટિ કરે, (૫) ત્રણ કારણે દેવોના ચૈત્યવૃક્ષો ચલાયમાન થાય છે – અરિહંતો જન્મ લે ત્યારે આદિ પૂર્વવત્.

(૬) ત્રણ કારણે લોકાંતિક દેવો મનુષ્યલોકમાં શીઘ્ર આવે – અરિહંતો જન્મ લે ત્યારે, અરિહંતો પ્રવ્રજ્યા લે ત્યારે, અરિહંતોના કેવલજ્ઞાનોત્પત્તિ મહોત્સવમાં.

### સૂત્ર–૧૪૩

હે આયુષ્યમાન્ શ્રમણો ! ત્રણ દુષ્પ્રતિકાર – (ઉપકારનો બદલો વાળી ન શકાય તેવા) છે. – માતાપિતાનો, સ્વામીનો, ધર્માચાર્યનો.

કોઈ પુરુષ દરરોજ માતાપિતાનું શતપાક, સહસ્રપાક તેલ વડે મર્દન કરીને, સુગંધી દ્રવ્યના ચૂર્ણ વડે ઉદ્વર્તન કરીને, ત્રણ પ્રકારના પાણી વડે સ્નાન કરાવે, સર્વાલંકાર વડે વિભૂષિત કરીને મનોજ્ઞ વાસણમાં સારી રીતે પકાવેલ નિર્દોષ અઢાર જાતિના વ્યંજન યુક્ત ભોજન જમાડીને, જીવનપર્યન્ત કાંધે બેસાડીને લઈ જાય તો પણ તે માતા–પિતાના ઉપકારનો બદલો ન વાળી શકે. પણ જો તે પુરુષ માતાપિતાને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહીને, સમજાવીને, પ્રરૂપીને, સ્થાપિત કરે તો તે માતાપિતાના ઉપકારનો બદલો હે આયુષ્યમાન્ શ્રમણો ! વાળી શકે.

કોઈ મહાઋદ્ધિવાળો દરિદ્રને ધન આપીને તેનો સમુત્કર્ષ કરે. ત્યારે તે દરિદ્ર સમુત્કર્ષ પામીને પછી તે શ્રેષ્ઠીની સામે કે પાછળ વિપુલ ભોગસામગ્રી વડે મુક્ત થઈને રહે, ત્યારપછી તે શ્રેષ્ઠી અન્ય કોઈ વખત દરિદ્રી થઈને તે પે'લા દરિદ્ર પાસે શીઘ્ર આવે, ત્યારે તે દરિદ્રી તે ભર્તા (ધનાઢ્ય) ને પોતાનું સર્વસ્વ આપી દે તો પણ શ્રેષ્ઠીના ઉપકારનો બદલો ન વાળી શકે, પણ તે દરિદ્રી તે શ્રેષ્ઠીને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહીને, સમજાવીને, પ્રરૂપીને, સ્થાપીને તે અવશ્ય તે શ્રેષ્ઠીના ઉપકારનો બદલો વાળનાર થાય.

કોઈક તદ્રૂપ શ્રમણ કે માહણની પાસેથી એક પણ આર્ય–ધાર્મિક સુવચન સાંભળીને, સમજીને યોગ્ય અવસરે મૃત્યુ પામીને કોઈ એક દેવલોકે

દેવપણે ઉત્પન્ન થાય, ત્યારે તે દેવ તે ધર્માચાર્યને દુર્ભિક્ષવાળા દેશમાંથી સુભિક્ષવાળા દેશમાં લઈ જાય, કોઈ અટવીમાંથી વસતીમાં લઈ જાય, દીર્ઘકાલીન રોગાતંકથી અભિભૂત થયેલા તેમને વિમુક્ત કરાવે, તો પણ તે ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી ન શકે, પણ જો તે ધર્માચાર્યને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થતા હોય તો વારંવાર કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહીને યાવત્ ધર્મમાં સ્થાપિત કરે તો તેના વડે તે ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી શકે.

### સૂત્ર–૧૪૪ થી ૧૪૬

(૧૪૪) ત્રણ સ્થાન વડે સંપન્ન અણગાર અનાદિ, અનંત, દીર્ઘમાર્ગવાળા, ચતુરંત સંસાર–કાંતારનું ઉલ્લંઘન કરે છે – નિયાણુ ન કરીને, સમ્યગ્ દષ્ટિપણાએ, ઉપધાનપૂર્વક શ્રુતનું વહન કરવા વડે.

(૧૪૫) ત્રણ ભેદે અવસર્પિણી કહી છે – ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. એ રીતે ત્રણ ભેદથી છ આરા પણ કહેવા યાવત્ દૂષમ દૂષમ પર્યંત.

ત્રણ પ્રકારે ઉત્સર્પિણી કહી છે – ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. એવી રીતે ત્રણ ભેદથી છ આરા પણ કહેવા, યાવત્ સુષમસુષમ પર્યન્ત.

(૧૪૬) ત્રણ કારણે અચ્છિન્ન પુદ્‌ગલો ચલિત થાય છે – આહારપણે જીવ વડે પુદ્‌ગલો ગ્રહણ કરવાથી, વિકુર્વણા કરવા વડે પુદ્‌ગલો ચલિત થાય, એક સ્થાનથી બીજે સ્થાને મૂકવાથી પુદ્‌ગલ ચલિત થાય.

ઉપધિ ત્રણ પ્રકારે છે – કર્મ ઉપધિ, શરીર ઉપધિ, બાહ્ય ભાંડ માત્ર ઉપધિ. એ પ્રમાણે અસુરકુમારોને કહેવું. એવી રીતે એકેન્દ્રિય અને નૈરયિકને વર્જીને યાવત્ વૈમાનિક પર્યન્ત કહેવું – અથવા –

ઉપધિ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. આ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિકોને ત્રણ ઉપધિ કહેવી.

પરિગ્રહ ત્રણ પ્રકારે છે – કર્મ પરિગ્રહ, શરીર પરિગ્રહ, બાહ્ય ભાંડ માત્ર પરિગ્રહ. આ ત્રણે અસુરકુમારોને હોય છે, એ પ્રમાણે એકેન્દ્રિય અને નૈરયિકને વર્જીને યાવત્ વૈમાનિક પર્યન્ત કહેવું – અથવા

– પરિગ્રહ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. આ ત્રણ પરિગ્રહ નૈરયિકથી વૈમાનિક પર્યન્ત છે.

સૂત્ર–૧૪૭

ત્રણ પ્રકારે પ્રણિધાન કહ્યા છે – મનપ્રણિધાન, વચનપ્રણિધાન, કાયપ્રણિધાન. એ પ્રમાણે પંચેન્દ્રિયો યાવત્ વૈમાનિકોને જાણવા.

સંયત મનુષ્યોને ત્રણ સુપ્રણિધાન કહ્યા છે – મનસુપ્રણિધાન, વચનસુપ્રણિધાન, કાયસુપ્રણિધાન. ત્રણ દુષ્પ્રણિધાન કહ્યા છે – મનદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન. એ રીતે પંચેન્દ્રિય યાવત્ વૈમાનિક.

સૂત્ર–૧૪૮

યોનિ ત્રણ પ્રકારે છે – શીત, ઉષ્ણ, શીતોષ્ણ. એ રીતે તેઉકાયને છોડીને બાકીના એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને હોય છે.

યોનિ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. એ રીતે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને હોય છે.

યોનિ ત્રણ પ્રકારે છે – સંવૃત્ત, વિવૃત્ત, મિશ્ર.

યોનિ ત્રણ પ્રકારે છે – કૂર્મોન્નતા, શંખાવર્ત્તા, વંશીપત્રા. તેમાં કૂર્મોન્નતા યોનિ ઉત્તમ પુરુષોની માતાને હોય છે, કૂર્મોન્નતા યોનિમાં ત્રણ પ્રકારના ઉત્તમપુરુષો ગર્ભમાં ઉત્પન્ન થાય – અરિહંત, ચક્રવર્તી, બલદેવ–વાસુદેવ. શંખાવર્ત્તા યોનિ સ્ત્રી રત્નની હોય છે, શંખાવર્ત્તા યોનિમાં ઘણા જીવો અને પુદ્‌ગલો આવે છે, જાય છે – ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે, પણ તેની નિષ્પત્તિ થતી નથી. વંશીપત્રા યોનિ સામાન્ય મનુષ્યોની છે, તેમાં સામાન્યજનો ઉત્પન્ન થાય છે.

સૂત્ર–૧૪૯

તૃણવનસ્પતિકાયિક ત્રણ પ્રકારે કહી છે – સંખ્યાત જીવવાળી, અસંખ્યાત જીવવાળી અને અનંત જીવવાળી.

સૂત્ર–૧૫૦

જંબૂદ્વીપનામક દ્વીપમાં ભરતક્ષેત્રને વિશે ત્રણ તીર્થો કહેલ છે – માગધ, વરદામ અને પ્રભાસ. એ રીતે ઐરવતમાં પણ (ત્રણ તીર્થો) છે.

જંબૂદ્વીપ નામક દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં એક–એક ચક્રવર્તી વિજયમાં ત્રણ તીર્થો કહેલા છે – માગધ, વરદામ અને પ્રભાસ. એ પ્રમાણે ધાતકી ખંડ દ્વીપમાં પૂર્વાર્દ્ધમાં પણ છે. પશ્ચિમાર્દ્ધમાં પણ છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વાર્ધમાં પણ છે અને પશ્ચિમાર્ધમાં પણ છે. (દરેકમાં ત્રણ–ત્રણ તીર્થો છે.)

સૂત્ર–૧૫૧

૧. જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સુષમા આરામાં ત્રણ કોડાકોડી સાગરોપમ કાળ હતો. ૨. એ રીતે અવસર્પિણીમાં પણ કહેલ છે. ૩. આગામી ઉત્સર્પિણીમાં પણ એ પ્રમાણે જ

કાલમાન થશે. ૪ થી ૯. એ રીતે ધાતકી ખંડના પૂર્વાર્દ્ધમાં અને પશ્ચિમાર્દ્ધમાં પણ કહેવું. ૧૦ થી ૧૫. એ રીતે પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વ–પશ્ચિમમાં કહેવું.

૧. જંબૂદ્વીપ નામક દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સુષમસુષમા નામક આરામાં મનુષ્યો ત્રણ ગાઉની ઊંચાઈવાળા હતા અને ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુ હતું. ૨. આ પ્રમાણે વર્તમાન અવસર્પિણીમાં જાણવું. ૩. આગામી ઉત્સર્પિણીમાં પણ એમ જ જાણવું. ૪. જંબૂદ્વીપમાં દેવકુરુ–ઉત્તરકુરુમાં મનુષ્યો ત્રણ ગાઉ ઊંચા છે અને ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુ પાળે છે. એ પ્રમાણે યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધે છે.

જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક અવસર્પિણી અને એક ઉત્સર્પિણીમાં ત્રણ વંશો ઉત્પન્ન થયા છે – થાય છે અને થશે.–અરિહંતવંશ, ચક્રવર્તીવંશ, દસારવંશ. એ રીતે યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં જાણવું.

જંબૂદ્વીપના ભરત, ઐરવતમાં એક એક અવસર્પિણી, ઉત્સર્પિણીમાં ત્રણ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા છે – થાય છે – થશે. અરિહંત, ચક્રવર્તી, બલદેવ–વાસુદેવ. એ પ્રમાણે યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં જાણવું.

ત્રણ યથાયુષ્યને પાળે છે – અરિહંત, ચક્રવર્તી, બલદેવ–વાસુદેવ. – ત્રણ મધ્યમાયુને પાળે છે – અરિહંત, ચક્રવર્તી, બલદેવ–વાસુદેવ.

### સૂત્ર–૧૫૨ થી ૧૫૪

(૧૫૨) બાદર તેઉકાયિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ અહોરાત્રિ કહી છે.

બાદર વાયુકાયિકોની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ પ્રમાણ છે.

(૧૫૩) હે ભગવન્ શાલી, વ્રીહિ, જવ, જવજવ, આ ધાન્યોને કોઠામાં નાખેલા, પાલામાં રાખેલા, મંચો પર સ્થાપેલા, માળ ઉપર રાખેલા, ઢાંકણ મૂકી લીંપીને રાખેલા, ચોતરફ લીંપેલ, લંછિત કરેલા, મુદ્રિત કરેલા, ઢાંકેલા એવા ધાન્યોની કેટલો કાળ સુધી યોનિ રહે છે? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ સુધી. ત્યારપછી યોનિ વર્ણાદિથી મ્લાન થાય છે, પછી યોનિ ધ્વંસ અભિમુખ થાય છે, પછી યોનિ નાશ પામે છે, પછી તે બીજ અબીજ થાય છે પછી યોનિનો વિચ્છેદ–અભાવ થાય છે.

(૧૫૪) બીજી શર્કરાપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ કહી છે. ત્રીજી વાલુકાપ્રભામાં નૈરયિકોની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમ છે.

### સૂત્ર–૧૫૫ થી ૧૫૭

(૧૫૫) પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસો છે. ત્રણ પૃથ્વીમાં નૈરયિકોને ઉષ્ણવેદના કહી છે – પહેલી, બીજી, ત્રીજી નરકમાં. ત્રણે પૃથ્વીમાં નૈરયિકો ઉષ્ણ વેદના અનુભવતા વિચરે છે – પહેલી, બીજી, ત્રીજીમાં.

(૧૫૬) લોકમાં ત્રણ સમાન પ્રમાણવાળા, સમાન પાર્શ્વવાળા, દિશા–વિદિશા વડે સમાન છે – અપ્રતિષ્ઠાન નરક, જંબૂદ્વીપનામક દ્વીપ, સર્વાર્થસિદ્ધ વિમાન. લોકમાં ત્રણ સમાન પ્રમાણવાળા, સમાન પાર્શ્વવાળા, દિશા–વિદિશાથી સમાન કહેલ છે – સીમંતક નરકાવાસ, સમયક્ષેત્ર, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી.

(૧૫૭) ત્રણ સમુદ્રો સ્વભાવથી ઉદકરસ વડે યુક્ત કહેલ છે – કાલોદ, પુષ્કરોદ, સ્વયંભૂરમણ. ત્રણ સમુદ્રો ઘણા મત્સ્ય, કાચબાના પાત્ર સ્થાનો કહેલા છે – લવણ, કાલોદ અને સ્વયંભૂરમણ.

### સૂત્ર–૧૫૮ થી ૧૬૦

(૧૫૮) લોકમાં શીલરહિત, વ્રતરહિત, ગુણરહિત, મર્યાદારહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ રહિત ત્રણ મનુષ્યો મૃત્યુ અવસરે મરણ પામીને નીચે સાતમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય છે – રાજા, માંડલિક, મહારંભી કૌટુંબિક. લોકમાં સારા શીલવાળા, સારા વ્રતવાળા, ગુણસહિત, મર્યાદા સહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ સહિત એવા ત્રણ મનુષ્યો મૃત્યુ સમયે મરણ પામીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે – કામભોગ છોડનારા રાજાઓ, સેનાપતિઓ, પ્રશસ્તાર (શિક્ષાદાતા).

(૧૫૯) બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં વિમાનો ત્રણ વર્ણવાળા કહ્યા છે – કાળા, લીલા, રાતા. આનત–પ્રાણત–આરણ–અચ્યુત કલ્પે દેવોના ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી ત્રણ હાથ ઊંચા કહેલા છે.

(૧૬૦) ત્રણ પ્રજ્ઞપ્તિઓ કાલે ભણાય છે – ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ.

## સ્થાન–૩, ઉદ્દેશા–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાન–૩, ઉદ્દેશો–૨–

### સૂત્ર–૧૬૧

લોક ત્રણ પ્રકારે છે – નામલોક, સ્થાપનાલોક, દ્રવ્યલોક. ...લોક ત્રણ ભેદે છે – જ્ઞાનલોક, દર્શનલોક, ચારિત્રલોક. ... લોક ત્રણ ભેદે – ઊર્ધ્વલોક, અધોલોક, તિર્છાલોક.

### સૂત્ર–૧૬૨

અસુરેન્દ્ર અસુરકુમાર રાજા ચમરની ત્રણ પર્ષદા કહી છે – સમિતા, ચંડા અને જાયા. સમિતા અભ્યંતર છે, ચંડા મધ્યમ છે અને જાયા બાહ્ય છે.

અસુરેન્દ્ર અસુરકુમાર રાજા ચમરના સામાનિક દેવોની ત્રણ પર્ષદા છે – તે આ સમિતા વગેરે ચમરેન્દ્રની માફક જાણવી. એ રીતે ત્રાયસ્ત્રિંશકોની પણ જાણવી.

લોકપાલોની ત્રણ પરિષદ્ – ત્રુંબા, ત્રુટિતા અને પર્વા. એ રીતે અગ્ર–મહિષીઓની પણ જાણવી. બલીન્દ્રની – યાવત્ – અગ્રમહિષીની ત્રણ પર્ષદા તેમજ છે.

ધરણેન્દ્રની, સામાનિકની, ત્રાયસ્ત્રિંશકોની સમિતા, ચંડા, જાતા ત્રણ–ત્રણ પરિષદ છે. લોકપાલની અને અગ્રમહિષીઓ ની ઈશા, ત્રુટિતા, દઢરથા ત્રણપર્ષદા છે. ધરણેન્દ્રની માફક બીજા ભવનવાસીઓની પરિષદો જાણવી.

પિશાચેન્દ્ર પિશાચરાજા 'કાલ'ની ત્રણ પરિષદ કહી છે – ઈશા, ત્રુટિતા, અને દઢરથા. એ રીતે સામાનિક અને અગ્રમહિષીની પણ ત્રણ પરિષદ છે. એવી રીતે યાવત્ ગીતરતિ અને ગીતયશાની ત્રણ પરિષદ જાણવી.

જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ રાજાની ત્રણ પરિષદ કહી છે – તુંબા, ત્રુટિતા અને પર્વા. એ રીતે સામાનિક અને અગ્રમહિષીની જાણવી. એમ જ સૂર્યની પણ જાણવી.

દેવેન્દ્ર દેવરાજ શક્રની ત્રણ પર્ષદા કહી છે – સમિતા, ચંડા, જાયા. જેમ ચમરની કહી તેમ યાવત્ અગ્રમહિષી ત્રણ પર્ષદા કહેવી. એ રીતે યાવત્ અચ્યુતેન્દ્ર અને લોકપાલ સુધી પણ ત્રણ પરિષદ જાણવી.

### સૂત્ર–૧૬૩

ત્રણ યામ કહેલા છે – પ્રથમ યામ, મધ્યમ યામ, પશ્ચિમ યામ. તેમાં – તે ત્રણ યામમાં કેવલિ પ્રરૂપિત ધર્મ સાંભળવા પામે. જેમકે પ્રથમ યામમાં, મધ્યમ યામમાં અને છેલ્લા યામમાં. એ રીતે યાવત્ કેવલજ્ઞાનને પામે છે –

ત્રણ વય–અવસ્થા કહી છે – પ્રથમ વય, મધ્યમ વય, પશ્ચિમ વય. અહીં બધુ યામ માફક કહેવું યાવત્ કેવળજ્ઞાન પામે.

### સૂત્ર–૧૬૪, ૧૬૫

(૧૬૪) ૧. બોધિ ત્રણ ભેદે છે – જ્ઞાનબોધિ, દર્શનબોધિ, ચારિત્રબોધિ. ૨. બુદ્ધ ત્રણ ભેદે છે – જ્ઞાનબુદ્ધ, દર્શન બુદ્ધ, ચારિત્રબુદ્ધ. ૩. એ રીતે મોહ અને ૪. મૂઢના (પણ જ્ઞાનાદિ ત્રણ–ત્રણ ભેદો જાણવા).

(૧૬૫) ત્રણ પ્રકારે પ્રવ્રજ્યા (દીક્ષા) કહી છે – આલોક પ્રતિબદ્ધા, પરલોક પ્રતિબદ્ધા, ઉભયલોક પ્રતિબદ્ધા.

વળી ત્રણ પ્રકારે પ્રવ્રજ્યા કહી છે – પુરતઃ પ્રતિબદ્ધા, માર્ગતઃ પ્રતિબદ્ધા, ઉભયતઃ પ્રતિબદ્ધા.

વળી પ્રવ્રજ્યા ત્રણ ભેદે છે – પીડા ઉપજાવીને, બીજે સ્થળે લઈ જઈને, બોધ આપીને.

પ્રવ્રજ્યા ત્રણ ભેદે છે – અવપાત પ્રવ્રજ્યા, આખ્યાત પ્રવ્રજ્યા, સંગાર પ્રવ્રજ્યા.

સૂત્ર–૧૬૬, ૧૬૭

(૧૬૬) ત્રણ નિર્ગ્રન્થો નોસંજ્ઞોપયુક્ત છે – પુલાક, નિર્ગ્રન્થ, સ્નાતક.

ત્રણ નિર્ગ્રન્થ સંજ્ઞોપયુક્ત અને નોસંજ્ઞોપયુક્ત કહ્યા છે – બકુશ, પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ.

(૧૬૭) ત્રણ શૈક્ષ્યભૂમિ કહી છે – ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. છ માસવાળી તે ઉત્કૃષ્ટ, ચાર માસવાળી તે મધ્યમ, સાત અહોરાત્રવાળી તે જઘન્ય.

ત્રણ સ્થવિરભૂમિ કહી છે – જાતિસ્થવિર, શ્રુતસ્થવિર, પર્યાયસ્થવિર. ૬૦ વર્ષ થયા પછી શ્રમણ નિર્ગ્રન્થ જાતિ સ્થવિર છે, ઠાણાંગ–સમવાયાંગ ધારક શ્રમણ નિર્ગ્રન્થ તે શ્રુત સ્થવિર છે, ૨૦ વર્ષ દીક્ષા પર્યાયવાળો તે પર્યાય સ્થવિર છે.

સૂત્ર–૧૬૮ થી ૧૭૪

(૧૬૮) ૧. ત્રણ ભેદે પુરુષો કહ્યા - સુમના–(માનસિક હર્ષવાળા), દુર્મના–(માનસિક વિષાદવાળા), નોસુમના–નોદુર્મના (ન હર્ષવાલા ન વિષાદવાલા).

૨. ત્રણ ભેદે પુરુષો કહ્યા – કોઈ એક ક્યાંક જઈને સુમના થાય, કોઈક ત્યાં જઈને દુર્મના થાય, કોઈ ત્યાં જઈને મધ્યસ્થ રહે.

૩. ત્રણ ભેદે પુરુષો કહ્યા છે – કોઈ સ્થાને હું જાઉં છું માનીને સુમના થાય, કોઈ સ્થાને હું જાઉં છું એમ માનીને દુર્મના થાય, કોઈ સ્થાને હું જાઉં છું એમ માનીને મધ્યસ્થ રહે.

૪. પુરુષો ત્રણ ભેદે છે – એ જ પ્રમાણે હું કોઈ સ્થાને જઈશ એમ માનીને કોઈ સુમના થાય, ઇત્યાદિ.

એ જ પ્રમાણે ...૫. કોઈ હું તે સ્થાને નહીં જઈને – એમ સુમના થાય ઇત્યાદિ. ...૬. કોઈ એક 'હું તે સ્થાને નહીં જઉં' એમ માનીને સુમના થાય ઇત્યાદિ ત્રણ. ...૭. કોઈ એક 'હું તે સ્થાને જઈશ નહીં' એમ માનીને સુમના થાય ઇત્યાદિ ત્રણ. ...૮. એ રીતે કોઈ એક આવીને સુમના થાય. ...૯. કોઈ એક આવું છું માનીને સુમના થાય. ...૧૦. કોઈ એક 'આવીશ' એમ માનીને સુમના થાય. એ રીતે–

(૧૬૯) ૧. જઈને અને ન જઈને, ૨. આવીને અને ન આવીને, ૩. ઊભા રહીને અને ન ઊભા રહીને, ૪. બેસીને અને ન બેસીને...

(૧૭૦) ૫. હણીને અને ન હણીને, ૬. છેદીને અને ન છેદીને, ૭. ભણીને અને ન ભણીને, ૮. બોલીને અને ન બોલીને...

(૧૭૧) ૯. આપીને અને ન આપીને, ૧૦. ખાઈને અને ન ખાઈને, ૧૧. મેળવીને અને ન મેળવીને, ૧૨. પીને અને ન પીને.

(૧૭૨) ૧૩. સૂઈને અને નહીં સૂઈને, ૧૪. લડીને અને ન લડીને, ૧૫. જીતીને અને ન જીતીને, ૧૬. પરાજીત કરીને અને પરાજીત ન કરીને...

(૧૭૩) ૧૭. શબ્દ, ૧૮. રૂપ, ૧૯. ગંધ, ૨૦. રસ, ૨૧. સ્પર્શ (આ પાંચેના બબ્બે ભેદ ત્રણ–ત્રણ) સ્થાને ઉપર મુજબ જાણવા. જેમ કે –

કોઈ એક શબ્દ સાંભળીને સુમના થાય, દુર્મના થાય કે મધ્યસ્થ રહે, એ રીતે 'સાંભળતા'ના ત્રણ ભેદે, 'સાંભળીશ'ના ત્રણ ભેદ. આ પ્રમાણે રૂપ આદિના પ્રત્યેકના છ–છ આલાવા થાય. કુલ–૧૨૭ થયા – તે સ્થાને શીલરહિત પુરુષને ગર્હિત થાય અને શીલવંતને પ્રશસ્ત થાય.

(૧૭૪) નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ, પ્રત્યાખ્યાન – પૌષધોપવાસ રહિતને ત્રણ સ્થાન ગર્હિત થાય છે – આ લોક જન્મ ગર્હિત થાય, ઉપપાત ગર્હિત થાય અને પછીનો જન્મ પણ ગર્હિત થાય.

ત્રણ સ્થાનો સુશીલને, સુવ્રતને, ગુણવાનને, મર્યાદાવાનને, પ્રત્યાખ્યાન પૌષધોપવાસીને પ્રશસ્ત થાય છે.

આ જન્મ પ્રશસ્ત થાય, ઉપપાત પ્રશસ્ત થાય, આવતો જન્મ પ્રશસ્ત થાય.

સૂત્ર–૧૭૫

સંસારી જીવ ત્રણ પ્રકારે છે – સ્ત્રી, પુરુષ, નપુંસક.

સર્વે જીવો ત્રણ પ્રકારે કહ્યા છે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ અથવા

સર્વે જીવો ત્રણ પ્રકારે કહ્યા છે – પર્યાપ્તકો, અપર્યાપ્તકો, નોપર્યાપ્તક–નોઅપર્યાપ્તક.

એ રીતે સમ્યગ્દૃષ્ટિ – પરિત્ત, પર્યાપ્તક, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ્ય (એ પ્રત્યેક ત્રણ–ત્રણ ભેદે જાણવા).

સૂત્ર–૧૭૬

લોકસ્થિતિ ત્રણ ભેદે છે – આકાશને આધારે વાયુ છે, વાયુને આધારે ઉદધિ છે, ઉદધિને આધારે પૃથ્વી છે.

ત્રણ દિશાઓ કહી છે – ઉર્ધ્વ, અધો, તિર્છી.

ત્રણ દિશામાં જીવોની ગતિ પ્રવર્તે છે. એ રીતે આગતિ, ઉત્પત્તિ, આહાર વૃદ્ધિ, નિર્વૃદ્ધિ, ગતિપર્યાય, સમુદ્ઘાત, કાળસંયોગ, દર્શનાભિગમ, જ્ઞાનાભિગમ, જીવાભિગમ (જાણવા). ત્રણ દિશામાં જીવોને અજીવોનું જ્ઞાન હોય છે – ઉર્ધ્વ, અધો અને તિર્છી. આ રીતે આગતિ આદિ તેર સૂત્રો પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને હોય છે.

સૂત્ર–૧૭૭

ત્રસ જીવો ત્રણ ભેદે કહ્યા છે – તેઉકાયિક, વાયુકાયિક, ઉદાર ત્રસપ્રાણીઓ.

ત્રણ ભેદે સ્થાવરો કહ્યા છે – પૃથ્વીકાયિકો, અપ્કાયિક, વનસ્પતિકાયિક.

સૂત્ર–૧૭૮

૧. ત્રણ અચ્છેદ્ય કહ્યા છે – સમય, પ્રદેશ, પરમાણુ. એ રીતે – ૨. અભેદ્ય, ૩. અદાહ્ય, ૪. અગ્રાહ્ય, ૫. અનર્દ્ધ, ૬. અમધ્ય, ૭. અપ્રદેશ, ૮. ત્રણ પદાર્થો અવિભાજ્ય કહ્યા છે – સમય, પ્રદેશ પરમાણુ.

સૂત્ર–૧૭૮

૧. હે આર્યો ! શ્રમણ ભગવંત મહાવીર, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આમંત્રિત કરીને એમ કહ્યું – હે આયુષ્યમાન્ શ્રમણો ! પ્રાણીઓને કોનાથી ભય છે ?

ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થો, શ્રમણ ભગવંત મહાવીરને સમીપ આવે છે, આવીને વંદન, નમસ્કાર કરે છે. વંદન–નમસ્કાર કરીને એમ કહ્યું. હે દેવાનુપ્રિયો ! અમે આ અર્થને જાણતા નથી કે દેખતા નથી, હે દેવાનુપ્રિય ! જો તે અર્થને કહેવા માટે આપને ગ્લાનિ ન થાય તો કહો, અમે આપની પાસે સાંભળવા ઇચ્છીએ છીએ.

હે આર્યો ! શ્રમણ ભગવંત મહાવીરે, ગૌતમાદિ નિર્ગ્રન્થોને આમંત્રીને કહ્યું – હે આયુષ્યમાન્ શ્રમણો ! પ્રાણીઓ દુઃખથી ભય પામે છે.

૨. હે ભગવન્ ! તે દુઃખ કોનાથી ઉત્પન્ન થાય છે? જીવે પોતાના પ્રમાદ વડે ઉત્પન્ન કર્યું છે.

૩. હે ભગવન્ ! તે દુઃખનું વેદન કેમ કરાય ? – જીવ પોતાના અપ્રમાદથી દુઃખનો ક્ષય કરે છે.

સૂત્ર–૧૮૦

હે ભગવન્ ! અન્યતીર્થિકો એવું કહે છે, એવું બોલે છે, એવું પ્રજ્ઞાપે છે, એવું પ્રરૂપે છે. કેવી રીતે શ્રમણ નિર્ગ્રન્થોના મતમાં કર્મ દુઃખને માટે થાય છે ?

(અહીં ચાર ભાંગા છે) ૧. તેમાં જે કરેલ કર્મ દુઃખને માટે થાય છે, તે નથી પૂછતાં. ૨. તેમાં જે કરેલ કર્મ દુઃખને માટે ન થાય તે પૂછતા નથી. ૩. તેમાં જે કર્મ નથી કરેલ તે દુઃખને માટે થતું નથી તે પૂછતાં નથી. ૪. તેમાં જે નથી કરેલ કર્મ દુઃખને માટે થાય છે, તે પૂછે છે.

તેઓનું આમ કહેવું છે? કર્મ કર્યા વિના દુઃખરૂપ થાય છે, કર્મનો સ્પર્શ કર્યા વિના દુખ થાય છે. કરેલા અને કરાતા કર્મ વિના દુઃખ થાય છે.; તેને પ્રાણી–ભૂત–જીવ–સત્ત્વો કર્મ કર્યા વિના વેદના વેદે છે, એમ કહે છે.

(ભગવંત કહે છે–) જે અન્યતીર્થિકો એમ કહે છે, તેમનું કથન મિથ્યા છે. હું એમ કહું છું, એમ ભાખુ છું, અમે પ્રજ્ઞાપું છું, એમ પ્રરૂપું છું – ભાવિ કાળમાં દુઃખનો હેતુ હોવાથી કરવા યોગ્ય કર્મ દુઃખ છે, સ્પર્શેલું દુઃખ છે, વર્તમાન કે અતીત કાળમાં કરેલ કર્મ દુઃખ છે, તેને કરીને પ્રાણી, ભૂતો, જીવો, સત્ત્વો વેદના અનુભવે છે. આ વક્તવ્યતા હોય.

**સ્થાન–૩, ઉદ્દેશા–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૩, ઉદ્દેશો–૩

**સૂત્ર–૧૮૧**

(૧) ત્રણ કારણે માયાવી માયા કરીને આલોચે નહીં, પ્રતિક્રમે નહીં, નિંદે નહીં, ગર્હે નહીં, વિચારને દૂર ન કરે, વિશોધે નહીં, ફરી ન કરવા તત્પર ન થાય, યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપોકર્મને સ્વીકારે નહીં, તે આ પ્રમાણે – મેં આ પાપ ભૂતકાળમાં કર્યું છે,વર્તમાનમાં હું કરું છું, ભાવિમાં હું કરીશ, તો શા માટે આલોચનાદિ કરું ?)

(૨) ત્રણ કારણે માયાવી માયા કરીને આલોચે નહીં, પ્રતિક્રમે નહીં યાવત્ તપશ્ચર્યા અંગીકાર ન કરે તે આ – મારી અપકીર્તિ થશે, મારો અવર્ણવાદ થશે, મારો અવિનય થશે.

(૩) ત્રણ સ્થાને માયાવી માયા કરીને આલોચના ન કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ ન સ્વીકારે – તે આ – મારી કીર્તિની હાનિ થશે, મારા યશની હાનિ થશે, મારા પૂજા સત્કારની હાનિ થશે.

(૪) ત્રણ કારણે માયાવી માયા કરી આલોચના કરે, પ્રતિક્રમે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે છે – દોષ સેવન કરનારને આ લોક ગર્હિત થાય છે, આગામી ભવ ગર્હિત થાય છે, ભવોભવ ગર્હિત થાય છે.

(૫) ત્રણ સ્થાને માયાવી માયા કરી આલોચે છે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે છે – આલોચના કરનારને આ લોક પ્રશસ્ત થાય છે, આગામી ભવ પ્રશસ્ત થાય, ભવોભવ પ્રશસ્ત થાય.

(૬) ત્રણ કારણે માયાવી માયા કરી આલોચે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે – જ્ઞાનના લાભ માટે, દર્શનના લાભાર્થે, ચારિત્રના લાભાર્થે.

**સૂત્ર–૧૮૨ થી ૧૮૫**

(૧૮૨) પુરુષો ત્રણ પ્રકારે કહ્યા છે – સૂત્રધારક, અર્થધારક, ઉભયધારક.

(૧૮૩) ૧. નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીને ત્રણ પ્રકારના વસ્ત્રો ધારણ કરવા અથવા પહેરવા કલ્પે છે – જાંગિક (ઉનનું), ભંગિક (રેશમી), ક્ષૌમિક (સુતરાઉ).

૨. સાધુ–સાધ્વીને ત્રણ પાત્ર ધારવા કે વાપરવા કલ્પે તુંબનું–કાષ્ઠનું–માટીનું પાત્ર.

(૧૮૪) ત્રણ કારણે વસ્ત્રો ધારણ કરે – લજ્જા નિવારણ–દુગંછા નિવારણ–પરીષહ નિવારણ નિમિત્તે.

(૧૮૫) ત્રણ આત્મરક્ષકો કહ્યા છે – ધાર્મિક પ્રેરણા વડે ઉપદેશ કરનાર, પ્રેરણા કરવાની સ્થિતિમાં ન હોય તો મૌન રહે, મૌન અને ઉપેક્ષા કરવાની સ્થિતિ ન હોય તો ઊઠીને એકાંતમાં ચાલ્યા જાય.

તૃષા આદિથી ગ્લાન સાધુને ત્રણ પ્રકારે પ્રાસુક પાણીની દત્તિ લેવાનું કલ્પે, તે આ પ્રમાણે – ઉત્કૃષ્ટદત્તિ, મધ્યમદત્તિ, જઘન્યદત્તિ.

**સૂત્ર–૧૮૬**

ત્રણ કારણે શ્રમણ નિર્ગ્રન્થ, સમાન ધર્મવાળા સાંભોગિકને વિસંભોગિક કરતો આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. પોતે તેના અકાર્ય જોઈને, શ્રદ્ધેય મુનિના વચનનો નિર્ણય કરીને, મૃષાવાદાદિની ત્રણ વખત આલોચના આપે, ચોથી વખત ન આપે તેને વિસંભોગી કરે.

**સૂત્ર–૧૮૭**

(૧૮૭) અનુજ્ઞા ત્રણ ભેદે કહી – આચાર્યપણે, ઉપાધ્યાયપણે, ગણિપણે. સમનુજ્ઞા ત્રણ ભેદે કહી –

આચાર્યપણે, ઉપાધ્યાયપણે, ગણિપણે. એ રીતે ઉપસંપદા અને વિજહણા (પદવી ત્યાગ) ત્રણ ભેદે જાણવા.

સૂત્ર–૧૮૮

વચન ત્રણ ભેદે છે – તદ્‌વચન, તદન્યવચન, નોવચન. ત્રણ અવચન કહ્યા છે – નોતદ્‌વચન, નોતદન્યવચન, અવચન.

મન ત્રણ ભેદે છે – તદ્‌મન, તદન્યમન, નોઅમન. ત્રણ અમન કહ્યા – નોતદ્‌મન, નોતદન્યમન, અમન.

સૂત્ર–૧૮૯

ત્રણ કારણે અલ્પવૃષ્ટિકાય થાય, તે આ –

૧. તે દેશ કે પ્રદેશને વિશે ઘણા ઉદકયોનિક જીવો અને પુદ્‌ગલો ઉદકપણે ઉપજતા નથી, નષ્ટ થતા નથી, ચ્યવતા નથી કે ક્ષેત્ર સ્વભાવથી ત્યાં ઉપજતા નથી.

૨. દેવો, નાગ, યક્ષ, ભૂતોને સારી રીતે ન આરાધ્યા હોય, ત્યાં ઉત્પન્ન થયેલ, પરિણત તેમજ વરસવા તૈયાર થયેલ ઉદક પુદ્‌ગલનું અન્ય દેશમાં સંહરણ કરી જાય.

૩. મેઘના વાદળો વડે ઘેરાયેલ, ઉત્પન્ન થયેલ, પરિણત, વરસવાને માટે તૈયારનો વાયુકાય વિનાશ કરે છે. આ ત્રણ કારણે અલ્પવૃષ્ટિકાય થાય છે.

ત્રણ કારણે મહાવૃષ્ટિકાય થાય, તે આ –

૧. તે દેશ કે પ્રદેશમાં ઘણા ઉદકયોનિક જીવો અને પુદ્‌ગલો ઉદકપણે ઉપજે છે, નાશ પામે છે, ચ્યવે છે કે ક્ષેત્ર સ્વભાવથી ઉપજે છે.

૨. દેવો, યક્ષ, નાગ, ભૂત સારી રીતે આરાધેલ હોય છે. તેઓ અન્યત્ર ઉત્પન્ન અને પરિણત અને વરસવા તૈયાર થયેલ ઉદક પુદ્‌ગલોનું તે દેશમાં સંહરણ કરે છે.

૩. ઉત્પન્ન થયેલ, પરિણત, વરસવા તૈયાર થયેલ મેઘને વાયુ નષ્ટ કરતો નથી. આ ત્રણ સ્થાનોથી મહાવૃષ્ટિ થાય છે.

સૂત્ર–૧૯૦

ત્રણ કારણે તત્કાલ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઇચ્છે તો પણ શીઘ્ર આવવા સમર્થ નથી. તે આ – ૧. દેવલોકમાં તત્કાળ ઉત્પન્ન દેવ, દેવસંબંધી કામભોગોમાં મૂર્ચ્છિત–ગૃદ્ધ–ગ્રથિત–અધ્યુપપન્ન હોવાથી તે મનુષ્ય કામભોગોનો આદર કરતો નથી – સારા જાણતો નથી – આ પ્રયોજન છે એવો નિશ્ચય કરતો નથી – નિદાન કરતો નથી, રહેવા વિચારતો નથી.

૨. તત્કાલ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત–ગૃદ્ધ–ગ્રથિત–આસક્ત હોવાથી તેનો માનુષ્ય પ્રેમ નષ્ટ થાય છે અને દેવલોક સંબંધી પ્રેમમાં સંક્રમિત થાય છે.

૩. તત્કાલ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત હોવાથી તેને એવું થાય છે કે હમણા ન જાઉં, મુહૂર્ત પછી જઇશ, તે કાળમાં અલ્પાયુષ્ક મનુષ્યો મરણ પામે છે. આ ત્રણ કારણે તત્કાળ ઉત્પન્ન દેવ, દેવલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઇચ્છે તો પણ શીઘ્ર આવતો નથી.

ત્રણ કારણે તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઇચ્છે તો શીઘ્ર આવે છે

૧. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં અમૂર્ચ્છિત–અગૃદ્ધ–અગ્રથિત–અનાસક્ત હોવાથી તેને એવું થાય છે કે – મારા મનુષ્યભવના આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર કે ગણાવચ્છેદક છે, જેના પ્રભાવથી મને આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ મળ્યો – પ્રાપ્ત થયો – સન્મુખ આવ્યો તો હું ત્યાં જઉં અને તે ભગવંતને વંદુ – નમું – સત્કારું – સન્માનું – કલ્યાણકારી, મંગલ, દેવરૂપ, ચૈત્યરૂપ માનીને તેમની પર્યુપાસના કરું.

૨. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં અમૂર્છિત યાવત્ અનાસક્ત હોવાથી તેને એમ થાય છે કે – આ માનુષ્યભવમાં જ્ઞાની છે, તપસ્વી છે, અતિદુષ્કરકારક છે, ત્યાં જઈને તેમને વંદુ યાવત્ પર્યુપાસુ.

૩. તત્કાળ ઉત્પન્ન દેવ યાવત્ વિચારે કે મનુષ્યભવના મારા માતા યાવત્ પુત્રવધૂ છે. ત્યાં જઈ, તેની પાસે પ્રગટ થાઉં. તે મારી આ દિવ્ય દેવઋદ્ધિ – દેવદ્યુતિ – દેવાનુભાવ – પ્રાપ્ત થયો છે તે જુએ ત્યારે દેવ શીઘ્ર આવે.

સૂત્ર–૧૯૧ થી ૧૯૩

(૧૯૧) ત્રણ સ્થાનની દેવ ઇચ્છા કરે છે – ૧. મનુષ્યભવ, ૨. આર્યક્ષેત્રમાં જન્મ, ૩. ઉત્તમ કુળમાં જન્મ.

ત્રણ કારણે દેવ પશ્ચાત્તાપને કરે છે – ૧. અહો ! મારું વિદ્યમાન બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ, ક્ષેમ, સુભિક્ષ હોવા છતાં, આચાર્ય અને ઉપાધ્યાય વિદ્યમાન હોવા છતાં, નીરોગી શરીર વડે બહું સૂત્ર ન ભણ્યો.

૨. આ લોકમાં આસક્ત, પરલોકથી પરાઙ્મુખ થઈ મેં વિષયની તૃષ્ણાથી દીર્ઘકાળ ચારિત્રપર્યાય ન પાળ્યો.

૩. અહો ! ઋદ્ધિ–રસ–સાતા ગારવથી ભોગાશંસામાં ગૃદ્ધ થઈને મેં વિશુદ્ધ ચારિત્રને સ્પર્શ્યું નહીં. આ ત્રણ સ્થાને દેવ પશ્ચાત્તાપ કરે છે.

(૧૯૨) ત્રણ કારણે દેવ 'હું ચ્યવીશ' એમ જાણે છે – ૧. નિસ્તેજ વિમાન, આભરણને જોઈને, ૨. કરમાયેલ કલ્પવૃક્ષને જોઈને, ૩. પોતાની હાનિ પામતી શરીરની કાંતિને જાણીને. આ ત્રણ કારણે દેવ 'ચ્યવીશ' તે જાણે.

ત્રણ કારણે દેવ ઉદ્વેગને પ્રાપ્ત થાય છે – ૧. અહો ! આવા સ્વરૂપવાળી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ પ્રાપ્ત કર્યો, મેળવ્યો, સન્મુખ થયો, તે ઋદ્ધિ આદિ મારે છોડવા પડશે – મારે ચ્યવવું પડશે.

૨. અહો ! માતાની રજ અને પિતાનું વીર્ય, તે બંને એકત્ર થયેલનો સૌ પ્રથમ આહાર કરવો પડશે. ૩. અહો ! મારે માતાના જઠરના મળમય, અશુચિમય, ઉદ્વેગ કરનારી ભયંકર એવી ગર્ભરૂપ વસતીમાં વસવું પડશે – આ ત્રણ સ્થાનક વડે દેવ ઉદ્વેગ પામે છે.

(૧૯૩) વિમાનો ત્રણ સંસ્થાનવાળા કહ્યા છે – ગોળ, ત્રિકોણ, ચોરસ. તેમાં જે વૃત્ત વિમાનો છે, તે કમલની કર્ણિકાના સંસ્થાને સંસ્થિત છે, તેની ચારે તરફ પ્રાકાર છે, એક પ્રવેશદ્વાર છે. જે ત્રિકોણ વિમાન છે, તે શીંગોડાના આકારે સંસ્થિત છે, તે બે બાજુ પ્રાકારથી વીંટાયેલા, એક બાજુ વેદિકાથી ઘેરાયેલા અને ત્રણ દરવાજા વાળા કહેલા છે. જે ચોરસ વિમાનો છે તે અક્ખાડગ સંસ્થાન સંસ્થિત છે, તે ચોતરફ વેદિકાથી વીંટાયેલા તેમજ ચાર દ્વારવાળા છે.

વિમાનો ત્રણ આધારો વડે પ્રતિષ્ઠિત છે – ઘનોદધિ પ્રતિષ્ઠિત, ઘનવાત પ્રતિષ્ઠિત, અવકાશાંતર પ્રતિષ્ઠિત. વિમાનો ત્રણ પ્રકારે છે – અવસ્થિત, વૈકુર્વિત અને પારિયાનિક.

સૂત્ર–૧૯૪

નૈરયિકો ત્રણ પ્રકારે છે – સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્–મિથ્યાદૃષ્ટિ. એ પ્રમાણે વિકલેન્દ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક પર્યન્ત ત્રણ દૃષ્ટિ હોય છે.

ત્રણ દુર્ગતિઓ કહી છે – નૈરયિકદુર્ગતિ, તિર્યંચદુર્ગતિ, મનુષ્યદુર્ગતિ.

ત્રણ સુગતિઓ કહી છે – સિદ્ધિસદ્ગતિ, દેવસદ્ગતિ, મનુષ્યસદ્ગતિ.

ત્રણ દુર્ગતો–(દુર્ગતીપ્રાપ્ત જીવો) કહેલા છે – નૈરયિકદુર્ગતો, તિર્યંચદુર્ગતો, મનુષ્યદુર્ગતો.

ત્રણ સુગતો–(સદ્ગતિ પ્રાપ્ત જીવો) કહેલા છે – સિદ્ધસુગતો, દેવસુગતો, મનુષ્યસુગતો.

સૂત્ર–૧૯૫

૧. ચતુર્થભક્ત કરેલ ભિક્ષુને ત્રણ પાનકનો સ્વીકાર કલ્પે - ઉત્સ્વેદિમ(લોટનું ધોવાણ), સંસેકિમ(બાફેલા કેર વગેરે ઉકાળ્યા પછી ધોવાણ), ચોખાનું ધોવાણ.

૨. છટ્ઠભક્તિક ભિક્ષુને ત્રણ સ્થાનકનો સ્વીકાર કલ્પે – તિલોદક, તુસોદક, જવોદક.

૩. અટ્ઠમભક્તિક ભિક્ષુને ત્રણ પાનકનો સ્વીકાર કલ્પે - આયામક(મગનું ઓસામાન), સૌવીરક(કાંજીનું

પાણી), શુદ્ધ વિકટ(ગરમ પાણી).

૪. ત્રણ ઉપહૃત (ભોજન સ્થાને અર્પિત આહાર) કહ્યા છે – ફલિક ઉપહૃત(મિષ્ટાન ફરસાણ વગેરે સંસ્કારિત ભોજન), શુદ્ધ ઉપહૃત(દાળિયા મમરા વગેરે સુકું ભોજન), સંસૃષ્ટ ઉપહૃત(અસંસ્કારિત ભાત ખીચડી).

૫. ત્રણ પ્રકારે અવગ્રહિત આહાર છે – પીરસવા માટે ગ્રહણ કરાતું ભોજન, પીરસવા માટે લઇ જવાતું ભોજન, થાળી વગેરેમાં પીરસેલું ભોજન.

૬. ત્રણ પ્રકારે ઉણોદરી કહી છે – ઉપકરણ ઉણોદરી, ભક્તપાન ઉણોદરી, ભાવ ઉણોદરી.

૭. ઉપકરણ ઉણોદરી ત્રણ ભેદે – એક વસ્ત્ર, એક પાત્ર, સંયમીની ઉપધિ રાખવી તે.

૮. ત્રણ સ્થાનો નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીને અહિતને માટે, અસુખને માટે, અયુક્તને માટે, અનિશ્રેયસને માટે, અનાનુગામિયત્વપણે થાય છે – આર્ત સ્વરે આક્રંદન કરવું , કકળાટ–શય્યા ઉપધિ આદિના દોષ દેખાડી બબળાટ કરવો, અપધ્યાન–(આર્ત્ત અને રૌદ્ર ધ્યાન કરવું).

૯. ત્રણ સ્થાનો સાધુ–સાધ્વીને હિતને માટે, સુખને માટે, યુક્તપણાને માટે, મોક્ષને માટે, આનુગામિકપણાને થાય છે – દુઃખમાં અદીનતા, કકળાટનો અભાવ, અશુભ ધ્યાન રહિતતા.

૧૦. શલ્યો ત્રણ પ્રકારે છે – માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાદર્શનશલ્ય.

૧૧. ત્રણ સ્થાને શ્રમણ નિર્ગ્રન્થ સંક્ષિપ્ત–વિપુલ તેજોલેશ્યાવાળો થાય છે – આતાપના લેવાથી, ક્ષમા રાખવાથી, નિર્જળ તપ કરવાથી.

૧૨. ત્રિમાસિક ભિક્ષુપ્રતિમા અંગીકાર કરનાર અણગારને ભોજનની ત્રણ દત્તિ ગ્રહણ કરવી કલ્પે અને ત્રણ દત્તિ પાણીની લેવી કલ્પે.

૧૩. એકરાત્રિકી ભિક્ષુપ્રતિમાનું સમ્યક્ અનુપાલન ન કરનાર સાધુને આ ત્રણ સ્થાનક અહિતાર્થે, અસુખાર્થે, અયુક્તપણાર્થે, અનિશ્રેયસાર્થે અને અનાનુગામીપણા માટે થાય છે. તે આ – ઉન્માદને પામે, દીર્ઘકાલિક રોગાતંકને પામે તથા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય.

૧૪. એકરાત્રિકી ભિક્ષુ પ્રતિમાને સારી રીતે અનુપાલન કરનાર અણગારને ત્રણ સ્થાનક હિતાર્થે, સુખાર્થે, યોગ્યપણા માટે, મોક્ષાર્થે, આનુગામિકતાએ થાય છે. તે આ પ્રમાણે – અવધિજ્ઞાનની પ્રાપ્તિ, મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ, કેવલજ્ઞાનની પ્રાપ્તિ.

## સૂત્ર–૧૯૬ થી ૧૯૮

(૧૯૬) જંબૂદ્વીપ નામક દ્વીપમાં ત્રણ કર્મભૂમિઓ કહી છે – ભરત, ઐરવત, મહાવિદેહ.

એ રીતે ધાતકી–ખંડના પૂર્વાર્દ્ધમાં યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં ત્રણ કર્મભૂમિઓ કહેલી છે.

(૧૯૭) ત્રણ પ્રકારે દર્શન કહેલ છે – સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, મિશ્રદર્શન.

રુચિ ત્રણ ભેદે છે – સમ્યગ્રુચિ, મિથ્યારુચિ, મિશ્રરુચિ.

પ્રયોગ ત્રણ ભેદે છે – સમ્યગ્ પ્રયોગ, મિથ્યા પ્રયોગ, મિશ્ર પ્રયોગ.

(૧૯૮) વ્યવસાય ત્રણ પ્રકારે છે – ધાર્મિક વ્યવસાય, અધાર્મિક વ્યવસાય, ધાર્મિક–અધાર્મિક વ્યવસાય. અથવા ત્રણ પ્રકારે વ્યવસાય છે – પ્રત્યક્ષ(અવધિ આદિ), પ્રાત્યયિક(ઇન્દ્રિય અને મન નિમિત્તે થનાર), આનુમાનિક. અથવા ત્રણ પ્રકારે વ્યવસાય છે – ઈહલૌકિક, પરલૌકિક, ઉભયલૌકિક.

ઇહલૌકિક વ્યવસાય ત્રણ ભેદે છે – લૌકિક, વૈદિક, સામાયિક (સાંખ્યસંબંધી). લૌકિક વ્યવસાય ત્રણ ભેદે છે – અર્થ, ધર્મ, કામ – સંબંધી. વૈદિક વ્યવસાય ત્રણ ભેદે છે – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ સંબંધી. સામાયિક વ્યવસાય ત્રણ ભેદે છે – જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી.

અર્થ (દ્રવ્ય) યોનિ (ઉપાય) ત્રણ ભેદે છે– સામ, દંડ, ભેદ સંબંધી.

**સૂત્ર–૧૯૯**

પુદ્‌ગલો ત્રણ ભેદે છે – પ્રયોગપરિણત, મિશ્રપરિણત, વિસ્રસાપરિણત.

નરકાવાસ ત્રણના આધારે છે – પૃથ્વીના આધારે, આકાશના આધારે, પોતાના આધારે... નૈગમ, સંગ્રહ, વ્યવહાર ના મતે પૃથ્વીપ્રતિષ્ઠિત છે, ઋજુસૂત્રના મતે આકાશપ્રતિષ્ઠિત છે, ત્રણ શબ્દનયના મતે આત્મપ્રતિષ્ઠિત છે

**સૂત્ર–૨૦૦**

મિથ્યાત્વ ત્રણ પ્રકારે છે – અક્રિયા મિથ્યાત્વ, અવિનય મિથ્યાત્વ, અજ્ઞાન મિથ્યાત્વ.

અક્રિયા ત્રણ ભેદે છે – પ્રયોગક્રિયા, સમુદાનક્રિયા, અજ્ઞાન ક્રિયા.

પ્રયોગક્રિયા ત્રણ પ્રકારે છે – મન પ્રયોગક્રિયા, વચન પ્રયોગક્રિયા, કાય પ્રયોગક્રિયા.

સમુદાન ક્રિયા ત્રણ ભેદે – અનંતર સમુદાનક્રિયા, પરંપર સમુદાનક્રિયા, તદુભય સમુદાનક્રિયા.

અજ્ઞાન ક્રિયા ત્રણ ભેદે છે – મતિઅજ્ઞાન ક્રિયા, શ્રુતઅજ્ઞાન ક્રિયા, વિભંગઅજ્ઞાન ક્રિયા.

અવિનય ત્રણ ભેદે છે – દેશત્યાગી, નિરાલંબનતા, વિવિધ પ્રેમ–દ્વેષ. અજ્ઞાન ત્રણ ભેદે છે – દેશ અજ્ઞાન, સર્વ અજ્ઞાન, ભાવ અજ્ઞાન.

**સૂત્ર–૨૦૧**

૧. ધર્મ ત્રણ પ્રકારે છે – શ્રુતધર્મ, ચારિત્રધર્મ, અસ્તિકાયધર્મ.

૨. ઉપક્રમ ત્રણ પ્રકારે છે – ધાર્મિક, અધાર્મિક, ધાર્મિકાધાર્મિક ઉપક્રમ. અથવા ત્રણ પ્રકારે ઉપક્રમ છે – આત્મોપક્રમ, પરોપક્રમ, તદુભયોપક્રમ. એ રીતે ૩. વૈયાવચ્ચ, ૪. અનુગ્રહ, ૫. અનુશિષ્ટિ, ૬. ઉપાલંભ એ એક એકના ત્રણ – ત્રણ આલાવા ઉપક્રમની માફક જાણવા.

**સૂત્ર–૨૦૨**

કથા ત્રણ પ્રકારે કહી છે – અર્થકથા, ધર્મકથા, કામકથા.

ત્રણ ભેદે વિનિશ્ચય કહ્યા છે – અર્થ, ધર્મ અને કામ વિનિશ્ચય.

**સૂત્ર–૨૦૩, ૨૦૪**

(૨૦૩) હે ભગવન્ ! તથારૂપ શ્રમણ માહન પ્રત્યે સેવા કરનારને તે સેવાનું શું ફળ છે? 'શ્રવણફળ.' હે ભગવન્! તે શ્રવણનું શું ફળ છે ? 'જ્ઞાન–ફળ.' હે ભગવન્ ! જ્ઞાનનું શું ફળ છે ? 'વિજ્ઞાન–ફળ.' આ અભિલાપ વડે જણાવાતી આ ગાથા જાણી લેવી જોઈએ–

(૨૦૪) શ્રવણનું ફળ જ્ઞાન છે, જ્ઞાનનું ફળ વિજ્ઞાન, વિજ્ઞાનનું ફળ પચ્ચક્ખાણ, પચ્ચક્ખાણનું ફળ સંયમ, સંયમનું ફળ અનાશ્રવ, અનાશ્રવનું ફળ તપ, તપનું ફળ વ્યવદાન, તેનું ફળ અક્રિયા, તેનું ફળ નિર્વાણ.

યાવત્ હે ભગવન્ ! અક્રિયાનું ફળ શું છે ? 'નિર્વાણ.' હે ભગવન્ ! નિર્વાણનું ફળ શું છે ? હે આયુષ્યાન્ ! સિદ્ધિગમન પર્યન્ત ફળ છે.

## સ્થાન–૩, ઉદ્દેશા–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

## સ્થાન–૩, ઉદ્દેશો–૪

**સૂત્ર–૨૦૫**

(૧) પ્રતિમાધારી અણગારને ત્રણ ઉપાશ્રયોનું પ્રતિલેખન કરવું કલ્પે છે – આગમન ગૃહ, ખુલ્લા મકાનમાં, વૃક્ષની નીચે. એ રીતે આજ્ઞા લેવી અને ગ્રહણ કરવું કલ્પે.

(૨) પ્રતિમાધારી અણગારને ત્રણ સંસ્તારકની પ્રતિલેખના કરવી કલ્પે. પૃથ્વીશિલા, કાષ્ઠશિલા, તૃણાદિ

સંથારો. એ રીતે આજ્ઞા લેવાનું અને ગ્રહણ કરવાનું કલ્પે છે.

**સૂત્ર–૨૦૬**

કાળ ત્રણ ભેદે છે – અતીત, વર્તમાન, અનાગત.

સમય ત્રણ ભેદે છે – અતીત, વર્તમાન, અનાગત. એવી રીતે આવલિકા, આનપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર યાવત્ લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ યાવત્ અવસર્પિણી ત્રણ પ્રકારે છે.

પુદ્‌ગલ પરાવર્તન ત્રણ ભેદે છે – અતીત, વર્તમાન, અનાગત.

**સૂત્ર–૨૦૭**

વચન ત્રણ ભેદે છે – એકવચન, દ્વિવચન, બહુવચન. અથવા વચન ત્રણ ભેદે છે – સ્ત્રીવચન, પુરુષવચન, નપુંસકવચન. અથવા વચન ત્રણ ભેદે છે – અતીતવચન, વર્તમાનવચન, અનાગતવચન.

**સૂત્ર–૨૦૮ થી ૨૧૦**

(૨૦૮) ૧. ત્રણ પ્રકારે પ્રજ્ઞાપના કહી છે – જ્ઞાનપ્રજ્ઞાપના, દર્શનપ્રજ્ઞાપના, ચારિત્રપ્રજ્ઞાપના.

૨. ત્રણ પ્રકારે સમ્યક્ કહ્યા છે – જ્ઞાનસમ્યક્, દર્શનસમ્યક્, ચારિત્રસમ્યક્.

૩. ત્રણ પ્રકારે ઉપઘાત કહ્યા છે – ઉદ્‌ગમોપઘાત, ઉપ્પાયણોપઘાત, એષણોપઘાત.

૪. એ પ્રમાણે વિશુદ્ધિ ત્રણ પ્રકારે જાણવી.

(૨૦૯) ૫. આરાધના ત્રણ પ્રકારે છે – જ્ઞાનઆરાધના, દર્શનઆરાધના, ચારિત્રઆરાધના.

૬. જ્ઞાનારાધના ત્રણ પ્રકારે છે – ઉત્કૃષ્ટા, મધ્યમા, જઘન્યા. ૭. એ રીતે દર્શનારાધના. ૮. ચારિત્રઆરાધના પણ ત્રણ–ત્રણ ભેદે જાણવી.

૯. ત્રણ પ્રકારે સંક્લેશ કહેલ છે– જ્ઞાન સંક્લેશ, દર્શન સંક્લેશ, ચારિત્ર સંક્લેશ. ૧૦. એ રીતે અસંક્લેશ પણ કહેવો. ૧૧. એ રીતે અતિક્રમણ, ૧૨. વ્યતિક્રમણ, ૧૩. અતિચાર, ૧૪. અનાચાર પણ ત્રણ ત્રણ પ્રકારે જાણવા.

૧૫. ત્રણનું અતિક્રમણ થતા આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા યાવત્ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવા જોઈએ – જ્ઞાનાતિક્રમ, દર્શનાતિક્રમ, ચારિત્રાતિક્રમ. ૧૬. એ રીતે વ્યતિક્રમ, ૧૭. અતિચાર, ૧૮. અનાચાર પણ જાણવા.

(૨૧૦) ૧૯. પ્રાયશ્ચિત્ત ત્રણ ભેદે કહેલ છે – આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય.

**સૂત્ર–૨૧૧**

જંબૂદ્વીપ નામક દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે ત્રણ અકર્મભૂમિઓ કહી છે – હૈમવત, હરિવર્ષ, દેવકુરુ. જંબૂદ્વીપના મેરુની ઉત્તરે ત્રણ અકર્મભૂમિ કહી છે – ઉત્તરકુરુ, રમ્યક્‌વર્ષ અને ઐરણ્યવત.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ત્રણ વર્ષક્ષેત્રો કહ્યા છે – ભરત, હૈમવત, હરિવર્ષ. જંબૂદ્વીપની ઉત્તરે ત્રણ વર્ષક્ષેત્રો કહ્યા છે – રમ્યક્‌વર્ષ, હૈરણ્યવત્, ઐરવત.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ત્રણ વર્ષધર પર્વતો છે – લઘુહિમવંત, મહાહિમવંત, નિષઢ. જંબૂદ્વીપના મેરુની ઉત્તરે ત્રણ વર્ષધર પર્વતો કહ્યા છે – નીલવંત, રૂપી, શિખરી.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ત્રણ મહાદ્રહો કહ્યા છે – પદ્મદ્રહ, મહાપદ્મદ્રહ, તિગિંછિદ્રહ. તે દ્રહોમાં મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળી ત્રણ દેવીઓ વસે છે – શ્રી, હ્રી, ધૃતિ.

એવી રીતે મેરુની ઉત્તરે પણ ત્રણ દ્રહ છે – કેશરી, મહાપૌંડરીક, પૌંડરીક. તેમાં રહેલ દેવીઓના નામ છે – કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી.

જંબૂદ્વીપના મેરુની દક્ષિણે લઘુહિમવંત વર્ષધર પર્વતથી પદ્મદ્રહ નામે મહાદ્રહથી ત્રણ મોટી નદીઓ વહે છે – ગંગા, સિંધુ, રોહિતાંશા. જંબૂદ્વીપમાં મેરુની ઉત્તરે શિખરી વર્ષધર પર્વતના પૌંડરીક મહાદ્રહથી ત્રણ મોટી નદીઓ

વહે છે – સુવર્ણકૂલા, રક્તા, રક્તવતી.

જંબૂદ્વીપના મેરુની પૂર્વ દિશાએ અને સીતા મહાનદીની ઉત્તરે ત્રણ અંતરનદી કહી છે – ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી. જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે ત્રણ અંતરનદીઓ કહી છે – તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે અને સીતોદા મહાનદીની દક્ષિણે ત્રણ અંતરનદી કહી છે – ક્ષીરોદા, શીતશ્રોતા, અંતરવાહિની. જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે અને સીતોદા મહાનદીની ઉત્તરે ત્રણ અંતરનદી કહી છે – ઉર્મિ માલિની, ફેનમાલિની, ગંભીરમાલિની.

આ રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં અકર્મભૂમિથી લઈને યાવત્ અંતરનદી પર્યન્ત સઘળું વર્ણન કહેવું યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધ પર્યન્ત સઘળું વર્ણન તેમ જ કહેવું.

**સૂત્ર–૨૧૨**

ત્રણ કારણે પૃથ્વીનો થોડો ભાગ ચલિત થાય છે –

૧. રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં બાદર પુદ્‌ગલો વિસ્રસા પરિણામથી ઉછળે ત્યારે તે મોટા પુદ્‌ગલો પડતા પૃથ્વીનો દેશ ભાગ ચલિત થાય.

૨. મહાઋદ્ધિવાળો યાવત્ મહા સૌખ્ય વાળો મહોરગ દેવ આ રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં આવાગમન કરે ત્યારે પૃથ્વીનો દેશ ભાગ ચલિત થાય.

૩. નાગ અને સુવર્ણકુમાર દેવોનો સંગ્રામ થાય ત્યારે પૃથ્વીનો દેશભાગ ચલિત થાય.

ત્રણ કારણે પરિપૂર્ણ પૃથ્વી ચલિત થાય –

૧. આ રત્નપ્રભા પૃથ્વીનો ઘનવાત ક્ષુભિત થાય, ત્યારે તે ઘનવાતના ક્ષોભથી ઘનોદધિ કંપિત થાય, ત્યારે ઘનોદધિ કંપિત થતા પરિપૂર્ણ પૃથ્વી ચલિત થાય.

૨. કોઈ મહર્દ્ધિક યાવત્ મહા–ઐશ્વર્યવાન્ દેવ તથા રૂપ શ્રમણ કે માહનને ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ દેખાડતો પરિપૂર્ણ પૃથ્વીને ચલિત કરે.

૩. દેવો– અસુરોનો સંગ્રામ થતા હોય ત્યારે પરિપૂર્ણ પૃથ્વી ચલિત થાય. આ ત્રણ કારણે પૃથ્વી ચલિત થાય

**સૂત્ર–૨૧૩ થી ૨૧૫**

(૨૧૩) દેવ કિલ્બિષિક ત્રણ પ્રકારે કહ્યા છે – ત્રણ પલ્યોપમ સ્થિતિક, ત્રણ સાગરોપમ સ્થિતિક, તેર સાગરોપમ સ્થિતિક.

હે ભગવન્ ! ત્રિપલ્યોપમ સ્થિતિક દેવકિલ્બિષિક ક્યાં વસે છે ? જ્યોતિષ્કોની ઉપર અને સૌધર્મ–ઈશાન કલ્પની નીચે. અહીં ત્રિપલ્યોપમસ્થિતિક દેવ કિલ્બિષિકો વસે છે.

હે ભગવન્ ! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યાં વસે છે ? સૌધર્મ–ઈશાન કલ્પની ઉપર તથા સનત્કુમાર અને માહેન્દ્રકલ્પની નીચે ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો વસે છે.

હે ભગવન્ ! તેર સાગરોપમ સ્થિતિક કિલ્બિષિક દેવો ક્યાં વસે છે ? બ્રહ્મલોક કલ્પની ઉપર અને લાંતક કલ્પની નીચે આ દેવો વસે છે.

(૨૧૪) દેવેન્દ્ર દેવરાજ શક્રની બાહ્ય પર્ષદાના દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રની અભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહી છે.

દેવરાજ દેવેન્દ્ર ઈશાનની બાહ્ય પર્ષદાની દેવીની સ્થિતિ ત્રણ પલ્યોપમની કહેલી છે.

(૨૧૫) પ્રાયશ્ચિત્ત ત્રણ પ્રકારે કહેલ છે – જ્ઞાન પ્રાયશ્ચિત્ત, દર્શન પ્રાયશ્ચિત્ત, ચારિત્ર પ્રાયશ્ચિત્ત.

ત્રણ પ્રકારે અનુદ્‌ઘાતિમ કહેલ છે – હસ્તકર્મ કરતા, મૈથુન સેવતા, રાત્રિભોજન કરતા.

ત્રણ પારાંચિત કહેલા છે – દુષ્ટ પારાંચિત, પ્રમત્ત પારાંચિત, અન્યોન્ય (મૈથુન) કરનારા પારાંચિત.

ત્રણ અનવસ્થાપ્ય કહેલ છે – સાધર્મિકની ચોરી કરતો, અન્ય ધાર્મિકની ચોરી કરતો, હસ્તતાલ – (યષ્ટિ, મુષ્ટિ આદિ વડે પ્રહાર કરતો) અનવસ્થાપ્ય થાય.

### સૂત્ર–૨૧૬

૧. ત્રણને દીક્ષા દેવી ન કલ્પે – લિંગ નપુંસક, વાતિક નપુંસક, ક્લિબ નપુંસક. એ પ્રમાણે તેમને, ૨. મુંડિત કરવા, ૩. શીખવવું, ૪. ઉપસ્થાપિત કરવા, ૫. ઉપધિ આદિ વિભાગ કરવા, ૬. સાથે રાખવા ન કલ્પે.

### સૂત્ર–૨૧૭

ત્રણ વાચના દેવા યોગ્ય નથી – અવિનીત, વિગઈઓમાં લોલુપ અને અવ્યવસિતપ્રાભૃત (અત્યંત ક્રોધી). ત્રણને વાચના આપવી કલ્પે – વિનીત, વિગઈઓમાં અલોલુપ, વ્યવસિતપ્રાભૃત(ક્રોધને ઉપશાંત કરનાર).

ત્રણ દુઃસંજ્ઞાપ્ય છે – દુષ્ટ(દ્વેષી), મૂઢ(વિવેક શૂન્ય), વ્યુદ્‌ગ્રાહિત(ખોટી પકડ રાખનાર).

ત્રણ સુસંજ્ઞાપ્ય છે – અદુષ્ટ, અમૂઢ, અવ્યુદ્‌ગ્રાહિત.

### સૂત્ર–૨૧૮, ૨૧૯

(૨૧૮) ત્રણ માંડલિક પર્વતો છે – માનુષોત્તર, કુંડલવર, રૂચકવર.

(૨૧૯) ત્રણને સૌથી મોટા કહ્યા – બધા મેરુમાં જંબૂદ્વીપનો મેરુ, સમુદ્રોને વિશે સ્વયંભૂરમણ સમુદ્ર, દેવલોકોમાં બ્રહ્મલોક કલ્પ.

### સૂત્ર–૨૨૦

કલ્પસ્થિતિ(સાધુની આચારમર્યાદા) ત્રણ પ્રકારે છે – સામાયિક કલ્પસ્થિતિ, છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ, નિર્વિશમાનકલ્પસ્થિતિ. અથવા કલ્પસ્થિતિ ત્રણ પ્રકારે– નિર્વિષ્ટકલ્પસ્થિતિ, જિનકલ્પસ્થિતિ, સ્થવિરકલ્પ સ્થિતિ

### સૂત્ર–૨૨૧

નૈરયિકોને ત્રણ શરીર કહ્યા છે – વૈક્રિય, તૈજસ, કાર્મણ. અસુર કુમારોને ત્રણ શરીર કહ્યા છે – વૈક્રિય, તૈજસ, કાર્મણ. એ રીતે સર્વ દેવોને ત્રણ શરીર હોય છે.

પૃથ્વીકાયિકોને ત્રણ શરીર છે – ઔદારિક, તૈજસ, કાર્મણ. એ રીતે વાયુકાયિકોને છોડીને યાવત્ ચઉરિન્દ્રિયને ત્રણ શરીર છે.

### સૂત્ર–૨૨૨

ગુરુને આશ્રીને ત્રણ પ્રત્યનીક–(પ્રતિકુળ આચરણ કરનાર) કહેલ છે – આચાર્ય પ્રત્યનીક, ઉપાધ્યાય પ્રત્યનીક, સ્થવિર પ્રત્યનીક.

ગતિને આશ્રીને ત્રણ પ્રત્યનીક કહ્યા છે – આલોક પ્રત્યનિક, પરલોક પ્રત્યનિક, ઉભયલોક પ્રત્યનિક.

સમૂહને આશ્રીને ત્રણ પ્રત્યનિક છે – કુળ પ્રત્યનિક, ગણ પ્રત્યનિક, સંઘ પ્રત્યનિક.

અનુકંપાને આશ્રીને ત્રણ પ્રત્યનિક છે – તપસ્વી પ્રત્યનિક, ગ્લાન પ્રત્યનિક, શૈક્ષ પ્રત્યનિક.

ભાવને આશ્રીને ત્રણ પ્રત્યનિક કહ્યા – જ્ઞાન પ્રત્યનિક, દર્શન પ્રત્યનિક, ચારિત્ર પ્રત્યનિક.

સૂત્રને આશ્રીને પ્રત્યનિકો ત્રણ છે – સૂત્ર પ્રત્યનિક, અર્થ પ્રત્યનિક, તદુભય પ્રત્યનિક.

### સૂત્ર–૨૨૩

પિતાના (વીર્યથી પ્રાપ્ત) અંગો ત્રણ છે – અસ્થિ, અસ્થિમજ્જા અને કેશ–મૂંછ. રોમ, નખ. ત્રણ અંગો માતાના છે – માંસ, લોહી, મેદ–ફેફસાં

### સૂત્ર–૨૨૪

ત્રણ સ્થાન વડે શ્રમણ નિર્ગ્રન્થ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળો થાય છે. તે આ –

૧. ક્યારે હું થોડું કે ઘણુ શ્રુત ભણીશ,

૨. ક્યારે હું એકલવિહારીની પ્રતિમાને અંગીકાર કરીને વિચરીશ,

૩. ક્યારે હું અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની સેવનાથી સેવિત થઈ ભાત–પાણીના પ્રત્યાખ્યાન કરી મૃત્યુની આકાંક્ષા વિના પાદપોપગમન સંથારો કરીશ. આ પ્રમાણે તે મન વડે, વચન વડે, કાયા વડે ભાવના કરતો નિર્ગ્રન્થ મહાનિર્જરક, મહાપર્યવસાનક થાય.

ત્રણ સ્થાન વડે શ્રાવક મહાનિર્જરા–મહાપર્યવસાનવાળો થાય –

૧. ક્યારે હું અલ્પ કે બહુ પરિગ્રહને છોડીશ,

૨. ક્યારે હું મુંડ થઈને, ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા લઈશ,

૩. ક્યારે હું અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની આરાધના વડે ભાત–પાણીનો ત્યાગ કરીને કાળની અપેક્ષા વિના પાદપોપગન સંથારો કરીને આ પ્રમાણે મન–વચન–કાયા વડે જાગૃત થઈશ. એ ભાવનાથી શ્રાવક મહા નિર્જરા–મહાપર્યવસાનવાળો થાય.

### સૂત્ર–૨૨૫ થી ૨૨૭

(૨૨૫) પુદ્‌ગલ પ્રતિઘાત ત્રણ પ્રકારે કહ્યો છે – પરમાણુ પુદ્‌ગલ પરમાણુ પુદ્‌ગલને પામીને પ્રતિઘાત પામે, રૂક્ષપણાથી પરમાણુ પુદ્‌ગલ પ્રતિઘાત પામે, લોકના અંતે પરમાણુ પુદ્‌ગલ પ્રતિઘાત પામે. (સ્ખલિત થાય).

(૨૨૬) ત્રણ પ્રકારે ચક્ષુ કહ્યા છે – એક ચક્ષુ, બે ચક્ષુ, ત્રણ ચક્ષુ. છદ્મસ્થ મનુષ્યને એક ચક્ષુ છે, દેવને બે ચક્ષુ છે, તથારૂપ શ્રમણ–માહણ ઉત્પન્ન જ્ઞાનદર્શનના ધારક હોવાથી ત્રણ ચક્ષુવાળા કહેવાય છે.

(૨૨૭) ત્રણ પ્રકારે અભિસમાગમ(વિશિષ્ટ જ્ઞાન) કહેલ છે – ઊર્ધ્વ, અધો, તિર્છા.

જ્યારે તથારૂપ શ્રમણ કે માહણને અતિશય જ્ઞાન–દર્શન ઉત્પન્ન થાય છે ત્યારે તે સાધુ પહેલાં ઊર્ધ્વલોકને જાણે છે, પછી તિર્છાને, પછી અધોલોકને જાણે છે. હે આયષુયમાન્ શ્રમણ ! અધોલોકનું જ્ઞાન દુષ્કર છે.

### સૂત્ર–૨૨૮

૧. ત્રણ પ્રકારે ઋદ્ધિ કહી છે – દેવર્દ્ધિ, રાજર્દ્ધિ, ગણર્દ્ધિ.

૨. દેવર્દ્ધિ ત્રણ પ્રકારે છે – વિમાનઋદ્ધિ, વિકુર્વણાઋદ્ધિ, પરિચારણાઋદ્ધિ.

૩. અથવા દેવર્દ્ધિ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્રિત.

૪. રાજર્દ્ધિ ત્રણ પ્રકારે છે – રાજાની અતિયાન ઋદ્ધિ, રાજાની નિર્યાનઋદ્ધિ, રાજન બલ–વાહન–કોશ–કોષ્ઠાગાર ઋદ્ધિ.

૫. અથવા રાજર્દ્ધિ ત્રણ પ્રકારે છે – સચિત્ત, અચિત્ત, મિશ્ર.

૬. ગણર્દ્ધિ ત્રણ પ્રકારે છે – જ્ઞાનઋદ્ધિ, દર્શનઋદ્ધિ, ચારિત્રઋદ્ધિ.

૭. અથવા ગણર્દ્ધિ ત્રણ ભેદે છે – સચિત્ત, અચિત્ત, મિશ્રિત.

### સૂત્ર–૨૨૯ થી ૨૩૧

(૨૨૯) ત્રણ પ્રકારે ગારવ–(પ્રાપ્ત પુણ્ય સામગ્રીનું અભિમાન) છે – ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ.

(૨૩૦) ત્રણ પ્રકારે કરણ(અનુષ્ઠાન) છે – ધાર્મિકકરણ, અધાર્મિકકરણ, મિશ્રકરણ.

(૨૩૧) ભગવંતે ત્રણ પ્રકારે ધર્મ કહ્યો – સુઅધિત, સુધ્યાત, સુતપસિત. જ્યારે સારી રીતે અધ્યયન કર્યું હોય ત્યારે સુધ્યાન થાય છે, જ્યારે સુધ્યાન થાય છે ત્યારે સુતપસિત થાય છે. તે સુઅધિત, સુધ્યાચિત, સુતપસિતતા એ ત્રણ પ્રકારે ભગવંતે સારી રીતે કહેલ છે.

### સૂત્ર–૨૩૨ થી ૨૩૪

(૨૩૨) વ્યાવૃત્તિ(હિંસા આદિથી નિવૃત્તિ) ત્રણ પ્રકારે કહી છે – જ્ઞાનયુક્ત, અજ્ઞાનયુક્ત, વિચિકિત્સા. એ

પ્રમાણે પદાર્થોમાં આસક્તિ અને પદાર્થોનું ગ્રહણ ત્રણ પ્રકારે છે.

(૨૩૩) અંત(સાર કે નિષ્કર્ષ) ત્રણ પ્રકારે કહ્યા છે – લોકાંત, વેદાંત, સમયાંત.

(૨૩૪) જિન ત્રણ પ્રકારે કહ્યા છે – અવધિજ્ઞાનીજિન, મનઃપર્યવજ્ઞાનીજિન, કેવળજ્ઞાનીજિન.

કેવલી ત્રણ પ્રકારે છે – અવધિજ્ઞાની કેવલી, મનઃપર્યવજ્ઞાની કેવલી, કેવલજ્ઞાનીકેવલી.

અર્હન્ત ત્રણ પ્રકારે કહ્યા છે – અવધિજ્ઞાની અર્હન્ત, મનઃ પર્યવજ્ઞાનીઅર્હન્ત, કેવલજ્ઞાની અર્હન્ત.

સૂત્ર–૨૩૫

૧. ત્રણ લેશ્યાઓ દુર્ગન્ધવાળી છે – કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા.

૨. ત્રણ લેશ્યાઓ સુગંધ વાળી છે – તેજો, પદ્મ, શુક્લ લેશ્યા.

એ રીતે ૩. દુર્ગતિમાં લઈ જનારી, ૪. સદ્‌ગતિમાં લઈ જનારી, ૫. સંક્લિષ્ટા, ૬. અસંક્લિષ્ટા, ૭. અમનોજ્ઞ, ૮. મનોજ્ઞ, ૯. અવિશુદ્ધા, ૧૦. વિશુદ્ધા, ૧૧. અપ્રશસ્તા, ૧૨. પ્રશસ્તા, ૧૩. સ્નિગ્ધરુક્ષા, ૧૪. સ્નિગ્ધઉષ્ણ છે.

સૂત્ર–૨૩૬

મરણ ત્રણ પ્રકારે છે – બાળ(અસંયમીનું)મરણ, પંડિત(સંયમીનું)મરણ, બાલપંડિત મરણ.

બાળ મરણ ત્રણ પ્રકારે – સ્થિત લેશ્ય, સંક્લિષ્ટ લેશ્ય, પર્યવજાત લેશ્ય.

પંડિત મરણ ત્રણ પ્રકારે – સ્થિત લેશ્ય, અસંક્લિષ્ટ લેશ્ય, પર્યવજાત લેશ્ય.

બાલપંડિત મરણ ત્રણ પ્રકારે – સ્થિત લેશ્ય, અસંક્લિષ્ટ લેશ્ય, અપર્યવજાત લેશ્ય.

સૂત્ર–૨૩૭

જેણે નિશ્ચય નથી કર્યો તેને આ ત્રણ સ્થાનક અહિતને માટે, અશુભને માટે, અયથાર્થને માટે, અનિશ્રેયસાર્થે, અનાનુગામિયત્તપણે થાય છે. તે–

૧. જે મુંડ થઈને ઘેરથી નીકળીને અનગાર પ્રવ્રજ્યા પામેલ સાધુ, નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકાવાળો, કાંક્ષાવાળો, વિતિગિચ્છાવાળો, ભેદસમાપન્ન, કલુષ સમાપન્ન થઈને નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા ન કરે, પ્રતીતિ ન કરે, રુચિ ન કરે તે પરિષહોથી પરાજિત થાય છે, પરિષહો આવતા તેને સહેતો નથી.

૨. તે મુંડ થઈને ઘરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લઈ પાંચ મહાવ્રતોમાં શંકિત યાવત્ કલુષભાવ પામીને પાંચ મહાવ્રતોની શ્રદ્ધા કરતો નથી યાવત્ પરિષહો આવે ત્યારે સહન કરતો નથી.

૩. તે મુંડ થઈને ઘરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા પામી છ જીવનિકાયમાં શંકાવાળો થઈને યાવત્ પરિષહોને સહે નહીં.

જેણે નિશ્ચય કર્યા છે તેને આ ત્રણ સ્થાનક હિતને માટે યાવત્ આનુગામિત્તપણાને માટે થાય છે. તે આ – તે મુંડ થઈને ઘરથી નીકળીને અણગાર પ્રવ્રજ્યા પામેલ સાધુ.

૧. નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત યાવત્ નોંકલુષ સમાપન્ન થઈને નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરે છે, પ્રીતિ કરે છે, રુચિ કરે છે, પરિષહો આવતા તેનાથી પરાભવ પામતો નથી, પરિષહો તેને પરાજિત કરી શકતા નથી.

૨. તે મુંડ થઈને ઘેરથી નીકળીને અણગાર પ્રવ્રજ્યા પામીને પંચ મહાવ્રતોમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત યાવત્ પરિષહથી પરાભવ ન પામે, પરિષહો તેને પરાજિત ન કરી શકે.

૩. તે મુંડ થઈને, ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા પામીને છ જીવનિકાયમાં નિઃશંકિત થાય યાવત્ પરિષહો વડે પરાજિત ન થાય કે પરિષહો તેનો પરાભવ ન કરી શકે.

સૂત્ર–૨૩૮, ૨૩૯

(૨૩૮) રત્નપ્રભાદિ પ્રત્યેક પૃથ્વી ત્રણ વલયોથી ચારે તરફથી ઘેરાયેલી છે – ઘનોદધિ વલયથી, ઘનવાત વલયથી, તનુવાત વલયથી.

(૨૩૯) નૈરયિકો ઉત્કૃષ્ટથી ત્રણ સમયવાળી વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે, એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી એમ જ જાણવું.

**સૂત્ર–૨૪૦ થી ૨૪૫**

(૨૪૦) ક્ષીણમોહ(બારમા ગુણસ્થાનવર્તી) અર્હન્ત ત્રણ કર્મ પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે. તે આ – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય.

(૨૪૧) અભિજિત નક્ષત્રના ત્રણ તારા છે. એ રીતે શ્રવણ, અશ્વિની, ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, જ્યેષ્ઠા નક્ષત્રોના પણ ત્રણ–ત્રણ તારા છે.

(૨૪૨) અરહંત ધર્મ પછી અરહંત શાંતિ પોણો પલ્યોપમ ન્યૂન ત્રણ સાગરોપમ કાળ વ્યતિક્રાંત થતા સમુત્પન્ન થયા.

(૨૪૩) શ્રમણ ભગવંત મહાવીરથી ત્રીજા યુગપુરુષ સુધી મોક્ષમાર્ગ ચાલ્યો. અર્હન્ત મલ્લીએ ૩૦૦ પુરુષ સાથે મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા લીધી. એ પ્રમાણે પાર્શ્વને પણ જાણવા.

(૨૪૪) શ્રમણ ભગવંત મહાવીરને ૩૦૦ ચૌદપૂર્વીની ઉત્કૃષ્ટ સંપદા હતી. તેઓ જિન નહીં પણ જિન સમાન, સર્વાક્ષર સન્નિપાતી અને જિનની માફક અવિતથ કહેનારા એવા ચૌદપૂર્વીઓ હતા.

(૨૪૫) ત્રણ તીર્થંકર ચક્રવર્તીઓ થયા – શાંતિ, કુંથુ, અર.

**સૂત્ર–૨૪૬ થી ૨૪૮**

(૨૪૬) ગ્રૈવેયકવિમાનના ત્રણ પ્રસ્તર કહ્યા–(૧)હેટ્ઠિમ, (૨)મધ્યમ, (૩)ઉપરિમ–ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

હેટ્ઠિમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ પણ ત્રણ પ્રકારે છે – હેટ્ઠિમહેટ્ઠિમ, હેટ્ઠિમમધ્યમ, હેટ્ઠિમઉવરિમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ પણ ત્રણ પ્રકારે – મધ્યમ હેટ્ઠિમ, મધ્યમ મધ્યમ, મધ્યમ ઉવરિમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

ઉપરિમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ પણ ત્રણ પ્રકારે છે – ઉવરિમહેટ્ઠિમ, ઉવરિમમધ્યમ, ઉવરિમ ઉવરિમ – ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

(૨૪૭) જીવોએ ત્રણ સ્થાન વડે ઉપાર્જન કરેલા પુદ્‌ગલો પાપકર્મપણે એકઠા કર્યા છે – કરે છે – કરશે. તે આ રીતે – સ્ત્રી, પુરુષ, નપુંસકવેદે સંચિત. એ રીતે – ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદન, નિર્જરા જાણવા.

(૨૪૮) ત્રિપ્રાદેશિક સ્કંધો અનંતા કહ્યા છે. એ રીતે યાવત્ ત્રિગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.

**સ્થાન–૩, ઉદ્દેશા–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાન–૪

## ઉદ્દેશો–૧

### સૂત્ર–૨૪૯

ચાર અંતક્રિયાઓ કહી છે. તેમાં પ્રથમ અંતક્રિયા આ – કોઈ અલ્પકર્મી આત્મા મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડ થઈને ગૃહવાસ છોડી અણગારપણે પ્રવ્રજિત થઈને ઉત્તમ સંવર, ઉત્તમ સમાધિવાળો થઈ, રૂક્ષવૃત્તિ, પાર પામવાનો અર્થી, ઉપધાન તપ કરનારો, દુઃખક્ષય કરતો તપસ્વી થાય છે, તેને ઘોર તપ કરવો પડતો નથી, ઘોર વેદના થતી નથી એવો પુરુષ દીર્ઘાયુ ભોગવી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે. મુક્ત થાય છે. પરિનિર્વાણ પામે છે, સર્વે દુઃખોનો અંત કરે છે. જેમ તે ચાતુરંત ચક્રવર્તી ભરત – આ પહેલી અંતક્રિયા.

હવે બીજી અંતક્રિયા – કોઈ જીવ મહાકર્મી થઈને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે, તે મુંડ થઈ ઘરથી નીકળી અણગારપણે પ્રવ્રજિત થઈને ઉત્તમ સંયમ, ઉત્તમ સંવર યાવત્ ઉપધાન તપ કરનારો, દુઃખ ક્ષય કરનારો, તપસ્વી થાય. તેને ઘોર તપ કરવો પડે, દુઃસહ વેદના સહેવી પડે, એવો પુરુષ અલ્પકાળનો પર્યાય પાળીને સિદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. જેમ તે ગજસુકુમાલ અણગાર. આ બીજી અંતક્રિયા.

હવે ત્રીજી અંતક્રિયા – મહાકર્મવાળો મનુષ્યત્વને યાવત્ પ્રાપ્ત કરે, મુંડ થઈને, ઘરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા પામીને ઇત્યાદિ બીજી અંતક્રિયા મુજબ જાણવુ. વિશેષ એ કે – તે દીર્ઘકાળની પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે. જેમ સનત્કુમાર ચક્રી. આ ત્રીજી અંતક્રિયા.

હવે ચોથી અંતક્રિયા – અલ્પ કર્મવાળો મનુષ્યત્વને પામીને, મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા પામીને ઉત્તમ સંયમી યાવત્ ઘોર તપ ન કરે, દુઃસહ વેદના ન વેદે, તેવો પુરુષ અલ્પકાલીન પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય યાવત્ સર્વે દુઃખોનો અંત કરે. જેમ મરુદેવી ભગવતી. આ ચોથી અંતક્રિયા છે.

### સૂત્ર–૨૫૦

૧. ચાર પ્રકારે વૃક્ષો કહે છે – દ્રવ્યથી ઊંચા–ભાવથી ઊંચા, દ્રવ્યથી ઊંચા–ભાવથી નીચા, દ્રવ્યથી નીચા–ભાવથી ઊંચા, દ્રવ્યથી નીચા–ભાવથી નીચા. ૨. એ રીતે ચાર પ્રકારે પુરુષો કહ્યા – દ્રવ્યથી ઊંચા–ભાવથી ઊંચા તે પ્રમાણે યાવત્ દ્રવ્યથી નીચા–ભાવથી નીચા.

૩. ચાર પ્રકારે વૃક્ષો કહે છે – દ્રવ્યથી ઊંચા–ભાવથી શુભ પરિણત, દ્રવ્યથી ઊંચા–ભાવથી અશુભ પરિણત, દ્રવ્યથી નીચા–ભાવથી શુભ પરિણત, દ્રવ્યથી નીચા–ભાવથી અશુભ પરિણત. ૪. એ રીતે પુરુષો ચાર પ્રકારે કહ્યા – દ્રવ્યથી ઊંચા અને ભાવથી ઉચ્ચ પરિણત. એ રીતે ચાર ભેદો કહેવા.

૫. ચાર પ્રકારે વૃક્ષો કહે છે – ઉન્નત અને ઉન્નતરૂપ, એ રીતે ચાર ભેદો. ૬. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષો કહ્યા – ઉન્નત અને ઉન્નતરૂપ.

૭.ચાર ભેદે પુરુષો કહ્યા– દ્રવ્યથી ઉન્નત–ભાવથી ઉન્નત મનવાળા આદિ ચાર. આ રીતે ૮. સંકલ્પ, ૯.પ્રજ્ઞા ૧૦. દૃષ્ટિ, ૧૧. શીલાચાર, ૧૨. વ્યવહાર, ૧૩. પરાક્રમ. આ 'મન' આદિમાં પુરુષના ભેદ જાણવા, વૃક્ષના સૂત્ર નથી.

૧૪ થી ૨૬. ચાર પ્રકારે વૃક્ષો કહ્યા – કોઈ ઋજુ – ઋજુ, કોઈ ઋજુ – વક્ર. એમ ચાર ભંગો જાણવા. એ રીતે પુરુષો ચાર પ્રકારે કહ્યા – કોઈ ઋજુ – ઋજુ.

એ રીતે ઉન્નત–પ્રણત વડે આલાવા કહ્યા તેમ ઋજુ–વક્રમાં પરિણત થી 'પરાક્રમ' સુધી કહેવા.

### સૂત્ર–૨૫૧ થી ૨૫૩

(૨૫૧)પ્રતિમાધારી અણગારને ચાર ભાષા બોલવી કલ્પે, – યાચની-આહાર આદિ યાચના માટે બોલવું,, પ્રચ્છની–સૂત્રાર્થ કે માર્ગ પૂછવા બોલવું,, અનુજ્ઞાપની–સ્થાન આદિની આજ્ઞા લેવા બોલવું, વ્યાકરણી–ઉત્તર ભાષા

(૨૫૨) ચાર પ્રકારે ભાષા કહી છે – સત્યાભાષા, મૃષાભાષા, સત્યા–મૃષાભાષા, અસત્યા–અમૃષા ભાષા.

(૨૫૩) ચાર પ્રકારે વસ્ત્રો કહ્યા છે – એક શુદ્ધ–શુદ્ધ, એક શુદ્ધ–અશુદ્ધ, એક અશુદ્ધ–શુદ્ધ, એક અશુદ્ધ–અશુદ્ધ. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષો કહ્યા છે– એક શુદ્ધ–શુદ્ધ(કોઈ જાતિથી શુદ્ધ હોય અને ગુણથી પણ શુદ્ધ હોય) શુદ્ધ–અશુદ્ધ (કોઈ જાતિથી શુદ્ધ હોય પણ ગુણથી અશુદ્ધ હોય) ઈત્યાદિ ચાર ભંગ જાણવા.

એ રીતે પરિણત અને રૂપથી વસ્ત્રની ચૌભંગી કહેવી – એ રીતે પુરુષો પણ જાણવા.

ચાર પ્રકારે પુરુષો કહ્યા છે– શુદ્ધ અને શુદ્ધ મનવાળા, ઈત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે સંકલ્પ યાવત્ પરાક્રમના ચાર ભંગ જાણવા.

## સૂત્ર–૨૫૪ થી ૨૫૬

(૨૫૪) ચાર પુત્રો કહ્યા છે - અતિજાત(પિતાથી વધારે સંપત્તિવાન), અનુજાત(પિતા સમાન સંપત્તિવાન), અવજાત(પિતાથી ઓછા ગુણવાન), કુલાંગાર(કુળમાં કલંક લગાડનાર).

(૨૫૫) ચાર પ્રકારે પુરુષો કહ્યા છે – એક સત્ય - સત્ય(જે પુરુષ પહેલા સત્ય આરાધક હોય અને પછી પણ સત્ય આરાધક રહે), એક સત્ય–અસત્ય ઈત્યાદિ ચાર ભંગ. એ પ્રમાણે પરિણત યાવત્ પરાક્રમ જાણવા.

વસ્ત્રો ચાર પ્રકારે કહ્યા – એક શુચિ–શુચિ, એક શુચિ–અશુચિ, ઈત્યાદિ ચાર ભંગ જાણવા. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા છે – એક શુચિ–શુચિ(કોઈ પુરુષ શરીરથી પવિત્ર હોય અને સ્વભાવથી પણપવિત્ર હોય, ઈત્યાદિ ચાર ભંગ જાણવા.

એ પ્રમાણે શુદ્ધ વસ્ત્રવત્ શુચિ યાવત્ પરાક્રમ કહેવા.

(૨૫૬) ચાર પ્રકારના કોરક–(કળી/ફૂલ) કહ્યા છે – આમ્રફલ કોરક, તાડફલ કોરક, વલ્લીફલ કોરક, મેંઢવિષાણ કોરક. આ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા છે – આમ્રફળ કોરક સમાન યાવત્ મેંઢવિષાણ કોરક સમાન.

## સૂત્ર–૨૫૭

ચાર પ્રકારે ધુણ કહેલા છે – ત્વચા ખાનાર, છાલ ખાનાર, કાષ્ઠ ખાનાર, સાર ખાનાર. આ પ્રમાણે ચાર ભિક્ષુ કહ્યા છે – ત્વચા ખાનાર સમાન યાવત્ સાર ખાનાર સમાન,

ત્વચા ખાનાર ધુણસમાન ભિક્ષુનું તપ સાર ખાનાર સમાન કહ્યું છે એટલે કઠીન કર્મોને ભેદનાર હોય છે.

સાર ખાનાર ધુણ સમાન ભિક્ષુનું તપ ત્વચા ખાનાર સમ મંદ કહ્યું છે,

છાલ ખાનાર ધુણ સમાન ભિક્ષુનું તપ કાષ્ઠ ખાનાર ધુણ સમાન વિશિષ્ટ કહ્યું,છે.

કાષ્ઠ ખાનાર ધુણ જેવા ભિક્ષુનું તપ છાલ ખાનાર સમાન  સામાન્ય કહ્યું છે.

## સૂત્ર–૨૫૮ થી ૨૬૦

(૨૫૮) તૃણ વનસ્પતિકાયિકો ચાર ભેદે કહેલ છે – અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ અને સ્કંધબીજ.

(૨૫૯) ચાર કારણે તત્કાળ ઉત્પન્ન નારક, નરકલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને ઈચ્છે, પણ તે મનુષ્ય–લોકમાં આવવાને સમર્થ ન થાય,

૧. હમણા ઉત્પન્ન નૈરયિક નરકલોકમાં ઉત્પન્ન વેદના વેદતો મનુષ્ય લોકમાં શીઘ્ર આવવા ઈચ્છે પણ તે આવી ન શકે.

૨. હમણા ઉત્પન્ન નૈરયિક, નરકલોકમાં નરકપાલો વડે વારંવાર આક્રમણ કરાતા મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઈચ્છે પણ આવી ન શકે.

૩. હમણા ઉત્પન્ન નૈરયિક નરકવેદનીય કર્મ ક્ષીણ ન થવાથી અવેદન–અનિર્જરાને કારણે મનુષ્યલોકમાં આવવા સમર્થ થતો નથી.

૪. આ પ્રમાણે નરકાયુ કર્મ ક્ષીણ ન હોવાથી યાવત્ આવવા સમર્થ થતો નથી. આ ચાર કારણે હમણા

ઉત્પન્ન નૈરયિક યાવત્ મનુષ્યલોકમાં શીઘ્ર આવવા સમર્થ ન થાય.

(૨૬૦) સાધ્વીઓને ચાર સંઘાટિકા ધારવી અને પહેરવી કલ્પે. બે હાથ પહોળી એક, ત્રણ હાથ પહોળી બે, ચાર હાથ પહોળી એક.

સૂત્ર–૨૬૧

ધ્યાન ચાર ભેદે છે – આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.

૧. આર્ત્તધ્યાન ચાર ભેદે છે – ૧. અમનોજ્ઞ વસ્તુનો સંબંધ થવાથી તેને દૂર કરવાની ચિંતાથી થતું, ૨.મનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિ થતા તે દૂર ન થાય તેની ચિંતા, ૩.આતંક – રોગની પ્રાપ્તિ થતા તેનો વિયોગ થવાની ચિંતા, ૪. સેવાયેલા કામભોગનો સંબંધ થવાથી તેનો વિયોગ ન થવાની ચિંતારૂપ.

આર્ત્તધ્યાનના ચાર લક્ષણો – ક્રંદનતા–(ઉચ્ચ સ્વરે રડવું), શોચનતા–(દીનતા પ્રગટ કરી શોક કરવો), તિપ્પણતા–(આંસુ વહાવવા), પરીદેવનતા–(કરુણ વિલાપ કરવો).

૨. રૌદ્રધ્યાન ચાર ભેદે છે – હિંસાનુબંધી–(હિંસા સંબંધી ચિંતન), મૃષાનુબંધી–(અસત્ય ભાષણ સંબંધી ચિંતન), સ્તેયાનુબંધી–ચોરીકર્મ સંબંધી ચિંતન), સારક્ષણાનુબંધી–(પરિગ્રહ સંબંધી ચિંતન).

રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે – અવસન્ન દોષ(એક પાપમાં સંલગ્ન રહેવું), બહુ દોષ(અનેક પાપમાં સંલગ્ન રહેવું), અજ્ઞાન દોષ, આમરણંત દોષ(પાપનો ક્યારેય પશ્ચાત્તાપ ન હોવો).

૩. ધર્મધ્યાન ચાર ભેદે છે – આજ્ઞા વિચય(જિનાજ્ઞાઓનું ચિંતન કરવું), અપાય વિચય(ચારે ગતિના દુઃખોનું ચિંતન કરવું), વિપાક વિચય(કર્મ અને તેના પરિણામો વિચારવા), સંસ્થાન વિચય(લોક સ્વરૂપનું ચિંતન).

ધર્મધ્યાનના ચાર લક્ષણો છે – આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ, અવગાઢરુચિ.

ધર્મધ્યાનના ચાર આલંબન છે – વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ છે – એકત્વાનુપ્રેક્ષા, અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.

૪. શુક્લધ્યાન ચાર પ્રકારે, ચાર પદોમાં પ્રત્યાવતારિત છે – પૃથક્ત્વ વિતર્ક સવિચારી, એકત્વવિતર્ક, અવિચારી, સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ, સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી.

શુક્લધ્યાનના ચાર લક્ષણો છે – અવ્યથ, અસંમોહ, વિવેક, વ્યુત્સર્ગ.

શુક્લધ્યાનના ચાર આલંબન છે – ક્ષમા, મુક્તિ, માર્દવ, આર્જવ.

શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે – અનંતવૃત્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા, અશુભાનુપ્રેક્ષા, અપાયાનુપ્રેક્ષા.

સૂત્ર–૨૬૨

દેવોની સ્થિતિ ચાર ભેદે છે – કોઈ સામાન્ય દેવ, કોઈ સ્નાતક દેવ, કોઈ પુરોહિત દેવ, કોઈ સ્તુતિપાઠક દેવ.

ચાર પ્રકારે સંવાસ કહ્યા છે – કોઈ દેવ દેવી સાથે સંવાસ કરે, કોઈ દેવ સ્ત્રી કે તિર્યંચણી સાથે સંવાસ કરે, મનુષ્ય કે તિર્યંચ દેવી સાથે સંવાસ કરે, કોઈ મનુષ્ય–તિર્યંચ માનુષી કે તિર્યંચણી સાથે સંવાસ કરે.

સૂત્ર–૨૬૩

ચાર કષાયો કહ્યા – ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય

ક્રોધના ચાર આધાર કહ્યા – આત્મ પ્રતિષ્ઠિત –પર પ્રતિષ્ઠિત –તદુભય પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય. એ પ્રમાણે યાવત્ – લોભને વૈમાનિક પર્યન્ત જાણવો.

ચાર સ્થાને ક્રોધોત્પત્તિ થાય છે – ક્ષેત્ર નિમિત્તે, વસ્તુ નિમિત્તે, શરીર નિમિત્તે, ઉપધિ નિમિત્તે, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને હોય. એ પ્રમાણે યાવત્ લોભને વૈમાનિક પર્યન્ત જાણવો.

ક્રોધ ચાર ભેદે છે – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનવરણ, સંજ્વલન ક્રોધ, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને જાણવુ. એ રીતે યાવત્ લોભમાં, વૈમાનિક પર્યન્ત જાણવું.

ક્રોધ ચાર પ્રકારે – આભોગ નિવર્તિત–(જાણી વિચારીને થતો ક્રોધ), અનાભોગ નિવર્તિત–(વિચાર્યા વિના થતો ક્રોધ), ઉપશાંત–(અપ્રગટ ક્રોધ), અનુપશાંત, એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિકને જાણવા. એ રીતે યાવત્ લોભમાં યાવત્ વૈમાનિકને જાણવુ.

સૂત્ર–૨૬૪

જીવો ચાર કારણો વડે આઠ કર્મપ્રકૃતિઓ એકઠી કરતા હતા – ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવુ. એ રીતે એકઠી કરે છે અને એકઠી કરશે. એ રીતે ત્રણ દંડકો જાણવા.

એ જ રીતે – ઉપચય, બંધ, ઉદીરણા, વેદન, નિર્જરા કર્યા છે – કરે છે – કરશે યાવત્ વૈમાનિક, ચોવીશે દંડકમાં 'નિર્જરા' પર્યન્ત ત્રણ–ત્રણ દંડકો કહેવા જોઈએ.

સૂત્ર–૨૬૫

ચાર પ્રતિમા કહી છે - સમાધિ–(શ્રુત અને ચારિત્રરૂપ અભિગ્રહ), ઉપધાન–(તપ વિશેષ), વિવેક–(ભોજન, પાન, વસ્ત્ર આદિ સંબંધી) અને વ્યુત્સર્ગ–(કાયોત્સર્ગ રૂપ).

ચાર પ્રતિમાઓ કહી છે – ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા–( આ ચારેમાં એક–બે–ચાર–દશ અહોરાત્ર પ્રમાણ કાયોત્સર્ગ હોય છે).

ચાર પ્રતિમાઓ કહી છે - લઘુમોક–(પ્રશ્રવણ/મૂત્ર)પ્રતિમા, મહામોકપ્રતિમા, જવમધ્યા, વજ્રમધ્યા.

સૂત્ર–૨૬૬ થી ૨૬૮

(૨૬૬) ચાર અસ્તિકાયને અજીવકાય કહ્યા છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલા–સ્તિકાય. ચાર અસ્તિકાય અરૂપીકાય કહ્યા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય.

(૨૬૭) ચાર ફળો કહ્યા – કાચું છતાં કંઈક મીઠું, કાચું છતાં અધિક મીઠું, પાકુ છતાં કંઈક મીઠું, પાકુ છતાં અધિક મીઠું. આ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા છે – શ્રુત અને વયથી અલ્પ હોવા છતાં પણ થોડા મીઠા ફળની સમાન અલ્પ ઉપશમ આદિ ગુણવાળા થાય છે. આ પ્રમાણે ચારે ભંગ સમજવા.

(૨૬૮) ચાર ભેદે સત્ય છે - કાયસરળતારૂપ સત્ય , ભાષાસરળતારૂપ સત્ય, ભાવસરળતા રૂપ સત્ય, અવિસંવાદનાયોગ રૂપ સત્ય.

ચાર ભેદે મૃષા છે – કાય વક્રતારૂપ અસત્ય, ભાષા વક્રતારૂપ અસત્ય, ભાવ વક્રતારૂપ અસત્ય વિસંવાદના યોગરૂપ અસત્ય.

ચાર ભેદે પ્રણિધાન કહ્યું છે – મનપ્રણિધાન, વચન પ્રણિધાન, કાયપ્રણિધાન, ઉપકરણપ્રણિધાન; એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક સુધી સમસ્ત પંચેન્દ્રિય દંડકમાં આ ચારે પ્રણિધાન હોય છે.

ચાર સુપ્રણિધાન કહ્યા. મન સુપ્રણિધાન યાવત્ ઉપકરણ સુપ્રણિધાન; એ પ્રમાણે સંયત મનુષ્યોને આ ચારે સુપ્રણિધાન હોય છે.

ચાર ભેદે દુષ્પ્રણિધાન કહ્યા – મન દુષ્પ્રણિધાન યાવત્ ઉપકરણ દુષ્પ્રણિધાન; એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક સુધી સમસ્ત પંચેન્દ્રિય દંડકમાં આ ચારે દુષ્પ્રણિધાન હોય છે.

સૂત્ર–૨૬૯

ચાર પ્રકારે પુરુષ કહ્યા –વાર્તાલાપમાં ભદ્રક લાગે પણ સહવાસે અભદ્રક, સહવાસ ભદ્રક પણ વાર્તાલાપે અભદ્રક, કોઈ વાર્તાલાપમાં ભદ્રક અને સહવાસમાં પણ ભદ્રક, કોઈ બંનેમાં અભદ્રક.

ચાર પ્રકારે પુરુષ કહ્યા – પોતાના પાપ જુએ પણબીજાના પાપ ન જુએ ઈત્યાદિ ચાર ભેદ.

ચાર પ્રકારે પુરુષ કહ્યા – પોતાના પાપને ઉદીરે, બીજાના નહીં આદિ ચાર.

ચાર પ્રકારે પુરુષ કહ્યા– પોતાના પાપ ઉપશમાવે બીજાના નહીં તેવા ચાર.

ચાર પ્રકારે પુરુષ કહ્યા – કોઈ પુરુષ આસનથી ઊભા થાય પણ બીજાને ઉભા ન થવા દે. કોઈબીજાને ઉભા થવા દે પણ પોતે ઉભા થાય. કોઈ પોતે ઉભા થાય અને બીજાને પણ ઉભા થવા દે ઇત્યાદિ ચાર ભંગ .

આ રીતે વંદન, સત્કાર, સન્માન, પૂજા, વાચના, પ્રતિપૃચ્છના, વ્યાકરણ આદિની ચૌભંગી કહેવી. કોઈ સૂત્રધર હોય અર્થધર ન હોય, અર્થધર હોય સૂત્રધર ન હોય કોઈ બંને હોય. કોઈ બંને ન હોય.

## સૂત્ર–૨૭૦ થી ૨૭૨

અસુરેન્દ્ર અસુરરાજ ચમરને ચાર લોકપાલો કહ્યા – સોમ, યમ, વરુણ, વૈશ્રમણ. એ રીતે

બલીન્દ્રના ચાર લોકપાલો – સોમ, યમ, વૈશ્રમણ, વરુણ.

ધરણેન્દ્રના ચાર લોકપાલો કાલપાલ, કોલપાલ, શૈલપાલ, શંખપાલ.

ભૂતાનંદના ચાર લોકપાલો –કાલપાલ, કોલપાલ, શંખપાલ, શૈલપાલ.

વેણુદેવના ચાર લોકપાલો –ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ.

વેણુદાલિના ચાર લોકપાલો – ચિત્ર, વિચિત્ર, વિચિત્રપક્ષ, ચિત્રપક્ષ.

હરિકાંતના ચાર લોકપાલો પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.

હરિસ્સહના પણ ચાર પ્રભ–સુપ્રભ, સુપ્રભકાંત, પ્રભકાંત.

અગ્નિશિખના ચાર લોકપાલો તેજસ્, તેજઃશિખ, તેજસ્કાંત, તેજપ્રભ.

અગ્નિમાનવના ચાર લોકપાલો તેજસ્, તેજઃશિખ, તેજપ્રભ, તેજસ્કાંત.

પૂર્ણના ચાર લોકપાલો રૂપ, રૂપાંશ, રૂપકાંત, રૂપપ્રભ.

વિશિષ્ટના ચાર લોકપાલો રૂપ, રૂપાંશ, રૂપપ્રભ, રૂપકાંત.

જલકાંતના ચાર લોકપાલો જલ, જલરત, જલકાંત, જલપ્રભ.

જલપ્રભના ચાર લોકપાલો – જલ, જલરત, જલપ્રભ, જલકાંત.

અમિતગતિના ચાર લોકપાલો – ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમ ગતિ.

અમિતવાહનના ચાર લોકપાલો – ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહવિક્રમગતિ, સિંહગતિ.

વેલંબના ચાર લોકપાલો – કાલ, મહાકાલ, અંજન, રિષ્ટ.

પ્રભંજનના ચાર લોકપાલો– કાલ, મહાકાલ, રિષ્ટ, અંજન.

ઘોષના ચાર લોકપાલો – આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત.

મહાઘોષના ચાર લોકપાલો – આવર્ત્ત, વ્યાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત, નંદિકાવર્ત્ત.

શક્રેન્દ્રના ચાર લોકપાલો સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.

ઈશાનેન્દ્રના ચાર લોકપાલો – સોમ, યમ, વૈશ્રમણ, વરુણ. એવી રીતે એકાંતરિત યાવત્ અચ્યુતેન્દ્રના ચાર–ચાર લોકપાલો જાણવા.

વાયુકુમાર ચાર ભેદે છે – કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન.

(૨૭૧) ચાર ભેદે દેવો કહ્યા – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.

(૨૭૨) ચાર ભેદે પ્રમાણ કહેલ છે. – દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાળપ્રમાણ, ભાવપ્રમાણ.

## સૂત્ર–૨૭૩ થી ૨૭૫

(૨૭૩) ચાર પ્રધાન દિશાકુમારી છે – રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપાવતી.

ચાર પ્રધાન વિદ્યુત્કુમારી છે – ચિત્રા, ચિત્રકનકા, શતેરા, સૌદામિની.

(૨૭૪) દેવેન્દ્ર દેવરાજ શક્રની મધ્યમ પર્ષદાના દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનની મધ્યમ પર્ષદાની દેવીને સ્થિતિ તે જ છે.

(૨૭૫) સંસાર ચાર ભેદે છે – દ્રવ્યસંસાર, કાલસંસાર, ક્ષેત્રસંસાર અને ભાવસંસાર.

સૂત્ર–૨૭૬, ૨૭૭

(૨૭૬) દૃષ્ટિવાદ ચાર ભેદે છે – પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ.

(૨૭૭) પ્રાયશ્ચિત્ત ચાર ભેદે – જ્ઞાન, દર્શન, ચારિત્ર, વ્યક્તકૃત્ય–(ગીતાર્થ દ્વારા અપાયેલ) પ્રાયશ્ચિત્ત.

પ્રાયશ્ચિત્ત ચાર ભેદે - પ્રતિસેવના–(અકૃત્ય સેવન, મૂળ ઉત્તરગુણ વિરાધના આદિ પ્રતિસેવના માટે અપાતું પ્રાયશ્ચિત્ત) , સંયોજના–(એક જાતના અનેક અતિચાર લાગ્યા હોય તેને ભેગા કરી અપાતું પ્રાયશ્ચિત્ત), આરોપણા–(ચાલુ પ્રાયશ્ચિત્તે કોઈ અપરાધ થાય તેનું વધારાનું પ્રાયશ્ચિત આરોપવું તે) , પરિકુંચન.

સૂત્ર–૨૭૮ થી ૨૮૦

(૨૭૮) કાળ ચાર ભેદે – પ્રમાણ, યથાયુષ્યનિર્વૃત્તિ, મરણ, અદ્ધાકાળ.

(૨૭૯) પુદ્‌ગલ પરિણામ ચાર ભેદે – વર્ણ પરિણામ., ગંધ પરિણામ., રસ પરિણામ., સ્પર્શ પરિણામ.

(૨૮૦) ભરત અને ઐરવત વર્ષક્ષેત્રમાં પહેલા – છેલ્લા વર્જીને વચ્ચેના બાવીશ અરહંત ભગવંતો ચાર યામ ધર્મને પ્રરૂપે છે – સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા બહિદ્ધાદાન (પરિગ્રહ) વિરમણ.

સર્વ મહાવિદેહ ક્ષેત્રને વિશે અરહંત ભગવંત ચારયામ ધર્મ પ્રરૂપે છે – સર્વથા પ્રાણાતિપાત વિરમણ યાવત્ સર્વથા બહિદ્ધાદાન વિરમણ.

સૂત્ર–૨૮૧, ૨૮૨

(૨૮૧) ચાર દુર્ગતિઓ કહી છે – નૈરયિક દુર્ગતિ , તિર્યંચયોનિક દુર્ગતિ, મનુષ્ય દુર્ગતિ, દેવદુર્ગતિ.

ચાર સુગતિઓ કહી છે – સિદ્ધ સુગતિ, દેવ સુગતિ, મનુષ્ય સુગતિ, સુકુલમાં જન્મ–સુગતિ.

ચાર દુર્ગત કહ્યા છે – નૈરયિક દુર્ગત, તિર્યંચયોનિક દુર્ગત, મનુષ્ય દુર્ગત, દેવ દુર્ગત.

ચાર સુગત કહેલ છે – સિદ્ધ સુગત, દેવ સુગત, મનુષ્ય સુગત, સુકુલ જન્મ પ્રાપ્ત–સુગત.

(૨૮૨) પ્રથમસમય જિનની ચાર કર્મ પ્રકૃતિ નાશ પામે – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય.

ઉત્પન્ન જ્ઞાન–દર્શન, અર્હન્ત જિન કેવલી ચાર કર્મપ્રકૃતિને વેદે છે – વેદનીય, આયુ, નામ, ગોત્ર.

પ્રથમ સમય સિદ્ધની ચાર કર્મ પ્રકૃતિ સાથે ક્ષય પામે – વેદનીય, આયુ, નામ, ગોત્ર.

સૂત્ર–૨૮૩ થી ૨૮૬

(૨૮૩) ચાર કારણે હાસ્યોત્પત્તિ થાય - કંઈક– જોઈને, બોલીને, સાંભળીને અને સ્મરીને.

(૨૮૪) ચાર ભેદે અંતર કહ્યું - કાષ્ઠાંતર–(કાષ્ઠ કાષ્ઠ વચ્ચે અંતર), પક્ષ્માંતર, લોકાંતર, પત્થરાંતર. એ પ્રમાણે સ્ત્રીઓમાં, પુરુષોમાં ચાર પ્રકારે અંતર છે–કાષ્ઠાંતર સમાન , પક્ષ્માંતર સમાન, લોકાંતર સમ, પત્થરાંતર સમ

(૨૮૫) ભૃતક (નોકર) ચાર પ્રકારે છે – દિવસભૃતક, યાત્રાભૃતક, ઉચ્ચતાભૃતક, કબ્બાડભૃતક.

(૨૮૬) ચાર પ્રકારે પુરુષ કહ્યા – સંપાડગ પ્રતિસેવી–(પ્રગટ રૂપે દોષનું સેવન કરનાર) પણ પ્રચ્છન્ન પ્રતિસેવી નહીં, પ્રચ્છન્ન પ્રતિસેવી પણ સંપાડગ પ્રતિસેવી નહીં, સંપાડગ અને પ્રચ્છન્ન પ્રતિસેવી, બંને પ્રતિસેવી નહીં.

સૂત્ર–૨૮૭ થી ૨૯૧

(૨૮૭) અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના સોમ મહારાજા (લોકપાલ)ની ચાર અગ્રમહિષીઓ કહી છે – કનકા, કનકલતા, ચિત્રગુપ્તા, વસુંધરા. એ જ રીતે યમ, વરુણ, વૈશ્રમણ (લોકપાલ)ની અગ્રમહિષી જાણવી.

વૈરોચનેન્દ્ર વૈરોચન રાજાના સોમ (લોકપાલ)ની ચાર અગ્રમહિષી છે – મિત્રકા, સુભદ્રા, વિદ્યુતા, અશની, એ જ રીતે યમ, વૈશ્રમણ, વરુણની અગ્રમહિષીઓ જાણવી.

નાગકુમારેન્દ્ર નાગકુમારરાજા ધરણેન્દ્રના કાલવાદ લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે – અશોકા, વિમલા,

સુપ્રભા, સુદર્શના. એ રીતે શંખપાલ પર્યન્ત લોકપાલની ચાર–ચાર અગ્રમહિષી કહી છે.

નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદના કાલવાલ લોકપાલની ચાર અગ્રમહિષીઓ કહી – સુનંદા, સુભદ્રા, સુજાતા, સુમના. એ રીતે શૈલપાલ લોકપાલ પર્યન્ત જાણવુ.

ધરણેન્દ્રની માફક દક્ષિણેન્દ્રના લોકપાલોની ઘોષપર્યન્ત અને ભૂતાનંદ માફક મહાઘોષ પર્યન્ત તે પ્રમાણે ચાર–ચાર અગ્રમહિષી જાણવી.

પિશાચેન્દ્ર પિશાચરાજા કાલની ચાર અગ્રમહિષીઓ છે – કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના. એ રીતે મહાકાલની પણ જાણવી.

ભૂતેન્દ્ર ભૂતરાજા સુરૂપની ચાર અગ્રમહિષીઓ કહી – રૂપવતી, બહુરૂપા, સુરૂપા, સુભગા. એ રીતે પ્રતિરૂપની પણ જાણવી.

યક્ષેન્દ્ર યક્ષરાજ પૂર્ણભદ્રની ચાર અગ્રમહિષીઓ કહી – પુત્રા, બહુપુત્રિકા, ઉત્તમા, તારકા. એ રીતે મણિભદ્રની પણ જાણવી.

રાક્ષસેન્દ્ર રાક્ષસરાજ ભીમની ચાર અગ્રમહિષીઓ કહી – પદ્મા, વસુમતી, કનકા, રત્નપ્રભા, એ રીતે મહાભીમની પણ જાણવી. કિન્નરેન્દ્ર કિન્નરની ચાર અગ્રમહિષીઓ કહી – વડેંસા, કેતુમતી, રતિસેના, રતિપ્રભા. એ રીતે કિંપુરુષની પણ જાણવી.

કિંપુરુષેન્દ્ર સત્પુરુષની ચાર અગ્રમહિષીઓ કહી છે – રોહિણી, નવમિતા, હિરી, પુષ્પવતી. એ રીતે મહાપુરુષની પણ જાણવી.

અતિકાય મહોરગેન્દ્રની ચાર અગ્રમહિષીઓ છે – ભુજગા, ભુજગવતી, મહાકચ્છા અને સ્ફુટા. એ રીતે મહાકાયની પણ છે.

ગંધર્વેન્દ્ર ગીતરતિની ચાર અગ્રમહિષી છે – સુઘોષા, વિમલા, સુરવરા, સરસ્વતી, એ રીતે ગીતયશની પણ છે.

જ્યોતિષેન્દ્ર જ્યોતિષ રાજ ચંદ્રની ચાર અગ્રમહિષીઓ છે – ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી, પ્રભંકરા, એ રીતે સૂર્યની પણ છે – સૂર્યપ્રભા જ્યોત્સનાભા આદિ.

મહાગ્રહ અંગારકની ચાર અગ્રમહિષી– વિજયા, વૈજયંતિ, જયંતિ, અપરાજિતા. એ રીતે ભાવકેતુ સુધી જાણવુ.

દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલની ચાર અગ્રમહિષી છે – રોહિણી, મદના, ચિત્ર, સોમા, એ રીતે વૈશ્રમણ પર્યન્ત જાણવુ.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રના સોમ લોકપાલની ચાર અગ્રમહિષી છે – પૃથ્વી, રાત્રિ, રજની, વિદ્યુત. એ રીતે વરુણ પર્યન્ત જાણવુ.

(૨૮૮) ચાર ગોરસ વિગઈઓ કહી છે – ખીર, દહીં, ઘી, માખણ. ચાર સ્નિગ્ધ વિગઈઓ કહી છે – તેલ, ઘી, વસા, માખણ. ચાર મહાવિગઈઓ કહી છે – મધુ, માંસ, મદ્ય, માખણ.

(૨૮૯) ચાર કૂટાગાર કહ્યા છે – કોઈ ગુપ્ત અને ગુપ્ત, કોઈ ગુપ્ત અને અગુપ્ત, કોઈ અગુપ્ત–ગુપ્ત, કોઈ અગુપ્ત – અગુપ્ત. એ પ્રમાણે ચાર પ્રકારે પુરુષ કહ્યા – કોઈ ગુપ્ત–ગુપ્ત ઇત્યાદિ.

ચાર કૂટાગાર શાળા કહી છે – કોઈ ગુપ્ત અને ગુપ્ત દ્વારવાળી, કોઈ ગુપ્ત અને અગુપ્તદ્વારવાળી, કોઈ અગુપ્ત અને ગુપ્તદ્વારવાળી, કોઈ અગુપ્ત અને અગુપ્તદ્વારવાળી. એ રીતે ચાર સ્ત્રીઓ જાણવી કોઈ ગુપ્ત અને ગુપ્તેન્દ્રિયા, કોઈ ગુપ્ત અને અગુપ્તેન્દ્રિયા. ઇત્યાદિ.

(૨૯૦) અવગાહના ચાર પ્રકારે છે – દ્રવ્ય અવગાહના, ક્ષેત્ર અવગાહના, કાળ અવગાહના, ભાવ અવગાહના.

(૨૯૧) ચાર પ્રજ્ઞપ્તિ અંગબાહ્ય કહી – ચંદ્ર, સૂર્ય, જંબૂદ્વીપ, દ્વીપસાગર.

**સ્થાન–૪, ઉદ્દેશા–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન-૪, ઉદ્દેશો-૨

### સૂત્ર-૨૯૨

ચાર પ્રતિસંલીનો કહ્યા છે – ક્રોધ પ્રતિસંલીન, માન પ્રતિસંલીન, માયા પ્રતિસંલીન, લોભ પ્રતિસંલીન.

ચાર અપ્રતિસંલીનો છે – ક્રોધ અપ્રતિસંલીન યાવત્ લોભ અપ્રતિસંલીન.

ચાર પ્રતિસંલીનો છે – મન પ્રતિસંલીન, વચન પ્રતિસંલીન, કાય પ્રતિસંલીન, ઇન્દ્રિય પ્રતિસંલીન.

ચાર અપ્રતિસંલીનો છે – મન યાવત્ ઇન્દ્રિય – અપ્રતિસંલીન.

### સૂત્ર-૨૯૩

ચાર પ્રકારે પુરુષો કહ્યા – ૧. કોઈ (બાહ્ય વૃત્તિથી) દીન અને (કોઈ અભ્યંતર વૃત્તિથી દીન), કોઈ દીન – અદીન, કોઈ અદીન–દીન, કોઈ અદીન–અદીન.

૨. ચાર પ્રકારે પુરુષો કહ્યા – કોઈ દીન અને દીન પરિણત, કોઈ દીન અને અદીન પરિણત, કોઈ અદીન અને દીન પરિણત, કોઈ અદીન અને અદીન પરિણત.

૩. ચાર પ્રકારે પુરુષો કહ્યા – કોઈ દીન અને દીનરૂપ, એ પ્રમાણે ૪. દીનમન, ૫. દીનસંકલ્પ, ૬. દીન–પ્રજ્ઞ, ૭. દીનશીલાચાર, ૮. દીનવ્યવહાર (એ સર્વેની ચતુર્ભંગી સમજવી.)

૧૦. ચાર પ્રકારે પુરુષો કહ્યા – કોઈ દીન–દીન પરાક્રમ, એ રીતે ૧૧. દીન–દીનવૃત્તિ, ૧૨. દીનજાતિ, ૧૩. દીન–ભાષી, ૧૪. દીનાવભાષી, ૧૫. ચાર પ્રકારે પુરુષો કહ્યા – કોઈ દીન–દીન સેવી, ૧૬. દીન–દીન પર્યાય, ૧૭. દીન–દીન પરિવાર. એ રીતે સર્વત્ર ચાર–ચાર ભેદ જાણવા.

### સૂત્ર-૨૯૪ થી ૩૦૦

(૨૯૪) ૧. ચાર ભેદે પુરુષો કહ્યા – કોઈ ક્ષેત્રથી આર્ય અને પાપ કર્મ ન કરવાથી–આર્ય, કોઈ ક્ષેત્રથી આર્ય અને પાપ કર્મ કરવાથી અનાર્ય, કોઈ ક્ષેત્રથી અનાર્ય અને નિષ્પાપ આર્ય, કોઈ બંનેથી અનાર્ય.

૨. ચાર ભેદે પુરુષો કહ્યા – કોઈ આર્ય–આર્ય પરિણત, (૩. આર્યરૂપ, ૪. આર્યમન, ૫. આર્યસંકલ્પ, ૬. આર્યપ્રજ્ઞ, ૭. આર્યદષ્ટિ, ૮. આર્યશીલા–ચાર, ૯. આર્યવ્યવહાર, ૧૦. આર્યપરાક્રમ, ૧૧. આર્યવૃત્તિ, ૧૨. આર્યજાતિ, ૧૩. આર્યભાષી, ૧૪. આર્યઅવભાષી, ૧૫. આર્યસેવી, ૧૬. આર્યપર્યાય, ૧૭. આર્ય પરિવાર, આ પ્રમાણે ૧૭ આલાવા જેમ દીનના કહ્યા તેમ આર્યની (ચૌભંગી પણ) જાણવી. ..... ૧૮. ચાર ભેદે પુરુષ કહ્યા – આર્ય અને આર્યભાવ, આર્ય પણ અનાર્યભાવ, અનાર્ય પણ આર્યભાવ, અનાર્ય અને અનાર્યભાવ.

(૨૯૫) ૧. વૃષભ ચાર ભેદે કહ્યા – જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન અને રૂપસંપન્ન. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે – જાતિ યાવત્ રૂપસંપન્ન.

૨. વૃષભ ચાર ભેદે કહ્યા– જાતિસંપન્ન પણ કુલસંપન્ન નહીં, કુલસંપન્ન પણ જાતિસંપન્ન નહીં, જાતિસંપન્ન અને કુલસંપન્ન, જાતિસંપન્ન નહીં અને કુલસંપન્ન નહીં. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે – જાતિસંપન્ન–કુલસંપન્ન આદિ.

૩. વૃષભ ચાર ભેદે છે– જાતિસંપન્ન પણ બલસંપન્ન નહીં – એ ચૌભંગી એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે છે.

૪. વૃષભ ચાર ભેદે છે – જાતિસંપન્ન પણ રૂપસંપન્ન નહીં – એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે.

૫. વૃષભ ચાર ભેદે છે– કુળસંપન્ન પણ બળસંપન્ન નહીં – એ ચૌભંગી. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો જાણવા.

૬. વૃષભ ચાર ભેદે છે– કુળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં – એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો ચાર ભેદે જાણવા.

૭. વૃષભ ચાર ભેદે છે – બળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં – એ ચૌભંગી. એ પ્રમાણે પુરુષો ચાર ભેદે જાણવા – બળસંપન્ન પણ રૂપસંપન્ન નહીં આદિ.

૧. હાથી ચાર ભેદે છે – ભદ્ર, મંદ, મૃગ, સંકીર્ણ, એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે – ભદ્ર, મંદ, મૃગ, સંકીર્ણ.

૨. હાથી ચાર ભેદે છે – ભદ્ર અને ભદ્રમન, ભદ્ર અને મંદમન, ભદ્ર અને મૃગમન, ભદ્ર અને સંકીર્ણમન, એ

રીતે પુરુષો ચાર ભેદે છે – ભદ્ર અને ભદ્રમન, ભદ્ર અને મંદમન – ઇત્યાદિ – ૪ –

૩. હાથી ચાર ભેદે છે – મંદ અને ભદ્રમન, મંદ અને મંદમન, મંદ અને મૃગમન, મંદ અને સંકીર્ણમન. આ પ્રમાણે જ પુરુષોને ચાર ભેદે જાણવા.

૪. હાથી ચાર ભેદે છે – મૃગ અને ભદ્રમન, મૃગ અને મંદમન, મૃગ અને મૃગમન, મૃગ અને સંકીર્ણમન. આ જ ચાર ભેદે પુરુષો પણ જાણવા.

૫. હાથી ચાર ભેદે જાણવા – સંકીર્ણ અને ભદ્રમન, સંકીર્ણ અને મંદમન, સંકીર્ણ અને મૃગમન, સંકીર્ણ અને સંકીર્ણમન. આ પ્રમાણે જ ચાર પુરુષો છે.

(૨૯૬) ભદ્ર હાથીના લક્ષણો – મધની ગોળી સમાન પિંગલ આંખ, અનુક્રમે સુંદર લાંબુ પૂંછળુ, ઉન્નત મસ્તક, ધીર, સર્વાંગ સમાધિત હોય તે.

(૨૯૭) મંદ હાથીના લક્ષણો – ચંચળ, સ્થૂળ, વિષમ ચર્મ્મ, સ્થૂળ મસ્તક, સ્થૂળ પૂંછ, સ્થૂળ નખ–દાંત–કેશવાળો, પિંગલ લોચનવાળો હોય તે.

(૨૯૮) મૃગ હાથીના લક્ષણો – કૃશ શરીર, કૃશ ગ્રીવા, કૃશ ત્વચા, કૃશ દાંત–નખ–વાળયુક્ત, ભીરુ, ત્રાસેલો, ખેદ વાળો, બીજાને ત્રાસ દેનારો હોય તે.

(૨૯૯) સંકીર્ણ હાથીના લક્ષણો – ઉક્ત ત્રણે હાથીના થોડા–થોડા લક્ષણ જેનામાં હોય, વિચિત્ર રૂપ અને શીલ વડે તે સંકીર્ણ છે.

(૩૦૦) ભદ્ર હાથી શરદઋતુમાં, મંદ હાથી વસંતઋતુમાં, મૃગ હાથી હેમંતઋતુમાં અને સંકીર્ણ હાથી સર્વ ઋતુમાં મદોન્મત્ત હોય છે.

## સૂત્ર–૩૦૧

વિકથાઓ ચાર કહી છે – સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા, રાજ કથા.

સ્ત્રીકથા ચાર ભેદે – સ્ત્રીઓની જાતિ કથા, સ્ત્રીઓની કુળ કથા, સ્ત્રીઓની રૂપ કથા, સ્ત્રીઓની નેપથ્ય કથા

ભક્ત (ભોજન) કથા ચાર ભેદે છે –૧. આવાપ– ભોજન સામગ્રીની કથા, ૨. નિર્વાપ– વિવિધ પક્વાનોઅને વ્યંજનોની કથા, , ૩. આરંભ– ભોજન બનાવવાની કથા, ૪. નિષ્ઠાન–ભોજન વ્યયની કથા.

દેશ કથા ચાર ભેદે છે – દેશવિધિ કથા, દેશવિકલ્પ કથા, દેશછંદક કથા, દેશનેપથ્ય કથા.

રાજકથા ચાર ભેદે– રાજાની ૧.અતિયાન કથા, ૨.નિર્યાણ કથા, ૩.બલવાહન કથા, ૪.કોશ કોષ્ઠાગાર કથા.

ધર્મકથા ચાર ભેદે છે - આક્ષેપણી–સ્વમતમાં આકર્ષણી, વિક્ષેપણી–પરમતથી ચલિત કરનારી, સંવેદની–વૈરાગ્ય ઉત્પન્ન કરનારી, નિર્વેદની–સંસારથી ઉદાસીન કરનારી કથા.

આક્ષેપણી કથા ચાર ભેદે–આચાર આક્ષેપણી, વ્યવહાર આક્ષેપણી, પ્રજ્ઞપ્તિ આક્ષેપણી, દૃષ્ટિવાદ આક્ષેપણી.

વિક્ષેપણી કથા ચાર ભેદે – (૧) સ્વ સિદ્ધાંતના ગુણોનું અને પરસિદ્ધાંતના દોષોનું કથન, (૨) પર સિદ્ધાંત ખંડન અને સ્વ સિદ્ધાંત સ્થાપના, (૩) પર સિદ્ધાંતનો સમ્યગ્વાદ કહીને, તેમાં રહેલ મિથ્યાવાદ કહેવો. (૪) પર સિદ્ધાંતનો મિથ્યાવાદ કહીને ત્યાં સમ્યગ્વાદ સ્થાપવો.

સંવેદની કથા ચાર ભેદે છે – આલોક સંવેદની, પરલોક સંવેદની, આત્મશરીર સંવેદની, પરશરીર સંવેદની.

નિર્વેદની કથા ચાર ભેદે કહેલી છે – (૧) આ લોકમાં સંચિત દુષ્ટકર્મનું ફળ આ જન્મમાં મળે, (૨) આ લોકમાં સંચિત દુષ્કર્મનું ફળ પરલોકમાં મળે, (૩) પરજન્મમાં સંચિત દુષ્કર્મનું ફળ આલોકમાં મળે, (૪) પરજન્મમાં સંચિત દુષ્કર્મનું ફળ પરલોકમાં મળે – (તે તે સંબંધી કથા તે નિર્વેદની કથા),

(૧) આલોકમાં આચરેલા સત્કર્મોના ફળ આ જન્મમાં મળે, (૨) આલોકમાં આચરેલ સત્કર્મોના ફળ પરલોકમાં મળે, ઇત્યાદિ ચઉભંગી જાણવી.

સૂત્ર–૩૦૨

ચાર પ્રકારે પુરુષો કહ્યા છે– કોઈ શરીરથી કૃશ અને મનથી કૃશ હોય, કોઈ શરીરથી કૃશ પણ મનથી દૃઢ હોય, કોઈ શરીરથી દૃઢ પણ મનથી કૃશ હોય, કોઈ શરીરથી દૃઢ અને મનથી દૃઢ હોય.

ચાર ભેદે પુરુષ છે – કોઈ કૃશ અને કૃશ શરીર હોય, કોઈ કૃશ અને દૃઢ શરીર હોય, કોઈ દૃઢ અને કૃશ શરીર હોય, કોઈ દૃઢ અને દૃઢ શરીર હોય.

ચાર પ્રકારે પુરુષ છે –(૧) કોઈ કૃશ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, પણ દૃઢ શરીરીને નહીં, (૨) કોઈ દૃઢ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, પણ કૃશ શરીરીને નહીં, (૩) કોઈ કૃશ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, દૃઢ શરીરીને પણ થાય છે, (૪) કોઈ કૃશ શરીરીને જ્ઞાનદર્શન ઉત્પન્ન થતા નથી અને દૃઢશરીરીને ઉત્પન્ન થતા નથી.

સૂત્ર–૩૦૩

ચાર કારણે નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીને આ સમયમાં કેવળ જ્ઞાનદર્શનની ઉત્પત્તિની ઇચ્છા છતાં ઉત્પન્ન ન થાય. તે આ – (૧) વારંવાર સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા, રાજ કથાને કહેનાર હોય છે. (૨) જે પોતાના આત્માને વિવેક અને વ્યુત્સર્ગથી ભાવિત ન કરે, (૩) રાત્રિના પૂર્વ–પશ્ચિમ ભાગમાં ધર્મજાગરિકા કરતા નથી. (૪) પ્રાસુક, એષણીય, અલ્પ આહાર માટે બધા ઘરોમાં સમ્યક્ ગવેષણા ન કરે. આ ચાર કારણે નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીઓને યાવત્ કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય.

ચાર કારણે નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીઓને અતિશય જ્ઞાનદર્શનની ઇચ્છા હોય તો તે ઉત્પન્ન થાય છે – (૧) સ્ત્રી કથા, ભક્ત કથા, દેશ કથા, રાજ કથા ન કહે, (૨) વિવેક અને વ્યુત્સર્ગપૂર્વક આત્માને ભાવિત કરે, (૩) રાત્રિના પૂર્વ–પશ્ચિમ ભાગમાં ધર્મજાગરિકા કરે અને (૪) પ્રાસુક, એષણીય, અલ્પ આહાર માટે બધા ઘરોમાં સમ્યક્ ગવેષણા કરે.
આ ચાર સ્થાને નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીઓ યાવત્ જ્ઞાનાદિ પામે.

સૂત્ર–૩૦૪ થી ૩૦૭

(૩૦૪) સાધુ–સાધ્વીને ચાર મહા પડવાએ સ્વાધ્યાય કરવો ન કલ્પે, તે આ – અષાઢી પડવો, આસોનો પડવો, કાર્તિકી પડવો, ચૈત્રી પડવો (પડવો એટલે વદ એકમ.)

સાધુ–સાધ્વીને ચાર સંધ્યાએ સ્વાધ્યાય કરવો ન કલ્પે, તે આ – સૂર્યોદયે, મધ્યાહ્ને, સંધ્યાએ, મધ્યરાત્રિએ. (પૂર્વ પશ્ચાત્ ઘડી).

(૩૦૫) લોક સ્થિતિ ચાર ભેદે છે – આકાશ પ્રતિષ્ઠિત વાયુ, વાયુ પ્રતિષ્ઠિત ઉદધિ, ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી, પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ સ્થાવર પ્રાણી.

(૩૦૬) ચાર પ્રકારે પુરુષો કહ્યા - તથાપુરુષ–(આજ્ઞાનો સ્વીકાર કરનાર), નોતથાપુરુષ–(આજ્ઞાનો સ્વીકાર ન કરનાર), સૌવસ્તિક, –(સ્વામીની સ્તુતિ કરનાર) પ્રધાન–(જે સ્વામી કે રાજા હોય).

ચાર ભેદે પુરુષો કહ્યા (૧) આત્માંતકર–(પોતાના ભવનો અંત કરે) પણ પરાંતકર–(બીજાના ભવનો નહીં, (૨) પરાંતકર, આત્માંતકર નહીં, (૩) આત્માંતકર અને પરાંતકર, (૪) આત્માંતકર નહીં અને પરાંતકર નહીં.

ચાર ભેદે પુરુષ – સ્વયં ચિંતા કરે પણ બીજાને ન કરાવે. ઇત્યાદિ ચાર પ્રકારે.

ચાર ભેદે પુરુષ - આત્મંદમ–આત્મ દમન કરે પણ પરંદમ–બીજાનું દમન ન કરે નહીં ઇત્યાદિ.

(૩૦૭) ગર્હા ચાર ભેદે છે – (૧) પ્રાયશ્ચિત્ત લેવા ગુરુ પાસે જઉં તે એક ગર્હા. (૨) ગર્હણીય દોષ દૂર કરું તે બીજી ગર્હા. (૩) જે કંઈ અનુચિત હોય તેનું મિથ્યાદુષ્કૃત આપું તે ત્રીજી ગર્હા. (૪) સ્વદોષ ગર્હાથી શુદ્ધિ થાય તેમ માનવું તે ચોથી ગર્હા.

સૂત્ર–૩૦૮

૧. ચાર ભેદે પુરુષો છે – કોઈ પોતાને દુષ્પ્રવૃત્તિથી બચાવે છે, બીજાને નહીં. કોઈ બીજાને દુષ્પ્રવૃત્તિથી

બચાવે છે, પોતાને નહીં. કોઈ બંનેને દુષ્ટ પ્રવૃત્તિથી બચાવે છે. કોઈ બંનેને દુષ્પ્રવૃત્તિથી બચાવતો નથી.

૨. ચાર ભેદે માર્ગ છે – એક આરંભે ઋજુ અને અંતે પણ ઋજુ, એક આરંભે ઋજુ પણ અંતે વક્ર, એક આરંભે વક્ર પણ અંતે ઋજુ, એક આરંભે વક્ર અને અંતે પણ વક્ર. ૩. એ રીતે ચાર ભેદે પુરુષો છે.

૪. ચાર ભેદે માર્ગ છે – એક આરંભે ક્ષેમ અને અંતે ક્ષેમ, એક આરંભે ક્ષેમ અંતે અક્ષેમ, એક આરંભે અક્ષેમ અંતે ક્ષેમ, એક આરંભે અક્ષેમ અને અંતે પણ અક્ષેમ. ૫. એ રીતે ચાર ભેદે પુરુષ છે.

૬. ચાર ભેદે માર્ગ છે – કોઈ ક્ષેમ અને ક્ષેમરૂપ, કોઈ ક્ષેમ પણ અક્ષેમરૂપ, ઈત્યાદિ ચાર ભેદ છે. ૭. એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે.

૮. શંખ ચાર ભેદે છે – કોઈ વામ અને વામાવર્ત્ત, કોઈ વામ પણ દક્ષિણાવર્ત્ત, કોઈ દક્ષિણ પણ વામાવર્ત્ત, કોઈ દક્ષિણ પણ દક્ષિણાવર્ત્ત. ૯. એ દૃષ્ટાંતે ચાર પ્રકારે પુરુષો કહ્યા છે – કોઈ વામ અને વામાવર્ત્ત આદિ.

૧૦. ચાર ભેદે ધૂમ્રશિખાઓ છે – કોઈ વામા અને વામાવર્ત્ત આદિ, ચાર. ૧૧. એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે – વામા અને વામાવર્ત્ત આદિ.

૧૨. ચાર ભેદે અગ્નિશિખા છે – કોઈ વામા અને વામાવર્ત્ત ઈત્યાદિ ચાર. ૧૩. એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે – વામ અને વામાવર્ત્ત આદિ.

૧૪. ચાર ભેદે વાતમંડલિકા છે – કોઈ વામા અને વામાવર્ત્ત ઈત્યાદિ ચૌભંગી. ૧૫. એ રીતે સ્ત્રીઓ ચાર ભેદે છે – કોઈ વામા અને વામાવર્ત્ત.

૧૬. ચાર ભેદે વનખંડો છે – કોઈ વામ અને વામાવર્ત્ત ઈત્યાદિ ચૌભંગી. ૧૭. એ રીતે પુરુષો ચાર ભેદે છે – વામ અને વામાવર્ત્ત. આદિ.

### સૂત્ર–૩૦૯

ચાર કારણે (એકલો) સાધુ (એકલી) સાધ્વી સાથે આલાપ, સંલાપ કરતા (જિનાજ્ઞા) ઉલ્લંઘન કરતો નથી, તે આ – માર્ગ પૂછતાં, માર્ગ બતાવતા, અશન–પાન–ખાદિમ–સ્વાદિમ આહાર આપતા, અશનાદિ અપાવતા.

### સૂત્ર–૩૧૦

તમસ્કાયના ચાર નામ છે – તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર.

તમસ્કાયના ચાર નામ છે – લોકાંધકાર, લોકતમસ્, દેવાંધકાર અને દેવતમસ્.

તમસ્કાયના ચાર નામ છે – વાતપરિઘ, વાતપરિઘક્ષોભ, દેવારણ્ય, દેવવ્યૂહ.

તમસ્કાય ચાર કલ્પોને આવરીને રહ્યો છે – સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર.

### સૂત્ર–૩૧૧

૧. ચાર ભેદે પુરુષો કહ્યા – સંપ્રકટ પ્રતિસેવી–(પ્રગટ રૂપે દોષનું સેવન કરનાર), પ્રચ્છન્ન પ્રતિસેવી–ગુપ્ત રૂપે દોષનું સેવન કરનાર),, પ્રત્યુત્પન્ન નંદી–(વર્તમાનમાં ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં આનંદ માનનાર), નિસ્સરણનંદી.

૨. સેના ચાર ભેદે છે – જીતનારી પણ પરાજિત ન થનાર, પરાજિત થનાર પણ ન જીતનાર, જીતનારી અને પરાજય પામનારી, ન જીતનાર – ન પરાજિત થનાર. ૩. આ પ્રમાણે ચાર ભેદે પુરુષ છે – જીતનાર પણ પરાજિત ન થનાર આદિ.

૪. ચાર ભેદે સેનાઓ કહી – જીતીને ફરી જીતનાર, જીતીને પરાજય પામનાર, પરાજય પામીને જીતનાર, પરાજય પામીને ફરી હારનાર. ૫. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો છે– જીતીને ફરી જીતનાર આદિ.

### સૂત્ર–૩૧૨

ચાર પ્રકારે રાજિ અર્થાત્ રેખા કહેલ છે– પર્વતરાજિ, પૃથ્વીરાજિ, વાલુકા રાજિ અને ઉદકરાજિ. એ પ્રમાણે ક્રોધ ચાર પ્રકારે કહેલ છે– પર્વતરાજિ સમાન (અનંતાનુબંધી) ક્રોધ, પૃથ્વીરાજિ સમાન (અપ્રત્યાખ્યાની) ક્રોધ,

વાલુકારાજિ સમાન(પ્રત્યાખ્યાનાવરણ) ક્રોધ, ઉદકરાજિ સમાન (સંજ્વલન) ક્રોધ.

અનંતાનુબંધી ક્રોધમાં વર્તતો જીવ કાળ કરે તો નરકગતિમાં ઉત્પન્ન થાય છે. અપ્રત્યાખ્યાની ક્રોધમાં વર્તતો જીવ કાળ કરે તો તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યાખાની ક્રોધમાં વર્તતો જીવ કાળ કરે તો મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય છે. સંજ્વલન ગતિમાં વર્તતો જીવ કાળ કરે તો દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે.

સ્તંભ ચાર ભેદે છે – શૈલસ્તંભ, અસ્થિસ્તંભ, દારુસ્તંભ અને નેતરસ્તંભ, એ પ્રમાણે માન ચાર ભેદે છે – શૈલસ્તંભ સમાન માના, અસ્થિસ્તંભ સમાન માન, દારુસ્તંભ સમાન માન અને નેતરસ્તંભ સમાન માન.

શૈલસ્તંભ સમાન માનવાળો જીવ મરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે, અસ્થિસ્તંભ સમાન માનવાળો જીવ મરીને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે. દારુસ્તંભ સમાન માનવાળો જીવ મરીને મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય છે. નેતર સ્તંભ સમાન માનવાળો જીવ મરીને દેવયોનિમાં ઉપજે છે.

ચાર ભેદે વસ્તુનું વક્રત્વ છે – વાંસના મૂલનું વક્રત્વ, ઘેટાના શીંગડાનું વક્રત્વ, ગોમૂત્રનું વક્રત્વ, વાંસની છાલનું વક્રત્વ. એ પ્રમાણે ચાર ભેદે માયા છે – વંસમૂલ સમ વક્ર યાવત્ વાંસછાલ સમાન વક્રત્વ.

વંસમૂલ સમાન માયામાં પ્રવેશેલ જીવ કાળ કરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે, ઘેટાના શીંગડા સમાન માયાવાળો જીવ મરીને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે. ગોમૂત્ર સમાન માયાવાળો મરીને મનુષ્યમાં ઉપજે છે. વાંસની છાલ સમાન માયાવાળો જીવ મરીને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે.

વસ્ત્ર ચાર ભેદે છે – કૃમિરાગથી રંગેલું, કર્દમરાગથી રંગેલું, ખંજન રાગથી રંગેલ, હાલિદ્રરાગથી રંગેલ, એ રીતે લોભ ચાર ભેદે છે – કૃમિરાગરક્ત વસ્ત્ર સમાન, કર્દમરાગરક્ત વસ્ત્ર સમાન, ખંજનરાગરક્ત સમાન, હાલિદ્ર રાગરક્ત વસ્ત્ર સમાન. કૃમિરાગ રક્ત વસ્ત્ર સમાન (અનંતાનુબંધી) લોભવાળો જીવ મૃત્યુ પામીને નૈરયિકમાં ઉપજે છે, એ રીતે યાવત્ હાલિદ્રરાગરક્ત સમાન (સંજ્વલન) લોભવાળો જીવ મરીને દેવલોકમાં ઉપજે છે.

## સૂત્ર–૩૧૩

સંસાર ચાર ભેદે છે – નૈરયિક સંસાર, તિર્યંચ સંસાર, મનુષ્ય સંસાર અને દેવસંસાર.

ચાર ભેદે આયુષ્ય કહેલ છે – નૈરયિકાયુ, તિર્યંચ આયુ, મનુષ્ય આયુ અને દેવાયુ.

ચાર ભેદે ભવ–(ઉત્પતિ) કહેલ છે – નૈરયિક ભવ, તિર્યંચ ભવ, મનુષ્ય ભવ અને દેવ ભવ.

## સૂત્ર–૩૧૪

આહાર ચાર ભેદે કહેલ છે – અશન, પાન, ખાદિમ, સ્વાદિમ.

ચાર ભેદે આહાર છે– ઉપસ્કરસંપન્ન–(વઘાર આદિ સંસ્કાર કરેલ આહાર).ઉપસ્કૃતસંપન્ન–(રાંધેલો આહાર), સ્વભાવસંપન્ન–(કુદરતી રીતે પાકેલ ફળ વગેરે) અને પરિજુષિતસંપન્ન–(કેટલોક સમય રાખીને તૈયાર કરેલ આહાર).

## સૂત્ર–૩૧૫

ચાર પ્રકારે બંધ કહેલ છે – પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાવ બંધ, પ્રદેશ બંધ.

ચાર પ્રકારે ઉપક્રમ કહેલ છે – બંધનોપક્રમ, ઉદીરણોપક્રમ, ઉપશમોપક્રમ, વિપરિણામનોપક્રમ.

બંધનોપક્રમ ચાર ભેદે છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશ બંધનોપક્રમ.

ઉદીરણોપક્રમ ચાર ભેદે છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશ ઉદીરણોપક્રમ.

ઉપશમોપક્રમ ચાર ભેદે છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશોપશમોપક્રમ.

વિપરિણામ ઉપક્રમ ચાર ભેદે છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશથી.

ચાર ભેદે અલ્પબહુત્વ કહ્યું છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશ અલ્પબહુત્વ.

ચાર ભેદે સંક્રમ કહ્યો છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશ સંક્રમ.

ચાર ભેદે નિધત કહ્યો છે – પ્રકૃતિ – સ્થિતિ – અનુભાવ – પ્રદેશનિધત્ત.

ચાર ભેદે નિકાચિત કહેલ છે – પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ.

## સૂત્ર–૩૧૬ થી ૩૧૮

(૩૧૬) ચાર એક સંખ્યાવાળા છે – દ્રવ્ય એક, માતૃકાપદ એક, પર્યાય એક, સંગ્રહ એક.

(૩૧૭) ચાર પ્રકારે 'કતિ' (કેટલા) છે – દ્રવ્યકતિ, માતૃકાપદકતિ, પર્યાયકતિ, સંગ્રહકતિ.

(૩૧૮) ચાર સર્વ કહ્યા – નામ સર્વ, સ્થાપના સર્વ, આદેશ સર્વ, નિરવશેષ સર્વ.

## સૂત્ર–૩૧૯ થી ૩૨૨

(૩૧૯) માનુષોત્તર પર્વતની ચારે દિશામાં ચાર કૂટો કહ્યા છે. તે આ – રત્નકૂટ, રત્નોચ્ચયકૂટ, સર્વરત્નકૂટ, રત્નસંચયકૂટ.

(૩૨૦) જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં ગત ઉત્સર્પિણીમાં સુષમસુષમા નામક છટ્ઠા આરામાં ચાર કોડાકોડી સાગરોપમ કાળ હતો. જંબૂદ્વીપમાં ભરત–ઐરવતમાં આ અવસર્પિણીમાં સુષમસુષમા નામક પહેલા આરામાં ચાર કોડાકોડી સાગરોપમ કાલ હતો. જંબૂદ્વીપના ભરત–ઐરવતમાં આગામી ઉત્સર્પિણીમાં સુષમસુષમા આરામાં ચાર સાગરોપમ કોડાકોડી કાળ હશે.

(૩૨૧) જંબૂદ્વીપમાં દેવકુરુ–ઉત્તરકુરુને છોડીને ચાર અકર્મભૂમિઓ કહી છે – હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્ વર્ષ.

ચાર વૃત્તવૈતાઢ્ય પર્વતો છે – શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી, માલ્યવંત પર્યાય. ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે – સ્વાતિ, પ્રભાસ, અરુણ, પદ્મ.

જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્ર ચાર ભેદે કહ્યું છે – પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ.

બધા નિષધ અને નીલવંત પર્વતો ૪૦૦ યોજન ઊંચા અને ૪૦૦ ગાઉ ઊંડા કહ્યા છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશાએ સીતા મહાનદીની ઉત્તરે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – ચિત્રકૂટ, પક્ષ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ.

જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ, સુખાવહ.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે ચાર વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – ચંદ્ર પર્વત, સૂર્ય પર્વત, દેવ પર્વત, નાગ પર્વત.

જંબૂદ્વીપના મેરુની ચાર વિદિશાએ ચાર વક્ષસ્કાર પર્વતો છે– સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન, માલ્યવંત.

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં જઘન્યથી ચાર અરિહંતો, ચાર ચક્રવર્તીઓ, ચાર બળદેવો, ચાર વાસુદેવો ઉત્પન્ન થયા છે – થાય છે અને થશે.

જંબૂદ્વીપના મેરુ પર્વતને વિશે ચાર વન કહ્યા છે – ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પાંડુકવન.

જંબૂદ્વીપના મેરુના પંડકવનમાં ચાર અભિષેકશીલાઓ કહી છે – પંડુકંબલ શિલા, અતિપંડુકંબલ શિલા, રક્તકંબલ શિલા, અતિરક્તકંબલ શિલા.

મેરુ ચૂલિકા ઉપરના ભાગે ચાર યોજનની પહોળાઈ વડે કહી છે. એ રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં પણ કાળ સૂત્રથી આરંભીને યાવત્ મેરુ ચૂલિકા પર્યન્ત જાણવુ. એ પ્રમાણે યાવત્ પુષ્કરવર દ્વીપના પશ્ચિમાર્ધમાં યાવત્ મેરુ ચૂલિકામાં જાણવુ.

(૩૨૨) જંબૂદ્વીપમાં અવશ્ય રહેલ વસ્તુ કાળસૂત્રથી ચૂલિકા સુધી કહી તેમજ યાવત્ ધાતકીખંડ અને

પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં માં પૂર્વ–પશ્ચિમ પડખે છે.

## સૂત્ર–૩૨૩ થી ૩૨૬

(૩૨૩) જંબૂદ્વીપના ચાર દ્વારો કહ્યા છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. તે દરવાજા ચાર યોજન પહોળા અને પ્રવેશ માર્ગ ચાર યોજન છે. ત્યાં ચાર મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે – વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામે છે.

(૩૨૪) જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ચુલ્લહિમવંત વર્ષધર પર્વતની ચારે વિદિશામાં લવણસમુદ્રમાં ૩૦૦–૩૦૦ યોજન જતા આ ચાર અંતરદ્વીપો છે – એકોરુકદ્વીપ, આભાષિકદ્વીપ, વૈષાણિકદ્વીપ અને લાંગુલિકદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે – એકોરુકા, આભાષિકા, વૈષાણિકા અને લાંગુલિકા.

તે દ્વીપોની ચારે વિદિશાઓમાં લવણ–સમુદ્રમાં ૪૦૦–૪૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – હયકર્ણદ્વીપ, ગજકર્ણદ્વીપ, ગોકર્ણદ્વીપ, શષ્કુલીકર્ણદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે – હયકર્ણા, ગજકર્ણા, ગોકર્ણા, શષ્કુલીકર્ણા.

ઉક્ત દ્વીપોથી આગળ ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૫૦૦–૫૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – આદર્શ મુખદ્વીપ, મેંઢકમુખદ્વીપ, અયોમુખદ્વીપ અને ગોમુખદ્વીપ. ત્યાં ચાર પ્રકારના મનુષ્યો કહેવા.

તે દ્વીપોથી ચાર વિદિશામાં લવણસમુદ્રમાં ૬૦૦–૬૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – અશ્વમુખદ્વીપ, હસ્તિમુખદ્વીપ, સીંહમુખદ્વીપ, વ્યાઘ્રમુખદ્વીપ. તે દ્વીપમાં પણ ચાર પ્રકારે મનુષ્યો કહેવા.

તે દ્વીપોથી ચાર વિદિશામાં આગળ ૭૦૦–૭૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – અશ્વકર્ણદ્વીપ, હસ્તિકર્ણદ્વીપ, અકર્ણદ્વીપ, કર્ણપ્રાવરણદ્વીપ. ત્યાં મનુષ્યો કહેવા.

તે દ્વીપોથી આગળ ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૮૦૦–૮૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – ઉલ્કામુખદ્વીપ, મેઘમુખદ્વીપ, વિદ્યુન્મુખદ્વીપ, વિદ્યુદ્દંતદ્વીપ, તે દ્વીપમાં પણ મનુષ્યો કહેવા.

ત્યાંથી આગળ ચાર વિદિશાઓમાં લવણ સમુદ્રમાં ૯૦૦–૯૦૦ યોજન જતા ચાર અંતરદ્વીપો છે – ઘનદંતદ્વીપ, લષ્ટદંતદ્વીપ, ગૂઢદંતદ્વીપ, શુદ્ધદંતદ્વીપ. ત્યાં મનુષ્યો વસે છે – ઘનદંતા, લષ્ટદંતા, ગૂઢદંતા, શુદ્ધદંતા

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે શિખરી વર્ષધરની ચારે વિદિશાઓમાં લવણસમુદ્રમાં ૩૦૦–૩૦૦ યોજન જતાં ચાર અંતરદ્વીપો છે – એકોરુકદ્વીપ આદિ ઉપર મુજબ જ શુદ્ધદંત પર્યન્ત કહેવું.

(૩૨૫) જંબૂદ્વીપની બહારની વેદિકાના અંતથી ચારે દિશાઓમાં લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જતા ત્યાં અતિ મોટા, ઉદક કુંભાકારે રહેલા ચાર મહાપાતાળ કળશો છે – વડવામુખ, કેતુક, યૂપક, ઈશ્વર. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક ચાર દેવો વસે છે – કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન.

જંબૂદ્વીપની બાહ્ય વેદિકાના અંતથી ચારે દિશામાં ૪૨,૦૦૦ યોજન જતા ચાર વેલંધરનાગરાજીય ચાર આવાસ પર્વતો છે – ગૌસ્તૂપ, ઉદકભાસ, શંખ, ઉદકસીમ. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક ચાર દેવો વસે છે – ગોસ્તૂપ, શિવક, શંખ, મનઃશિલ.

જંબૂદ્વીપની બાહ્ય વેદિકાંતથી ચાર વિદિશામાં લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જતા ચાર અનુવેલંધર નાગરાજીય આવાસ પર્વતો છે – કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ, અરુણપ્રભ. ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે – કર્કોટક, કર્દમ, કૈલાસ, અરુણપ્રભ.

લવણસમુદ્રમાં ચાર ચંદ્રો પ્રકાશ્યા હતા–પ્રકાશે છે અને પ્રકાશશે. ચાર સૂર્યો તપ્યા હતા, તપે છે અને તપશે. ચાર કૃતિકા યાવત્ ચાર ભરણી નક્ષત્રોએ ચંદ્ર સાથેયોગ કર્યો હતો, કરે છે અને કરશે. ચાર અગ્નિ યાવત્ ચાર યમ (નક્ષત્રાધિપતિ) છે. ચાર અંગારક યાવત્ ચાર ભાવકેતુ (ગ્રહો) છે.

લવણસમુદ્રના ચાર દ્વારો છે – વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. તે દ્વાર ચાર યોજન પહોળા, ચાર

યોજન પ્રવેશથી છે, ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમસ્થિતિક છે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

(૩૨૬) ધાતકીખંડદ્વીપ ચક્રવાલ વિષ્કમ્ભથી ચાર લાખ યોજન છે. જંબૂદ્વીપની બહાર ચાર ભરત, ચાર ઐરવત ક્ષેત્રો છે,(અઢીદ્વીપમાં પાંચ ભરત અને પાંચ ઐરાવત છે. તેમાં જંબૂદ્વીપમાં એક ભરત અને એક ઐરાવત છે.ધાતકીખંડમાં બે ભરત અને બે ઐરાવત છે. પુષ્કરવરાર્દ્ધદ્વીપમાં બે ભરત અને બે ઐરાવત છે.) એવી રીતે જેમ શબ્દોદ્દેશક બીજા સ્થાનનાં ત્રીજા ઉદ્દેશામાં કહ્યું, તેમજ અહીં બધું કહેવું.

## સૂત્ર–૩૨૭ થી ૩૨૯

(૩૨૭) ચક્રવાલ વિષ્કમ્ભવાળા નંદીશ્વરદ્વીપના મધ્યમાં ચારે દિશામાં ચાર અંજનક પર્વત છે – પૂર્વમાં–દક્ષિણમાં–પશ્ચિમ–ઉત્તરનો અંજનક પર્વત. તે અંજનકપર્વત ૮૪,૦૦૦ યોજન ઊંચો છે, ૧૦૦૦ યોજન ભૂમિમાં છે. વિષ્કમ્ભ પણ ૧૦,૦૦૦ યોજન છે. પછી ક્રમશઃ ઘટતા–ઘટતા ઉપર તેનો વિષ્કમ્ભ ૧૦૦૦ યોજનનો છે. તે પર્વતોની પરિધિ મૂલમાં ૩૧,૬૨૩ યોજન છે, પછી ક્રમશઃ ઘટતા–ઘટતા ઉપરની પરિધિ ૩૧૬૬ યોજન થાય છે. તે પર્વતો મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સાંકડા અને ઉપર પાતળા અર્થાત્ ગોપુચ્છ આકૃતિવાળા છે. સર્વે અંજનરત્નમય, સ્વચ્છ, કોમળ, ઘુંટેલ, ઘસેલ, નિરજ, નિષ્પંક, નિરાવરણ શોભાવાળા, સ્વપ્રભાવાળા, કિરણો સહિત, સઉદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ પ્રતિરૂપ છે.

તે અંજનક પર્વતના ઉપરીતલે સમરમણીય ભૂમિભાગ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગની બહુ મધ્યદેશ ભાગમાં ચાર સિદ્ધાયતન (જિનાલયો) કહ્યા છે. તે સિદ્ધાયતનની લંબાઈ ૧૦૦ યોજનની છે, પહોળાઈ ૫૦ યોજન, ઊંચાઈ ૭૨ યોજનની છે.

તે સિદ્ધાયતનની ચારે દિશામાં એક–એક દ્વાર છે – દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુવર્ણદ્વાર. ત્યાં ચાર પ્રકારના દેવ રહે છે – દેવ, અસુર, નાગ, સુવર્ણ. તે દ્વારો આગળ ચાર મુખમંડપ છે. તે મુખમંડપની આગળ ચાર પ્રેક્ષાગૃહમંડપ છે. તે પ્રેક્ષાઘર મંડપના મધ્ય ભાગમાં ચાર વજ્રમય અખાડા છે. તે વજ્રમય અખાડા મધ્યે ચાર મણિપીઠિકા છે. તે મણિપીઠિકા ઉપર ચાર સિંહાસન છે. તે સિંહાસનો પર ચાર વિજયદૂષ્ય છે. તે વિજયદૂષ્યોની મધ્યમાં ચાર વજ્રમય અંકુશ છે. તે વજ્રમય અંકુશો પર લઘુ કુંભાકારે મોતીઓની ચાર માલા છે. પ્રત્યેક માળા અન્ય અડધી ઊંચાઈવાળી ચાર–ચાર માળાઓથી ઘેરાયેલી છે.

તે પ્રેક્ષાઘર મંડપોની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકાઓ ઉપર ચાર–ચાર ચૈત્યસ્તૂભ છે. તે પ્રત્યેક ચૈત્યસ્તૂભની ચારે દિશામાં ચાર–ચાર મણિપીઠિકાઓ છે. તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર સર્વ રત્નમય ચાર જિનપ્રતિમાઓ છે, જે પલ્યંક આસને સ્તૂપાભિમુખ રહેલી છે. તેમના નામો–ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ છે.

તે ચૈત્યસ્તૂપોની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકા ઉપર ચાર ચેત્યવૃક્ષો છે, તે ચૈત્યવૃક્ષોની આગળ ચાર મણિપીઠિકા છે, તે મણિપીઠિકા ઉપર ચાર મહેન્દ્રધ્વજ છે. તે મહેન્દ્રધ્વજ આગળ ૪ નંદા પુષ્કરિણી છે,

તે પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશામાં ચાર વનખંડો છે – પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં વનખંડ.

(૩૨૮) પૂર્વમાં અશોકવન, દક્ષિણે સપ્તપર્ણવન, પશ્ચિમે ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન આવેલ છે.

(૩૨૯) ત્યાં પૂર્વદિશાવર્તી અંજનકપર્વતની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરિણીઓ છે. તે આ – નંદુત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના. તે નંદા પુષ્કરિણીઓની લંબાઈ એક લાખ યોજન છે, પહોળાઈ ૫૦,૦૦૦ યોજન, ઊંડાઈ ૧૦૦૦ યોજન છે. તે પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશામાં ત્રિસોપાન–પ્રતિરૂપક છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકની સામે ચાર તોરણો છે – પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં. તે પ્રત્યેક પુષ્કરિણીના ચારે દિશામાં ચાર વનખંડો છે – પૂર્વનું, દક્ષિણનું, પશ્ચિમનું, ઉત્તરનું. નામો પૂર્વવત્ છે.

તે પુષ્કરિણીના મધ્યભાગમાં ચાર દધિમુખ પર્વતો છે. તે દધિમુખ પર્વત ૬૪,૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ યોજન ભૂમિમાં, સર્વત્ર પલ્યંક સમાન આકારવાળા છે, તેની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે, ૩૧,૬૨૩ યોજન તેની

પરિધિ છે, તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દધિમુખ પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. શેષ સમગ્ર કથન અંજનક પર્વતની સમાન આમ્રવન પર્યન્ત કહેવું.

દક્ષિણના અંજનક પર્વતની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણીઓ છે – ભદ્રા, વિશાલા, કુમુદા, પૌંડરિકિણી. તે નંદાપુષ્કરિણી એક લાખ યોજન લાંબી છે. શેષ વર્ણન યાવત્ દધિમુખ પર્વત યાવત્ વનખંડ કહેવું. ત્યાં પશ્ચિમના અંજનક પર્વતની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે – નંદિસેના, અમોઘા, ગોસ્તૂભા, સુદર્શના, શેષ વર્ણન પૂર્વવત્. તે રીતે દધિમુખ પર્વત તેમજ સિદ્ધાયતન યાવત્ વનખંડ કહેવા.

તેમાં જે ઉત્તરનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણી છે. તેના નામ – વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા. તે પુષ્કરિણી એક લાખ યોજન લાંબી છે. દધિમુખપર્વતાદિ પૂર્વવત્.

નંદીશ્વરદ્વીપના ચક્રવાલ વિષ્કમ્ભના બહુમધ્ય ભાગે ચારે ખૂણામાં ચાર રતિકર પર્વતો છે. ઈશાન ખૂણામાં, અગ્નિ ખૂણામાં, નૈઋત્ય ખૂણામાં અને વાયવ્ય ખૂણામાં રતિકર પર્વત. તે રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ ગાઉ ભૂમિમાં, ઝાલર સમાન સર્વત્ર સમ સંસ્થાનવાળા છે, તેની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે. ૩૧,૬૨૩ યોજન પરિધિ છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

ઈશાન કોણમાં રહેલ રતિકર પર્વતની ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાનીઓ છે – નંદુત્તરા, નંદા, ઉત્તરકુરા, દેવકુરા. ચાર અગ્રમહિષીઓ છે – કૃષ્ણા, કૃષ્ણારાજી, રામા, રામરક્ષિતા.

અગ્નિકોણમાં સ્થિત રતિકર પર્વતની ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ શક્રની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ જેવા પ્રમાણની ચાર રાજધાનીઓ છે – સમણા, સોમણસા, અર્ચિમાલી, મનોરમા, ત્યાં ચાર અગ્રમહિષી છે – પદ્મા, શિવા, શચી, અંજૂ.

તેમાં જે નૈઋત્યકોણનો રતિકર પર્વત છે ત્યાં ચારે દિશામાં દેવેન્દ્ર દેવરાજ શક્રની ચાર અગ્રમહિષીની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાની છે – ભૂતા, ભૂતવડિંસા, ગોસ્તૂપા, સુદર્શના. અગ્રમહિષીઓ છે – અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી.

વાયવ્યકોણના રતિકર પર્વત ચારે દિશામાં દેવેન્દ્ર, દેવરાજ ઈશાનની ચાર અગ્રમહિષીની જંબૂદ્વીપ પ્રમાણ ચાર રાજધાનીઓ છે. રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના, રત્નસંચયા. ત્યાં ચાર અગ્રમહિષીઓ છે – વસુ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા.

**સૂત્ર–૩૩૦ થી ૩૩૨**

(૩૩૦) સત્ય ચાર ભેદે છે – નામસત્ય, સ્થાપનાસત્ય, દ્રવ્યસત્ય, ભાવસત્ય.

(૩૩૧) આજીવિકોનું તપ ચાર ભેદે છે – ઉગ્રતપ, ઘોરતપ, રસત્યાગ તપ અને જિહ્વેન્દ્રિય પ્રતિસંલીનતા.

(૩૩૨) સંયમ ચાર ભેદે કહ્યો છે – મન સંયમ, વચન સંયમ, કાય સંયમ, ઉપકરણ સંયમ.

ત્યાગ ચાર ભેદે કહ્યો છે – મન ત્યાગ, વચન ત્યાગ, કાય ત્યાગ અને ઉપકરણ ત્યાગ.

અકિંચનતા ચાર ભેદે કહી– મન અકિંચનતા, વચન અકિંચનતા, કાય અકિંચનતા, ઉપકરણ અકિંચનતા.

**સ્થાન–૪, ઉદ્દેશા–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૪, ઉદ્દેશો–૩

**સૂત્ર–૩૩૩, ૩૩૪**

(૩૩૩) રેખાઓ ચાર ભેદે કહી છે – પર્વતરેખા, પૃથ્વીરેખા, વાલુકારેખા, ઉદકરેખા. એ રીતે ક્રોધ ચાર ભેદે છે – પર્વતરેખા સમાન–(અનંતાનુબંધી ક્રોધ), પૃથ્વીરેખા સમાન–(અપ્રત્યાખ્યાની ક્રોધ), વાલુકારેખા સમાન–

(પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ), ઉદકરેખા સમાન–(સંજ્વલન ક્રોધ).

પર્વતરેખા સમાન ક્રોધવાળો જીવ મરીને નૈરયિકમાં ઉપજે છે. પૃથ્વીરેખા સમાન ક્રોધવાળો તિર્યંચયોનિકોમાં ઉપજે છે. વાલુકારેખા સમાન ક્રોધવાળો મનુષ્યમાં ઉપજે છે. ઉદકરેખા સમાન ક્રોધવાળો દેવોમાં ઉપજે છે.

ઉદક (પાણી) ચાર ભેદે કહેલ છે - કર્દમોદક–(કીચડવાળું પાણી), ખંજનોદક–(ખંજનવાળું પાણી), વાલુકોદક–(રેતીવાળું પાણી), શૈલોદક–(કાકારાવાળું પાણી). એ રીતે ભાવ ચાર ભેદે કહ્યા છે – કર્દમોદક સમાન, ખંજનોદક સમાન, વાલુકોદક સમાન, શૈલોદક સમાન.

કર્દમોદક સમાન ભાવવાળો જીવ મરીને નૈરયિકમાં યાવત્ શૈલોદક સમાન ભાવવાળો દેવમાં ઉપજે છે.

(૩૩૪) પક્ષી ચાર કહ્યા – કોઈ સ્વરસંપન્ન પણ રૂપસંપન્ન નહીં, કોઈ રૂપસંપન્ન પણ સ્વરસંપન્ન નહીં, કોઈ રૂપસંપન્ન અને સ્વરસંપન્ન, કોઈ સ્વરસંપન્ન નહીં અને રૂપસંપન્ન નહીં. એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે – કોઈ સ્વરસંપન્ન પણ રૂપસંપન્ન નહીં એ પ્રમાણે ચાર ભેદો સમજવા.

પુરુષો ચાર ભેદે કહ્યા છે– કોઈ પુરુષ પોતા પ્રત્યે પ્રીતિ રાખે છે અન્ય તરફ પ્રીતિ રાખતો નથી.કોઈ પુરુષ અન્ય પ્રત્યે પ્રીતિ રાખે છે પણ પોતા પ્રત્યે પ્રીતિ રાખતો નથી. કોઈ પુરુષ પોતા અને બીજા બંને તરફ પ્રીતિ રાખે છે. અને કોઈ પુરુષ બંને તરફ પ્રીતિ રાખે છે.

પુરુષો ચાર ભેદે છે – કોઈ પુરુષ પોતે ભોજનાદિથી તૃપ્ત થાય પણ બીજાને તૃપ્ત કરતો નથી, કોઈ બીજાને ભોજનાદિથી તૃપ્ત કરે પણ પોતાને નહીં. કોઈ પુરુષ પોતાને અને અન્યને બંનેને ભોજનાદિથી તૃપ્ત કરે છે. કોઈ પોતાને કે અન્યને બંનેને તૃપ્ત કરતા નથી.

પુરુષો ચાર ભેદે છે – કોઈ વિચારે કે હું બીજાને વિશ્વાસ ઉપજાવું અને વિશ્વાસ ઉપજાવે છે, કોઈ વિચારે કે બીજાને વિશ્વાસ ઉપજાવું પણ વિશ્વાસ ઉપજાવી શકતો નથી. કોઈ વિચારે કે હું અમુકમાં વિશ્વાસ ઉત્પન્ન કરી શકીશ નહી પણ વિશ્વાસ ઉત્પન્ન કરવામાં સફળ રહે છે. કોઈ વિશ્વાસ ઉત્પન્ન કરવા વિચારતા નથી, કરી શકતા પણ નથી.

પુરુષો ચાર ભેદે – કોઈ પોતામાં વિશ્વાસ ઉપજાવે બીજામાં નહીં. કોઈ બીજામાં વિશ્વાસ ઉપજાવે પણ પોતામાં નહી. કોઈ પોતામાં અને પરમાં બંનેમાં વિશ્વાસ ઉપજાવે છે. કોઈ પોતા કે પર બંનેમાં વિશ્વાસ ન ઉપજાવે.

### સૂત્ર–૩૩૫

ચાર ભેદે વૃક્ષો કહ્યા – પત્રયુક્ત, પુષ્પયુક્ત, ફલયુક્ત, છાયાયુક્ત. એ જ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા – પત્રયુક્ત વૃક્ષ સમાન–(જે સ્વયં સંપન્ન હોય પણ પણ બીજાને કંઈ ન આપે માત્ર વચનથી સાંત્વના આપે), પુષ્પયુક્ત વૃક્ષ સમાન–(પુષ્પની જેમ માત્ર સુગંધ બીજાને આપે અર્થાત શિષ્યોને સૂત્રપાઠની વાંચના આપે), ફળયુક્ત વૃક્ષ સમાન–(સૂત્ર સાથે અર્થની પણ વાચના આપે), છાયાવાળા વૃક્ષ સમાન–(સર્વ રીતે રક્ષણ કરે).

### સૂત્ર–૩૩૬

ભારને વહન કરનાર ચાર વિશ્રામો કહ્યા છે – ૧. જ્યારે એક ખભાથી બીજે ખભે ભારને મૂકે તે એક વિશ્રામ, ૨. જ્યારે મળ–મૂત્રનો ત્યાગ કરે ત્યારે તે ભારને મૂકે તે એક વિશ્રામ, ૩. માર્ગમાં નાગકુમાર કે સુવર્ણકુમારના મંદિરમાં રાત્રિએ વસે તે એક વિશ્રામ, ૪. જ્યારે ભાર ઊતારીને યાવજ્જીવ ઘેર આવીને રહે તે એક વિશ્રામ.

આ પ્રમાણે શ્રાવકને ચાર વિશ્રામ કહ્યા – ૧. જ્યારે શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકારે ત્યારે એક વિશ્રામ, ૨. જ્યારે સામાયિક, દેશાવગાસિક, સારી રીતે પાળે ત્યારે એક વિશ્રામ, ૩. જ્યારે ચૌદશ–આઠમ–પૂનમ, અમાસ પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાળે ત્યારે એક વિશ્રામ, ૪. જ્યારે અપશ્ચિમ મારણાંતિક સંલેખના આરાધના કરી ભોજનનું પ્રત્યાખ્યાન કરી પાદોપગત અનશન કરી મરણની આકાંક્ષા ન કરતો વિચરે તે એક વિશ્રામ.

### સૂત્ર–૩૩૭ થી ૩૪૧

(૩૩૭) ચાર ભેદે પુરુષ કહ્યા – (૧) ઉદિતોદિત–મનુષ્ય જન્મમાં ઉદિત–(સમૃદ્ધ) અને ભાવિમાં પણ

ઉદિત–(સુખી), (૨) ઉદિતાસ્તમિત–( મનુષ્ય જન્મમાં ઉદિત પણ પછી દુર્ગતિમાં જવાથી સુખી નહી. (૩) અસ્તમિતોદિત–(પહેલા દુખી પછી સમૃદ્ધ. (૪) અસ્તમિતાસ્તમિત–(મનુષ્યપણામાં દુખી અને પછી પણ દુખી).

(૧) ઉદિતોદિત તે ચાતુરંગ ચક્રવર્તી રાજા ભરત, (૨) ઉદિતાસ્તમિત તે ચાતુરંત ચક્રવર્તી બ્રહ્મદત્ત, (૩) અસ્તમિતોદિત તે હરિકેશબલ, (૪) અસ્તમિતાસ્તમિત–કાલસૌકરિક.

(૩૩૮) ચાર યુગ્મ કહ્યા - કૃતયુગ્મ–(જે રાશીને ચાર વડે ભાંગતા શેષ શૂન્ય રહે તે), ત્ર્યોજ–(જે રાશીને ચાર વડે ભાંગતા શેષ ત્રણ રહે તે), દ્વાપરયુગ્મ–(જે રાશીને ચાર વડે ભાંગતા શેષ બે રહે તે), કલ્યોજ–(જે રાશીને ચાર વડે ભાંગતા શેષ એક વધે તે).

નૈરયિકોને ચાર યુગ્મ કહ્યા – કૃતયુગ્મ યાવત્ કલ્યોજ, એ રીતે અસુર કુમાર યાવત્ સ્તનિતકુમારો તથા પૃથ્વી આદિ પાંચ કાય. બે–ત્રણ–ચાર ઇન્દ્રિયોવાળા, પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષ્કો, વૈમાનિક એ બધાને ચાર યુગ્મો કહેવા.

(૩૩૯) ચાર ભેદે શૂરો છે – ક્ષમાશૂર, તપશૂર, દાનશૂર, યુદ્ધશૂર. અરિહંતો ક્ષમાશૂર, સાધુ તપશૂર, વૈશ્રમણ દાનશૂર, વાસુદેવ યુદ્ધશૂર છે.

(૩૪૦) ચાર ભેદે પુરુષો કહ્યા છે – ૧. ઉચ્ચ–(શરીર અને કુલ આદિથી ઉચ્ચ) અને ઉચ્ચછંદ– ઉચ્ચ અભિપ્રાયવાળા,) ૨. ઉચ્ચ પણ નીચછંદ, ૩. નીચ પણ ઉચ્ચછંદ, ૪. નીચ અને નીચછંદ.

(૩૪૧) અસુરકુમારોને ચાર લેશ્યાઓ કહી છે – કૃષ્ણલેશ્યા–નીલલેશ્યા–કાપોતલેશ્યા–તેજોલેશ્યા, એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, એ રીતે પૃથ્વી–અપ્ અને વનસ્પતિકાયિકો તથા વ્યંતરો, એ બધાને ચાર લેશ્યાઓ છે.

સૂત્ર–૩૪૨

યાન ચાર ભેદે છે – કોઈ યાન બળદોથી યુક્ત હોય અને સામગ્રીથી પણ યુક્ત હોય, કોઈ યાન બળદથી યુક્ત પણ સામગ્રીથી અયુક્ત હોય, કોઈ યાન બળદથી અયુક્ત અને સામગ્રીથી યુક્ત હોય, કોઈ બન્ને રીતે અયુક્ત અને અયુક્ત હોય. આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે – કોઈ યુક્ત અને યુક્ત અર્થાત સમૃદ્ધિથી યુક્ત હોય અને આચાર તથા વેશભૂષાથી પણ યુક્ત હોય ઇત્યાદિ ચાર ભેદો કહેવા.

યાન ચાર ભેદે છે - યુક્ત–(બળદ આદિથી યુક્ત) અને યુક્ત પરિણત–(ચાલવા માટે તૈયાર હોય), યુક્ત અને અયુક્ત પરિણત આદિ ચાર. એ રીતે ચાર ભેદે પુરુષ છે - (ધન ધાન્યથી પરિપૂર્ણ) અને યુક્તપરિણત–(ઉચિત પ્રવૃત્તિવાળો) ઈત્યાદિ ચાર ભેદ.

યાન ચાર ભેદે છે – યુક્ત અને યુક્તરૂપ, યુક્ત અને અયુક્તરૂપ, અયુક્ત અને યુક્તરૂપ, અયુક્ત અને અયુક્ત રૂપ, એ રીતે પુરુષો પણ ચાર ભેદે જાણવા – યુક્ત અને યુક્તરૂપ ઇત્યાદિ.

ચાર ભેદે યાન કહ્યા – યુક્ત અને યુક્ત શોભા આદિ ચાર. આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે - યુક્ત–(ધન આદિથી સમ્પન્ન) અને યુક્ત શોભાદિ–(સુંદર દેખાવડો) ઈત્યાદિ ચાર ભેદ.

ચાર ભેદે યુગ્ય કહ્યા છે – યુક્ત અને યુક્ત, એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા છે – યુક્ત અને યુક્ત આદિ ચાર. આ રીતે જેવા યાનના ચાર આલાવા કહ્યા તેમ યુગ્યના પણ કહેવા. તે રીતે ચાર ભેદે પુરુષો પણ કહેવા.

સારથી ચાર ભેદે છે – જોડનાર પણ છોડનાર નહીં, છોડનાર પણ જોડનાર નહીં, જોડનાર અને છોડનાર, ન જોડનાર – ન છોડનાર.

અશ્વ ચાર ભેદે કહ્યા છે– એક અશ્વ પલાણ યુક્ત પણ છે અને વેગયુક્ત પણ છે, યાનના સૂત્રો સમાન અશ્વના પણ ચાર સૂત્રો કહેવા.અને પુરુષસૂત્રો પણ પૂર્વવત કહેવા.

ચાર ભેદે હાથી કહ્યા – યુક્ત અને યુક્ત, આદિ ચાર. એ પ્રમાણે ચાર ભેદે પુરુષો કહ્યા – યુક્ત અને યુક્ત આદિ ચાર. ઘોડામાં કહ્યું તેમ હાથીમાં પણ બધુ કહેવું અને તે બધાના દાર્ષ્ટાન્તિક પુરુષો પણ કહેવા.

યુગ્યચર્યા ચાર ભેદે છે – ૧. માર્ગમાં ચાલે પણ ઉન્માર્ગમાં ન ચાલે, ૨. ઉન્માર્ગમાં ચાલે પણ માર્ગે ન ચાલે, ૩. માર્ગ અને ઉન્માર્ગ બંનેમાં ચાલે, ૪. માર્ગ કે ઉન્માર્ગ બંનેમાં ન ચાલે. એ પ્રમાણે પુરુષો ચાર પ્રકારે જાણવા જેમ કે– એક શ્રમણ કોઈને સંયમ સાધનામાં જોડે પણ અતીચારથી મુક્ત કરતો નથી. ઈત્યાદિ ચાર ભેદ સમજી લેવા.

પુષ્પો ચાર ભેદે કહ્યા – ૧. રૂપસંપન્ન પણ ગંધસંપન્ન નહીં, ૨. ગંધસંપન્ન પણ રૂપસંપન્ન નહીં, ૩. રૂપ અને ગંધ બંનેથી સંપન્ન, ૪. રૂપ કે ગંધ એકેથી સંપન્ન નહીં. આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા – ૧. રૂપસંપન્ન પણ શીલસંપન્ન નહીં, ઈત્યાદિ ચાર.

ચાર ભેદે પુરુષો કહ્યા – ૧. જાતિસંપન્ન પણ કુલસંપન્ન નહીં આદિ ચાર. ચાર ભેદે પુરુષો કહ્યા – ૧. જાતિસંપન્ન પણ બલસંપન્ન નહીં આદિ ચાર.

ચાર ભેદે પુરુષો કહ્યા – ૧. જાતિસંપન્ન પણ બલસંપન્ન નહીં આદિ ચાર. એ પ્રમાણે – જાતિ અને રૂપ, જાતિ અને શ્રુત, જાતિ અને શીલ, જાતિ અને ચારિત્ર... એ પ્રમાણે કુલ અને બળ, કુલ અને રૂપ, કુલ અને શ્રુત, કુલ અને શીલ, કુલ અને ચારિત્ર. એ બધાના ચાર–ચાર આલાપકો કહેવા.

ચાર ભેદે પુરુષો કહ્યા – ૧. બલસંપન્ન પણ રૂપસંપન્ન નહીં, આદિ ચાર. એ રીતે બળ અને શ્રુત, બળ અને શીલ, બળ અને ચારિત્રના ચાર આલાવા કહેવા.

ચાર ભેદે પુરુષો કહ્યા– ૧. રૂપસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં આદિ ચાર. એ રીતે રૂપ અને શીલ, રૂપ અને ચારિત્રના ચાર આલાવા.

ચાર ભેદે પુરુષો કહ્યા–૧.શ્રુતસંપન્ન પણ શીલસંપન્ન નહીં આદિ ૪.એ રીતે શ્રુત અને ચારિત્રના ૪ આલાવા.

ચાર ભેદે પુરુષો કહ્યા–શીલસંપન્ન પણ ચારિત્રસંપન્ન નહીં આદિ ચાર. આ –૨૧– ભેદોની ચઉભંગી કહેવી.

ચાર ફળ કહ્યા – ૧. આમલક જેવું મધુર, દ્રાક્ષ જેવું મધુર, દૂધ જેવું મધુર, ખાંડ જેવું મધુર. એમ આચાર્યો ચાર ભેદે – આમલક મધુર ફળ સમાન યાવત્ ખંડમધુર ફળ સમાન.

ચાર ભેદે પુરુષ કહ્યા – ૧. આત્મ વૈયાવચ્ચકર પણ પર–વૈયાવચ્ચકર નહીં આદિ ચાર.

પુરુષો ચાર ભેદે કહ્યા–૧. કોઈ વૈયાવચ્ચ કરે પણ પોતે ન ઈચ્છે, ૨. કોઈ પોતે ઈચ્છે પણ વૈયાવચ્ચ ન કરે આદિ ચાર.

ચાર ભેદે પુરુષો કહ્યા – અર્થકર પણ માનકર નહીં, માનકર પણ અર્થકર નહીં, કોઈ અર્થકર અને માનકર બંને, કોઈ બંને નહીં.

ચાર ભેદે પુરુષ કહ્યા – ગણઅર્થકર પણ માનકર નહીં આદિ ચાર.

ચાર ભેદે પુરુષ કહ્યા – ગણસંગ્રહકર પણ માનકર નહીં આદિ ચાર.

ચાર ભેદે પુરુષ કહ્યા – ગણશોભાકર પણ માનકર નહીં આદિ ચાર.

ચાર ભેદે પુરુષ કહ્યા – ગણશુદ્ધિકર પણ માનકર નહીં આદિ ચાર ભંગ જાણવા.

ચાર ભેદે પુરુષ કહ્યા – કોઈ વેશ છોડે છે ધર્મ નહીં, કોઈ ધર્મ છોડે છે વેશ નહીં, કોઈ વેશ અને ધર્મ બંને છોડે છે, કોઈ વેશ કે ધર્મ એકે છોડતા નથી.

ચાર ભેદે પુરુષ કહ્યા – કોઈ ધર્મ છોડે છે ગણ મર્યાદા નહીં આદિ ચાર.

ચાર ભેદે પુરુષ કહ્યા – પ્રિયધર્મી પણ દ્રઢધર્મી નહીં, આદિ ચાર ભેદ.

આચાર્યો ચાર ભેદે કહ્યા –કોઈ પ્રવ્રજ્યાચાર્ય પણ ઉપસ્થાપનાચાર્ય નહીં, કોઈ ઉપસ્થાપનાચાર્ય પણ પ્રવ્રજ્યાચાર્ય નહીં, કોઈ બંને હોય, કોઈ બંને ન હોય.

આચાર્યો ચાર ભેદે કહ્યા – કોઈ આચાર્ય સૂત્રવાચનાદાતા હોય પણ અર્થ વાચનાદાતા ન હોય. કોઈ અર્થ વાચનાદાતા હોય પણ સૂત્ર વાચનાદાતા ન હોય ઈત્યાદિ ચાર ભંગ જાણવા.

અંતેવાસી ચાર ભેદે કહ્યા – કોઈ સાધુ આચાર્યના દીક્ષિત અંતેવાસી હોય પણ ઉપસ્થાપિત અંતેવાસી ન હોય. કોઈ ઉપસ્થાપિત અંતેવાસી હોય પણ દીક્ષિત અંતેવાસી ન હોય ઈત્યાદિ ચાર ભેદ જાણવા.

અંતેવાસી ચાર ભેદે કહ્યા – કોઈ શિષ્ય ઉદ્દેસનાંતેવાસી ન હોય પણ વાચના અંતેવાસી હોય. કોઈ શિષ્ય ઉદ્દેસનાંતેવાસી છે પણ વાચના અંતેવાસી નહીં આદિ ચાર ભેદ સમજી લેવા.

ચાર નિર્ગ્રન્થો કહ્યા – ૧. રાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ, મહાકર્મી, મહા ક્રિયાવાળો, અનાતાપી, અસમિત, તે ધર્મ આરાધક ન થાય. ૨. રાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ, અલ્પકર્મી, અલ્પક્રિયાવાળો, આતાપી, સમિત, તે ધર્મના આરાધક થાય. ૩. લઘુરાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ મહાકર્મી, મહા ક્રિયાવાળો, અનાતાપી, અસમિત, ધર્મના આરાધક ન થાય. ૪. લઘુરાત્નિક શ્રમણ નિર્ગ્રન્થ અલ્પકર્મી, અલ્પક્રિયાવાળો, આતાપી, સમિત, ધર્મના આરાધક થાય છે.

નિર્ગ્રન્થી ચાર ભેદે છે – રાત્નિકાશ્રમણી નિર્ગ્રન્થી પણ શ્રમણવત્ કહેવી.

શ્રાવકો ચાર ભેદે છે – રાત્નિક શ્રાવક આદિ શ્રમણવત્ ચાર આલાવા જાણવા.

શ્રાવિકા ચાર ભેદે છે – રાત્નિકા શ્રાવિકા આદિ શ્રમણવત્ ચાર આલાવા જાણવા.

## સૂત્ર–૩૪૩ થી ૩૪૫

(૩૪૩) ચાર પ્રકારે શ્રાવકો કહ્યા – માતાપિતા સમાન, ભાઈ સમાન, મિત્ર સમાન, શોક સમાન.

ચાર ભેદે શ્રાવકો કહ્યા – અરીસા સમાન, પતાકા સમાન, સ્થાણુ સમાન અને ખરકંટક સમાન.

(૩૪૪) શ્રમણ ભગવંત મહાવીરના (દશ) શ્રાવકોની સૌધર્મકલ્પમાં અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે.

(૩૪૫) દેવલોકમાં તુરંતનો ઉત્પન્ન દેવ મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને ઇચ્છે તો પણ ચાર કારણે ન આવે.

૧. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત થયેલો તે દેવ માનુષ્ય કામભોગોમાં આદરવાળો થતો નથી, શ્રેષ્ઠ માનતો નથી, પ્રયોજન નથી એવો નિશ્ચય કરે છે, નિદાન કરતો નથી, સ્થિતિ પ્રકલ્પ કરતો નથી.

૨. તુરંતનો ઉત્પન્ન દેવ દેવલોકના કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત થઈને તેને માતાપિતાનો પ્રેમ નષ્ટ થાય છે અને દિવ્ય પ્રેમનો સંક્રમ થાય છે.

૩. દેવલોકમાં તુરંતનો ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત થઈ એમ વિચારે કે હમણા જઉં, મુહૂર્તમાં જઉં, તેટલા કાળમાં અલ્પાયુષ્ક મનુષ્યો મરણ પામ્યા હોય છે.

૪. તુરંતનો ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત થાય, તેને મનુષ્ય લોકની ગંધ પ્રતિકૂળ, પ્રતિલોમ થાય છે, મનુષ્યલોકની ગંધ પણ યાવત્ ૪૦૦–૫૦૦ યોજન પર્યન્ત આવે છે. આ ચાર કારણે તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવા ઈચ્છે તો પણ ન આવી શકે.

તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્ય લોકમાં શીઘ્ર આવવા ઈચ્છે તો ચાર કારણે શીઘ્ર આવી શકે છે.

૧. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકના દિવ્ય કામભોગોમાં અમૂર્ચ્છિત યાવત્ અનાસક્ત હોય, તેને એમ થાય કે – મનુષ્ય ભવને વિશે મારા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર કે ગણાવચ્છેદક છે, જેના પ્રભાવથી મેં આવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ મેળવી છે, પ્રાપ્ત કરી છે, સન્મુખ આવી છે, હું ત્યાં જઉં, તે ભગવંતને વંદન કરું યાવત્ પર્યુપાસના કરું.

૨. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકમાં યાવત્ આસક્ત ન થઈને એમ વિચારે કે – આ મનુષ્યભવમાં વર્તતા જ્ઞાની કે તપસ્વી કે અતિ દુષ્કરકારક છે, ત્યાં જઈને હું તે ભગવંતોને વાંદુ યાવત્ પર્યુપાસના કરું.

૩. તત્કાળ ઉત્પન્ન ભવના માતા યાવત્ પુત્રવધૂ છે ત્યાં જઉં, તેમની પાસે પ્રગટ થાઉં, તેમને આવા સ્વરૂપની આ દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ મેળવી છે – પામ્યો છું – અભિમુખ થઈ છે તે બતાવું.

૪. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકમાં યાવત્ અનાસક્ત થઈને એમ વિચારે કે મનુષ્યભવના મારા મિત્ર, સખા, સુહૃત, સહાયક, સાંગતિક છે, તેઓને મારે પરસ્પર સંકેત છે કે જો હું પહેલાં ચ્યવું તો મારે પ્રતિબોધ કરવો. આ ચાર કારણે યાવત્ જલદી આવવા સમર્થ થાય.

સૂત્ર–૩૪૬

ચાર કારણે લોકમાં અંધકાર થાય – અરિહંતનું નિર્વાણ થતા, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મ નષ્ટ થતા, પૂર્વોનો વિચ્છેદ થતા, અગ્નિ નષ્ટ થતા.

ચાર કારણે લોકમાં ઉદ્યોત થાય – અરિહંતનો જન્મ થતા, અરિહંતો દીક્ષા લે ત્યારે, અરિહંતોના જ્ઞાનોત્પન્ન ઉત્સવે, અરિહંત નિર્વાણ મહિમા અવસરે.

એવી રીતે દેવાંધકાર, દેવોદ્યોત, દેવસન્નિપાત, દેવોનું એકત્ર થવું, દેવોનો કોલાહલ–કલકલ ધ્વનિ. (આ બધામાં ઉક્ત ચાર કારણો કહેવા.)

ચાર કારણે દેવેન્દ્રો મનુષ્યલોકમાં જલદી આવે છે. એમ જે ત્રીજા સ્થાનમાં કહ્યું તેમ યાવત્ લોકાંતિક દેવ મનુષ્ય લોકમાં જલદી આવે છે – (૧) અરિહંતોનો જન્મ થતાં – યાવત્ – (૪) અરિહંત નિર્વાણ મહોત્સવમાં.

સૂત્ર–૩૪૭

ચાર પ્રકારે દુઃખશય્યા કહી છે, તે આ પ્રમાણે–

પહેલી દુઃખશય્યા – કોઈ મુંડિત થઈને ઘેરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લઈ શંકા, કાંક્ષા, વિચિકિત્સા, દ્વિધાભાવને પામે, કલુષતા પામી નિર્ગ્રન્થ શ્રદ્ધા ન કરે, પ્રતીતિ ન કરે, રુચિ ન કરે, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા ન કરતો, પ્રીતિ ન કરતો, રુચિ ન કરતો મનને ઊંચું–નીચું કરે છે, ધર્મથી ભ્રષ્ટ થાય તે દુઃખશય્યા–૧.

હવે બીજી દુઃખશય્યા – તે મુંડ થઈને ઘેરથી નીકળી યાવત્ પ્રવ્રજિત થઈ સ્વકીય લાભથી તુષ્ટ ન થાય. બીજાના લાભની આશા કરે, સ્પૃહા–પ્રાર્થના–અભિલાષા કરે, બીજાના લાભની આશા યાવત્ અભિલાષા કરતો મનને ઊંચું–નીચું કરે, ધર્મથી ભ્રષ્ટ થાય તે બીજી દુઃખશય્યા–૨.

હવે ત્રીજી દુઃખશય્યા – તે મુંડ થઈ યાવત્ દીક્ષા લઈ દિવ્યમાનુષ્ય કામભોગની આશા યાવત્ અભિલાષા કરે, દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા કરતો મનને ઊંચું–નીચું કરે, ભ્રષ્ટ થાય તે દુઃખશય્યા–૩.

હવે ચોથી દુઃખશય્યા – તે મુંડ થઈ યાવત્ દીક્ષા લે, તેને એમ થાય કે જ્યારે હું ગૃહવાસમાં વસતો હતો ત્યારે સંબાધન–પરિમર્દન–ગાત્રઅભ્યંજન, ગાત્ર પ્રક્ષાલન પામતો હતો. જ્યારથી હું મુંડ યાવત્ પ્રવ્રજિત થયો છું ત્યારથી સંબાધન યાવત્ સ્નાન પામતો નથી. તે સંબાધનાદિની આશા યાવત્ અભિલાષા કરે. આ સંબાધન યાવત્ સ્નાનની આશા કરતો યાવત્ મનને ઊંચું–નીચું કરે અને ધર્મભ્રષ્ટ થાય તે ચોથી દુઃખશય્યા–૪.

ચાર પ્રકારે સુખશય્યાઓ કહી છે, તે આ પ્રમાણે–

પહેલી સુખશય્યા – તે મુંડ થઈને ઘેરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લઈને નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સક, દ્વિધા ભાવને અપ્રાપ્ત, કલુષતા ન પામેલ, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરે, પ્રીતિ કરે, રુચિ કરે, નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરતો, પ્રીતિ કરતો, રુચિ કરતો મનને ઊંચું–નીચું ન કરે, ધર્મથી ભ્રષ્ટ ન થાય તે પહેલી સુખશય્યા.

હવે બીજી સુખશય્યા – તે મુંડ યાવત્ પ્રવ્રજિત થઈને પ્રાપ્ત લાભથી તુષ્ટ થાય, બીજાના લાભની આશા ન કરે, સ્પૃહા ન કરે, પ્રાર્થના ન કરે, અભિલાષા ન કરે, બીજાના લાભની આશા યાવત્ અભિલાષા ન કરતો મનને ઊંચું–નીચું ન કરે, ભ્રષ્ટ ન થાય તે બીજી સુખશય્યા.

હવે ત્રીજી સુખશય્યા – તે મુંડ યાવત્ પ્રવ્રજિત થઈને દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા ન કરે. દિવ્યમાનુષિક કામભોગની આશા યાવત્ અભિલાષા ન કરતો મનને ઊંચું–નીચું ન કરે, ધર્મભ્રષ્ટ ન થાય તે

ત્રીજી સુખશય્યા.

હવે ચોથી સુખશય્યા – તે મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થઈને, તેને એમ થાય કે – જો તે હૃષ્ટ, નીરોગી, બલિષ્ઠ, શ્રેષ્ઠશરીરી એવા અરહંત ભગવંત કોઈપણ ઉદાર, કલ્યાણકારી, વિપુલ, આદરપૂર્વક, અચિંત્ય શક્તિયુક્ત અને કર્મ ક્ષયના કારણભૂત તપોકર્મ અંગીકાર કરે છે, હું આભ્યુપગમિક – ઔપક્રમિક વેદનાને સમ્યક્ સહેતો નથી, ખમતો નથી, તિતિક્ષતો નથી, અધ્યાસિત કરતો નથી. આભ્યુપગમિક – ઔપક્રમિક વેદનાને સમ્યક્ રીતે ન સહેનાર યાવત્ અધ્યાસિત ન કરનાર એવા મને શું પ્રાપ્ત થાય છે ? એકાંતથી મને પાપકર્મ થાય છે. આભ્યુપગમિક યાવત્ સમ્યક્ સહેતા યાવત્ અધ્યાસિત કરતા મને શું પ્રાપ્ત થાય ? એકાંતથી નિર્જરા થાય છે. આ ચોથી સુખશય્યા.

સૂત્ર–૩૪૮

ચાર ભેદે વ્યક્તિઓ વાચનાને માટે અયોગ્ય છે – અવિનીત, વિગઈ આસક્ત, અનુપશાંત અને માયાવી.

ચાર ભેદે વ્યક્તિઓ વાચનાને માટે યોગ્ય છે – વિનીત, વિગઈમાં અનાસક્ત, ઉપશાંત અને કપટરહિત.

સૂત્ર–૩૪૯

(૧) ચાર ભેદે પુરુષો કહ્યા છે– કોઈ પોતાનું પોષણ કરે છે, અન્યનું નહીં. કોઈ બીજાનું પોષણ કરે છે પોતાનું નહીં, કોઈ પોતાનું અને પરનું બંનેનું પોષણ કરે છે., કોઈ બંનેનું પોષણ ન કરે તે.

(૨) ચાર ભેદે પુરુષો કહ્યા – કોઈ પુરુષ દુર્ગત–(પહેલા નિર્ધન હોય) અને પછી પણ દુર્ગત હોય., કોઈ પહેલા દુર્ગત હોય અને પછી સુગત–(ધનવાન) થાય. કોઈ પહેલા સુગત અને પછી દુર્ગત થાય , કોઈ પહેલા સુગત હોય અને પછી પણ સુગત હોય.

(૩) ચાર ભેદે પુરુષો કહ્યા – કોઈ દુર્ગત–(નિર્ધન) અને દુર્વ્રત–(દુરાચારી) હોય. કોઈ દુર્ગત અને સુવ્રત–(સદાચારી) હોય. કોઈ સુગત–(ધનવાન) અને દુર્વ્રત હોય, અને કોઈ સુગત અને સુવ્રત હોય.

(૪) ચાર ભેદે પુરુષો કહ્યા – દુર્ગત–(નિર્ધન) અને દુષ્પ્રત્યાનંદ–(દુષ્કૃત્યોમાં આનંદ માનનાર) , દુર્ગત અને સુપ્રત્યાનંદ–(સત્કાર્યોમાં આનંદ માનનાર) આદિ ચાર.

(૫) ચાર ભેદે પુરુષો કહ્યા – દુર્ગત અને દુર્ગતિગામી, દુર્ગત અને સુગતિગામી આદિ ચાર.

(૬) ચાર ભેદે પુરુષો કહ્યા – દુર્ગત અને દુર્ગતિમાં જનાર, દુર્ગત અને સુગતિમાં જનાર આદિ ચાર.

(૭) ચાર ભેદે પુરુષ કહ્યા – પહેલા પણ અજ્ઞાની અને પછી પણ અજ્ઞાની, પહેલા અજ્ઞાની અને પછી જ્ઞાની. પહેલા જ્ઞાની અને પછી અજ્ઞાની, પહેલા જ્ઞાની અને પછી પણ જ્ઞાની.

(૮) ચાર ભેદે પુરુષ કહ્યા – અજ્ઞાની–(અસદાચારી) અને અજ્ઞાની જનના બલવાળો, અજ્ઞાની અને જ્ઞાની જનના બલવાળો, જ્ઞાની–(સદાચારી) અને અજ્ઞાની જનના બલવાળો, જ્ઞાની અને જ્ઞાની જનના બલવાળો.

(૯) ચાર ભેદે પુરુષ કહ્યા – અજ્ઞાની અને અજ્ઞાનબલમાં આનંદ માનનાર, અજ્ઞાની અને જ્ઞાનબલમાં આનંદ માનનાર આદિ.

(૧૦) ચાર ભેદે પુરુષ કહ્યા – પરિજ્ઞાતકર્મા પણ પરિજ્ઞાત સંજ્ઞા નહીં અર્થાત્ કોઈ પુરુષ પાપ કાર્યોને છોડે પણ તેની મનોવૃત્તિ ન છોડે. પરિજ્ઞાત સંજ્ઞા પણ પરિજ્ઞાતકર્મા નહીં અર્થાત કોઈ પુરુષ પાપ કાર્યોને છોડી દીક્ષા લે છે પણ તેના પાપ કાર્ય છૂટતા નથી ઇત્યાદિ ચાર ભેદો કહેવા.

(૧૧) ચાર ભેદે પુરુષ કહ્યા – પરિજ્ઞાતકર્મા પણ પરિજ્ઞાત ગૃહાવાસ નહીં અર્થાત કોઈ પાપ કાર્યનો ત્યાગ કરે પણ ગૃહવાસ છોડી દીક્ષા ન લે. પરિજ્ઞાત ગૃહાવાસ પણ પરિજ્ઞાત કર્મા નહીં અર્થાત કોઈ પુરુષ ગ્રૃહાવાસનો ત્યાગ કરી દીક્ષ લે પણ પાપકાર્યમાં પ્રવૃત્ત રહે. ઇત્યાદિ ચાર ભેદો કહેવા.

(૧૨) ચાર ભેદે પુરુષ કહ્યા – પરિજ્ઞાત સંજ્ઞા–(પાપકાર્યની મનોવૃત્તિ છોડી દે) પણ નોપરિજ્ઞાત ગૃહવાસ –(ગુહાવાસ છોડી દીક્ષા ન લે), પરિજ્ઞાત ગૃહાવાસ પણ નોપરિજ્ઞાતસંજ્ઞા.

(૧૩) ચાર ભેદે પુરુષો કહ્યા– ઈહસ્થ–( વર્તમાનભવલક્ષી) પણ પરસ્થ–(પરલોકલક્ષી) નહીં, પરસ્થ પણ ઈહસ્થ નહીં આદિ ચાર ભેદ કહેવા.

(૧૪) ચાર ભેદે પુરુષ કહ્યા–કોઈ એક–(શ્રુતજ્ઞાન)થી વધે પણ એક–(સમ્યગ દર્શન)થી ઘટે, કોઈ એકથી વધે પણ બે–(સમયગ દર્શન અને વિનય)થી ઘટે, કોઈ બેથી વધે પણ એકથી ઘટે, કોઈ બેથી વધે અને બેથી ઘટે.

(૧૫) ચાર કંથક (ઘોડા) કહ્યા – આકીર્ણ–(શીઘ્ર ગતિવાળા) અને આકીર્ણ, આકીર્ણ અને ખલુંક–(મંદ ગતીવાળો), ખલુંક અને આકીર્ણ, ખલુંક અને ખલુંક. એ રીતે ચાર ભેદ જાણવા. (૧૬) એ પ્રમાણે ચાર ભેદે પુરુષો કહ્યા – આકીર્ણ–(સદ્ગુણી) અને આકીર્ણ–(અવગુણી) આદિ ચાર ભેદ.

(૧૭) ચાર કંથગ (ઘોડા) કહ્યા – આકીર્ણ અને આકીર્ણતાથી વિચરનાર, આકીર્ણ અને ખલુંકતાથી વિચરનાર આદિ ચાર. (૧૮)એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા– આકીર્ણ અને આકીર્ણતાથી વિચરનાર આદિ ચાર.

(૧૯) ચાર પ્રકંથક (ઘોડા) કહ્યા – જાતિ સંપન્ન પણ કુળસંપન્ન નહીં, આદિ ચાર ભંગ. (૨૦) એ રીતે પુરુષોના પણ ચાર ભેદ જાણવા.

(૨૧) ચાર કંથક કહ્યા – જાતિસંપન્ન પણ બળસંપન્ન નહીં આદિ ચાર ભંગ. (૨૨) એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.

(૨૩) ચાર ભેદે કંથક કહ્યા – જાતિસંપન્ન પણ રૂપસંપન્ન નહીં આદિ ચૌભંગી. (૨૪) એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.

(૨૫) ચાર ભેદે કંથક કહ્યા – જાતિસંપન્ન પણ જયસંપન્ન નહીં, આદિ ચોભંગી. (૨૬) એ રીતે ચાર ભેદે પુરુષોની ચૌભંગી જાણવી.

(૨૭) એ રીતે કુલસંપન્ન અને બલસંપન્નની ચૌભંગી. (૨૮) કુલસંપન્ન અને રૂપસંપન્નની ચૌભંગી, (૨૯) કુલ સંપન્ન અને જયસંપન્નની ચૌભંગી. (૩૦) બલસંપન્ન અને રૂપસંપન્નની ચૌભંગી. (૩૧) બલસંપન્ન અને જયસંપન્નની ચૌભંગી. (૩૨ થી ૩૬) એ રીતે પ્રતિપક્ષરૂપ પુરુષમાં પણ કુલ–બલ, કુલ–રૂપ, બલ–રૂપ આદિ ચૌભંગીઓ કહેવી.

(૩૭) ચાર કંથકો કહ્યા – રૂપસંપન્ન પણ જયસંપન્ન નહીં આદિ ચાર એ પ્રમાણે (૩૮) ચાર ભેદે પુરુષ કહ્યા – રૂપસંપન્ન પણ જયસંપન્ન નહીં.

(૩૯) ચાર ભેદે પુરુષ કહ્યા – સિંહની જેમ પ્રવ્રજિત થાય અને સિંહની જેમ જ વિચરે, સિંહની જેમ પ્રવ્રજિત થાય પણ શિયાળની જેમ વિચરે, શિયાળની જેમ પ્રવ્રજિત થાય પણ સિંહની જેમ વિચરે, શિયાળની જેમ પ્રવ્રજિત થાય અને શિયાળની જેમ વિચરે.

### સૂત્ર–૩૫૦

લોકમાં ચાર સ્થાન સમાન છે, તે આ – અપ્રતિષ્ઠાન નરક, જંબૂદ્વીપ દ્વીપ, પાલક યાન વિમાન, સર્વાર્થ સિદ્ધ

લોકમાં ચાર વસ્તુ દિશા અને વિદિશાએ સમાન કહી છે – સીમંતક નરક, સમયક્ષેત્ર, ઊંડુ વિમાન, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી.

### સૂત્ર–૩૫૦

ઊર્ધ્વલોકમાં ચાર (જીવો) બે શરીરવાળા કહ્યા છે, તે આ – પૃથ્વીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયિક, ઉદાસ્ત્રસજીવો. અધોલોકે ચાર (જીવો) બે શરીરવાળા છે, એ પ્રમાણે... એ રીતે તિર્છાલોકમાં પણ જાણવું.

### સૂત્ર–૩૫૨ થી ૩૫૬

(૩૫૨) ચાર ભેદે પુરુષો કહ્યા છે – હ્રીસત્વ, હ્રીમનસત્વ, ચલસત્વ, સ્થિરસત્વ...

(૩૫૩) ચાર શય્યાપ્રતિમા કહી, ચાર વસ્ત્રપ્રતિમા કહી, ચાર પાત્રપ્રતિમા કહી, ચાર સ્થાનપ્રતિમા કહી છે.

(૩૫૪) ચાર શરીરો જીવ સ્પૃષ્ટ છે – વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર.

ચાર શરીરો કાર્મણ–મિશ્ર કહેલ છે – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ શરીર.

(૩૫૫) ચાર અસ્તિકાય વડે લોક સ્પૃષ્ટ છે – ધર્માસ્તિકાય વડે, અધર્માસ્તિકાય વડે, જીવાસ્તિકાય વડે, પુદ્‌ગલાસ્તિકાય વડે. ... ચાર બાદરકાય વડે લોક સ્પૃષ્ટ છે – પૃથ્વી – અપ્ – વાયુ – વનસ્પતિકાય વડે.

(૩૫૬) ચાર દ્રવ્યો પ્રદેશ વડે તુલ્ય છે, તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને એક જીવ.

સૂત્ર–૩૫૭ થી ૩૫૯

(૩૫૭) ચાર પ્રકારના જીવોનું શરીર આંખોથી જોઈ શકાતું નથી, તે આ – પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વનસ્પતિકાયિક.

(૩૫૮) ચાર ઈન્દ્રિયોનો વિષય સ્પૃષ્ટ થઈને ગ્રાહ્ય છે – શ્રોત્રેન્દ્રિયનો, ઘ્રાણેન્દ્રિયનો, જિહ્વેન્દ્રિયનો, સ્પર્શનેન્દ્રિયનો.

(૩૫૯) ચાર કારણે જીવ અને પુદ્‌ગલ લોકની બહાર જઈ શકતા નથી – ગતિઅભાવથી, નિરુપગ્રહતાથી, રૂક્ષતાથી, લોકાનુભાવથી.

સૂત્ર–૩૬૦

૧. જ્ઞાત (દૃષ્ટાંત) ચાર ભેદે કહ્યા છે – આહરણ, આહરણતદ્દેશ, આહરણ તદ્દોષ, ઉપન્યાસોપનય.

૨. આહરણ ચાર ભેદે કહ્યા – અપાત, ઉપાત, સ્થાપનાકર્મ, પ્રત્યુત્પન્ન વિનાશી.

૩. આહરણતદ્દેશ ચાર ભેદે કહ્યા – અનુશિષ્ટી, ઉપાલંભ, પૃચ્છા, નિશ્રાવચન.

૪. આહરણતદ્દોષ ચાર ભેદે કહ્યા – અધર્મયુક્ત, પ્રતિલોમ, આત્મોપનીત, દુરુપનીત.

૫. ઉપન્યાસ ઉપનય ચાર ભેદે કહ્યા – તદ્‌વસ્તુક, તદન્યવસ્તુક, પ્રતિનીભ, હેતુ.

હેતુ ચાર ભેદે કહ્યા – યાપક, સ્થાપક, વ્યંસક, લૂસક. અથવા હેતુ ચાર ભેદે કહ્યા – પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, આગમ. અથવા હેતુ ચાર ભેદે કહ્યા - અસ્તિત્વ–અસ્તિત્વહેતુ, અસ્તિત્વ–નાસ્તિત્વહેતુ, નાસ્તિત્વ–અસ્તિત્વહેતુ, નાસ્તિત્વ–નાસ્તિત્વહેતુ.

સૂત્ર–૩૬૧

સંખ્યા ગણિત ચાર ભેદે છે – પ્રતિકર્મ, વ્યવહાર, રજ્જૂ, રાશિ.

અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે – નરકાવાસો, નૈરયિકો, પાપકર્મો, અશુભપુદ્‌ગલો.

તિર્છાલોકમાં ચાર વસ્તુ ઉદ્યોત કરે છે – ચંદ્રો, સૂર્યો, મણિ, અગ્નિ.

ઉર્ધ્વલોકમાં ચાર વસ્તુ ઉદ્યોત કરે છે – દેવો, દેવીઓ, વિમાનો, આભરણો.

**સ્થાન–૪, ઉદ્દેશા–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

## સ્થાન–૪, ઉદ્દેશો–૪

સૂત્ર–૩૬૨ થી ૩૬૪

(૩૬૨) ચાર પ્રસર્પકો કહ્યા છે – ૧. અનુત્પન્ન ભોગોને મેળવવા સંચરે છે, ૨. પૂર્વોત્પન્ન ભોગોને રક્ષણ કરવા સંચરે છે. ૩. અનુત્પન્ન સુખોને પામવા સંચરે છે અને ૪. પૂર્વોત્પન્ન સુખોના રક્ષણાર્થે સંચરે છે.

(૩૬૩) નૈરયિકોને ચાર ભેદે આહાર છે – અંગારા જેવો, મુર્મુર જેવો, શીતલ અને હિમશીતલ.

તિર્યંચયોનિકને ચતુર્વિધ આહાર કહ્યો છે – કંકોપમ, બિલોપમ, પ્રાણમાંસોપમ, પુત્રમાંસોપમ.

મનુષ્યોને ચતુર્વિધ આહાર કહ્યો છે – અશન, પાન, ખાદિમ, સ્વાદિમ.

દેવોને ચતુર્વિધાહાર કહ્યો છે – વર્ણવાન્, ગંધવાન્, રસવાન્, સ્પર્શવાન્.

(૩૬૪) જાતિ આશીવિષો ચાર ભેદે કહ્યા છે – વીંછું જાતિય આશીવિષ, મંડુક જાતિય આશીવિષ, ઉરગ જાતિય આશીવિષ, મનુષ્ય જાતિય આશીવિષ.

હે ભગવન્ ! વીંછી જાતિના આશીવિષનો વિષય કેટલો કહ્યો છે ? વીંછી જાતિનો આશીવિષ અર્ધભરત પ્રમાણ શરીરને વિષમય કરી, શરીર વિદારવા સમર્થ છે, આ વિષના અર્થપણાની શક્તિમાત્ર છે, પણ નિશ્ચયથી તેમ કર્યું નથી – કરતા નથી – કરશે નહીં.

મંડુક જાતિના આશીવિષનો પ્રશ્ન. મંડુક જાતિય આશીવિષ ભરત ક્ષેત્ર પ્રમાણ શરીરને વિષમય કરવા સમર્થ છે યાવત્ કરશે નહીં.

ઉરગ જાતિના આશીવિષનો પ્રશ્ન–ઉરગ જાતિય આશીવિષ પોતાના વિષ વડે જંબૂદ્વીપ પ્રમાણ શરીરને વિષમય કરવા સમર્થ છે. શેષ પૂર્વવત્.

મનુષ્યજાતિના આશીવિષનો પ્રશ્ન–મનુષ્ય જાતિનો આશીવિષ સમયક્ષેત્ર પ્રમાણ શરીરને વિષમય કરવા અને શરીરને વિદારવા સમર્થ છે, પણ નિશ્ચયથી તેણે એમ કર્યું નથી યાવત્ કરશે નહીં.

સૂત્ર–૩૬૫

વ્યાધિ ચાર પ્રકારે છે – વાતજન્ય, પિત્તજન્ય, શ્લેષ્મજન્ય, સંનિપાતિક.

ચિકિત્સા ચાર ભેદે છે – વૈદ્ય, ઔષધ, રોગી, પરિચારક.

સૂત્ર–૩૬૬

ચિકિત્સકો ચાર કહ્યા (૧–૧) પોતાની ચિકિત્સા કરે બીજાની નહીં. ૨. બીજાની ચિકિત્સા કરે છે, પોતાની નહીં – આદિ ચાર. (૧–૨) પુરુષો ચાર પ્રકારે કહ્યા – વ્રણ કરે પણ વ્રણને સ્પર્શે નહીં, વ્રણને સ્પર્શે પણ વ્રણ કરે નહીં, વ્રણ કરે અને વ્રણને સ્પર્શે, વ્રણ કરે નહીં કે વ્રણને સ્પર્શે પણ નહીં.

(૨–૧) ચાર ભેદે પુરુષો કહ્યા – વ્રણ કરે પણ વ્રણની રક્ષા ન કરે આદિ ચાર. (૨–૨) ચાર ભેદે પુરુષો કહ્યા – વ્રણ કરે પણ વ્રણને રુઝાવે નહીં આદિ ચાર.

(૩–૧) ચાર ભેદે વ્રણો કહ્યા – અંતઃશલ્ય પણ બાહ્યશલ્ય નહીં, આદિ ચાર. (૩–૧) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા – અંતઃશલ્ય, બાહ્યશલ્ય નહીં –૪–

(૩–૨) વ્રણો ચાર ભેદે કહ્યા – અંતર્દુષ્ટ પણ બહિર્દુષ્ટ નહીં, બહિર્દુષ્ટ પણ અંતુર્દષ્ટ નહીં, આદિ ચાર. (૩–૩) એ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા – અંતરથી દુષ્ટ પણ બહારથી દુષ્ટ નહીં આદિ ચાર.

(૪–૧) ચાર ભેદે પુરુષો કહ્યા – શ્રેયસ્ અને શ્રેયસ્, શ્રેયસ્ પણ પાપી, પાપી પણ શ્રેયસ્, પાપી અને પાપી.

(૪–૨) ચાર ભેદે પુરુષો કહ્યા – શ્રેયસ્ અને શ્રેયસ્ તુલ્ય, શ્રેયસ્ અને પાપતુલ્ય આદિ ચાર.

(૪–૩) ચાર ભેદે પુરુષો કહ્યા – શ્રેયસ્ અને પોતાને શ્રેષ્ઠ માનનાર, શ્રેયસ્ પણ પોતાને પાપી માનનાર આદિ ચાર.

(૪–૪) ચાર ભેદે પુરુષો કહ્યા – શ્રેષ્ઠ અને લોકમાં શ્રેષ્ઠતુલ્ય મનાય છે, શ્રેષ્ઠ અને લોકમાં પાપીતુલ્ય મનાય છે. (૪–૫) ચાર ભેદે પુરુષો કહ્યા – આખ્યાયક પણ પ્રભાવક નહીં, પ્રભાવક પણ આખ્યાયક નહીં આદિ ચાર.

(૪–૬) ચાર ભેદે પુરુષો કહ્યા – સૂત્રાર્થ પ્રરૂપક પણ શુદ્ધ એષણા તત્પર નહીં, શુદ્ધ એષણા તત્પર પણ શુદ્ધ પ્રરૂપક નહીં આદિ ચાર.

વૃક્ષની વિકુર્વણા ચાર ભેદે કહેલ છે – પ્રવાલ–પત્ર–ફૂલ–ફલપણાએ.

સૂત્ર–૩૬૭

ચાર ભેદે વાદી સમોસરણો કહ્યા – ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનિકવાદી, વૈનયિકવાદી. નૈરયિકોને ચાર

વાદીના સમોસરણો કહ્યા છે – ક્રિયાવાદી યાવત્ વૈનયિકવાદી. એ રીતે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમારના પણ ચાર છે. એ રીતે વિકલેન્દ્રિયવર્જિત યાવત્ વૈમાનિક.

સૂત્ર–૩૬૮ થી ૩૭૯

(૩૬૮) (૧) મેઘ ચાર ભેદે કહ્યા – ગરજે પણ વરસે નહીં, વરસે પણ ગરજે નહીં, ગરજે અને વરસે, ગરજે નહીં – વરસે પણ નહીં. (૨) આ દૃષ્ટાંતે ચાર ભેદે પુરુષો કહ્યા– બોલે ઘણું પણ કઈ આપે નહીં, ઇત્યાદિ ચાર ભેદ.

(૩) મેઘ ચાર ભેદે કહ્યા – ગરજે પણ વીજળી ન કરે, વીજળી કરે પણ ગરજે નહીં, આદિ ચાર. (૪) એ રીતે પુરુષો પણ ચાર ભેદે કહ્યા છે–કોઈ પ્રતિજ્ઞા કરે પણ પોતાની બડાઈ ન હાંકે.

(૫) મેઘ ચાર ભેદે કહ્યા – વરસે પણ વીજળી ન કરે આદિ ચાર. (૬) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા – દાન આદિ સત્કાર્ય કરે પણ પોતાની બડાઈ ન કરે આદિ–૪

(૭) મેઘ ચાર ભેદે કહ્યા – કાલવાસી–(સમયે વરસે) પણ અકાલવાસી નહીં આદિ ચારે. (૮) એ રીતે પુરુષો પણ ચાર ભેદે કહ્યા – કાલવાસી–(સમયે દાન આદિ સત્કાર્ય કરે) પણ અકાલવાસી નહીં.

(૯) મેઘ ચાર ભેદે કહ્યા–ક્ષેત્રવાસી–(ક્ષેત્રમાં વરસે) પણ અક્ષેત્રવાસી નહીં આદિ ચાર ભેદો. (૧૦) એ રીતે પુરુષો પણ ચાર ભેદે. પાત્રને દાન આપે પણ અપાત્રને નહિ ઇત્યાદિ ચાર.

(૧૧) મેઘ ચાર ભેદે કહ્યા – અંકુરિત કરે પણ નિષ્પન્ન ન કરે. નિષ્પન્ન કરે પણ અંકુરિત ન કરે આદિ ચાર. (૧૨) એ પ્રમાણે માતાપિતા ચાર ભેદે કહ્યા – જન્મ આપે પણ પાલન ન કરે આદિ ચાર.

(૧૩) મેઘ ચાર ભેદે કહ્યા – દેશવાસી પણ સર્વવાસી નહીં આદિ ચાર. (૧૪) એ પ્રમાણે રાજા ચાર ભેદે છે – દેશાધિપતિ પણ સર્વાધિપતિ નહીં.

(૩૬૯) (૧૫) મેઘ ચાર ભેદે કહ્યા છે – પુષ્કલ સંવર્તક, પર્જન્ય, જીમૂત, જિમ્હ. પુષ્કલ સંવર્તક મહામેઘ એક વૃષ્ટિ વડે ૧૦,૦૦૦ વર્ષ ભાવિત કરે છે, પર્જન્ય મહામેઘ એક વૃષ્ટિ વડે ૧૦૦૦ વર્ષ વરસે છે, જીમૂત મહામેઘ એક વૃષ્ટિથી દશ વર્ષ વરસે છે, જિમ્હ મહામેઘ ઘણી વૃષ્ટિ વડે એક વર્ષ પર્યન્ત વરસે કે ન પણ વરસે.

(૩૭૦) (૧૬) કરંડક ચાર ભેદે છે– શ્વપાક–(ચાંડાલના કરંડિયા સમાન), વેશ્યા કરંડક, ગૃહસ્થ કરંડક, રાજ કરંડક. (૧૭) એ રીતે આચાર્યો ચાર ભેદે છે – શ્વપાક – વેશ્યા – ગૃહસ્થ – રાજ (એ ચારે) કરંડક સમાન.

(૩૭૧) (૧૮) વૃક્ષો ચાર ભેદે કહ્યા – શાલ–(મહાન) અને શાલ પર્યાય–છાયાદિ ગુણ યુક્ત) , શાલ અને એરંડ પર્યાય–(અલ્પ ગુણ ઉક્ત), એરંડ અને શાલ પર્યાય, એરંડ અને એરંડ પર્યાય. (૧૯) એ પ્રમાણે આચાર્યો પણ ચાર ભેદે કહ્યા – શાલ–(મહાન) અને શાલપર્યાયાદિ–(જ્ઞાન ક્રિયાદિ ગુણોથી પણ મહાન) ઇત્યાદિ ચાર.

(૨૦) શાલ–(મહાન) અને શાલ પરિવાર–(મહાન વૃક્ષોથી પરિવૃત્ત) , શાલ અને એરંડ પરિવાર આદિ ચાર. (૨૧) એ રીતે આચાર્યો ચાર ભેદે છે – શાલ–(મહાન) અને શાલ પરિવાર–(શ્રેષ્ઠ શિષ્ય પરિવારથી યુક્ત).

(૩૭૨) મહાવૃક્ષોની મધ્યે જેમ વૃક્ષરાજ શાલ સુશોભિત છે, તેમ શ્રેષ્ઠ શિષ્યોની મધ્યે ઉત્તમ આચાર્ય સુશોભિત હોય છે.

(૩૭૩) એરંડક વૃક્ષો મધ્યે જેમ વૃક્ષરાજ શાલ શોભે છે, તેમ કનિષ્ઠ શિષ્યોની મધ્યે ઉત્તમ આચાર્ય શોભે છે.

(૩૭૪) મહાવૃક્ષોની મધ્યે જેમ એરંડક દેખાય છે, તેમ શ્રેષ્ઠ શિષ્યો મધ્યે કનિષ્ઠ આચાર્ય દેખાય છે.

(૩૭૫) એરંડક વૃક્ષ મધ્યે જેમ એરંડો દેખાય છે તેમ કનિષ્ઠ શિષ્યો મધ્યે કનિષ્ઠ આચાર્ય દેખાય છે.

(૩૭૬) મત્સ્યો ચાર ભેદે છે – અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી. (૨૩) એ રીતે ચાર ભેદે સાધુ કહ્યા – અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી.

(૨૪) ચાર પ્રકારે ગોળા કહ્યા છે – મીણનો ગોળો, લાખનો ગોળો, કાષ્ઠનો ગોળો, માટીનો ગોળો. (૨૫) એ રીતે ચાર ભેદે પુરુષ કહ્યા – મીણના ગોળા સમાન આદિ ચાર.

(૨૬) ચાર ભેદે ગોળા કહ્યા – લોઢાનો ગોળો, કલાઈનો ગોળો, ત્રાંબાનો ગોળો, સીસાનો ગોળો. (૨૭) એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા – લોઢાના ગોળા સમાન આદિ ચાર. (૨૮)

ચાર ભેદે ગોળા કહ્યા – રૂપાનો, સોનાનો, રત્નનો, હીરાનો. (૨૯) એ રીતે ચાર ભેદે પુરુષો કહ્યા – રૂપાના ગોળા સમાન યાવત્ હીરાના ગોળા સમાન.

(૩૦) પત્ર ચાર ભેદે કહ્યા – અસિપત્ર, કરપત્ર, ક્ષુરપત્ર, કદંબચીરિકાપત્ર. (૩૧) એ રીતે ચાર ભેદે પુરુષ – અસિપત્ર સમાન આદિ ચાર.

(૩૨) કટ ચાર ભેદે છે – સુંબકટ, વિદલકટ, ચર્મકટ, કંબલકટ. (૩૩) આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા – સુંબકટ સમાન આદિ ચાર.

(૩૭૭) (૩૪) ચતુષ્પદો ચાર ભેદે કહ્યા – એક ખુરા, બે ખુરા, ગંડીપદા, સનખપદા.

(૩૫) ચાર ભેદે પક્ષી કહ્યા – ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્ગક પક્ષી, વિતતપક્ષી.

(૩૬) ચાર ભેદે ક્ષુદ્ર પ્રાણી કહ્યા – બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક.

(૩૭૮) (૩૭) ચાર ભેદે પક્ષી કહ્યા – નિવર્તિત પણ પરિવર્તિત નહીં, પરિવર્તિત પણ નિવર્તિત નહીં, નિવર્તિત અને પરિવર્તિત બંને, નિવર્તિત કે પરિવર્તિત એકે નહીં. (૩૮) એ રીતે સાધુ ચાર ભેદે જાણવા.

(૩૭૯) (૩૯) ચાર ભેદે પુરુષો કહ્યા – કૃશ અને કૃશ, કૃશ અને સ્થૂળ, આદિ ચાર. (૪૦) ચાર ભેદે પુરુષો કહ્યા – કૃશ અને કૃશાત્મા, કૃશ અને અકૃશાત્મા આદિ ચાર.

(૪૧) ચાર ભેદે પુરુષો કહ્યા – બુધ અને બુધ, બુધ પણ અબુધ આદિ ચાર.

(૪૨) ચાર ભેદે પુરુષો કહ્યા – બુધ અને બુધહૃદય આદિ ચાર.

(૪૩) ચાર ભેદે પુરુષો કહ્યા છે – આત્માનુકંપ પણ પરાનુકંપ નહીં, ઇત્યાદિ ચાર ભેદે.

**સૂત્ર–૩૮૦**

(૧) સંભોગ ચાર ભેદે છે – દિવ્ય, આસુર, રાક્ષસ, મનુષ્યનો.

(૨) સંભોગ ચાર ભેદે છે – દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ અસુરી સાથે સંવાસ કરે, અસુર દેવી સાથે સંવાસ કરે, અસુર અસુરી સાથે સંવાસ કરે.

(૩) સંભોગ ચાર ભેદે છે – દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ રાક્ષસી સાથે સંવાસ કરે, રાક્ષસ દેવી સાથે સંવાસ કરે, રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે.

(૪) સંભોગ ચાર ભેદે છે – દેવ દેવી સાથે સંવાસ કરે, દેવ માનુષી સાથે સંવાસ કરે, મનુષ્ય દેવી સાથે સંવાસ કરે, મનુષ્ય માનુષી સાથે સંવસે.

(૫) સંભોગ ચાર ભેદે છે – અસુર અસુરી સાથે સંવાસ કરે, અસુર રાક્ષસી સાથે સંવાસ કરે આદિ ચાર.

(૬) સંભોગ ચાર ભેદે – અસુર અસુરી સાથે સંવાસ કરે, અસુર માનુષી સાથે સંવાસ કરે આદિ ચાર.

(૭) સંભોગ ચાર ભેદે છે – રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે, રાક્ષસ માનુષી સાથે સંવાસ કરે – આદિ ચાર.

**સૂત્ર–૩૮૧**

ચાર ભેદે અપધ્વંસ- (ચારિત્ર કે ચારિત્રના ફળનો વિનાશ) કહ્યો– આસુરી, અભિયોગ, સંમોહ, દેવ–કિલ્બિષ.

ચાર કારણે જીવો અસુરપણાને યોગ્ય કર્મ કરે છે, તે આ – ક્રોધી સ્વભાવથી, કલહ સ્વભાવથી, આસક્તિથી તપ કરતા, નિમિત્તાદિથી આજીવિકા કરવાથી,

ચાર કારણે જીવો આભિઓગતા યોગ્ય કર્મ કરે– આત્મ ગર્વ વડે, પરનિંદા વડે, ભૂતિકર્મ વડે, કૌતુકકરણ વડે

ચાર કારણે જીવ સંમોહપણા યોગ્ય આયુ ઉપાર્જે છે – ઉન્માર્ગ દેશનાથી, માર્ગના અંતરાય વડે, કામભોગની આશંસાથી, લોભ વડે નિયાણું કરવા વડે.

ચાર કારણે જીવ દેવકિલ્બિષિકતાનું આયુ ઉપાર્જે છે – અરિહંતનો અવર્ણવાદ કરતા, અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદથી, આચાર્ય–ઉપાધ્યાયના અવર્ણવાદથી, ચાતુર્વર્ણ સંઘના અવર્ણવાદથી.

સૂત્ર–૩૮૨

(૧) પ્રવ્રજ્યા ચાર ભેદે છે – આલોક પ્રતિબદ્ધ, પરલોક પ્રતિબદ્ધ, ઉભયલોક પ્રતિબદ્ધ, અપ્રતિબદ્ધ.

(૨) પ્રવ્રજ્યા ચાર ભેદે છે – અગ્રતઃ પ્રતિબદ્ધ, માર્ગતઃ પ્રતિબદ્ધ, ઉભય પ્રતિબદ્ધ, અપ્રતિબદ્ધ.

(૩) પ્રવ્રજ્યા ચાર ભેદે છે – અવપાત પ્રવ્રજ્યા, આખ્યાત પ્રવ્રજ્યા, શ્રૃંગાર પ્રવ્રજ્યા, વિહગગતિ પ્રવ્રજ્યા.

(૪) ચાર ભેદે પ્રવ્રજ્યા કહી – પીડા આપીને, ભગાડીને, ઋણ મૂકાવીને, ભોજનની લાલચ વડે.

(૫) પ્રવ્રજ્યા ચાર ભેદે છે – નટખાદિતા, ભટખાદિતા, સિંહખાદિતા, શ્રૃંગાલખાદિતા.

(૬) કૃષિ ચાર ભેદે છે – વાવિતા, પરિવાવિતા, નિંદિતા, પરિનિંદિતા. (૭) એ પ્રમાણે પ્રવ્રજ્યા ચાર ભેદે કહી – વાવિતા અર્થાત એક વખતની સામાયિક ચારિત્રરૂપ દીક્ષા, પરિવાવિતા અર્થાત એક વખતના દીક્ષિતને મહાવ્રત આરોપણરૂપ ફરી અપાતી દીક્ષા, નિંદિતા, પરિનિંદિતા.

(૮) ચાર ભેદે પ્રવ્રજ્યા કહી – ધાન્યના પુંજ સમાન, ધાન્યના પુંજ નહીં કરેલ સમાન, વેરાયેલા ધાન્ય સમાન, ખળામાં મૂકેલ ધાન્ય સમાન.

સૂત્ર–૩૮૩

(૧) સંજ્ઞા ચાર ભેદે કહી – આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા.

(૨) ચાર કારણે જીવને આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે – ઉદર ખાલી થવાથી, ક્ષુધાવેદનીય કર્મોદયથી, તેવી મતિથી, તેની ચિંતાથી.

(૩) ચાર કારણે ભય સંજ્ઞા ઉત્પન્ન થાય – હીનસત્વપણાથી, ભય વેદનીય કર્મોદયથી, તેવી મતિથી, ભયની જ વિચારણા કરવાથી.

(૪) ચાર કારણે મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થાય – માંસ અને રક્તની વૃદ્ધિથી, મોહનીય કર્મોદયથી, તેવી મતિથી, નિરંતર વિષયોના ચિંતનથી.

(૫) ચાર કારણે પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય – અવિમુક્તતાથી, લોભવેદનીય કર્મના ઉદયથી, તેવી મતિથી, સતત ધનનું ચિંતન કરવાથી.

સૂત્ર–૩૮૪

કામ ચાર ભેદે કહ્યા છે – શ્રૃંગાર, કરુણ, બિભત્સ, રૌદ્ર, શૃંગાર કામ દેવોને હોય છે, કરુણ કામો મનુષ્યોને હોય છે, બિભત્સ કામો તિર્યંચોને હોય છે, રૌદ્ર કામો નૈરયિકોને હોય છે.

સૂત્ર–૩૮૫

(૧) ઉદક ચાર પ્રકારે છે – કોઈ ઉત્તાન અને ઉત્તાનોદક, કોઈ ઉત્તાન અને ગંભીરોદક, ગંભીર અને ઉત્તાનોદક, ગંભીર અને ગંભીરોદક.

(૨) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે – ઉત્તાન અને ઉત્તાનહૃદય, ઉત્તાન અને ગંભીર હૃદય. આદિ ચાર.

(૩) ઉદક ચાર ભેદે છે – ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી આદિ ચાર.

(૪) એ રીતે પુરુષો ચાર ભેદે છે – ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી, ગંભીર અને ઉત્તન અવભાસી, ગંભીર અને ગંભીર અવભાસી.

(૫) ઉદધિ ચાર ભેદે છે – ઉત્તાન અને ઉત્તાનોદધિ, ઉત્તાન અને ગંભીરોદધિ આદિ ચાર. (૬) એ રીતે પુરુષો ચાર ભેદે કહ્યા – ઉત્તાન અને ઉત્તાન હૃદય આદિ ચાર.

(૭) ઉદધિ ચાર ભેદે છે – ઉત્તાન અને ઉત્તાન અવભાસી, ઉત્તાન અને ગંભીર અવભાસી. (૮) એ પ્રમાણે

ચાર ભેદે પુરુષો કહ્યા – ઉત્તાન અને ઉત્તાન અવભાસી, આદિ ચાર.

## સૂત્ર–૩૮૬ થી ૩૯૧

(૩૮૬) (૧) તરવૈયા ચાર ભેદે છે – સમુદ્ર તરુ છું કહીને તરે, સમુદ્ર તરુ છું કહીને ખાડી તરે છે, આદિ ચાર.

(૨) તરવૈયા ચાર ભેદે છે – સમુદ્ર તરીને વળી સમુદ્રમાં સીદાય છે, સમુદ્ર તરીને ખાડીમાં સીદાય છે, આદિ ચાર.

(૩૮૭) કુંભ ચાર ભેદે કહ્યા – (૧) પૂર્ણ અને પૂર્ણ, પૂર્ણ અને તુચ્છ, તુચ્છ અને પૂર્ણ, તુચ્છ અને તુચ્છ. (૨) એ પ્રમાણે પુરુષો પણ ચાર ભેદે જાણવા.

(૩) કુંભ ચાર ભેદે કહ્યા – પૂર્ણ અને પૂર્ણ અવભાસી, પૂર્ણ અને તુચ્છોવભાસી, તુચ્છ અને પૂર્ણ અવભાસી, તુચ્છ અને તુચ્છ અવભાસી. (૪) આ પ્રમાણે પુરુષો ચાર ભેદે કહ્યા છે – પૂર્ણ અને પૂર્ણ અવભાસી.

(૫) કુંભ ચાર ભેદે છે – પૂર્ણ અને પૂર્ણરૂપ, પૂર્ણ અને તુચ્છ રૂપ, આદિ ચાર. (૬) એ રીતે પુરુષો પણ ચાર ભેદે છે – પૂર્ણ અને પૂર્ણરૂપ આદિ.

(૭) કુંભ ચાર ભેદે છે – પૂર્ણ અને પ્રીતિકર, પૂર્ણ અને અપદલ, તુચ્છ અને પ્રીતિકર, તુચ્છ અને અપદલ. (૮) એ રીતે પુરુષો ચાર ભેદે જાણવા.

(૯) કુંભ ચાર ભેદે કહ્યા – પૂર્ણ પણ ઝરે છે, પૂર્ણ અને ઝરતો નથી, તુચ્છ અને ઝરે છે, તુચ્છ છતાં મરતો નથી. (૧૦) એ રીતે પુરુષો ચાર ભેદે જાણવા.

(૧૧) કુંભ ચાર ભેદે કહ્યા – ભાંગેલ, જર્જરીત, પરિસ્રાવી, અપરિસ્રાવી, (૧૨) એ રીતે ચારિત્ર ચાર ભેદે છે – ખંડિત યાવત્ નિરતિચાર ચારિત્ર.

(૧૩) કુંભ ચાર ભેદે કહ્યા – મધનો કુંભ અને મધનું ઢાંકણ, મધુકુંભ અને વિષનું ઢાંકણ, વિષકુંભ અને મધુ ઢાંકણ, વિષકુંભ અને વિષ ઢાંકણ. (૧૪) એ પ્રમાણે પુરુષો ચાર ભેદે છે – મધુકુંભ અને મધુઢાંકણ આદિ ચાર.

(૩૮૮) જે પુરુષ નિષ્પાપ અને નિર્મલ હૃદયી છે, જેની જીભ મધુરભાષિણી છે, તે મધુ ઢાંકણવાળો, મધુકુંભી સમાન છે.

(૩૮૯) જે પુરુષનું હૃદય નિષ્પાપ અને નિર્મલ છે, પણ જેની જીભ સદા કટુભાષિણી છે, તે વિષવાળા ઢાંકણયુક્ત મધુકુંભ સમાન છે.

(૩૯૦) જે પુરુષનું હૃદય પાપી અને મલિન છે અને જેની જીભ સદા મધુર ભાષિણી છે, તે મધુયુક્ત ઢાંકણવાળા વિષકુંભ સમાન છે.

(૩૯૧) જેનું હૃદય પાપી અને મલિન છે તથા જેની જીભ સદા કટુભાષિણી છે, તે પુરુષ વિષયુક્ત ઢાંકણાવાળા વિષકુંભ સમાન છે.

## સૂત્ર–૩૯૨

(૧) ઉપસર્ગો ચાર ભેદે કહ્યા – દિવ્યા–મનુષ્યા–તિર્યંચયોનિકા – આત્મ સંચેતનીયા. (૨) દિવ્ય ઉપસર્ગો ચાર ભેદે કહ્યા – હાસ્યથી, દ્વેષથી, વિમર્શથી, ઉપહાસથી. (૩) મનુષ્ય સંબંધી ઉપસર્ગો ચાર ભેદે કહ્યા – હાસ્યથી, પ્રદ્વેષથી, વીમંસાથી, કુશીલ પ્રતિસેવનાથી.

(૪) તિર્યંચ સંબંધી ઉપસર્ગો ચાર ભેદે કહ્યા – ભયથી, પ્રદ્વેષથી, આહાર હેતુથી, સ્વ સ્થાનની રક્ષા માટે. (૫) આત્મ સંચેતનીય ઉપસર્ગો ચાર ભેદે કહ્યા – સંઘટ્ટનથી, પડી જવાથી, સ્તંભનતાથી, લેશનતાથી.

## સૂત્ર–૩૯૩ થી ૩૯૬

(૩૯૩) કર્મો ચાર ભેદે કહ્યા – શુભ અને શુભ, શુભ અને અશુભ, અશુભ અને શુભ, અશુભ અને અશુભ.

કર્મો ચાર ભેદે કહ્યા – શુભ અને શુભવિપાકી, શુભ પણ અશુભ વિપાકી, અશુભ પણ શુભવિપાકી, અશુભ

અને અશુભ–વિપાકી.

કર્મ ચાર ભેદે – પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ.

(૩૯૪) સંઘ ચાર ભેદે છે – શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા.

(૩૯૫) બુદ્ધિ ચાર ભેદે છે – ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી.

મતિ ચાર ભેદે છે – અવગ્રહમતિ, ઇહામતિ, અપાયમતિ, ધારણામતિ – અથવા મતિ ચાર ભેદે છે – ઘડાના પાણી સમાન, વિરડાના પાણી સમાન, તળાવના પાણી સમાન, સાગરના પાણી સમાન.

(૩૯૬) સંસારી જીવો ચાર ભેદે છે – નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ.

સર્વ જીવો ચાર ભેદે કહ્યા – મનોયોગી, વચનયોગી, કાયયોગી, અયોગી – અથવા – સર્વજીવો ચાર ભેદે કહ્યા – સ્ત્રી વેદવાળા, પુરુષ વેદવાળા, નપુંસક વેદવાળા, અવેદકા –

અથવા – સર્વે જીવો ચાર ભેદે કહ્યા – ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, કેવલીદર્શની – અથવા – સર્વે જીવો ચાર ભેદે કહ્યા – સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયતાસંયત.

## સૂત્ર–૩૯૭ થી ૪૦૨

(૩૯૭) ચાર ભેદે પુરુષો કહ્યા – મિત્ર અને મિત્ર, મિત્ર અને અમિત્ર, અમિત્ર અને મિત્ર, અમિત્ર અને અમિત્ર.

ચાર ભેદે પુરુષ કહ્યા – મિત્ર અને મિત્રરૂપ આદિ ચાર ભંગ.

ચાર ભેદે પુરુષો કહ્યા – મુક્ત અને મુક્ત, મુક્ત અને અમુક્ત આદિ ચાર.

ચાર ભેદે પુરુષો કહ્યા – મુક્ત – મુક્તરૂપ આદિ ચાર

(૩૯૮) પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ચાર ગતિ અને ચાર આગતિવાળા કહ્યા – પંચેન્દ્રિય તિર્યંચયોનિકો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પદ્યમાન (જીવો) નૈરયિક – તિર્યંચયોનિક – મનુષ્ય – દેવોમાંથી ઉત્પન્ન થાય છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિત્વને છોડતો નૈરયિક યાવત્ દેવપણે ઉત્પન્ન થાય છે.

મનુષ્યો ચારગતિક, ચાર આગતિક છે, તેને તિર્યંચવત્ જાણવા.

(૩૯૯) બેઇન્દ્રિય જીવોના આરંભને ન કરનારને ચાર ભેદે સંયમ થાય છે –(૧) જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરતો નથી, (૨) જિહ્વાના દુઃખ સાથે તેમને જોડનાર ન થાય, (૩) સ્પર્શેન્દ્રિય સુખનો વિનાશ ન કરે, (૪) સ્પર્શનેન્દ્રિયના દુઃખ સાથે તેમને જોડનાર ન થાય.

બેઇન્દ્રિય જીવોનો આરંભ કરનારને ચાર ભેદે અસંયમ થાય છે – (૧) જિહ્વા સંબંધી સુખનો વિનાશ કરે છે. (૨) જિહ્વા સંબંધી દુઃખ સાથે જોડનાર થાય છે, (૩) સ્પર્શનેન્દ્રિય સંબંધી સુખનો વિનાશ કરે છે, (૪) સ્પર્શ ઇન્દ્રિય સંબંધી દુઃખ સાથે જોડનાર થાય છે.

(૪૦૦) સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોને ચાર ક્રિયાઓ કહી છે – આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન ક્રિયા. સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારોને ચાર ક્રિયાઓ કહી – પૂર્વવત્. વિકલેન્દ્રિય છોડીને વૈમાનિક સુધી આમ જાણવું.

(૪૦૧) ચાર કારણે બીજાના છતા ગુણનો અપલાપ કરે– (૧) ક્રોધથી,(૨) પ્રતિનિસેવથી, (૩) અકૃતજ્ઞતાથી, (૪) મિથ્યાભિનિવેશથી.

ચાર કારણે બીજાના છતા ગુણ પ્રકટ કરે– પ્રશંસાના સ્વભાવથી, પરછંદાનુવર્તિત્વ, કાર્ય હેતુ, કૃત–પ્રતિકૃતતાથી.

(૪૦૨) નૈરયિકોને ચાર કારણે શરીરની પૂર્ણતા કહી – ક્રોધ વડે નિવર્તિત યાવત્ લોભ વડે નિવર્તિત. એ રીતે વૈમાનિક સુધી સર્વે દંડકોમાં જાણવુ.

## સૂત્ર–૪૦૩ થી ૪૦૬

(૪૦૩) ધર્મના ચાર દ્વારો કહ્યા – ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ.

(૪૦૪) ચાર કારણે જીવ નૈરયિકપણાનું કર્મ બાંધે છે – મહા આરંભથી, મહા પરિગ્રહથી, પંચેન્દ્રિયના વધથી, માંસાહારથી. .....ચાર કારણે જીવ તિર્યંચયોનિકપણાનુ કર્મ બાંધે છે – માયા કરવાથી, વેશ બદલીને ઠગવાથી, જૂઠ બોલવાથી, ખોટા તોલ–માપ કરવાથી. ..... ચાર કારણે જીવ મનુષ્યત્વ યોગ્ય કર્મ બાંધે છે – પ્રકૃતિ ભદ્રતાથી, પ્રકૃતિ વિનીતતાથી, દયાળુતાથી, મત્સર રહિતતાથી. .....ચાર કારણે જીવ દેવપણાને યોગ્ય કર્મ બાંધે છે – સરાગ સંયમથી, દેશવિરતિપણાથી, બાળતપોકર્મથી, અકામ–નિર્જરાથી.

(૪૦૫) ચાર પ્રકારે વાદ્ય કહ્યા છે – તત, વિતત, ઘન, શુષિર.

ચાર ભેદે નાટ્ય કહ્યા – અંચિત, રિભિત, આરભડ, ભિસોલ.

ચાર ભેદે ગેય કહ્યા – ઉત્ક્ષિપ્ત, મંદ, રોવિંદક.

ચાર ભેદે માલ્ય કહ્યા – ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ.

ચાર ભેદે અલંકાર કહ્યા – કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર.

ચાર ભેદે અભિનય કહ્યા છે – દાર્ષ્ટાન્તિક, પાંડુસુત, સામંતોવાચનિક, લોકમધ્યાવસાન.

(૪૦૬) સનત્કુમાર અને માહેન્દ્રકલ્પે વિમાનો ચાર વર્ણવાળા કહ્યા – નીલા, પીળા, રાતા, ધોળા. મહાશુક્ર અને સહસ્રાર દેવોના ભવધારણીય શરીરો ઉત્કૃષ્ટથી ચાર હાથની ઊંચાઈવાળા કહ્યા છે.

## સૂત્ર–૪૦૭ થી ૪૧૧

(૪૦૭) ચાર ઉદક ગર્ભો કહ્યા – ઓસ, મહિકા, શીતા, ઉષ્ણિતા.

ઉદક ગર્ભો ચાર કહ્યા – હિમપાત, આકાશાચ્છાદન, શીતોષ્ણ, પંચરૂપિતા.

(૪૦૮) મહામાં હિમપાતગર્ભ– ઝાકળરૂપ, ફાગણમાં અભ્રસંસ્તૃત–આકાશ વાદળોથી છવાયેલ રહે,, ચૈત્ર માસમાં શીતોષ્ણ–સહિત અને ઉષ્ણ મિશ્રરૂપ અને વૈશાખ માસમાં પંચરૂપિત ગર્ભ –ગર્જના વિદ્યુત આદિ હોય છે.

(૪૦૯) માનુષીગર્ભ ચાર ભેદે છે – સ્ત્રીપણે, પુરુષપણે, નપુંસકપણે, બિંબપણે.

(૪૧૦) અલ્પવીર્ય અને વિશેષ રજ હોય તો સ્ત્રીગર્ભ થાય અલ્પરજ – બહુ શુક્ર હોય તો પુરુષગર્ભ થાય.

(૪૧૧) બંને તુલ્ય હોય તો નપુંસક ગર્ભ થાય, સ્ત્રીના વાયુ આદિ સમયોગથી બિંબરૂપે ઉત્પન્ન થાય.

## સૂત્ર–૪૧૨ થી ૪૧૯

(૪૧૨) ઉત્પાદપૂર્વની ચાર મૂલવસ્તુ કહી છે. (૪૧૩) કાવ્ય ચાર ભેદે છે – ગદ્ય, પદ્ય, કથ્ય, ગેય.

(૪૧૪) નૈરયિકોને ચાર સમુદ્‌ઘાત કહ્યા છે – વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત. એ રીતે વાયુકાયિકોને પણ આ ચાર જાણવા.

(૪૧૫) અરિહંત અરિષ્ટનેમિને જિનસદૃશ, સર્વાક્ષર સંનિપાતિક, જિનની જેમ અવિતથ વચન કહેનારા ૪૦૦ ચૌદપૂર્વીની સંપદા હતી.

(૪૧૬) શ્રમણ ભગવંત મહાવીરને દેવ–મનુષ્ય–અસુરો સહિત પર્ષદામાં કોઈથી પરાજય ન પામનારા ૪૦૦ વાદીની ઉત્કૃષ્ટ સંપદા હતી.

(૪૧૭) નીચેના ચાર કલ્પો અર્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત કહ્યા છે – સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર. મધ્યના ચાર કલ્પો પરિપૂર્ણ ચંદ્રાકાર સંસ્થિત કહ્યા – બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, ઉપરના ચાર કલ્પો અર્ધચંદ્રાકાર સંસ્થિત કહ્યા – આનત, પ્રાણત, આરણ, અચ્યુત.

(૪૧૮) ચાર સમુદ્રો ભિન્ન રસવાળા કહ્યા – લવણોદ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ.

(૪૧૯) ચાર આવર્ત્ત કહ્યા છે – ખરાવર્ત્ત–., ઉન્નતાવર્ત્ત, ગૂઢાવર્ત્ત, આમિષાવર્ત્ત. એ દૃષ્ટાંતે કષાયો ચાર કહ્યા – ખરાવર્ત્ત સમાન ક્રોધમાં વર્તતો જીવ, ઉન્નતાવર્ત્ત સમાન માનમાં વર્તતો જીવ, ગૂઢાવર્ત્ત સમાન માયામાં વર્તતો જીવ, આમિસાવર્ત્ત સમાન લોભમાં વર્તતો જીવ. એ ચારેના ઉદયવાળો જીવ મરીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે.

સૂત્ર–૪૨૦ થી ૪૨૨

(૪૨૦) અનુરાધા નક્ષત્રના ચાર તારા કહ્યા છે. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાને પણ એમ જ છે.

(૪૨૧) જીવોએ ચાર સ્થાને નિર્વર્તિત પુદ્‌ગલો પાપકર્મપણાએ કર્યા છે – કરે છે – કરશે – જેમ કે – નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ–નિર્વર્તિત. એ પ્રમાણે ઉપચય કર્યો છે – કરે છે – કરશે. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા (એ સર્વે કર્યા છે – કરે છે અને કરશે.)

(૪૨૨) ચાર પ્રદેશવાળા સ્કંધો અનંતા કહ્યા છે, ચાર આકાશ પ્રદેશ અવગાઢ પુદ્‌ગલો અનંત કહ્યા છે, ચાર સમય સ્થિતિક પુદ્‌ગલો અનંતા છે. યાવત્ ચાર ગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા છે.

સ્થાન–૪, ઉદ્દેશા–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

સ્થાન–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાન–૫ - ઉદ્દેશો–૧

### સૂત્ર–૪૨૩

પાંચ મહાવ્રતો કહ્યા છે – સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું, સર્વથા મૃષાવાદ થી વિરમવું, સર્વથા અદતાદાનથી વિરમવું, સર્વથા મૈથુનથી વિરમવું, સર્વથા પરિગ્રહથી વિરમવુ.

પાંચ અણુવ્રતો કહ્યા છે – સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂળ મૃષાવાદ વિરમણ, સ્થૂળ અદત્તાદાન વિરમણ, સ્વદારા સંતોષ અનેઇચ્છા પરિમાણ (પરિગ્રહ મર્યાદા કરવી).

### સૂત્ર–૪૨૪ / ૪૨૫

(૪૨૪) (૧) પાંચ વર્ણો કહ્યા – કૃષ્ણ, નીલ, લાલ, પીળો, સફેદ.

(૨) પાંચ રસો કહ્યા – તિક્ત યાવત્ મધુર.

(૩) પાંચ કામ ગુણો કહ્યા – શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૪) પાંચ સ્થાને જીવો આસક્ત થાય છે – શબ્દ યાવત્ સ્પર્શ, એ પ્રમાણે (૫) રાગ પામે છે, (૬) મૂર્છા પામે છે, (૭) ગૃદ્ધ થાય છે, (૮) આકાંક્ષાવાળા થાય છે, (૯) મૃત્યુ પામે છે.

(૧૦) પાંચ સ્થાનોનું અજ્ઞાન અને તેના અપ્રત્યાખ્યાન જીવોને અહિત–અશુભ–અક્ષમ–અકલ્યાણ–અનાનુગામિતતાને માટે થાય છે – શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૧૧) પાંચ સ્થાનોનું જ્ઞાન અને તેનું પ્રત્યાખ્યાન જીવને હિત–શુભ – યાવત્ આનુગામિકતાને માટે થાય છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૧૨) પાંચ સ્થાનોનું અજ્ઞાન અને અપ્રત્યાખ્યાન જીવને દુર્ગતિ માટે થાય છે તે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૧૩) પાંચ સ્થાનોનું જ્ઞાન અને તેનું પ્રત્યાખ્યાન જીવને સુગતિ માટે થાય છે તે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૪૨૫) પાંચ સ્થાનો વડે જીવો દુર્ગતિમાં જાય છે- પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહથી.

પાંચ સ્થાનો વડે જીવ સદ્ગતિમાં જાય છે - પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ.

### સૂત્ર–૪૨૬ થી ૪૨૮

(૪૨૬) પાંચ પ્રતિમા–અભિગ્રહ વિશેષકહી છે- ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા, ભદ્રોત્તર પ્રતિમા.

(૪૨૭) પાંચ સ્થાવરકાય કહ્યા - ઇન્દ્ર(પૃથ્વી), બ્રહ્મ(અપ્), શિલ્પ(તેઉ), સંમતિ(વાયુ) અને પ્રાજાપત્ય(વનસ્પતિ)–સ્થાવરકાય.

પાંચ સ્થાવર કાયાધિપતિ કહ્યા – ઈન્દ્ર સ્થાવર કાયાધિપતિ યાવત્ પ્રાજાપત્ય સ્થાવરકાયાધિપતિ.

(૪૨૮) પાંચ કારણે અવધિદર્શન ઉત્પન્ન થવાના પ્રથમ સમયે ક્ષોભ પામે છે- (૧) અલ્પ જીવવાળી પૃથ્વીને જોઈને, (૨) કુંથુઓથી વ્યાપ્ત પૃથ્વીને જોઈને, (૩) અતિ મોટા સર્પના શરીરને જોઈને, (૪) મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્યવાળા દેવને જોઈને, (૫) નગરોમાં પ્રાચીનકાળના અતિ મોટા નિધાનોને જોઈને,

તે નિધાનો – પ્રાયઃ નાશ પામેલ છે સ્વામી જેના, જેની વૃદ્ધિ કરનાર કોઈ નથી, જેના વંશમાં કોઈ નથી, જેના સ્વામી – સ્વામીવંશજ અને ગોત્રીય કુળોનો સર્વથા ઉચ્છેદ થઈ ગયો છે તેવા તથા જે ગામ , આકર , નગર , ખેડ , કર્બટ , દ્રોણમુખ , પટ્ટણ , આશ્રમ , સંબાધ , સંનિવેશમાં તેમજ શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ટ, ચત્વર, ચતુર્મુખ, મહાપથોમાં, નગરની ખાળ , શ્મશાન , શૂન્યગૃહ , ગિરિકંદર , શાંતિગૃહ , શૈલગૃહ , ઉપસ્થાન,ભવનગૃહમાં સ્થાપેલા છે તેને જોઈને પ્રથમ સમયમાં સ્ખલના પામે. આ પાંચ કારણે ઉત્પન્ન થતા અવધિદર્શની પહેલા સમયે ક્ષોભ પામે.

પાંચ કારણે પ્રધાન કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થવાના પ્રથમ સમયે ક્ષોભ પામે – અલ્પ જીવવાળી પૃથ્વીને જોઈને પહેલા સમયે ક્ષોભ પામે, બાકી પૂર્વવત્ યાવત્ ભવનગૃહમાં સ્થાપેલા નિધાનોને જોઈને પ્રથમ સમયે

ક્ષોભ પામે, બાકી પૂર્વવત્. આ કારણે ક્ષોભ પામે.

સૂત્ર–૪૨૯

નૈરયિકોના શરીરો પાંચ વર્ણ–પાંચ રસવાળા કહ્યા. તે આ–કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણીય, તિક્ત યાવત્ મધુર રસવાળા. એ રીતે વૈમાનિક પર્યન્ત જાણવું.

શરીરો પાંચ કહ્યા – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.

ઔદારિક શરીર પાંચ વર્ણ અનેપાંચ રસવાળુ છે. તે આ – કૃષ્ણ યાવત્ શુક્લ, તિક્ત યાવત્ મધુર. એ રીતે યાવત્ કાર્મણ શરીર જાણવુ.

બધા સ્થૂળ દેહધારીના શરીરો પાંચ વર્ણવાળા, પાંચ રસવાળા, બે ગંધવાળા, આઠ સ્પર્શવાળા હોય છે.

સૂત્ર–૪૩૦

પહેલા – છેલ્લા તીર્થંકરોના શિષ્યોને પાંચ સ્થાન કઠીન છે. તે આ - દુરાખ્યેય–(ધર્મતત્ત્વનું આખ્યાન કરવું), દુર્વિભાજ્ય–(ભેદ પ્રભેદ સહવસ્તુતત્ત્વનો ઉપદેશ આપવો), દુર્દર્શ–(તત્ત્વોનું યુક્તિપૂર્વક નિદર્શન), દુરતિતિક્ષ–(પરિષહ ઉપસર્ગ આદિ સહન કરવા), દુરનુચર–(સંયમનું પાલન કરવું).

પાંચ સ્થાને મધ્યના ૨૨–તીર્થંકરોના શિષ્યોને ઉપદેશ સુગમ થાય છે તે આ - સુઆખ્યેય–(વ્યાખ્યા સરળતાથી કરે,, સુવિભાજ્ય–(વિભાગ કરવો સરળ), સુદર્શ–(સરળતાથી સમજે), સુતિતિક્ષ, સુરનુચર.

પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને નિત્ય વર્ણવેલા છે, નિત્ય કીર્તન કર્યા છે, નિત્ય વાણીથી કહ્યા છે, નિત્ય પ્રશંસેલા છે, નિત્ય અનુજ્ઞાપિત કર્યા છે – ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લઘુતા.

પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે તે આ – સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ

પાંચ સ્થાનો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે. તે આ – ઉત્ક્ષિપ્ત ચરક, નિક્ષિપ્ત ચરક, અંતચરક, પ્રાંતચરક, રૂક્ષચરક. (આહાર ગ્રહણ કરવા સંબંધી આ પાંચે વિવિધ અભિગ્રહ છે)

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે – અજ્ઞાત ચરક, અન્ય ગ્લાનચારી, મૌનચારી, સંસૃષ્ટકલ્પિક, તજ્જાત સંસૃષ્ટ કલ્પિક. (આહાર ગ્રહણ કરવા સંબંધી આ પાંચે પણ વિવિધ અભિગ્રહ છે)

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે – ઔપનિધિક, શુદ્ધૈષણિક, સંખ્યાદત્તિક, દષ્ટલાભિક, પૃષ્ઠલાભિક. (આહાર ગ્રહણ કરવા સંબંધી આ પાંચે પણ વિવિધ અભિગ્રહ છે)

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત કર્યા છે – આચામ્લિક, નિર્વિકૃતિક, પુરિમાર્ધિક, પરિમિત પિંડપાતિક, ભિન્નપિંડપાતિક. (આહાર ગ્રહણ કરવા સંબંધી આ પાંચે પણ વિવિધ અભિગ્રહ છે)

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે – અરસાહાર, વિરસાહાર, અંતાહાર, પ્રાંતાહાર, લૂક્ષાહાર. (આહાર ગ્રહણ કરવા સંબંધી આ પાંચે પણ વિવિધ અભિગ્રહ છે)

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે – અરસજીવી, વિરસજીવી, અંતજીવી, પ્રાંતજીવી, રૂક્ષજીવી.

પાંચ સ્થાનો યાવત્ અનુજ્ઞાપિત છે, તે – સ્થાનાતિત, ઉત્કટુકાસનિક, પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક.

પાંચ સ્થાન યાવત્ અનુજ્ઞાપિત છે – દંડાયતિક, લગડશાયી, આતાપક, અપ્રાવૃતક, અકંડૂયક.

સૂત્ર–૪૩૧

પાંચ સ્થાનોમાં શ્રમણનિર્ગ્રન્થ મહાનિર્જરાવાળા અને મહાપર્યવસાનવાળા થાય, તે આ – આચાર્ય વૈયાવચ્ચ કરતા, એ રીતે ઉપાધ્યાયવૈયાવચ્ચ કરતા, સ્થવીરવૈયાવચ્ચ કરતા, તપસ્વીવૈયાવચ્ચ કરતા, ગ્લાનવૈયાવચ્ચ કરતા.

પાંચ સ્થાને શ્રમણ નિર્ગ્રન્થ મહાનિર્જરાવાળા, મહાપર્યવસાનવાળા થાય છે – અગ્લાનપણે (૧) શૈક્ષની, (૨) કુલની, (૩) ગણની, (૪) સંઘની, (૫) સાધર્મિકની વૈયાવચ્ચ કરતા.

સૂત્ર–૪૩૨ થી ૪૩૪

(૪૩૨) પાંચ સ્થાનોમાં શ્રમણ નિર્ગ્રન્થ, સાધર્મિક સાંભોગિકને વિસંભોગિક કરતો જિનાજ્ઞા ઉલ્લંઘતો નથી. (૧) પાપકાર્યને સેવનાર હોય, (૨) સેવીને આલોચના ન કરે, (૩) આલોચીને પ્રાયશ્ચિત્ત ન કરે, (૪) પ્રાયશ્ચિત્ત લઈને તેને પરિપૂર્ણ ન કરે. (૫) જે આ સ્થવિરોનો સ્થિતિ કલ્પ છે તેને ઉલ્લંઘી–ઉલ્લંઘીને વિરુદ્ધ વર્તન કરે, ત્યારે જો તેને કોઈ તેમ ન કરવા પ્રેરણા કરે તો બોલે કે સ્થવિરો મને શું કરી લેશે ?

પાંચ સ્થાનોમાં શ્રમણ નિર્ગ્રન્થ સાધર્મિકને પારાંચિત કરતા જિન આજ્ઞાને ઉલ્લંઘતો નથી. (૧) જે કુળમાં વસે, તે જ કુળમાં ભેદ માટે તત્પર થાય. (૨) જે ગણમાં વસે તે ગણમાં ભેદ માટે તત્પર થાય. (૩) હિંસાપ્રેક્ષી–(જે કુલ, ગણ કે સાધુના વધને ઈચ્છે), (૪) છિદ્રપ્રેક્ષી, (૫) વારંવાર અંગુષ્ઠ પ્રશ્નાદિ સાવદ્યનો પ્રયોગ કરે.

(૪૩૩) આચાર્ય–ઉપાધ્યાયના ગણને વિશે પાંચ વિગ્રહ સ્થાનો કહ્યા – (૧) આચાર્ય–ઉપાધ્યાય ગણમાં રહેલા શ્રમણોને આજ્ઞા કે નિષેધ સમ્યક્ પ્રકારે ન કરે, (૨) ગણમાં રહેલા શ્રમણો દીક્ષા પર્યાયના ક્રમે સમ્યક્ પ્રકારે વંદન ન કરે, (૩) ગણમાં કાળ ક્રમે આગમની વાચના ન આપે, (૪) ગણમાં ગ્લાન કે શૈક્ષ્યની વૈયાવચ્ચની સમ્યક્ વ્યવસ્થા ન કરે, (૫) ગણમાં રહેલા શ્રમણો ગુરુની આજ્ઞા વિના વિહાર કરે, આજ્ઞા લઈને ન વિચરે.

આચાર્ય–ઉપાધ્યાયના ગણમાં અવિગ્રહના પાંચ કારણો કહ્યા – (૧) આચાર્ય–ઉપાધ્યાય ગણમાં રહેલા શ્રમણોની આજ્ઞા કે નિષેધ સમ્યક્ પ્રકારે કરે. (૨) ગણમાં રહેલ શ્રમણ દીક્ષાપર્યાયના ક્રમથી સમ્યક્ પ્રકારે વંદના કરે. (૩) ગણમાં જેને જે કાળે વાચના આપવાની છે તે આગમ વાચના આપે. (૪) આચાર્ય–ઉપાધ્યાય પોતાના ગણમાં ગ્લાન કે શૈક્ષની વૈયાવચ્ચ માટે સમ્યક્ વ્યવસ્થા કરે. (૫) ગણમાં રહેનાર શ્રમણ ગુરુની આજ્ઞાથી વિચરે પણ અનાપૃચ્છિતચારી ન બને.

(૪૩૪) પાંચ નિષદ્યા–બેસવાની રીતો કહી છે– ઉત્કુટિકા, ગોદોહિકા, સમપાદપુત્તા, પર્યંકા, અર્ધપર્યંકા.

પાંચ આર્જવસ્થાનો અર્થાત મોક્ષ કે સંવરસ્થાનો કહ્યા છે – શુભ આર્જવ(સરળતા), શુભ માર્દવ(મૃદુતા), શુભ લાઘવ(લઘુતા), શુભ ક્ષાંતિ(ક્ષમા), શુભ ગુપ્તિ(નિર્લોભતા).

સૂત્ર–૪૩૫ થી ૪૩૯

(૪૩૫) જ્યોતિષ્ક દેવો પાંચ ભેદે કહ્યા – ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા.

દેવો પાંચ ભેદે કહ્યા છે – ભવ્યદ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ, ભાવદેવ.

(૪૩૬) પરિચારણા પાંચ ભેદે કહી – કાય પરિચારણા, સ્પર્શ પરિચારણા, રૂપ પરિચારણા, શબ્દ પરિચારણા, મન પરિચારણા.

(૪૩૭) અસુરેન્દ્ર અસુરરાજ ચમરની પાંચ અગ્રમહિષીઓ કહી છે – કાલી, રાતી, રજની, વિદ્યુત, મેઘા.

વૈરોચનેન્દ્ર વૈરોચનરાજની પાંચ અગ્રમહિષીઓ કહી છે – શુંભા, નિશુંભા, રંભા, નિરંભા, મદના.

(૪૩૮) અસુરેન્દ્ર અસુરરાજ ચમરના પાંચ સંગ્રામિક સૈન્યો અને પાંચ સંગ્રામાધિપતિઓ કહ્યા – પદાતિ સૈન્ય, અશ્વ સૈન્ય, હસ્તિ સૈન્ય, મહિષ સૈન્ય, રથ સૈન્ય...

દ્રુમ, પદાતિ સૈન્યાધિપતિ છે, સૌદામી, અશ્વ સૈન્યાધિપતિ, કુંથુ, હસ્તિ સૈન્યાધિપતિ, લોહીતાક્ષ મહિષ સૈન્યાધિપતિ અને કિન્નર, રથ સૈન્યનો અધિપતિ છે.

વૈરોચનેન્દ્ર વૈરોચન રાજના પાંચ સંગ્રામિક સૈન્ય તથા પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ છે – પાયદળ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં મહાદ્રુમ, પદાતિ સૈન્યાધિપતિ મહાસૌદામા, અશ્વ સૈન્યાધિપતિ, માલંકાર, હસ્તિ સૈન્યાધિપતિ, મહા લોહીતાક્ષ, મહિષ સૈન્યાધિપતિ, કિંપુરિષ, રથ સૈન્યાધિપતિ છે.

નાગકુમારેન્દ્ર નાગરાજ ધરણના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ કહ્યા છે. પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં – ભદ્રસેન, પદાતિ સૈન્યાધિપતિ, યશોધર, અશ્વસૈન્યાધિપતિ. સુદર્શન, હસ્તિ

સૈન્યાધિપતિ, નીલકંઠ, મહિષ સૈન્યાધિપતિ, આનંદ, રથનો સૈન્યાધિપતિ છે.

નાગકુમારેન્દ્ર નાગરાજ ભૂતાનંદના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિ કહ્યા છે – પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં – દક્ષ, પદાતિ સૈન્યાધિપતિ સુગ્રીવ, અશ્વ સૈન્યાધિપતિ સુવિક્રમ, હસ્તિસૈન્ય અધિપતિ. શ્વેતકંઠ, મહિષ સૈન્યાધિપતિ. નંદોત્તર, રથ સૈન્યાધિપતિ છે.

સુપર્ણેન્દ્ર સુપર્ણરાજ વેણુદેવના પાંચ સંગ્રામિક સૈન્ય અને પાંચ સંગ્રામિક સૈન્યાધિપતિઓ કહ્યા છે – પદાતિસૈન્યાદિ. એ રીતે જેમ ધરણેન્દ્ર કહ્યા તેમ વેણુદેવને કહેવા. વેણુદાલીને ભૂતાનંદવત્ કહેવા.

ધરણેન્દ્રવત્ બધા દક્ષિણ દિશાના ઈન્દ્રો ઘોષપર્યન્ત કહેવા. ભૂતાનંદને કહ્યા તેમ બધા ઉત્તર દિશાના ઈન્દ્રો મહાઘોષ પર્યન્ત કહેવા.

દેવેન્દ્ર દેવરાજ શક્રના પાંચ સંગ્રામિક સૈન્યો, પાંચ સંગ્રામિક સૈન્યઅધિપતિઓ કહ્યા છે – પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં–હરિણેગમેષી પદાતિ સૈન્યાધિપતિ છે. વાયુ, અશ્વસૈન્યાધિપતિ. ઐરાવત, હસ્તિસૈન્યાધિપતિ. દામર્દ્ધિ, વૃષભ સૈન્યાધિપતિ અને માઢર, રથ સૈન્યાધિપતિ છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનના પાંચ સંગ્રામિક સૈન્યો, પાંચ સંગ્રામિક સેન્ય અધિપતિ કહ્યા છે – પદાતિ સૈન્ય યાવત્ રથ સૈન્ય. તેમાં લઘુપરાક્રમ, પદાતિ સૈન્યાધિપતિ, મહાવાયુ, અશ્વ સૈન્યાધિપતિ. પુષ્પદંત, હસ્તિ સૈન્યાધિપતિ, મહાદામર્દ્ધિ, વૃષભ સૈન્યાધિપતિ, મહામાઢર, રથ સૈન્યાધિપતિ છે.

જેમ શક્રેન્દ્રને કહ્યા તેમ બધા દક્ષિણ દિશાના ઈન્દ્રો યાવત્ આરણેન્દ્ર સુધી કહેવું. જેમ ઈશાનેન્દ્ર કહ્યા તેમ ઉત્તર દિશાના બધા ઈન્દ્રો અચ્યુતેન્દ્ર સુધી કહેવા.

(૪૩૯) દેવેન્દ્ર દેવરાજ શક્રની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમ કહી છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અભ્યંતર પર્ષદાની દેવીની સ્થિતિ પાંચ પલ્યોપમ કહી છે.

### સૂત્ર–૪૪૦ થી ૪૪૨

(૪૪૦) પ્રતિઘાત–(અવરોધ) પાંચ ભેદે કહેલ છે– ગતિ પ્રતિઘાત , સ્થિતિ પ્રતિઘાત, બંધન પ્રતિઘાત, ભોગ પ્રતિઘાત, બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમ પ્રતિઘાત.

(૪૪૧) આજીવિક પાંચ ભેદે કહેલ છે– જાતિ આજીવિક –કુલ આજીવિક –કર્મ આજીવિક –શીલ્પ આજીવિક –લિંગ આજીવિક.

(૪૪૨) રાજ ચિહ્નો પાંચ કહ્યા છે – ખડ્ગ, છત્ર, મુગટ, ઉપાનહ અને ચામર.

### સૂત્ર–૪૪૩

પાંચ કારણે છદ્મસ્થ સાધુ ઉદિર્ણ પરીષહ–ઉપસર્ગોને સમ્યક્ રીતે સહે, ખમે, તિતિક્ષે, અધ્યાસિત કરે, તે આ

(૧) તે પુરુષ કર્મોદય થકી ઉન્મત્ત જેવો થઈ ગયો છે, તેથી મને તે આક્રોશ વચન બોલે છે, ઉપહાસ કરે છે, ફેંકી દે છે, મારી નિર્ભર્ત્સના કરે છે, બાંધે છે, રુંધે છે, શરીરને છેદે છે, મૂર્ચ્છા પમાડે છે, ઉપદ્રવ કરે છે, મારા વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ છીનવી લે છે, દૂર ફેંકી દે છે, ભાંગે છે કે ચોરી કરી જાય છે.

(૨) નિશ્ચે આ પુરુષ યક્ષાવિષ્ટ થયો છે, તેથી મને આ પુરુષ આક્રોશ કરે છે યાવત્ મારી વસ્તુઓ હરી લે છે.

(૩) મારા આ ભવમાં વેદવા યોગ્ય કર્મો ઉદયમાં આવેલા છે, તેથી આ પુરુષ મને આક્રોશ કરે છે યાવત્ મારી વસ્તુઓ લઈ જાય છે.

(૪) સારી રીતે ન સહન કરનાર, ન ક્ષમા કરનાર, ન તિતિક્ષા કરનાર, નિશ્ચલ ન રહેનાર એવા મને એકાંતે પાપકર્મનો બંધ થશે.

(૫) સમ્યગ્ રીતે સહન કરનાર યાવત્ નિશ્ચલ રહેનાર એવા મને એકાંતે નિર્જરા થશે.

આ પાંચ સ્થાન વડે છદ્મસ્થ ઉદીર્ણ પરીષહ–ઉપસર્ગોને સમ્યક્ સહન કરે યાવત્ તેમાં નિશ્ચલ રહે.

પાંચ કારણે કેવલી ઉદયમાં આવેલ પરીષહ–ઉપસર્ગોને સમ્યક્ સહે યાવત્ અધ્યાસે –

(૧) આ પુરુષ ક્ષિપ્તચિત્ત છે. તેથી મને તે આક્રોશ કરે છે યાવત્ હરણ કરે છે.

(૨) આ પુરુષ દૈપ્તચિત્ત છે, તેથી મને તે આક્રોશ કરે છે યાવત્ હરી લે છે.

(૩) આ પુરુષ યક્ષાવિષ્ટ છે, તેથી તે મને આક્રોશ કરે છે યાવત્ હરી લે છે.

(૪) મારા તે ભવ વેદનીય કર્મનો ઉદય છે, તેથી આ પુરુષ મને આક્રોશ કરે છે યાવત્ હરી લે છે.

(૫) સમ્યક્ સહેતા, ખમતા, તિતિક્ષતા, અધ્યાસતા મને જોઈને બીજા ઘણા છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રન્થો ઉદયમાં આવેલ પરીષહ–ઉપસર્ગોને સમ્યક્ સહેશે યાવત્ અધ્યાસિત કરશે. આ પાંચ કારણે કેવલી ઉદયમાં આવેલા પરીષહો–ઉપસર્ગો સમ્યક્ સહે યાવત્ નિશ્ચલ રહે.

## સૂત્ર–૪૭૪

(૧) હેતુ પાંચ પ્રકારે કહ્યા છે– હેતુને જાણતો નથી, હેતુને દેખતો નથી, હેતુ પર શ્રદ્ધા કરતો નથી, હેતુને પ્રાપ્ત કરતો નથી, હેતુને જાણ્યા વિના અજ્ઞાન મરણે મરે છે.

(૨) હેતુ પાંચ પ્રકારે કહ્યા – હેતુ વડે જાણતો નથી યાવત્ હેતુ વડે અજ્ઞાન મરણે મરે છે.

(૩) હેતુ પાંચ કહ્યા – હેતુ જાણે છે યાવત્ હેતુ છદ્મસ્થ મરણે મરે છે.

(૪) હેતુ પાંચ કહ્યા – હેતુ વડે જાણે છે યાવત્ હેતુ વડે છદ્મસ્થ મરણે મરે છે.

(૫) અહેતુ પાંચ કહ્યા – અહેતુને જાણતો નથી યાવત્ અહેતુને છદ્મસ્થ મરણે મરે છે.

(૬) પાંચ અહેતુ કહ્યા – અહેતુ વડે જાણતો નથી યાવત્ અહેતુ વડે છદ્મસ્થ મરણે મરે છે.

(૭) પાંચ અહેતુ કહ્યા – અહેતુને જાણે છે યાવત્ અહેતુને કેવલીમરણે મરે છે.

(૮) પાંચ અહેતુ કહ્યા – અહેતુ વડે જાણતો નથી યાવત્ અહેતુ વડે કેવલીમરણે મરે છે.

(૯) કેવલીને પાંચ ગુણ અનુત્તર છે – અનુત્તરજ્ઞાન, અનુત્તરદર્શન, અનુત્તરચારિત્ર, અનુત્તરતપ, અનુત્તરવીર્ય.

## સૂત્ર–૪૭૫ થી ૪૭૯

(૪૭૫) પદ્મપ્રભ અરિહંતના પાંચ કલ્યાણક ચિત્રા નક્ષત્રમાં થયા – ચિત્રા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ચિત્રામાં જન્મ્યા, ચિત્રામાં મુંડ થઈને ગૃહવાસ છોડી અણગાર પ્રવ્રજ્યા પામ્યા, ચિત્રામાં અનંત અનુત્તર, અવ્યાબાધ, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ પ્રધાન કેવલજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા, ચિત્રામાં નિર્વાણ પામ્યા.

પુષ્પદંત (સુવિધિ) અરિહંતના પાંચ કલ્યાણક મૂલ નક્ષત્રમાં થયા. મૂલ નક્ષત્રમાં દેવલોકથી ચ્યવી ગર્ભમાં આવ્યા. એ રીતે પૂર્વવત્ પાંચે કલ્યાણકો જાણવા.

(૪૭૬) અરિહંત – પદ્મપ્રભના ચિત્રામાં, પુષ્પદંતના મૂલમાં, શીતલના પૂર્વાષાઢામાં, વિમલના ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં પાંચ–પાંચ કલ્યાણક થયા.

(૪૭૭) અરિહંત–અનંતજિનના રેવતીમાં, ધર્મના પુષ્યમાં, શાંતિના ભરણીમાં, કુંથુના કૃતિકામાં, અરના રેવતીમાં પાંચ–પાંચ કલ્યાણક થયા.

(૪૭૮) અરિહંત–મુનિસુવ્રતના શ્રવણમાં, નમિના અશ્વિનીમાં, નેમિના ચિત્રામાં, પાર્શ્વના વિશાખા નક્ષત્રમાં પાંચ–પાંચ કલ્યાણક થયા.

(૪૭૯) શ્રમણ ભગવંત મહાવીરની પાંચ ઘટના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થઈ – ઉત્તરાફાલ્ગુનીમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા, ઉત્તરાફાલ્ગુનીમાં એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરાયા, ઉત્તરાફાલ્ગુનીમાં જન્મ્યા. ઉત્તરા–ફાલ્ગુનીમાં મુંડ થઈ યાવત્ દીક્ષા લીધી. ઉત્તરાફાલ્ગુનીમાં અનંત અનુત્તર યાવત્ પ્રધાન કેવલજ્ઞાનદર્શન ઉપજ્યા.

## સ્થાન–૫, ઉદ્દેશા–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાન–૫, ઉદ્દેશો–૨

**સૂત્ર–૪૫૦**

સાધુ, સાધ્વીઓને આ કહેલી, સંખ્યા કરેલી, સ્પષ્ટ નામવાળી સમુદ્ર જેવા જળવાળી પાંચ મહાનદીઓ એક માસમાં બે, ત્રણ વખત તરવાનું કે નાવાદિ વડે ઊતરવાનું ન કલ્પે –

ગંગા, યમુના, સરસ્વતી, ઐરાવતી, મહી.

પાંચ કારણે ઊતરવી કલ્પે – ભયમાં, દુર્ભિક્ષમાં, કોઈના દ્વારા પીડા કરાતા, નદીના પ્રવાહમાં વહેતા કોઈને કાઢવા માટે, કોઈ અનાર્ય દ્વારા પીડા કરાતા.

**સૂત્ર–૪૫૧**

સાધુ, સાધ્વીને પ્રથમ વર્ષાકાળમાં ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે, પણ પાંચ કારણે કલ્પે – ભયમાં, દુર્ભિક્ષમાં યાવત્ અનાર્ય દ્વારા પીડા પહોંચતા.

વર્ષાવાસ રહેલ સાધુ–સાધ્વીને ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે, પણ પાંચ કારણે કલ્પે – જ્ઞાન પ્રાપ્તિ માટે, દર્શન પુષ્ટિ અર્થે, ચારિત્ર રક્ષાર્થે, આચાર્ય–ઉપાધ્યાયનું મરણ થતા બીજા આચાર્ય–ઉપાધ્યાયના આશ્રયાર્થે. આચાર્ય–ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવા માટે.

**સૂત્ર–૪૫૨**

પાંચ અનુદ્‌ઘાતિક કહ્યા છે – હસ્તકર્મ કરનારને, મૈથુન સેવનારને, રાત્રિભોજન કરનારને, સાગારિક પિંડ ભોગવતો, રાજપિંડ ભોગવતો.

**સૂત્ર–૪૫૩**

પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ, રાજાના અંતઃપુરમાં પ્રવેશે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી – (૧) નગર પરસૈન્યથી ઘેરાયેલ હોય તેથી નગરના દ્વાર બંધ કરાયા હોય, ઘણા શ્રમણ–બ્રાહ્મણ આહાર–પાણી માટે ક્યાંય પ્રવેશ–નિર્ગમન કરી ન શકતા હોય તો વિજ્ઞપ્તિ કરવાને અંતઃપુરમાં જઈ શકે છે.

(૨) પ્રાતિહારિક પીઠ, ફલક, સંસ્તારક આદિ પાછા આપવા રાજઅંતઃપુરમાં પ્રવેશે. (૩) દુષ્ટ અશ્વ કે હાથી સામે આવતા ભયભીત થઈ અંતઃપુરમાં જાય. (૪) કોઈ બીજો સહસા કે બળપૂર્વક હાથ પકડીને અંતઃપુરમાં પ્રવેશ કરાવે.

(૫) નગરની બહાર બગીચા કે ઉદ્યાનમાં ગયેલ સાધુને રાજાનું અંતઃપુર ચોતરફ વીંટીને ક્રીડા કરવાનું કહે ત્યારે અંતઃપુરમાં રહેલ કહેવાય. આ પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ યાવત્ અંતઃપુરમાં જતા આજ્ઞા ન ઉલ્લંઘે.

**સૂત્ર–૪૫૪**

પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સમાગમ ન કરવા છતાં ગર્ભને ધારણ કરે છે – (૧) સ્ત્રીની યોનિ અનાવૃત્ત હોય, પુરુષના સ્ખલિત વીર્યવાળા સ્થાને બેસે અને શુક્રાણુ યોનિમાં પ્રવેશી જાય. (૨) શુક્ર પુદ્‌ગલ સંસૃષ્ટ વસ્ત્ર યોનિમાં પ્રવેશે. (૩) સ્વયં શુક્રપુદ્‌ગલને યોનિમાં પ્રવેશ કરાવે. (૪) બીજા કોઈ શુક્ર પુદ્‌ગલને યોનિમાં પ્રવેશ કરાવે. (૫) જળાશયમાં શીત જળમાં આચમન માટે કોઈ સ્ત્રી જાય અને તે સમયે તેની યોનિમાં શુક્રાણુ જાય.

પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સહવાસ કરવા છતાં ગર્ભ ધારણ ન કરે – (૧) અપ્રાપ્ત યૌવન, (૨) અતિક્રાંત યૌવન, (૩) જન્મથી વંધ્યત્વ, (૪) જે રોગી હોય, (૫) દૌર્મનસ્યા. આ પાંચ કારણે યાવત્ ન ધારણ કરે.

પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સહવાસ કરતા ગર્ભ ધારણ ન કરે – (૧) નિત્ય રજસ્રાવ થતો હોય, (૨) કદી રજસ્રાવ ન થતો હોય, (૩) ગર્ભાશયદ્વાર આવૃત્ત હોય, (૪) ગર્ભાશયદ્વાર રોગગ્રસ્ત હોય, (૫) અનંગપ્રતિસેવીની હોય. આ પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સંભોગ કરવા છતાં ગર્ભવતી ન થાય.

પાંચ કારણે સ્ત્રી યાવત્ ગર્ભ ધારણ ન કરે – (૧) રજસ્રાવકાળમાં પુરુષ સાથે સવિધિ સહવાસ ન કરે, (૨)

યોનિ દોષથી શુક્રાણુ નષ્ટ થાય, (૩) પિત્તપ્રધાન લોહી હોય, (૪) પૂર્વે દેવતા દ્વારા શક્તિ નષ્ટ કરાય, (૫) પુત્રફળને યોગ્ય કર્મ કરેલ ન હોય – આ પાંચ કારણે સ્ત્રી યાવત્ ગર્ભ ધારણ ન કરે.

સૂત્ર–૪૫૫

પાંચ કારણે સાધુ–સાધ્વી એકત્ર સ્થાન, શય્યા, નિષદ્યા કરે તો જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી – (૧) જેમ સાધુ–સાધ્વી કદાચિત્ કોઈ મહા લાંબી, નિર્જન, અનિચ્છનીય અટવીમાં પ્રવેશે, ત્યાં એકત્રપણે સ્થાન, શય્યા, નિષદ્યાને કરતા જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.

(૨) કેટલાક સાધુ–સાધ્વી ગામમાં, નગરમાં યાવત્ રાજધાનીમાં રહેવાને આવે, તેમાં કેટલાકને વસતી મળે અને કેટલાકને વસતી ન મળે તો તે સમયે એકત્ર સ્થાનાદિ કરતા યાવત્ આજ્ઞાને ઉલ્લંઘતા નથી.

(૩) કેટલાક સાધુ–સાધ્વી નાગકુમાર, સુવર્ણકુમારાદિના આવાસમાં રહેલા હોય ત્યાં એકત્ર સ્થાનાદિ કરતા યાવત્ જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.

(૪) ચોરો દેખાય છે, તે વસ્ત્રને લેવાની બુદ્ધિએ સાધ્વીને ગ્રહણ કરવા ઇચ્છે છે, તેની રક્ષા માટે એકત્ર સ્થાનાદિ કરતા આજ્ઞા ન ઉલ્લંઘે.

(૫) યુવાનો દેખાય છે, તે મૈથુનબુદ્ધિએ સાધ્વીને ગ્રહણ કરવા ઇચ્છે છે, તેની રક્ષાને માટે એકત્ર સ્થાનાદિ કરતા યાવત્ આજ્ઞા ન ઉલ્લંઘે. ઉક્ત પાંચ કારણે સ્થાનાદિથી યાવત્ જિનાજ્ઞા ઉલ્લંઘતા નથી.

પાંચ કારણે વસ્ત્રરહિત શ્રમણ નિર્ગ્રન્થ, વસ્ત્રવાળી સાધ્વીની સાથે રહેતા આજ્ઞાને ઉલ્લંઘતો નથી. તે આ – (૧) ક્ષિપ્તચિત્ત શ્રમણ નિર્ગ્રન્થ અન્ય સાધુ ન હોવાથી અચેલક, સચેલક સાધ્વી સાથે વસતા આજ્ઞા ન ઉલ્લંઘે – એ રીતે આ આલાપક વડે – (૨) દૈપ્તચિત્ત, (૩) યક્ષાવિષ્ટ, (૪) ઉન્માદપ્રાપ્ત, (૫) સાધ્વી દ્વારા દીક્ષા અપાવાયેલ (બાલ) શ્રમણ નિર્ગ્રન્થ અન્ય સાધુ અવિદ્યમાન હોવાથી વસ્ત્રવાળી સાધ્વી સાથે વસતા આજ્ઞા ન ઉલ્લંઘે.

સૂત્ર–૪૫૬

પાંચ આશ્રવદ્વારો કહ્યા છે. તે આ – મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. પાંચ સંવર દ્વારો કહ્યા છે. તે આ – સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાયીત્વ, અયોગીત્વ. પાંચ દંડ કહ્યા છે – અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માત દંડ, દૃષ્ટિવિપર્યાસ દંડ.

સૂત્ર–૪૫૭

પાંચ ક્રિયાઓ કહી છે. તે આ – આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયિકા, અપ્રત્યાખ્યાન ક્રિયા, મિથ્યા દર્શન પ્રત્યયા.

મિથ્યાદૃષ્ટિ નૈરયિકોને પાંચ ક્રિયાઓ કહી છે. તે આ – યાવત્ મિથ્યા દર્શન પ્રત્યયા. એ રીતે નિરંતર સર્વે દંડકોમાં યાવત્ મિથ્યાદૃષ્ટિ વૈમાનિકોને (પાંચ ક્રિયાઓ કહી છે). – વિશેષ આ – વિકલેન્દ્રિયોમાં મિથ્યાદૃષ્ટિ વિશેષણ ન કહેવું. બાકીનું તેમજ જાણવું.

પાંચ ક્રિયાઓ કહેલી છે. તે આ – આરંભિકી યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા. નૈરયિકોને પાંચ ક્રિયા છે યાવત્ વૈમાનિકને પાંચ ક્રિયા છે.

પાંચ ક્રિયાઓ કહી છે. તે આ – દૃષ્ટિજા, પૃષ્ટિજા, પ્રાતીત્યિકી, સામંતોપનિપાતિકી, સ્વાહસ્તિકી. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક.

પાંચ ક્રિયાઓ કહી છે. તે આ – નૈસૃષ્ટિકી, આજ્ઞાપનિકી, વૈદારણિકી, અનાભોગ પ્રત્યયા, અનાવકાંક્ષ પ્રત્યયા. એમ યાવત્ વૈમાનિક.

પાંચ ક્રિયાઓ કહી છે તે આ – પ્રેમ પ્રત્યયા, દ્વેષ પ્રત્યયા, પ્રયોગક્રિયા, સમુદાનક્રિયા, ઈર્યાપથિકી. એ રીતે મનુષ્યોને પણ, બીજાને નથી.

સૂત્ર– ૪૫૮

પાંચ ભેદે પરિજ્ઞા કહી છે–ઉપધિ પરિજ્ઞા, ઉપાશ્રય પરિજ્ઞા, કષાય પરિજ્ઞા, યોગ પરિજ્ઞા, ભક્ત–પાન પરિજ્ઞા.

સૂત્ર– ૪૫૯

વ્યવહાર પાંચ પ્રકારે કહ્યા – આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત. જ્યાં સુધી આગમથી નિર્ણય થાય ત્યાં સુધી આગમ વડે જ વ્યવહાર કરવો. આગમથી નિર્ણય ન થતો હોય ત્યાં શ્રુતમાં પ્રાપ્ત હોય તો શ્રુત વડે વ્યવહાર કરવો. જો શ્રુત વડે નિર્ણય ન થતો હોય તો આજ્ઞા વડે વ્યવહાર કરવો. આજ્ઞા વડે નિર્ણય ન થતો હોય તો ધારણા અનુસાર વ્યવહાર કરવો. ધારણાથી નિર્ણય ન થતો હોય ત્યાં જીત – આચાર અનુસાર વ્યવહાર કરવો.

આ પ્રમાણે પાંચ વ્યવહારો સ્થાપવા – આગમથી યાવત્ જીતથી. તેમાં જેવા જેવા પ્રકારનો આગમ યાવત્ જીત વ્યવહાર તેનો હોય તેવા તેવા પ્રકારના વ્યવહારને પ્રવર્તાવે.

હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રન્થ આગમ વ્યવહારને જ પ્રમુખ માને છે તો આ પાંચ વ્યવહાર કેમ ? આ પાંચ વ્યવહારમાં જ્યારે જ્યારે જે જે પ્રયોજનમાં જે જે વ્યવહાર ઉચિત હોય તે તે અવસરે તે તે પ્રયોજનમાં સર્વ આશંસા રહિત અંગીકૃત વ્યવહારને સમ્યગ્ રીતે પ્રવર્તાવતો શ્રમણ નિર્ગ્રન્થ આજ્ઞાનો આરાધક થાય છે.

સૂત્ર–૪૬૦ થી ૪૬૩

(૪૬૦) સુતેલા સંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે – શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

જાગૃત મનુષ્યોના પાંચ વિષયો સુપ્ત હોય છે – શબ્દ યાવત્ સ્પર્શ.

સૂતેલા કે જાગતા અસંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે – શબ્દ યાવત્ સ્પર્શ.

(૪૬૧) પાંચ કારણે જીવ કર્મરજ ગ્રહણ કરે છે – પ્રાણાતિપાતથી, મૃષાવાદથી, અદત્તાદાનથી, મૈથુનથી પરિગ્રહથી. પાંચ કારણોથી જીવ કર્મરજ ને વમે છે, ખપાવે છે, જેમ કે – પ્રાણાતિપાત વિરમણથી યાવત્ પરિગ્રહ વિરમણથી.

(૪૬૨) પાંચ માસવાળી ભિક્ષુ પ્રતિમાને અંગીકાર કરનાર અણગારને પાંચ દત્તિ ભોજનની અને પાંચ દત્તિ પાણીની લેવી કલ્પે છે.

(૪૬૩) ઉપઘાત પાંચ પ્રકારે છે. તે આ – ઉદ્ગમ ઉપઘાત–(આધાકર્માદિ ઉદ્ગમ દોષોથી થતો ચારિત્ર ઘાત, ઉત્પાદન ઉપઘાત, એષણા ઉપઘાત, પરિકર્મ ઉપઘાત, પરિહરણ ઉપઘાત.

વિશોધિ પાંચ ભેદે છે. તે આ – ઉદ્ગમ વિશોધિ, ઉત્પાદન વિશોધિ, એષણા વિશોધિ, પરિકર્મ વિશોધિ, પરિહરણ વિશોધિ.

સૂત્ર–૪૬૪

પાંચ કારણોથી જીવો, દુર્લભબોધિપણાના કર્મને બાંધે છે. તે આ પ્રમાણે –

(૧) અરિહંતનો અવર્ણવાદ કરતા,
(૨) અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મનો અવર્ણવાદ કરતા,
(૩) આચાર્ય–ઉપાધ્યાયનો અવર્ણવાદ કરતા,
(૪) ચતુર્વર્ણ સંઘનો અવર્ણવાદ કરતા,
(૫) ઉત્કૃષ્ટ તપ અને બ્રહ્મચર્યથી થયેલ દેવોનો અવર્ણવાદ કરવાથી.

પાંચ કારણોથી જીવો સુલભ બોધિપણાના કર્મને બાંધે છે. તે આ પ્રમાણે – અરિહંતોના ગુણાનુવાદ કરતો યાવત્ દેવોના ગુણાનુવાદ કરતો.

સૂત્ર–૪૬૫ થી ૪૬૯

(૪૬૫) પ્રતિસંલીન પાંચ કહ્યા છે. તે આ પ્રમાણે– શ્રોત્રેન્દ્રિય પ્રતિસંલીન યાવત્ સ્પર્શનેન્દ્રિય પ્રતિસંલીન.

અપ્રતિસંલીન પાંચ કહ્યા છે. તે આ પ્રમાણે – શ્રોત્રેન્દ્રિય અપ્રતિસંલીન યાવત્ સ્પર્શનેન્દ્રિય અપ્રતિસંલીન.

સંવર પાંચ છે, તે આ પ્રમાણે – શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય સંવર.

અસંવર પાંચ છે તે આ પ્રમાણે – શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય અસંવર.

(૪૬૬) સંયમ પાંચ ભેદે કહ્યો છે, તે આ પ્રમાણે – સામાયિકસંયમ, છેદોપસ્થાપનીય સંયમ, પરિહારવિશુદ્ધિ સંયમ, સૂક્ષ્મ સંપરાય સંયમ, યથાખ્યાત ચારિત્ર સંયમ.

(૪૬૭) એકેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારે સંયમ થાય છે. તે આ – પૃથ્વીકાયિક સંયમ યાવત્ વનસ્પતિકાયિક સંયમ.

એકેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારે અસંયમ થાય છે. તે આ પ્રમાણે – પૃથ્વીકાયિક અસંયમ યાવત્ વનસ્પતિકાયિક અસંયમ.

(૪૬૮) પંચેન્દ્રિય જીવોની હિંસા ન કરવાવાળાને પાંચ પ્રકારે સંયમ થાય છે તે આ પ્રમાણે – શ્રોત્રેન્દ્રિય સંયમ યાવત્ સ્પર્શનેન્દ્રિય સંયમ.

પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાવાળાને પાંચ પ્રકારે અસંયમ થાય છે. તે આ પ્રમાણે – શ્રોત્રેન્દ્રિય અસંયમ યાવત્ સ્પર્શનેન્દ્રિય અસંયમ.

સર્વે પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વની હિંસા ન કરનારને પાંચ પ્રકારનો સંયમ થાય છે – એકેન્દ્રિય સંયમ યાવત્ પંચેન્દ્રિય સંયમ.

સર્વે પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વની હિંસા કરનારને પાંચ પ્રકારનો અસંયમ થાય છે – એકેન્દ્રિય અસંયમ યાવત્ પંચેન્દ્રિય અસંયમ.

(૪૬૯) તૃણ વનસ્પતિકાયિક જીવો પાંચ પ્રકારે કહ્યા છે, તે આ પ્રમાણે – અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહ.

સૂત્ર–૪૭૦

આચારો પાંચ પ્રકારે કહેલા છે. તે આ –જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

સૂત્ર–૪૭૧

આચારપ્રકલ્પ પાંચ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે – (૧) માસિક ઉદ્‌ઘાતિત, (૨) માસિક અનુદ્‌ઘાતિક, (૩) ચાતુર્માસિક ઉદ્‌ઘાતિત, (૪) ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક, (૫) આરોપણા.

આરોપણા પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે –

૧. પ્રસ્થાપિતા– ગુરુમાસ આદિ પ્રાયશ્ચિત્ત રૂપ તપસ્યાનો પ્રારંભ કરવો.

૨. સ્થાપિતા– ગુરુજનોની વૈયાવૃત્ય કરવા આરોપિત પ્રાયાશ્ચિત્તનો પ્રારંભ કરવો.

૩. કૃત્સ્ના– હાલ ઉત્કૃષ્ટ તપ છ માસનું કહેલ છે, તેનાથી અધિક પ્રાયશ્ચિત્ત ન દેવું.

૪. અકૃત્સ્ના– છ માસથી અધિક પ્રાયશ્ચિત્ત આવે તો પણ છ માસનું જ પ્રાયશ્ચિત્ત દેવું.

૫. હાડહડા– લઘુમાસ આદિ પ્રાયશ્ચિત્ત શીઘ્રતાપૂર્વક આપવું.

સૂત્ર–૪૭૨

(૪૭૨) (૧) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા નામક મહાનદીની ઉત્તર દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે – માલ્યવંત, ચિત્રકૂટ, પદ્મકૂટ, નલિનીકૂટ, એકશૈલ.

(૨) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા મહાનદીની દક્ષિણ દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે – ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન, સૌમનસ.

(૩) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં સીતોદા મહાનદીની દક્ષિણ દિશાએ પાંચ વક્ષસ્કાર પર્વતો કહેલા છે. તે આ પ્રમાણે – વિદ્યુત્પ્રભ, અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ, સુખાવહ.

(૪) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં સીતોદા મહાનદીની ઉત્તર દિશાએ પાંચ વક્ષસ્કાર

પર્વતો કહેલા છે તે આ પ્રમાણે – ચંદ્રપર્વત, સૂર્યપર્વત, નાગપર્વત, દેવપર્વત, ગંધમાદન.

(૫) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની દક્ષિણ દિશામાં દેવકુરુ નામના કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહો કહેલા છે તે આ પ્રમાણે – નિષધદ્રહ, દેવકુરુદ્રહ, સૂર્યદ્રહ, સુલસદ્રહ, વિદ્યુત્પ્રભ.

(૬) જંબૂદ્વીપ નામક દ્વીપના મેરુ પર્વતની ઉત્તર દિશામાં ઉત્તરકુરુ નામક કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહો કહેલા છે. તે આ પ્રમાણે – નીલવંતદ્રહ, ઉત્તરકુરુદ્રહ, ચંદ્રદ્રહ, ઐરાવતદ્રહ, માલ્યવંતદ્રહ.

(૭) બધા વક્ષસ્કાર પર્વત સીતા અને સીતોદા મહાનદી અથવા મેરુ પર્વતની દિશામાં ૫૦૦ યોજન ઊંચા અને ૫૦૦ ગાઉની ઊંડાઈવાળા છે.

* ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં મેરુ પર્વતની પૂર્વ દિશામાં સીતા મહાનદીની ઉત્તર દિશાએ પાંચ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે. તે આ પ્રમાણે – માલ્યવંત, એ રીતે યાવત્ જેમ જંબૂદ્વીપમાં કહેલ છે તેમ યાવત્ પુષ્કરવર દ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં વક્ષસ્કાર પર્વતો, દ્રહો અને ઉચ્ચત્વ કહેવું.

* સમયક્ષેત્રમાં પાંચ ભરત અને પાંચ ઐરાવત છે એમ જેવી રીતે ચોથા સ્થાનના બીજા ઉદ્દેશામાં કહેલ છે તેમ અહીં પણ કહેવું યાવત્ પાંચ મેરુ, પાંચ મેરુ ચૂલિકાઓ છે. વિશેષ એ કે – ઈષુકાર પર્વત ન કહેવા.

### સૂત્ર–૪૭૩

કૌશલિક અરિહંત ઋષભ ૫૦૦ ધનુષ ઊંચાઈવાળા હતા.

ચાતુરંત ચક્રવર્તી રાજા ભરત ૫૦૦ ધનુષની ઊંચાઈવાળા હતા. એ પ્રમાણે બાહુબલિ અણગાર પણ ૫૦૦ ધનુષની ઊંચાઈવાળા હતા. બ્રાહ્મી નામક આર્યા પણ એમ જ હતા. એ પ્રમાણે સુંદરી પણ (૫૦૦ ધનુષ) જાણવી.

### સૂત્ર–૪૭૪

પાંચ પ્રકારે સૂતેલો મનુષ્ય જાગૃત થાય છે. તે આ પ્રમાણે – શબ્દથી, સ્પર્શથી, ભોજન પરિણામથી, નિદ્રાક્ષયથી, સ્વપ્ન દર્શનથી.

### સૂત્ર–૪૭૫

(૪૭૫) પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થ, નિર્ગ્રન્થીને ગ્રહણ કરતો, ટેકો આપતો, આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. તે આ પ્રમાણે –

(૧) સાધ્વીને જો કોઈ પશુ કે પક્ષીજાતિય મારતા હોય ત્યારે સાધુ સાધ્વીને ગ્રહણ કરે કે અવલંબન આપે તો આજ્ઞાને અતિક્રમતો નથી.

(૨) સાધુ સાધ્વીને દુર્ગમાં, વિષમ માર્ગમાં સ્ખલન પામતી કે પડતી હોય ત્યારે ગ્રહણ કરે કે ટેકો આપે તો આજ્ઞા ઉલ્લંઘતો નથી.

(૩) સાધુ સાધ્વીને જળયુક્ત પાણીમાં, કીચડમાં, શેવાળમાં કે પાણીમાં લપસતી કે તણાતી હોય ત્યારે યાવત્ આજ્ઞા ઉલ્લંઘે નહીં.

(૪) સાધુ સાધ્વીને નાવ પર ચડાવતા કે ઊતારતા ગ્રહણ કરે કે ટેકો આપે તો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.

(૫) ક્ષિપ્તચિત્ત, દૈપ્તચિત્ત, યક્ષાવિષ્ટ, ઉન્માદપ્રાપ્ત, ઉપસર્ગપ્રાપ્ત, કલહ માટે તૈયાર થયેલી યાવત્ ભક્ત–પાનના પ્રત્યાખ્યાનને કરેલી સાધ્વી મૂર્ચ્છા વડે પડતી કે ચલાયમાન કરાતી સાધ્વીને સાધુ ગ્રહણ કરે કે અવલંબન આપતા જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.

### સૂત્ર–૪૭૬

આચાર્ય ઉપાધ્યાયને ગણને વિશે પાંચ અતિશયો કહ્યા છે, તે આ –

(૧) આચાર્ય–ઉપાધ્યાય ઉપાશ્રયમાં પ્રવેશે ત્યારે પગને બીજા સાધુઓ દ્વારા ઝટકાવડાવે કે સાફ કરાવે તે આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

(૨) આચાર્ય–ઉપાધ્યાય ઉપાશ્રયમાં મળ–મૂત્રનો ઉત્સર્ગ કરે કે શુદ્ધિ કરાવે તો આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

(૩) આચાર્ય–ઉપાધ્યાય જો ઈચ્છા થાય તો વૈયાવૃત્ય કરે, ઈચ્છા ન હોય તો ન કરે.

(૪) આચાર્ય–ઉપાધ્યાય ઉપાશ્રયમાં એક કે બે રાત એકલા રહે તો પણ આજ્ઞા ઉલ્લંઘન ન થાય.

(૫) આચાર્ય–ઉપાધ્યાય ઉપાશ્રય બહાર એક કે બે રાત એકલા રહે તો પણ આજ્ઞા ઉલ્લંઘન ન થાય.

સૂત્ર–૪૭૭

પાંચ કારણ વડે આચાર્ય–ઉપાધ્યાયનું ગણથી નીકળવું થાય છે, તે આ –

(૧) આચાર્ય–ઉપાધ્યાય પોતાના ગણમાં આજ્ઞા કે ધારણાને સારી રીતે પાલન ન થતું હોય,

(૨) આચાર્ય–ઉપાધ્યાય ગણમાં યથારાત્નિક વંદન વ્યવહાર ને વિનય સમ્યક્ પળાવી ન શકે,

(૩) આચાર્ય–ઉપાધ્યાય ગણમાં જે શ્રુત–પર્યાયના ધારક છે તેને કાળે સમ્યક્ અનુપ્રવાદ ન કરે,

(૪) આચાર્ય–ઉપાધ્યાય ગણમાં સ્વગણ કે પરગણ સંબંધી સાધ્વીમાં બહિર્લક્ષ્ય થાય.

(૫) તેમના મિત્ર કે જ્ઞાતિજન કોઈ કારણથી ગણમાંથી નીકળેલ હોય તેનો સંગ્રહ અને ઉપષ્ટંભ આપવા માટે ગણથી નીકળવું થાય.

સૂત્ર–૪૭૮

પાંચ ભેદે ઋદ્ધિવાળા મનુષ્યો કહેલા છે, તે આ – અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને ભાવિતાત્મા અણગાર- (તપ અને સંયમથી આત્માને પુષ્ટ કરનાર).

## સ્થાન–૫, ઉદ્દેશા–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

## સ્થાન–૫, ઉદ્દેશો–૩

સૂત્ર–૪૭૯ / ૪૮૦

(૪૭૯) પાંચ અસ્તિકાયો કહ્યા છે – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય.

ધર્માસ્તિકાય અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત, લોકવ્યાપી દ્રવ્ય છે તે સંક્ષેપથી પાંચ ભેદે છે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને ગુણથી.

દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય, ક્ષેત્રથી લોક પ્રમાણ, કાળથી ક્યારેય ન હતો તેમ નહીં, નથી એમ નહીં, ન હશે એમ નહીં. તે હતો – હશે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે. ભાવથી અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, ગુણથી ગમનગુણ છે.

અધર્માસ્તિકાય અવર્ણ આદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે – ગુણથી સ્થિતિગુણ છે

આકાશાસ્તિકાય અવર્ણ આદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે – ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે, ગુણથી અવગાહના ગુણ છે. શેષ પૂર્વવત્.

જીવાસ્તિકાય – અવર્ણ આદિ પૂર્વવત્ છે. વિશેષ એ કે – દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત દ્રવ્ય છે, અરૂપી, જીવ, શાશ્વત છે, ગુણથી ઉપયોગ ગુણ છે.

પુદ્‌ગલાસ્તિકાય – પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત છે – યાવત્ – દ્રવ્યથી પુદ્‌ગલાસ્તિકાય અનંત દ્રવ્યો, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાળથી–કાળથી ન હતો તેમ નહીં યાવત્ નિત્ય, ભાવથી વર્ણ–ગંધ–રસ–સ્પર્શયુક્ત, ગુણથી ગ્રહણગુણવાળો છે.

(૪૮૦) ગતિ પાંચ કહી છે – નરકગતિ , તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ, સિદ્ધિગતિ.

સૂત્ર–૪૮૧

(૪૮૧) ઇન્દ્રિયોના વિષયો પાંચ કહ્યા છે. તે આ – શ્રોત્રેન્દ્રિયના વિષય, યાવત્ સ્પર્શનેન્દ્રિયના વિષય.

મુંડ પાંચ કહ્યા છે – શ્રોત્રેન્દ્રિય મુંડ યાવત્ સ્પર્શનેન્દ્રિય મુંડ – અથવા – મુંડ પાંચ ભેદે કહ્યા છે. તે આ – ક્રોધમુંડ, માનમુંડ, માયામુંડ, લોભમુંડ અને શિરમુંડ.

સૂત્ર–૪૮૧

અધોલોકમાં પાંચ બાદર કહ્યા છે–પૃથ્વીકાયિક, અપ્‌કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, સ્થૂલ ત્રસ પ્રાણી

ઊર્ધ્વલોકમાં પાંચ બાદર કહ્યા છે–પૂર્વવત્. તિર્છાલોકમાં પાંચ બાદર કહ્યા છે–એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય.

પાંચ ભેદે બાદર તેજસ્કાયિક કહ્યા – અંગારા, જ્વાલા, મુર્મુર, અર્ચિ, અલાત.

બાદર વાયુકાયિક પાંચ ભેદે છે–પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, દક્ષિણનો વાયુ, ઉત્તરનો વાયુ, વિદિશાનો વાયુ.

પાંચ ભેદે અચિત વાયુકાયિક છે. આક્રાંત–ભૂમિ પર પગ પછાડવાથી ઉત્પન્ન વાયુ. ધ્માત–શંખ આદિથી ઉત્પન્ન વાયુ. પીડિત–વસ્ત્ર ઝાટકવાથી ઉત્પન્ન વાયુ, શરીરાનુગત–શરીરથી નીકળતો વાયુ. સંમૂર્ચ્છિમ વાયુ.

સૂત્ર–૪૮૩

નિર્ગ્રન્થો પાંચ ભેદે કહ્યા – પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ, સ્નાતક.

પુલાક પાંચ ભેદે છે – જ્ઞાનપુલાક, દર્શન–પુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક, યથાસૂક્ષ્મ પુલાક.

બકુશ પાંચ ભેદે છે – આભોગબકુશ, અનાભોગ બકુશ, સંવૃત્ત બકુશ, અસંવૃત્ત બકુશ, યથાસૂક્ષ્મ બકુશ.

કુશીલ પાંચ ભેદે છે – જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ, ચારિત્રકુશીલ, લિંગકુશીલ, યથાસૂક્ષ્મકુશીલ.

નિર્ગ્રન્થ પાંચ ભેદે છે – પ્રથમ સમય, અપ્રથમ સમય, ચરમ સમય, અચરમ સમય, યથાસૂક્ષ્મ.

સ્નાતક પાંચ ભેદે છે – ૧. અચ્છવિ–કાયયોગનો નિરોધ કરનાર, ૨. અસબલ– નિર્દોષ ચારિત્રનાં ધારક, ૩. અકર્માંશ–કર્મોનો નાશ કરનારા, ૪. સંશુદ્ધ જ્ઞાનદર્શનધર અરિહંત જિન કેવલી, ૫. અપરિશ્રાવી–સંપૂર્ણ કાયયોગનો નિરોધ કરનાર યોગી જિન.

સૂત્ર–૪૮૪

સાધુ, સાધ્વીને પાંચ પ્રકારના વસ્ત્રો રાખવા કે પહેરવા કલ્પે છે. તે આ – જાંગિક–કંબલ આદિ, ભાંગિક–અલસીનું વસ્ત્ર, શાનક– શણનું વસ્ત્ર, પોતક–કપાસનું વસ્ત્ર, તિરિડપટ્ટ–વૃક્ષની છાલનું વસ્ત્ર.

સાધુ–સાધ્વીને પાંચ રજોહરણ ગ્રહણ કરવા અને વાપરવા કલ્પે છે. તે આ – ઉનનું, ઔષ્ટ્રિક–ઊંટના વાલોનું બનેલું, શાનક–શણનું, વલ્વજ–ઘાસની છાલનું અને મુંજ (ઘાસ વિશેષનું).

સૂત્ર–૪૮૫ થી ૪૮૭

(૪૮૫) ધર્મને આચરનાર સાધુને પાંચ નિશ્રા કહેલ છે–તે આ છે – છ કાય, ગણ, રાજા, ગૃહપતિ અને શરીર.

(૪૮૬) પાંચ નિધાન કહ્યા છે તે આ છે – પુત્રનિધિ, મિત્રનિધિ, શિલ્પનિધિ, ધનનિધિ અને ધાન્યનિધિ.

(૪૮૭) શૌચ પાંચ પ્રકારે કહેલ છે – પૃથ્વીશૌચ, જલશૌચ, અગ્નિશૌચ, મંત્રશૌચ અને બ્રહ્મશૌચ.

સૂત્ર–૪૮૮ થી ૪૯૨

(૪૮૮) આ પાંચ સ્થાનોને છદ્મસ્થ પૂર્ણરૂપે ન જાણે, ન દેખે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશા–સ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ પુદ્‌ગલ.

આ સ્થાનોને ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર સર્વ ભાવથી જાણે છે અને જુએ છે – ધર્માસ્તિકાય યાવત્ પરમાણુ પુદ્‌ગલ.

(૪૮૯) અધોલોકમાં પાંચ મોટી નરકો છે. જેમ કે – કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન.

ઉર્ધ્વલોકમાં પાંચ મહાવિમાન છે – જેમ કે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ વિમાન.

(૪૯૦) પુરુષો પાંચ ભેદે છે – હ્રીસત્વ, હ્રીમનસત્વ, ચલસત્વ, સ્થિરસત્વ, ઉદાત્તસત્વ.

(૪૯૧) મત્સ્ય પાંચ પ્રકારે છે. જેમ કે – અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી, સર્વચારી. આ જ પ્રમાણે ભિક્ષુ પાંચ પ્રકારે કહ્યા છે. તે આ – અનુશ્રોતચારી યાવત્ સર્વચારી.

(૪૯૨) વનીપક પાંચ પ્રકારે કહ્યા છે. તે આ – અતિથિ વનીપક, દરિદ્રી વનીપક, બ્રાહ્મણ વનીપક, શ્વાન વનીપક, શ્રમણ વનીપક.

સૂત્ર–૪૯૩

પાંચ કારણે અચેલક સાધુ પ્રશસ્ત થાય છે – (૧) અલ્પ પ્રત્યુપ્રેક્ષા, (૨) પ્રશસ્ત લાઘવપણુ, (૩) વૈશ્વાસિકરૂપ, (૪) અનુજ્ઞાત તપ અને (૫) મહાન ઈન્દ્રિય નિગ્રહ.

સૂત્ર–૪૯૪

ઉત્કટ પુરુષ પાંચ કહ્યા – ૧. દંડ ઉત્કટ, ૨. રાજ્ય ઉત્કટ, ૩. સ્તેન ઉત્કટ, ૪. દેશ ઉત્કટ, ૫. સર્વ ઉત્કટ.

સૂત્ર–૪૯૫

સમિતિઓ પાંચ કહી છે– ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન–ભાંડ–માત્ર–નિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ.

સૂત્ર–૪૯૬

(૪૯૬) (૧) સંસારી જીવો પાંચ ભેદે કહ્યા – એકેન્દ્રિયથી પંચેન્દ્રિય.

(૨) એકેન્દ્રિયો પાંચ ગતિ અને પાંચ આગતિવાળા છે. તે આ રીતે – એકેન્દ્રિય, એકેન્દ્રિયમાં ઉપજતો એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાંથી આવીને ઉપજે તે જ એકેન્દ્રિય જીવ. તે એકેન્દ્રિયત્વને છોડતો એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપણામાં જાય.

(૩) બેઈન્દ્રિય જીવો પાંચ ગતિ – પાંચ આગતિવાળા પૂર્વવત્ જાણવા.

(૪ થી ૬) એ રીતે યાવત્ પંચેન્દ્રિયો પાંચ ગતિ – પાંચ આગતિવાળા કહ્યા છે. યાવત્ પંચેન્દ્રિયમાં ઉપજે.

(૭) સર્વે જીવો પાંચ ભેદે કહ્યા – ક્રોધકષાયી, માન કષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી. અથવા સર્વે જીવો પાંચ ભેદે કહ્યા છે. તે આ પ્રમાણે – નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધ.

સૂત્ર–૪૯૭

(૪૯૭) હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર અને કાળા ચણા – આ ધાન્યોને કોઠારમાં નાંખ્યા હોય. તો જેમ (ત્રીજા સ્થાનમાં) શાલિમાં કહ્યું, તેમ યાવત્ તેટલો કાળ તેની યોનિ સચિત્ત રહે? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી. ત્યારપછી યોનિ મ્લાન થાય યાવત્ નાશ પામે.

સૂત્ર–૪૯૮

(૧) પાંચ સંવત્સરો કહ્યા. તે આ – નક્ષત્ર સંવત્સર, યુગ, પ્રમાણ, લક્ષણ અને શનૈશ્ચર સંવત્સર.

(૨) યુગ સંવત્સર પાંચ ભેદે છે, તે આ – ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત.

(૩) પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે, તે આ – નક્ષત્ર સંવત્સર–૩૨૭ દિવસ, ચંદ્ર સંવત્સર–૩૫૪ દિવસ, ઋતુ સંવત્સર–૩૬૦ દિવસ,, આદિત્ય–૩૬૫ દિવસ, અભિવર્ધિત ૩૮૩ દિવસ.

(૪) લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે. તે આ પ્રમાણે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવર્ધિત સંવત્સર.

સૂત્ર–૪૯૮ થી ૫૦૩

(૪૯૯) સમાનપણે નક્ષત્રો યોગ કરે છે, સમપણે ઋતુ પરિણમે છે, અતિ ઉષ્ણ નહીં તેમ શીત નહીં અને બહુ ઉદકવાળો તે નક્ષત્ર સંવત્સર.

(૫૦૦) જેમાં ચદ્ર સર્વે પૂર્ણિમાઓ સાથે યોગ કરે છે, નક્ષત્ર વિષમચાર છે, અતિ શીત–અતિ તાપ હોય, બહુ પાણી હોય તેને ચંદ્ર સંવત્સર કહે છે.

(૫૦૧) વિષમપણે અંકુરા પરિણમે, ઋતુ સિવાય પુષ્પ–ફલાદિ આપે, સારી રીતે વર્ષા ન થાય તેને કર્મ અથવા ઋતુ સંવત્સર કહે છે.

(૫૦૨) જેમાં સૂર્ય પૃથ્વી, પાણી, પુષ્પ, ફળોને રસ આપે છે, તેથી અલ્પ વૃષ્ટિથી પણ સારી રીતે ધાન્ય પાકે તે સૂર્ય સંવત્સર છે.

(૫૦૩) જેમાં સૂર્યના તેજથી તપેલ ક્ષણ–લવ–દિવસ–ઋતુઓ પરિણમે છે, વાયુથી ઊડેલ ધૂળ પૃથ્વીને પૂરે છે, તે અભિવર્ધિત સંવત્સર છે.

**સૂત્ર–૫૦૪**

શરીરમાંથી જીવને નીકળવાનો માર્ગ પાંચ પ્રકારે છે, તે આ – પગથી, સાથળથી, હૃદયથી, મસ્તકથી, સર્વાંગથી. જીવ જો પગેથી નીકળે તો નરકગામી થાય, સાથળની નીકળે તો તિર્યંચગામી થાય, છાતીથી નીકળે તો મનુષ્ય ગામી થાય, મસ્તકેથી નીકળે તો તિર્યંચગામી થાય,

**સૂત્ર–૫૦૪**

છેદન પાંચ પ્રકારે કહેલ છે. તે આ – ઉત્પાદછેદન, વ્યયછેદન, બંધછેદન, પ્રદેશછેદન, દ્વિધાકારછેદન.

આનંતર્ય પાંચ પ્રકારે કહેલ છે, તે આ – ઉત્પાદનાંતર્ય, વ્યયાનંતર્ય, પ્રદેશાનંતર્ય, સમયાનંતર્ય, સામાયાનંતર્ય.

અનંત પાંચ ભેદે કહ્યા છે, તે આ – નામાનંત, સ્થાપનાનંત, દ્રવ્યાનંત, ગણનાનંત, પ્રદેશાનંત અથવા અનંતા પાંચ ભેદે કહ્યા. તે આ – એકતઃ અનંત, દ્વિધા અનંત, દેશવિસ્તારાનંત, સર્વવિસ્તારાનંત, શાશ્વતાનંત.

**સૂત્ર–૫૦૬**

જ્ઞાન પાંચ ભેદે કહ્યું, તે આ – આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન.

**સૂત્ર–૫૦૬**

જ્ઞાનાવરણીય કર્મ પાંચ ભેદે કહ્યું, તે આ પ્રમાણે છે – આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવલ જ્ઞાનાવરણીય.

**સૂત્ર–૫૦૮ થી ૫૧૦**

(૫૦૮) સ્વાધ્યાય પાંચ ભેદે કહ્યા છે, તે આ – વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા.

(૫૦૯) પચ્ચક્ખાણ પાંચ ભેદે કહ્યું છે, તે આ – શ્રદ્ધાન્ શુદ્ધ, વિનય શુદ્ધ, અનુભાષણા શુદ્ધ, અનુભાવના શુદ્ધ, ભાવ શુદ્ધ.

(૫૧૦) પ્રતિક્રમણ પાંચ ભેદે કહ્યું છે, તે આ – આશ્રવદ્વાર, મિથ્યાત્વ, કષાય, યોગ, ભાવ–પ્રતિક્રમણ.

**સૂત્ર–૫૧૧**

પાંચ કારણે શ્રુતની વાચના આપવી. તે આ – સંગ્રહાર્થે, ઉપગ્રહ અર્થે, નિર્જરાર્થે, મારું શ્રુત પાકું થશે તે માટે, શ્રુત અવિચ્છિન્નતાર્થે.

પાંચ કારણે શ્રુતને શીખવવું. તે આ – જ્ઞાનાર્થે, દર્શનાર્થે, ચારિત્રાર્થે, વ્યુદ્ગ્રહને છોડાવવા માટે, યથાર્થ પદાર્થના જ્ઞાન માટે.

**સૂત્ર–૫૧૨ થી ૫૧૭**

(૫૧૨) સૌધર્મ–ઈશાન કલ્પોમાં પંચવર્ણી વિમાનો કહ્યા છે – કૃષ્ણ યાવત્ શ્વેત.

સૌધર્મ–ઈશાન કલ્પોમાં વિમાનો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઊંચપણે કહ્યા છે.

બ્રહ્મલોક–લાંતક કલ્પમાં દેવોનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી પાંચ હાથ ઊર્ધ્વ ઊંચપણે કહ્યું છે.

નૈરયિકો પાંચ વર્ણ, પાંચ રસવાળા પુદ્ગલોને બાંધ્યા છે, બાંધે છે અને બાંધશે. તે આ – કૃષ્ણ યાવત્ શુક્લ.

તિક્ત યાવત્ મધુર. વૈમાનિક સુધી આ પ્રમાણે જાણવું.

(૫૧૩) જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ગંગા મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે – જમુના, સરયૂ, આદી, કોશી, મહી.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે સિંધુ મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે – સતદ્રૂ, વિભાસા, વિતત્થા, ઐરાવતી, ચંદ્રભાગા.

જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે રક્તા મહાનદીમાં પાંચ મહાનદી મળે છે – કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, મહાતીરા.

જંબૂદ્વીપમાં મેરુની ઉત્તરે રક્તાવતી મહાનદીમાં પાંચ મહાનદી મળે છે – ઇન્દ્રા, ઇન્દ્રસેના, સુષેણા, વારિષેણા, મહાભોગા.

(૫૧૪) પાંચ તીર્થંકરો કુમારવાસ મધ્યે અર્થાત રાજ કુમાર અવસ્થામાં વસીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા – વાસુપૂજ્ય, મલ્લી, અરિષ્ઠનેમિ, પાર્શ્વ, વીર.

(૫૧૫) ચમરચંચા રાજધાનીમાં પાંચ સભાઓ કહી છે – સુધર્મા સભા, ઉપપાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા.

એક એક ઇન્દ્રના સ્થાનમાં પાંચ સભાઓ કહી – સુધર્મા યાવત્ વ્યવસાય.

(૫૧૬) પાંચ નક્ષત્રો પાંચ-પાંચ તારાયુક્ત કહ્યા છે – ધનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા.

(૫૧૭) જીવોએ પાંચ સ્થાન વડે નિર્વર્તિત પુદ્‌ગલોને પાપકર્મપણે ચયન કર્યા છે, કરે છે, કરશે – એકેન્દ્રિય નિર્વર્તિત યાવત્ પંચેન્દ્રિય નિર્વર્તિત. એ રીતે ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા.

પાંચ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, પાંચ પ્રદેશાવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા છે – યાવત્ – પાંચ ગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા.

**સ્થાન-૫, ઉદ્દેશા-૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

**સ્થાન-૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન-૬

## સૂત્ર-૫૧૮ થી ૫૨૦

(૫૧૮) છ સ્થાન સંપન્ન સાધુ ગણને ધારણ કરવાને યોગ્ય છે. તે સ્થાન-(વિશેષતા) આ – (૧) શ્રદ્ધાળુ હોય (૨) સત્યવાદી હોય, (૩) મેધાવી હોય, (૪) બહુશ્રુત,હોય (૫) શક્તિમાન,હોય (૬) કલહ રહિત હોય.

(૫૧૯) છ કારણે સાધુ સાધ્વીને ગ્રહણ કરે કે ટેકો આપે તો આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી. તે આ – ક્ષિપ્ત ચિત્ત, દૃપ્તચિત્ત, યક્ષાવિષ્ટ, ઉન્માદ પ્રાપ્ત, ઉપસર્ગ પ્રાપ્ત અને કલહ કરતી ને.

(૫૨૦) છ કારણે સાધુ અને સાધ્વીઓ કાળધર્મ પામેલ સાધર્મિક સાધુ પ્રત્યે આદર કરતા આ છ કારણ હોય તો આજ્ઞાને ઉલ્લંઘતા નથી. તે આ – (જો ત્યાં ગૃહસ્થ ઉપસ્થિત ન હોય ત્યારે મૃતકના શરીરને) (૧) અંદરથી બહાર લઈ જતાં, (૨) બહારથી અતિ દૂર લઈ જતા, (૩) ઉપેક્ષા – (છેદન બંધનાદિ) કરતા, (૪) ઉપાસના (રક્ષણ) કરતા, (૫) (તેમના સ્વજનને) અનુજ્ઞા કરતા, (૬) મૌન પણે (પરઠવવા) જતાં.

## સૂત્ર-૫૨૧ થી ૫૨૭

(૫૨૧) છ સ્થાનકોને છદ્મસ્થ સર્વભાવથી જાણતો નથી અનેજોતો નથી. તે આ – ધર્માસ્તિકાયને, અધર્માસ્તિકાયને, આકાશને, શરીરરહિત જીવને. પરમાણુ પુદ્‌ગલને અને શબ્દને.

આ ઉક્ત છ સ્થાનને કેવલજ્ઞાન-દર્શન યુક્ત અરિહંત, જિન યાવત્ સર્વ ભાવથી જાણે છે અને જુએ છે.

(૫૨૨) છ સ્થાનોને વિશે સર્વ જીવોને એવી ઋદ્ધિ, ધુતિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ નથી, તે આ – (૧) જીવને અજીવ કરવો, (૨)અજીવને જીવ કરવો, (૩)એક સમયમાં બે ભાષા બોલવી, (૪) સ્વયંકૃત્ કર્મને હું વેદું કે ન વેદું તેવો નિશ્ચય કરવો (૪) પરમાણુ પુદ્‌ગલોને છેદવા, ભેદવા કે અગ્નિકાય વડે બાળવા, (૬)લોકના અંતથી બહાર અલોકમાં જવું. (આ છમાંથી કોઈ શક્તિ નથી.)

(૫૨૩) છ જીવનિકાય કહ્યા – પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક.

(૫૨૪) છ ગ્રહો છ-છ તારાવાળા કહ્યા છે – શુક્ર, બુધ, ગુરુ, મંગળ, શનિ, કેતુ.

(૫૨૫) સંસારમાં રહેલ જીવો છ ભેદે છે. તે આ – પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક.

પૃથ્વીકાયિક છ ગતિ – છ આગતિવાળા કહ્યા છે. તે આ – પૃથ્વીકાયિક પૃથ્વીકાયિકમાં ઉપજતો પૃથ્વીકાય યાવત્ ત્રસકાયમાંથી ઉત્પન્ન થાય અને તે પૃથ્વીકાયિક, પૃથ્વીકાયત્વને છોડતો પૃથ્વીકાય યાવત્ ત્રસકાયમાં જાય.

અપ્‌કાયની છ ગતિ – છ આગતિ છે, એ રીતે યાવત્ ત્રસકાય સુધી જાણવુ.

(૫૨૬) સર્વે જીવો છ ભેદે કહ્યા છે, તે આ – આભિનિબોધિકજ્ઞાની યાવત્ કેવળજ્ઞાની અને અજ્ઞાની.

અથવા સર્વે જીવો છ ભેદે કહ્યા છે. એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિયો.

અથવા સર્વે જીવો છ ભેદે કહ્યા-ઔદારિકશરીરી, વૈક્રિયશરીરી, આહારક-તૈજસ-કાર્મણશરીરી, અશરીરી.

(૫૨૭) છ ભેદે તૃણ વનસ્પતિકાયિકો કહ્યા છે, તે આ – અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહ અને સંમૂર્ચ્છિમ (બીજ વિના ઉગનારા.)

## સૂત્ર-૫૨૮ થી ૫૩૨

(૫૨૮) છ સ્થાનો સર્વે જીવોને સુલભ નથી. તે આ - ૧.મનુષ્યભવ, ૨.આર્યક્ષેત્રમાં જન્મ, ૩.સુકુલોત્પત્તિ, ૪.કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મશ્રવણ, ૫.સાંભળેલની સદ્દહણા, ૬.શ્રદ્ધા-પ્રતીતિ -રૂચિ કરેલની કાયા દ્વારા સ્પર્શના.

(૫૨૯) ઇન્દ્રિય વિષયો છ કહ્યા – શ્રોત્રેન્દ્રિયથી સ્પર્શનેન્દ્રિય અને નોઇન્દ્રિય( મન)ના.

(૫૩૦) સંવર છ પ્રકારે છે – શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શેન્દ્રિય સંવર, અને નોઇન્દ્રિય સંવર.

અસંવર છ ભેદે - શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ સ્પર્શેન્દ્રિય અસંવર અને, મન અસંવર.

(૫૩૧) સુખ છ પ્રકારે છે – શ્રોત્રેન્દ્રિય સુખ યાવત્ નોઇન્દ્રિય સુખ.

દુઃખ છ પ્રકારે છે – શ્રોત્રેન્દ્રિય દુઃખ (અસાતા) યાવત્ નોઇન્દ્રિય દુઃખ.

(૫૩૨) પ્રાયશ્ચિત્ત છ ભેદે છે – આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય, વિવેક યોગ્ય, વ્યુત્સર્ગયોગ્ય, તપને યોગ્ય.

## સૂત્ર–૫૩૩ થી ૫૩૮

(૫૩૩) છ પ્રકારે મનુષ્યો કહ્યા – જંબૂદ્વીપજ, ધાતકીખંડદ્વીપ પૂર્વાર્ધજ, ધાતકીખંડદ્વીપ પશ્ચિમાર્દ્ધજ, પુષ્કરવરદ્વીપાર્દ્ધ પૂર્વાર્ધજ, પુષ્કરવરદ્વીપાર્દ્ધ પશ્ચિમાર્દ્ધજ, અંતર્દ્વિપજ.

અથવા મનુષ્યો છ ભેદે છે – સંમૂર્ચ્છિમ મનુષ્યો ત્રણ ભેદે – કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ. ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારે – કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ.

(૫૩૪) ઋદ્ધિમાન મનુષ્યો છ ભેદે કહ્યા – અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, જંઘાચારણ, વિદ્યાધર.

ઋદ્ધિ–રહિત મનુષ્યો છ ભેદે કહ્યા છે – હેમવંતજ – હૈરણ્યવંતજ – હરિવર્ષજ – રમ્યક્જ – કુરુક્ષેત્રજ – અંતરદ્વીપ ક્ષેત્રના મનુષ્યો.

(૫૩૫) અવસર્પિણી છ પ્રકારે કહી – સુષમસુષમા યાવત્ દુષમદુષમા.

ઉત્સર્પિણી છ પ્રકારે કહી છે – દુષમદુષમા યાવત્ સુષમસુષમા.

(૫૩૬) જંબૂદ્વીપના ભરત–ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સુષમસુષમા આરામાં મનુષ્યો ૬૦૦૦ ધનુષ ઊંચા હતા, છ અર્ધ (ત્રણ) પલ્યોપમનું પરમ આયુ પાળતા.

જંબૂદ્વીપમાં ભરત–ઐરવતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સુષમ–સુષમામાં એમજ જાણવુ.

જંબૂદ્વીપમાં ભરત–ઐરવતમાં આગામી ઉત્સર્પિણીમાં સુષમસુષમામાં એમજ જાણવુ યાવત્ આયુ પાળશે.

દેવકુરુ–ઉત્તરકુરુના મનુષ્યો ૬૦૦૦ ધનુષ ઊંચા, છ અર્ધપલ્યોપમાયુવાળા છે. પૂર્વોક્ત રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં ચાર આલાપકો યાવત્ પુષ્કરવરદ્વીપના પશ્ચિમાર્ધમાં ચાર આલાપકો કહેવા.

(૫૩૭) સંઘયણો છ ભેદે કહ્યા છે – વજ્રઋષભનારાચ સંઘયણ, ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ, અર્ધનારાચ, કીલિકા, સેવાર્ત સંઘયણ.

(૫૩૮) સંસ્થાન છ ભેદે કહ્યા છે. તે આ – સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક.

## સૂત્ર–૫૩૯ થી ૫૪૩

(૫૩૯) અનાત્મભાવવર્તી (કષાયી) માટે છ સ્થાન અહિત માટે, અશુભ માટે, અશાંતિ માટે, અકલ્યાણ માટે, અશુભ પરંપરા માટે થાય છે. તે આ પ્રમાણે સંયમપર્યાય, શિષ્યપરિવાર, શ્રુતજ્ઞાન, તપ, લાભ, પૂજા સત્કાર.

આત્મભાવવર્તી માટે છ સ્થાનો હિત માટે યાવત્ શુભપરંપરા માટે થાય – સંયમપર્યાય યાવત્ પૂજાસત્કાર.

(૫૪૦) જાતિ આર્ય મનુષ્ય છ પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે –

(૫૪૧) અંબષ્ઠ, કલંદ, વૈદેહ, વેદગાયક, હરિત અને ચુંચુણ–ઇભ્યજાતિ.

(૫૪૨) કુલાર્યમનુષ્યો છ ભેદે–ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય.

(૫૪૩) લોકસ્થિતિ છ ભેદે કહી છે. તે આ – આકાશ પ્રતિષ્ઠિત વાયુ, વાયુ પ્રતિષ્ઠિત ઉદધિ, ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી, પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ સ્થાવર પ્રાણી, જીવ પ્રતિષ્ઠિત અજીવ, કર્મપ્રતિષ્ઠિત જીવ.

## સૂત્ર–૫૪૪ થી ૫૪૮

(૫૪૪) છ દિશાઓ કહી છે – પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઊર્ધ્વ, અધો. (૧) આ છ દિશામાં જીવોની ગતિ પ્રવર્તે છે. એ રીતે (૨) આગતિ, (૩) વ્યુત્ક્રાંતિ, (૪) આહાર, (૫) વૃદ્ધિ, (૬) નિર્વૃદ્ધિ, (૭) વિકુર્વણા, (૮) ગતિપર્યાય, (૯) સમુદ્–ઘાત, (૧૦) કાલસંયોગ, (૧૧) દર્શનાભિગમ, (૧૨) જ્ઞાનાભિગમ, (૧૩) જીવાભિગમ, (૧૪) અજીવાભિગમ એમ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને પણ જાણવુ.

(૫૪૫) છ કારણે શ્રમણ નિર્ગ્રન્થ આહાર ગ્રહણ કરે તો તે આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, તે આ પ્રમાણે–

(૫૪૬) ક્ષુધા વેદનીય શાંત કરવા,માટે વૈયાવચ્ચ,માટે, ઈર્યા સમિતિના પાલન માટે,, સંયમની રક્ષા માટે, પ્રાણ ટકાવવા માટે,, ધર્મચિંતા માટે.

(૫૪૭) છ કારણે શ્રમણ નિર્ગ્રન્થ આહાર ત્યાગ કરી દે તો તે આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, તે આ પ્રમાણે–

(૫૪૮) રોગ આવે ત્યારે, ઉપસર્ગ આવે ત્યારે, તિતિક્ષા–સહિષ્ણુતા કેળવવા માટે, બ્રહ્મચર્યની રક્ષા માટે, પ્રાણીદયા માટે, તપ હેતુથી, શરીરનો ત્યાગ કરવા માટે (આહારને તજે).

## સૂત્ર–૫૪૯

(૫૪૯) છ કારણે આત્મા ઉન્માદને પામે. તે આ – (૧) અરહંતનો અવર્ણવાદ બોલતા, (૨) અરહંત પ્રજ્ઞપ્ત ધર્મનો અવર્ણવાદ બોલતા, (૩) આચાર્ય–ઉપાધ્યાયનો અવર્ણવાદ બોલતા, (૪) ચતુર્વર્ણ સંઘનો અવર્ણવાદ બોલતા, (૫) યક્ષાવેશથી, (૬) મોહનીય કર્મના ઉદયથી.

## સૂત્ર–૫૪૯

(૫૫૦) પ્રમાદ છ ભેદે – મદ્ય પ્રમાદ, નિદ્રા પ્રમાદ, શબ્દાદિ વિષય પ્રમાદ, કષાય પ્રમાદ, દ્યુત પ્રમાદ, પ્રતિલેખના સંબંધી પ્રમાદ.

## સૂત્ર–૫૫૧ થી ૫૬૦

(૫૫૧) પ્રમાદપૂર્વક કરાતી પડિલેહણા છ ભેદે કહી છે –

(૫૫૨)–(૧) આરભટા–ઉતાવળથી, (૨) સંમર્દા–વસ્ત્રાદિનું મર્દન કરીને, (૩) મોસલી–વસ્ત્રનું પરસ્પર સંઘટ્ટન કરીને, (૪) પ્રસ્ફોટના–વસ્ત્રોન ઝાટકીને, (૫) વિક્ષિપ્તા–પ્રતિલેખિત વસ્ત્રને અપ્રતિલેખિત વસ્ત્ર પર મૂકવું , (૬) વેદિકા–વિધિપૂર્વક ન બેસવું.

(૫૫૩) અપ્રમાદ પડિલેહણા છ ભેદે કહી છે, તે આ પ્રમાણે–

(૫૫૪)(૧)અનર્તિતા, (૨)અવલિત, (૩)અનાનુબંધી, (૪) અમોસલી, (૫) છપુરિમાદિ, (૬) પ્રાણવિશોધિ.

(૫૫૫) છ લેશ્યાઓ કહી છે – કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા.

પંચેન્દ્રિય તિર્યંચોને આ જ છ લેશ્યા કહી. એ રીતે મનુષ્ય અને દેવોને પણ છે.

(૫૫૬) દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ મહારાજને છ અગ્રમહિષી છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ મહારાજને છ અગ્રમહિષી છે

(૫૫૭) ઈશાન દેવેન્દ્રની મધ્યમ પર્ષદાના દેવોની સ્થિતિ છ પલ્ય.

(૫૫૮) છ દિક્કુમારી મહત્તરિકાઓ કહી છે – રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપાવતી, રૂપકાંતા, રૂપપ્રભા.

છ વિદ્યુત્કુમારી મહત્તરિકાઓ કહી છે, તે આ – આલા, શુક્રા, શતેરા, સૌદામિની, ઈન્દ્રા, ઘનવિદ્યુતા.

(૫૫૯) નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણની છ અગ્રમહિષીઓ કહી – આલા, શકા, શતેરા, સૌદામિની, ઈન્દ્રા, ઘનવિદ્યુતા.

નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદની છ અગ્રમહિષીઓ કહી – રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપવતી, રૂપકાંતા, રૂપપ્રભા.

જેમ ધરણની તેમ સર્વે દક્ષિણ દિક્કેન્દ્રની યાવત્ ઘોષની અને જેમ ભૂતાનંદની તેમ સર્વે ઉત્તર દિકકેન્દ્રની યાવત્ મહાઘોષની અગ્રમહિષીઓ જાણવી.

(૫૬૦) નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણના ૬૦૦૦ સામાનિક દેવો કહેલા છે, એ રીતે ભૂતાનંદ યાવત્ મહાઘોષ ઈન્દ્રના પણ જાણવા.

સૂત્ર–૫૬૧

અવગ્રહમતિ છ ભેદે છે – ક્ષિપ્ર ગ્રહણ કરે, બહુ ગ્રહણ કરે, બહુવિધ ગ્રહણ કરે, ધ્રુવ ગ્રહણ કરે, અનિશ્રિત ગ્રહણ કરે, અસંદિગ્ધ ગ્રહણ કરે.

ઈહામતિ છ ભેદે છે – ક્ષિપ્ર યાવત્ અસંદિગ્ધ ગ્રહણ કરે. અવાયમતિ છ ભેદે – ક્ષિપ્ર યાવત્ અસંદિગ્ધ.

ધારણા છ ભેદે કહી – બહુ – બહુવિધ – પુરાણ – દુર્ધર – અનિશ્રિત – અસંદિગ્ધ ધારણ કરે.

સૂત્ર–૫૬૨

(૫૬૨) છ ભેદે બાહ્ય તપ કહ્યો છે – અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસત્યાગ, કાયક્લેશ પ્રતિસંલીનતા.

છ ભેદે અભ્યંતર તપ કહ્યો છે, તે આ – પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ.

સૂત્ર–૫૬૩

(૫૬૩) વિવાદ છ ભેદે કહ્યો – (૧) અવષ્વષ્કય–પ્રારંભે સમય વિતાવી,અવસરે વાદીને ઉત્તર આપવો (૨) ઉત્ષ્વષ્કય–પૂર્ણ તૈયારી પછી અવસરે વિવાદ કરે. (૩) અનુલોમ કરીને–સભાપતિને અનુકુળ બનાવી વિવાદ કરે., (૪) પ્રતિલોમ કરીને– સભાપતિને અનુકુળ બનાવી વિવાદ કરે. (૫) ભેદ કરીને–સભ્યોમાં મતભેદ ઉત્પન્ન કરીને. (૬) ભેળવીને– વિવાદની મુખ્ય વ્યક્તીને પક્ષમાં કરીને.

સૂત્ર–૫૬૪

ક્ષુદ્ર પ્રાણી છ ભેદે છે – બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક, તેઉકાયિક, વાયુકાયિક.

સૂત્ર–૫૬૫

ગોચર ચર્યા છ ભેદે છે – પેટા, અર્ધપેટા, ગોમુત્રિકા, પતંગવીથિકા, સંબુક્કવૃત્તા, ગત્વા પ્રત્યાગત્વા.

સૂત્ર–૫૬૬

જંબૂદ્વીપે મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીમાં છ અપકાંત–મહાનરકો કહ્યા – લોલ, લોલુપ, ઉદ્દગ્ધ, નિર્દગ્ધ, જરક, પ્રજરક. ચોથી પંકપ્રભા પૃથ્વીમાં છ અપક્રાંતત મહાનરકો કહ્યા છે – આર, વાર, માર, રૌર, રોરુત, ખાડખડ.

સૂત્ર–૫૬૭

બ્રહ્મલોક કલ્પમાં છ વિમાન પ્રસ્તટો કહેલા છે, તે આ – અરજ, વિરજ, નિરજ, નિર્મલ, વિમિતર, વિશુદ્ધ.

સૂત્ર–૫૬૮

જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના છ નક્ષત્રો, પૂર્વભાગ સમક્ષેત્રી અને ૩૦ મુહૂર્ત્તના કહ્યા છે. તે આ – પૂર્વભાદ્રપદા, કૃતિકા, મઘા, પૂર્વાફાલ્ગુની, મૂલ, પૂર્વાષાઢા.

જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના છ નક્ષત્રો નક્તભાગા, અર્ધ–ક્ષેત્રવાળા અને ૧૫ મુહૂર્ત્તવાળા કહ્યા છે. તે આ – શતભિષજા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી, જ્યેષ્ઠા.

જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના છ નક્ષત્રો ઉભયભાગા, દોઢ ક્ષેત્રવાળા, ૪૫–મુહૂર્ત્તવાળા કહ્યા છે. તે આ – રોહિણી, પુનર્વસુ, ઉત્તરા–ફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા.

સૂત્ર–૫૬૯ થી ૫૭૨

(૫૬૯) અભિચંદ્ર કુલકર ૬૦૦ ધનુષ ઊંચા–ઊંચાઈથી હતા.

(૫૭૦) ચાતુરંગ ચક્રવર્તી રાજા ભરત છ લાખ પૂર્વ સુધી મહારાજ હતા.

(૫૭૧) પુરુષાદાનીય પાર્શ્વ અરિહંતને દેવ–મનુષ્ય–અસુર યુક્ત પર્ષદાને વિશે અપરાજિત એવા ૬૦૦ વાદી મુનિની સંપદા હતી.

વાસુપૂજ્ય અરિહંતે ૬૦૦ પુરુષો સાથે મુંડ થઈ યાવત્ દીક્ષા લીધી.

ચંદ્રપ્રભ અરિહંત છ માસ સુધી છદ્મસ્થપણે રહ્યા.

(૫૭૨) તેઈન્દ્રિય જીવોનો આરંભ ન કરનારને છ ભેદે સંયમ થાય. તે આ – ઘ્રાણમય સૌખ્યથી ભ્રષ્ટ ન થાય. ઘ્રાણમય દુઃખથી જોડાય નહીં. જિહ્વામય સૌખ્યથી ભ્રષ્ટ ન થાય. એ પ્રમાણે યાવત્ સ્પર્શમય જાણવુ.

તેઈન્દ્રિય જીવોનો આરંભ કરનાર છ પ્રકારનો અસંયમ કરે છે. તે – ઘ્રાણમય સૌખ્યથી ભ્રષ્ટ થાય, ઘ્રાણમય દુઃખ સાથે જોડાય યાવત્ સ્પર્શમય દુઃખ સાથે જોડાય છે.

સૂત્ર–૫૭૩

(૧) જંબૂદ્વીપમાં છ અકર્મભૂમિ કહી છે, તે આ – હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, દેવકુરુ, ઉત્તરકુરુ.

(૨) જંબૂદ્વીપમાં છ વર્ષક્ષેત્ર કહ્યા છે – ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ.

(૩) જંબૂદ્વીપમાં છ વર્ષધર પર્વતો કહ્યા છે – લઘુહિમવત, મહાહિમવત, નિષધ, નીલવંત, રુક્મિ, શિખરી.

(૪) જંબૂદ્વીપમાં મેરુ–દક્ષિણે છ ફૂટો કહ્યા છે–લઘુહૈમવત, વૈશ્રમણ, મહાહૈમવત, વૈડૂર્ય, નિષધ, રુચકફૂટ.

(૫) જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તરે છ ફૂટો કહ્યા છે – નીલવંતફૂટ, ઉપદર્શનફૂટ, રુક્મિફૂટ, મણિકંચનફૂટ, શિખરિફૂટ, તિગિચ્છિફૂટ.

(૬) જંબૂદ્વીપમાં છ મહાદ્રહો છે– પદ્મદ્રહ, મહાપદ્મદ્રહ, તિગિચ્છિદ્રહ, કેસરીદ્રહ, મહાપૌંડરિકદ્રહ, પુંડરીક દ્રહ.

(૭) ત્યાં છ દેવીઓ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક છે. તે આ – શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી.

(૮) જંબૂદ્વીપ ના મેરુની દક્ષિણે છ મહાનદીઓ કહી છે – ગંગા, સિન્ધુ, રોહીતા, રોહીતાંશા, હરી, હરીકાંતા.

(૯) જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તરે છ મહાનદીઓ કહી છે – નરકાંતા, નારીકાંતા, સુવર્ણકુલા, રૌપ્યકુલા, રક્તા, રક્તવતી.

(૧૦) જંબૂદ્વીપમાં મેરુપર્વતની પૂર્વે સીતા મહાનદીના બંને કિનારે છ અંતરનદીઓ કહી છે – ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા.

(૧૧) જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીના બંને કિનારે છ અંતર નદીઓ કહી છે – ક્ષીરોદા, સિંહશ્રોતા, અંતર્વાહિની, ઉર્મ્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની.

(૧૨ થી ૨૨) ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં છ અકર્મભૂમિઓ કહી છે. હૈમવત, ઇત્યાદિ જંબૂદ્વીપમાં કહ્યું તેમ અહીં પણ કહેવું. યાવત્ (૨૩ થી ૫૫) પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ એમ કહેવું.

સૂત્ર–૫૭૪

ઋતુઓ છ કહી – પ્રાવૃટ્, વર્ષા, શરદ, હેમંત, વસંત, ગ્રીષ્મ.

સૂત્ર–૫૭૫

છ અવમરાત્ર (ક્ષયદિન) કહ્યા છે – ત્રીજો, સાતમો, અગિયારમો, પંદરમો અને ઓગણીસમો, તેવીસમો પક્ષ. છ અધિકરાત્રિ (વૃદ્ધિદિન) કહ્યા છે – ચોથો, આઠમો, બારમો, સોળમો, વીસમો, ચોવીસમો પક્ષ.

સૂત્ર–૫૭૬ થી ૫૭૮

(૫૭૬) આભિનિબોધિક જ્ઞાનનો છ ભેદે અર્થાવગ્રહ કહેલ છે. તે આ – શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ યાવત્ નોઇન્દ્રિય અર્થાવગ્રહ.

(૫૭૭) અવધિજ્ઞાન છ ભેદે કહ્યું છે, તે આ પ્રમાણે– આનુગામિક, અનાનુગામિક, વર્દ્ધમાનક, હીયમાનક, પ્રતિપાતી, અપ્રતિપાતી.

(૫૭૮) સાધુ–સાધ્વીને આ છ પ્રકારના અવચન બોલવા ન કલ્પે. તે આ – અલિકવચન, હીલિતવચન, ખિંસિત વચન, કઠોરવચન, ગૃહસ્થવચન અને ઉપશાંત કષાય પુનઃ ઉદીરવા રૂપ વચન.

### સૂત્ર-૫૭૯ થી ૫૮૩

(૫૭૯) કલ્પ (સાધુ આચાર)ના છ પ્રસ્તારો-મોટા પ્રાયશ્ચીત્ત કહ્યા છે - (૧) પ્રાણાતિપાતની વાણીને બોલતો, (૨) મૃષાવાદની વાણીને બોલતો, (૩) અદત્તાદાનની વાણીને બોલતો, (૪) અવિરતિની વાણીને બોલતો, (૫) અપુરુષવાદને બોલતો, (૬) દાસવાદને બોલતો, આ છ આચારના પ્રસ્તાર પ્રસ્તારીને સમ્યક્ પરિપૂર્ણ ન કરતો, તે સ્થાનને પ્રાપ્ત થાય. (પ્રાયશ્ચિત્તનો ભાગી થાય.)

(૫૮૦) સાધુ આચારના છ પલિમંથૂ (ઘાતક) કહ્યા છે - (૧) કૌકુચિત, સંયમનો વિઘાતક છે. (૨) મૌખર્ય, સત્ય વચનનો વિઘાતક છે. (૩) ચક્ષુલોલુપ, ઈર્યાપથિકાનો વિઘાતક છે. (૪) તિંતિણિક, એષણા-ગોચરનો વિઘાતક છે. (૫) ઈચ્છાલોભિક, મુક્તિ માર્ગનો વિઘાતક છે. (૬) મિથ્યાનિદાનકરણ, મોક્ષ માર્ગનો વિઘાતક છે, ભગવંતે સર્વત્ર અનિદાનતા પ્રશંસી છે.

(૫૮૧) કલ્પસ્થિતિ છ પ્રકારે કહી - સામયિક કલ્પસ્થિતિ, છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ, નિર્વિશમાનક કલ્પસ્થિતિ, નિર્વિષ્ટ કલ્પસ્થિતિ, જિન કલ્પસ્થિતિ અને સ્થવિર કલ્પસ્થિતિ.

(૫૮૨) શ્રમણ ભગવંત મહાવીર નિર્જળ છઠ્ઠ ભક્ત વડે મુંડ યાવત્ પ્રવ્રજિત થયા. નિર્જળ છઠ્ઠભક્ત વડે અનંત અનુત્તર યાવત્ ઉત્પન્ન થયું. નિર્જળ છઠ્ઠ વડે સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

(૫૮૩) સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના વિમાનો ઊંચાઈથી ૬૦૦ યોજન કહ્યા છે.

સનત્કુમાર માહેન્દ્ર કલ્પના દેવોના ભવધારણીય શરીર ઊંચાઈ વડે ઉત્કૃષ્ટથી છ હાથના કહેલા છે.

### સૂત્ર-૫૮૪ થી ૫૮૬

(૫૮૪) ભોજન પરિણામ છ ભેદે છે - મનોજ્ઞ, રસિક, પ્રીણનીય, બૃંહણીય, મદનીય, દર્પણીય.

વિષ પરિણામ છ ભેદે છે - દષ્ટ, ભુક્ત, નિપતિત, માંસાનુસારી, શોણિતાનુસારી, અસ્થિમજ્જાનુસારી.

(૫૮૫) પ્રશ્ન છ ભેદે કહ્યા - સંશયપ્રશ્ન, વ્યુદ્ગ્રહપ્રશ્ન, અનુયોગી, અનુલોમ, તથાજ્ઞાન, અતથાજ્ઞાન.

(૫૮૬) ચમરચંચા રાજધાની ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે. દરેક ઈન્દ્રસ્થાન ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે. અધઃસપ્તમી પૃથ્વી ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે. સિદ્ધિગતિ ઉત્કૃષ્ટથી છ માસ ઉપપાત વિરહિત છે.

### સૂત્ર-૫૮૭ / ૫૮૮

(૫૮૭)આયુબંધ છ ભેદે કહ્યો છે - જાતિનામ નિધત્ત, ગતિનામ નિધત્ત, સ્થિતિનામ નિધત્ત, અવગાહનાનામ નિધત્ત, પ્રદેશનામ નિધત્ત, અનુભાવનામ નિધત્ત - આયુ.

નૈરયિકને છ ભેદે આયુબંધ કહ્યો - જાતિ યાવત્ અનુભાવ-નામનિધત્તાયુ. એ રીતે વૈમાનિક સુધી જાણવુ.

નૈરયિકો નિયમા છ માસ શેષાયુ રહેતા પરભવનું આયુ બાંધે. એ રીતે અસુર યાવત્ સ્તનિતકુમાર જાણવા.

અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો નિયમથી છ માસ શેષાયુ રહેતા પરભવનું આયુ બાંધે.

અસંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્યો પણ તેમજ જાણવા.

વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોનો આયુષ્યબંધ નારકોની જેમ જાણવો.

(૫૮૮) ભાવ છ ભેદે - કહ્યો છે, તે આ છ - ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સંનિપાતિક.

### સૂત્ર-૫૮૯ થી ૫૯૧

(૫૮૯) પ્રતિક્રમણ છ ભેદે કહ્યું - ઉચ્ચાર પ્રતિક્રમણ, પ્રસ્રવણ પ્રતિક્રમણ, ઈત્વરિક, યાવત્કથિક, જંકિંચિમિચ્છા, સ્વપ્નાંતિક.

(૫૯૦) કૃતિકા નક્ષત્રના છ તારા છે, આશ્લેષા નક્ષત્રના છ તારા કહ્યા છે.

(૫૯૧) જીવો છ સ્થાને નિર્વર્તિત પુદ્‌ગલોને પાપકર્મપણે એકત્ર કર્યા છે – કરે છે – કરશે. પૃથ્વીકાયનિવર્તિત યાવત્ ત્રસકાયનિવર્તિત. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણ, વેદન, નિર્જરા જાણવા.

છ પ્રદેશવાળા સ્કંધો અનંતા કહ્યા – છ પ્રદેશ અવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા. છ સમય સ્થિતિક પુદ્‌ગલો અનંતા કહ્યા. છ ગુણ કાળા પુદ્‌ગલો યાવત્ છ ગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.

સ્થાન-૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાન–૭

**સૂત્ર–૫૯૨**

ગણ અપક્રમણ-ત્યાગ કરવાના સાત કારણો કહ્યા છે. તે આ – (૧) મને સર્વ ધર્મ રુચે છે. (૨) મને અમુક ધર્મ રુચે છે, અમુક નથી રુચતા. (૩) સર્વ ધર્મોમાં મને સંદેહ છે. (૪) મને કોઈક ધર્મમાં સંદેહ છે, કોઈકમાં નથી. (૫) સર્વે ધર્મોનું જ્ઞાન હું બીજાને આપવા ઈચ્છું છું. (૬) હું કેટલાક ધર્મોનું જ્ઞાન બીજાને આપવા ઈચ્છું છું અને કેટલાકને આપવા ઈચ્છતો નથી. (૭) હું એકલવિહાર પ્રતિમા સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.

**સૂત્ર–૫૯૩**

વિભંગજ્ઞાન સાત ભેદે કહ્યું – (૧) એક દિશામાં સર્વ લોકને જાણે, (૨) પાંચ દિશામાં સર્વ લોકને જાણે, (૩) જીવને ક્રિયાનું આવરણ છે, કર્મનું નહિ તેમ જાણે, (૪) જીવ પુદ્ગલ નિર્મિતજ છે તેમ જાણે, (૫) જીવ પુદ્ગલ નિર્મિત નથી તેમ જાણે, (૬) જીવ રૂપી છે તેમ જાણે, (૭) સર્વે દૃશ્યમાન જગત જીવ છે તેમ જાણે. તેમાં–

(૧) પ્રથમ વિભંગજ્ઞાન આ છે– કોઈ તથારૂપ શ્રમણ–બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે તે તે ઉત્પન્ન વિભંગજ્ઞાનથી પૂર્વને–પશ્ચિમ ને–દક્ષિણને કે ઉત્તરદિશાને અથવા ઉર્ધ્વમાં યાવત્ સૌધર્મકલ્પને જુએ છે. તેને એમ થાય છે કે – મને અતિશય જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયેલ છે, તેથી એક દિશિ લોકાભિગમ છે. કેટલાક શ્રમણો કે બ્રાહ્મણો એમ કહે છે કે – પાંચ દિશામાં લોકાભિગમ છે. જે લોકો એમ કહે છે તે મિથ્યા કહે છે.

(૨) હવે બીજું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાન વડે પૂર્વ–પશ્ચિમ–દક્ષિણ–ઉત્તર કે ઉર્ધ્વદિશાને યાવત્ સૌધર્મકલ્પ સુધી જુએ છે. તેમનો આ અભિપ્રાય છે કે મને અતિશયવાળા જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે તેને પંચદિશિ લોકાભિગમ છે. કેટલાક શ્રમણ–બ્રાહ્મણ એમ કહે છે કે – એક દિશિ લોકાભિગમ છે, જેઓ એમ કહે છે તે મિથ્યા છે.

(૩) હવે ત્રીજું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ–બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે શ્રમણ કે માહણ સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેખે છે. તે કહે છે – પ્રાણનો અતિપાત કરતા, મૃષાને બોલતા, અદત્તને ગ્રહણ કરતા, મૈથુનને સેવતા, પરિગ્રહને ગ્રહણ કરતા, રાત્રિભોજન કરતાને દેખે છે, પણ તેના હેતુભૂત કર્મને જોતો નથી. તેને એમ થાય છે કે – મને અતિશયવાળા જ્ઞાન, દર્શન છે. તેથી ક્રિયાવરણ જીવ છે. કેટલાક શ્રમણ–માહણ કહે છે – ક્રિયા આવરણ જીવ નથી, પણ કર્માવરણ જીવ છે. જે આ કહે છે તે મિથ્યા છે.

(૪) હવે ચોથું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ–માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાન વડે દેવોને જ દેખે છે. બાહ્ય–અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને એકત્વ કે અનેકત્વ રૂપને સ્પર્શીને, ફોરવીને, પ્રગટ થઈને વિકુર્વે, વિકુર્વીને રહે છે. તેને એમ થાય છે કે – મને અતિશયિત જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે–જીવ મુદગ્ર છે. કેટલાક શ્રમણ–બ્રાહ્મણ એમ કહે છે– અમુદગ્ર જીવ છે. જેઓ આમ કહે છે તે મિથ્યા કહે છે.

(૫) હવે પાંચમું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ કે માહણને યાવત્ ઉપજે છે, તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેવોને જ દેખે છે તે કહે છે – બાહ્ય–અભ્યંતર પુદ્ગલ ગ્રહણ કર્યા સિવાય પૃથક્ કે વિવિધરૂપે યાવત્ વૈક્રિય કરીને રહે છે. તેને એમ થાય છે કે – યાવત્ અમુદગ્ર જીવ છે. કેટલાક શ્રમણ–માહણ એમ કહે છે – મુદગ્ર જીવ છે. જેઓ આમ કહે છે તે ખોટું છે.

(૬) હવે છઠ્ઠું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ–માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેવોને જ જુએ છે – બાહ્ય–અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને કે ન કરીને પૃથક્ કે વિવિધરૂપે સ્પર્શીને યાવત્ વિકુર્વીને રહે છે. તેને એમ થાય કે મને અતિશય જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા છે. જીવ રૂપી છે. કેટલાક શ્રમણ–માહણ એમ કહે છે કે – જીવ અરૂપી છે. જેઓ આમ કહે છે, તે મિથ્યા કહે છે.

(૭) હવે સાતમું વિભંગજ્ઞાન કહે છે – જ્યારે તથારૂપ શ્રમણ કે માહણને વિભંગજ્ઞાન ઉપજે છે, ત્યારે તે સમુત્પન્ન જ્ઞાન વડે દેખે છે – સૂક્ષ્મ વાયુકાયથી સ્પૃષ્ટ પોદ્‌ગલકાયને કંપતુ, વિશેષ કંપતુ, ચાલતુ, ક્ષોભ પામતુ, સ્પર્શતુ, ઘટ્ટન કરતુ, પ્રેરતુ તે – તે ભાવને પરિણમતુ જોઈને તેને એમ થાય કે – મને અતિશય જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે. આબ બધા જીવ છે. કેટલાક શ્રમણ કે માહણ કહે છે – જીવ અને અજીવ છે. જેઓ આમ કહે છે તે મિથ્યા કહે છે. તેવાને આ ચાર જીવનિકાય યથાર્થ સમજાયા નથી, તે આ – પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાયિકો. આ ચાર નિકાયો વિશે મિથ્યાદંડને પ્રવર્તાવે છે. આ સાતમું વિભંગજ્ઞાન.

## સૂત્ર–૫૯૪ થી ૫૯૬

(૫૯૪) યોનિ સંગ્રહ સાત ભેદે કહ્યો છે – અંડજ–ઇંડાથી ઉત્પન્ન, પોતજ–ચામડીનાં આવરણ વિના ઉત્પન્ન થનારા. જરાયુજ–ચર્મ આવરણ રૂપ,, રસજ–રસમાં ઉત્પન્ન થનાર, સંસ્વેદજ–પસીનાથી ઉત્પન્ન,, સંમૂર્ચ્છિમજ–સંયોગ વિના ઉપન્ન,, ઉદ્‌ભિજ્જ–ભૂમિ ભેદીને ઉત્પન્ન થનાર.

અંડજ જીવ સાત ગતિક, સાત આગતિક કહ્યા છે – અંડજ જીવ, અંડજમાં ઉપજતો, પોતજમાંથી યાવત્ ઉદ્‌ભિજ્જોમાંથી ઉત્પન્ન થાય છે. તે જ અંડજ, અંડજપણાને છોડતો અંડજપણે, પોતજપણે યાવત્ ઉદ્‌ભિજ્જપણે ઉત્પન્ન થાય. પોતજ સાત ગતિ અને સાત આગતિવાળા છે. એ રીતે સાતે જીવોની ગતિ આગતિ કહેવી. યાવત્ ઉદ્‌ભિજ્જ (સુધી આ પ્રમાણે કહેવું.)

(૫૯૫) આચાર્ય–ઉપાધ્યાયને ગણમાં સાત સંગ્રહ સ્થાનો કહ્યા છે – આચાર્ય–ઉપાધ્યાય ગણમાં આજ્ઞા, ધારણાને સમ્યક્ પ્રવર્તાવનાર હોય છે. એ રીતે પાંચમા સ્થાન મુજબ આચાર્ય–ઉપાધ્યાય ગણમાં પૂછીને પ્રવૃત્તિ કરનાર હોય, પૂછ્યા વિના નહીં. આચાર્ય–ઉપાધ્યાય ગણમાં અપ્રાપ્ત ઉપકરણને સમ્યક્ રીતે પ્રાપ્ત કરે. આચાર્ય ઉપાધ્યાય પૂર્વે પ્રાપ્ત ઉપકરણોને સમ્યક્ રીતે સંરક્ષણ અને સંગોપન કરે, અસમ્યક્ રીતે નહીં.

આચાર્ય–ઉપાધ્યાયને ગણમાં સાત અસંગ્રહ સ્થાનો કહ્યા છે – આચાર્ય ઉપાધ્યાયને ગણમાં આજ્ઞા કે ધારણાને સમ્યગ્ રીતે પ્રવર્તાવનાર ન હોય – યાવત્ – ઉપકરણોને સમ્યક્ સંરક્ષણ, સંગોપન ન કરે.

(૫૯૬) પિંડૈષણાઓ સાત કહી છે. સાત પાણેષણાઓ કહી છે. સાત અવગ્રહ પ્રતિમાઓ કહી છે. સાત સપ્તૈકક કહ્યા છે. સાત મહા અધ્યયનો કહ્યા છે. સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા ૪૯ અહોરાત્ર વડે તથા ૧૯૬ ભિક્ષા દત્તિથી યથાસૂત્ર, યથાઅર્થ યાવત્ આરાધિત થાય.

## સૂત્ર–૫૯૭

અધોલોકમાં સાત પૃથ્વીઓ કહી છે, સાત ઘનોદધિ, સાત ઘનવાત, સાત તનુવાતો, સાત આકાશાંતરો કહ્યા છે. આ સાત આકાશાંતરોમાં સાત તનુવાતો સ્થિત છે. સાત તનુવાતોમાં સાત ઘનવાતો સ્થિત છે. સાત ઘનવાતોમાં સાત ઘનોદધિ સ્થિત છે. સાત ઘનોદધિમાં પિંડલક, પુષ્પ ભાજન સંસ્થાન સંસ્થિત સાત પૃથ્વીઓ કહી છે. તે આ–

પહેલી યાવત્ સાતમી. આ સાતે પૃથ્વીના સાત નામો કહ્યા છે, તે આ – ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી. આ સાતેના સાત ગોત્રો કહ્યા છે. તે આ – રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમપ્રભા.

## સૂત્ર–૫૯૮ થી ૬૦૧

(૫૯૮) બાદર વાયુકાયિક સાત ભેદે કહ્યા – પૂર્વવાયુ, પશ્ચિમવાયુ, દક્ષિણવાયુ, ઉત્તરવાયુ, ઊંચોવાયુ, અધોવાયુ, વિદિશાવાયુ.

(૫૯૯) સાત સંસ્થાનો કહ્યા છે – દીર્ઘ, હ્રસ્વ, વર્તુળ, ત્ર્યસ્ર, ચતુરસ્ર, પૃથુલ અને પરિમંડલ.

(૬૦૦) સાત ભયસ્થાનો કહ્યા છે – ઈહલોક ભય, પરલોક ભય, અકસ્માત ભય, વેદના ભય, મરણ ભય અને અપકીર્તિ ભય.

(૬૦૧) સાત કારણે છદ્મસ્થ જણાય છે – જીવોનો વિનાશ કરનાર હોય, મૃષા બોલનાર હોય, દત્ત લેનાર હોય, શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ ભોગવનાર હોય, પૂજા સત્કાર અનુમોદનાર હોય, આ સાવદ્ય છે તેમ કહી તેને સેવનાર હોય, જેવું બોલે તેવું આચરનાર ન હોય.

સાત કારણે કેવલી જણાય છે – પ્રાણીનો વિનાશ કરનાર ન હોય યાવત્ જેવું બોલે તેવું આચરણ કરનાર હોય.

## સૂત્ર–૬૦૨

સાત મૂલ ગોત્રો કહ્યા છે – કાશ્યપ, ગૌતમ, વત્સ, કુત્સ, કૌશિક, મંડવ, વાશિષ્ટ.

જે કાશ્યપો છે તે સાત ભેદે છે – કાશ્યપ, શાંડીલ્ય, ગૌડ, વાલ, મૌજકી, પર્વપ્રેક્ષકી, વર્ણકૃષ્ણ.

ગૌતમ સાત ભેદે છે – ગૌતમ, ગર્ગ, ભારદ્વાજ, અંગિરસ, શર્કરાભ, ભાસ્કરાભ, ઉદકાત્મભ.

વત્સો છે તે સાત ભેદે છે – વત્સ, આગ્નેય, મૈત્રેય, સ્વામિલી, શેલક, અસ્થિસેન, વીતકર્મ.

કુત્સો છે તે સાત ભેદે છે – કુત્સ, મૌદ્ગલાયન, પિંગલાયન, કૌડીન્ય, મંડલીક, હારિત, સોમજ.

કૌશીકો છે તે સાત ભેદે છે – કૌશીક, કાત્યાયન, શાલંકાયન, ગોલિકાયન, પક્ષિકાયન, આગ્નેય, લોહીત.

મંડવ છે તે સાત ભેદે છે – મંડવ, અરિષ્ટ, સંમુક્ત, તૈલ, એલાપત્ય, કાંડીલ્ય, ક્ષારાયન.

વાશિષ્ઠો છે તે સાત ભેદે છે – વાશિષ્ટ, ઉંજાયન, જારેકૃષ્ણ, વ્યાઘ્રાપત્ય, કૌડીન્ય, સંજ્ઞી અને પારાસર.

## સૂત્ર–૬૦૩

સાત મૂલ નયો કહ્યા, તે આ પ્રમાણે – નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.

## સૂત્ર–૬૦૪ થી ૬૪૩

(૬૦૪) સાત સ્વરો કહ્યા છે – તે આ પ્રમાણે–

(૬૦૫) ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ.

(૬૦૬) આ સાત સ્વરોના સાત સ્વરસ્થાન કહ્યા છે – તે આ પ્રમાણે–

(૬૦૭) ષડ્જ જિભના અગ્રભાગે, ઋષભ સ્વર હૃદયથી, ગાંધાર કંઠ વડે, જીભના મધ્ય ભાગે મધ્યમ,

(૬૦૮) નાસા વડે પંચમ, ધૈવત દંતોષ્ઠ વડે, મસ્તક વડે નિષાદ. આ સાત સ્વરસ્થાનો કહ્યા.

(૬૦૯) સાત સ્વરો જીવનિશ્રિતા ક્યા છે – તે આ પ્રમાણે–

(૬૧૦) ષડ્જ – મયુરનો સ્વર, ઋષભ – કૂકડાનો સ્વર, ગંધાર – હંસનો સ્વર, મધ્યમ – ગવેલકનો સ્વર.

(૬૧૧) પંચમ – વસંત માસમાં કોયલનો સ્વર, ધૈવત – સારસ અને ક્રૌંચનો સ્વર, નિષાદ–હાથીનો સ્વર.

(૬૧૨) સાત સ્વરો અજીવનિશ્રિતા કહ્યા – તે આ પ્રમાણે–

(૬૧૩) ષડ્જ – મૃદંગનો સ્વર, ઋષભ – ગોમુખીનો સ્વર, ગંધાર – શંખનાદ, મધ્યમ – ઝલ્લરીનો.

(૬૧૪) પંચમ – ચાર ચરણોથી સ્થિ. ગોધિકા, ધૈવત – ઢોલનો, નિષાદ – મહાભેરીનો સ્વર.

(૬૧૫) આ સાત સ્વરના સાત લક્ષણો છે. તે આ પ્રમાણે–

(૬૧૬) ષડ્જથી વૃત્તિ પામે અને કરેલ કાર્ય નાશ ન પામે વળી ગાય, મિત્ર, પુત્રોની પ્રાપ્તિ થાય છે તથા સ્ત્રીઓને વલ્લભ થાય છે.

(૬૧૭) ઋષભથી ઐશ્વર્ય, સેનાપત્ય, ધન, વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી અને શયન.

(૬૧૮) ગંધારથી ગીત–યુક્તિજ્ઞ, વજ્રવૃત્તિ, કલાની અધિકતા, કાવ્યપ્રજ્ઞા, અન્ય શાસ્ત્રોમાં પારંગતતા.

(૬૧૯) મધ્યમ સ્વર સંપન્ન સુખે જીવનાર, ખાતો, પીતો, દાન દેતો અને મધ્યમ સ્વર આશ્રિત થાય છે.

(૬૨૦) પંચમ સ્વર સંપન્ન રાજા, શૂર, સંગ્રહકર્તા, અનેક ગણનો નાયક થાય.

(૬૨૧) રેવત (ધૈવત) સ્વર સંપન્ન કલહપ્રિય, શાકુનિક, વાગુરિક, શૌકરિક, મચ્છીમાર થાય છે.

(૬૨૨) નિષાદ સ્વરવાલા ચાંડાલ, મલ્લ, સેકા, અન્ય પાપકર્મી, ગોઘાતક, ચોર થાય છે.

(૬૨૩) આ સાત સ્વરોના ત્રણ ગ્રામ કહ્યા છે – ષડ્જ ગ્રામ, મધ્યમ ગ્રામ, ગંધાર ગ્રામ.

ષડ્જ ગ્રામની સાત મૂર્છના કહી છે.તે આ પ્રમાણે–

(૬૨૪) મંગી, કૌરવીય, હરી, રજની, સારકાંતા, સારસી, શુદ્ધ ષડ્જા.

(૬૨૫) મધ્યમ ગ્રામની સાત મૂર્છનાઓ કહી છે તે આ પ્રમાણે–

(૬૨૬) ઉત્તરમંદા, રજની, ઉતરા, ઉત્તરાસમા, અશ્વકંતા, સૌવીરા, અભીરુ.

(૬૨૭) ગંધાર ગ્રામની સાત મૂર્છના કહી છે. તે આ પ્રમાણે–

(૬૨૮) નંદી, ક્ષુદ્રિમા, પૂરિમા, શુદ્ધગંધારા, ઉત્તરગંધારા, મૂર્છા.

(૬૨૯) સુષ્ઠુતર આયામા નિયમથી છઠ્ઠી જાણવી. ઉતરાયતા કે કોડીમાતસા સાતમી મૂર્છા છે.

(૬૩૦) સાત સ્વરો ક્યાંથી ઉત્પન્ન થાય છે ? ગેયની કઈ યોનિ હોય છે ? ઉચ્છ્વાસ કાલ કેટલા સમયનો છે ? ગેયના કેટલા આકારો છે ?

(૬૩૧) સાત સ્વર નાભિથી ઉત્પન્ન થાય છે, ગીતની રુદિત યોનિ છે, પાદ સમાન ઉચ્છ્વાસો છે, ગેયના ત્રણ આકારો છે.

(૬૩૨) ગેયના આકાર ત્રણ છે – મંદ સ્વરથી આરંભ કરે, મધ્યમાં સ્વરની વૃદ્ધિ કરે અને અંતમાં સ્વરને ક્રમશઃ હીન કરે.

(૬૩૩) ગેયના છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્તો, બે ભણિતી, જે જાણશે તે સુશિક્ષિત રંગમંડપ મધ્યે સારી રીતે ગાઈ શકશે.

(૬૩૪) ગેયના છ દોષો – ભીત, દ્રુત, લઘુસ્વર, તાલરહિત, કાકસ્વર અને નાસિક્ય, એ રીતે ગીત ન ગાવું.

(૬૩૫) ગેયના આઠ ગુણ – પૂર્ણ, રક્ત, અલંકૃત, વ્યક્ત, અવિસ્વર, મધુર, સમ, સુકુમાર.

(૬૩૬) ગેયના બીજા ગુણ – ઉર, કંઠ–શિર દ્વારા પ્રશસ્ત, મૃદુ–રિભિત–પદબદ્ધ ગવાય, સમતાલના પ્રક્ષેપવાળુ અને સાત સ્વરોથી સમ ગવાય.

(૬૩૭) ગેયના બીજા ગુણ – નિર્દોષ, સારયુક્ત, હેતુયુક્ત, અલંકૃત, ઉપનીત, સોપચાર, મિત્ત અને મધુર.

(૬૩૮) ગેયના ત્રણ વૃત્ત – સમ, અર્ધસમ, સર્વત્ર વિષમ. આ સિવાય ચોથો ભેદ નથી.

(૬૩૯) બે ભણિતિયા – સંસ્કૃત અને પ્રાકૃત, ઋષિઓએ બેને પ્રશસ્ત કહી, તેમાં ગાવું.

(૬૪૦) કેવી સ્ત્રી મધુર ગાય છે ? ખર અને રૂક્ષ સ્વરે કોણ ગાય છે ? કેવી સ્ત્રી ચતુર ગાય છે ? કોણ મંદ સ્વરે ગાય છે ? કોણ શીઘ્ર ગાય છે ?

(૬૪૧) કેવી સ્ત્રી વિસ્વરથી ગાય છે ? શ્યામા મધુર ગાય છે, કાળી સ્ત્રી ખર અને રૂક્ષ ગાય છે, ગોરી સ્ત્રી ચતુર ગાય છે, કાણી મંદ અને આંધળી શીઘ્ર ગાય છે.

(૬૪૨) પીંગળા સ્ત્રી વિસ્વર ગાય છે. સાત સ્વરો સમ છે – તંત્રીસમ, તાલસમ, પાદસમ, લયસમ, ગ્રહસમ, શ્વાસોચ્છ્વાસસમ, સંચારસમ.

(૬૪૩) સાત સ્વર, ત્રણ ગ્રામ, ૨૧ મૂર્છના, ૪૯ તાન છે.

### સૂત્ર–૬૪૪ થી ૬૫૮

(૬૪૪) સાત પ્રકારે કાયક્લેશ તપ કહ્યો છે. તે આ – સ્થાનાતિગ–ઉભા રહેવું, ઉત્કુટુકાસનિક–ઉક્કડું આસને બેસવું, પ્રતિમાસ્થાયી– સમય મર્યાદા નિશ્ચિત કરી કાયોત્સર્ગ કરવો, વીરાસનિક– વિરાસને બેસવું,, નૈષધિક–પલાંઠીવાળી બેસવું,, દંડાયતિક–દંડ સમાન સીધા સુવું,, લંગડશાયી–વાંકી લાકડીની જેમ શયન કરવું.

(૬૪૫) જંબૂદ્વીપમાં સાત વર્ષક્ષેત્રો કહ્યા– ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, મહાવિદેહ.

જંબૂદ્વીપમાં સાત વર્ષધર પર્વતો કહ્યા – ચુલ્લ હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રૂકમી, શિખરી, મેરુ.

જંબૂદ્વીપમાં સાત મહાનદીઓ પૂર્વાભિમુખ થઈ લવણ સમુદ્રમાં મળે છે – ગંગા, રોહીતા, હરીતા, શીતા, નરકાંતા, સુવર્ણકૂલા, રક્તા.

જંબૂદ્વીપમાં પશ્ચિમ સન્મુખ વહેતી સાત મહાનદીઓ લવણ સમુદ્રમાં મળે છે – સિંધુ, રોહિતાંશા, હરિકાંતા, શીતોદા, નારીકાંતા, રૂપ્યકૂલા, રક્તવતી.

ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં સાત ક્ષેત્રો કહ્યા છે – ભરત યાવત્ મહાવિદેહ.

ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં સાત વર્ષધર પર્વતો કહ્યા છે – ચૂલ્લ હિમવાન યાવત્ મેરુ.

ધાતકીખંડમાં પૂર્વાર્દ્ધમાં પૂર્વદિશાભિમુખ વહેતી સાત મહાનદીઓ કાલોદસમુદ્રમાં મળે છે–ગંગા યાવત્ રક્તા.

ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં પશ્ચિમાભિમુખ વહેતી સાત મહાનદી લવણસમુદ્રમાં મળે છે–સિંધુ યાવત્ રક્તવતી.

ધાતકીખંડમાં પશ્ચિમાર્દ્ધમાં ક્ષેત્રો આદિ એ રીતે જ છે. વિશેષ એ – પૂર્વાભિમુખ વહેતી નદી લવણસમુદ્રમાં મળે છે, પશ્ચિમાભિમુખ વહેતી નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે.

પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં પૂર્વાર્દ્ધમાં સાત ક્ષેત્રો આદિ તેમજ છે. વિશેષ એ કે – પૂર્વાભિમુખ નદીઓ પુષ્કરોદ સમુદ્રમાં મળે છે. પશ્ચિમાભિમુખ નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે. બાકી પૂર્વવત્. એ રીતે પશ્ચિમાર્દ્ધમાં પણ છે. વિશેષ એ કે – પૂર્વાભિમુખ નદી કાલોદમાં, પશ્ચિમાભિમુખ પુષ્કરોદમાં મળે છે. સર્વત્ર વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, નદીઓ કહેવા જોઈએ.

(૬૪૬) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સાત કુલકર થયા. તે આ પ્રમાણે–

(૬૪૭) મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલદોષ, સુઘોષ અને મહાઘોષ.

(૬૪૮) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સાત કુલકરો થયા. તે આ પ્રમાણે–

(૬૪૯) વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન, અભિચંદ્ર, પ્રસેનજિત, મરુદેવ, નાભિ.

(૬૫૦) આ સાત કુલકરોની સાત પત્નીઓ હતી. તે આ પ્રમાણે–

(૬૫૧) ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુકાંતા, શ્રીકાંતા, મરુદેવી.

(૬૫૨) જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં સાત કુલકરો થશે. તે આ પ્રમાણે–

(૬૫૩) મિત્રવાહન, સુભોમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સુહુમ, સુબંધુ. (પાઠાંતરથી શુભ, સુરૂપ).

(૬૫૪) વિમલવાહન કુલકરના કાલે સાત પ્રકારના વૃક્ષો ઉપભોગમાં શીઘ્ર આવતા હતા. તે આ પ્રમાણે–

(૬૫૫) મદ્યાંગ, ભૃંગ, ચિત્રાંગ, ચિત્રરસા, મણ્યંગ, અનગ્ન, કલ્પવૃક્ષ.

(૬૫૬) દંડનીતિ સાત ભેદે કહી છે – હક્કાર, મક્કાર, ધિક્કાર, પરિભાષા, મંડલબંધ, ચારક, છવિચ્છેદ.

(૬૫૭) પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને સાત એકેન્દ્રિય રત્નો કહ્યા છે – ચક્રરત્ન, છત્રરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન.

પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને સાત પંચેન્દ્રિય રત્નો કહ્યા છે – સેનાપતિ, ગૃહપતિ, વર્દ્ધકી, પુરોહીત, સ્ત્રી, અશ્વ, હસ્તિ.

(૬૫૮) સાત કારણે દુષ્ષમકાળ આવેલો જાણવો – અકાળ વર્ષા, કાલે ન વરસે, અસાધુની પૂજા, સાધુ ન પૂજવા, ગુરુજન પ્રતિ મિથ્યાભાવ, મનોદુઃખતા, વચનદુઃખતા. સાત કારણે સુષમકાળ આવેલો જાણવો – અકાલે ન વરસે, કાલે વર્ષા, અસાધુ ન પૂજાય, સાધુ પૂજવા, ગુરુજન પ્રતિ સમ્યક્ ભાવ, મનોસુખત્વ, વચન સુખત્વ.

## સૂત્ર–૬૫૯ થી ૬૬૨

(૬૫૯) સંસારી જીવો સાત ભેદે કહ્યા છે. તે આ – નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિસ્ત્રીઓ, મનુષ્યો, મનુષ્ય સ્ત્રી, દેવો, દેવીઓ.

(૬૬૦) આયુનો ભેદ સાત પ્રકારે છે – તે આ પ્રમાણે–

(૬૬૧) અધ્યવસાયથી, નિમિત્તથી, આહારથી, વેદનાથી, પરાઘાતથી, સ્પર્શથી, શ્વાસોચ્છ્વાસરુંધનથી.

(૬૬૨) સર્વે જીવો સાત ભેદે કહ્યા છે – પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસકાયિક અને અકાયિક.

સર્વે જીવ સાત ભેદે – કૃષ્ણ યાવત્ શુક્લ લેશ્યાવાળા અને અલેશ્યી.

સૂત્ર–૬૬૩, ૬૬૪

(૬૬૩) ચાતુરંત ચક્રવર્તી રાજા બ્રહ્મદત્ત, સાત ધનુષ્ય ઊર્ધ્વ ઉચ્ચત્વથી ૭૦૦ વર્ષનુ પરમાયુ પાળીને કાળ માસે કાળ કરીને અધઃસપ્તમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો.

(૬૬૪) અર્હન્ મલ્લિનાથ પોતે સાતમા મુંડ થઈને ગૃહવાસથી નીકળીને અણગારપણે પ્રવ્રજિત થયા. તે આ – (૧) વિદેહ રાજકન્યા મલ્લી, (૨) ઇક્ષ્વાકુરાજ પ્રતિબુદ્ધિ, (૩) અંગદેશ રાજા ચંદ્રછાય, (૪) કુણાલાધિપતિ રુકમી, (૫) કાશીરાજ શંખ, (૬) કુરુરાજ અદીનશત્રુ અને (૭) પાંચાલરાજ જિતશત્રુ.

સૂત્ર–૬૬૫ થી ૬૭૧

(૬૬૫) દર્શન સાત ભેદે કહ્યું – સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્મિથ્યાદર્શન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન.

(૬૬૬) છદ્મસ્થ વીતરાગ મોહનીયને વર્જીને સાત કર્મપ્રકૃતિને વેદે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

(૬૬૭) સાત સ્થાનોને છદ્મસ્થો સર્વભાવથી ન જાણે, ન દેખે. તે આ – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ અને ગંધ. પણ આ જ સાતે પદાર્થોને ઉત્પન્ન જ્ઞાનવાળો યાવત્ જાણે છે અને જુએ છે. તે ધર્માસ્તિકાય આદિ.

(૬૬૮) વજ્રઋષભનારાચ સંઘયણયુક્ત અને સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત એવા શ્રમણ ભગવાન મહાવીર સાત હાથ ઊર્ધ્વ ઉચ્ચપણે હતા.

(૬૬૯) સાત વિકથાઓ કહી છે – સ્ત્રીકથા, ભોજન કથા, દેશ કથા, રાજ કથા, મૃદુકારિણી–(ઇષ્ટવિયોગ પ્રદર્શક કરુણ રસપ્રધાન કથા) , દર્શનભેદિની–(સમ્યક્ત્વ નાશક કથા), ચારિત્રભેદિની–(ચારિત્રનાશક કથા).

(૬૭૦) આચાર્ય–ઉપાધ્યાયના ગણ સંબંધી સાત અતિશયો કહ્યા છે. તે આ – (૧) આચાર્ય–ઉપાધ્યાય ઉપાશ્રયમાં પોતાના બંને પગની ધૂળ બીજા પાસે ઝટકાવે કે પ્રમાર્જન કરાવે તો આજ્ઞાને ઉલ્લંઘતા નથી. એ જ રીતે જેમ પાંચમાં સ્થાનમાં કહ્યું તેમ યાવત્ ઉપાશ્રયની બહાર એક રાત્રિ કે બે રાત્રિ વસતા આજ્ઞા ઉલ્લંઘતા નથી. (૬) ઉપકરણ અતિશય, (૭) ભક્ત–પાન અતિશય (તે બંનેમાં આજ્ઞા ઉલ્લંઘન ન થાય.)

(૬૭૧) સંયમ સાત પ્રકારે કહ્યો છે. તે આ– પૃથ્વીકાયિક સંયમ યાવત્ ત્રસકાયિક સંયમ, અજીવકાય સંયમ.

અસંયમ સાત ભેદે છે – પૃથ્વીકાયિક અસંયમ યાવત્ ત્રસકાયિક અસંયમ, અજીવકાય અસંયમ.

આરંભ સાત ભેદે કહ્યો છે. તે આ – પૃથ્વીકાયિક આરંભ યાવત્ અજીવકાય આરંભ. એ રીતે અનારંભમાં, સારંભમાં, અસારંભમાં, સમારંભમાં, અસમારંભમાં જાણવું યાવત્ અજીવકાય અસમારંભ.

સૂત્ર–૬૭૨ થી ૬૮૪

(૬૭૨) હે ભગવન્ ! અળસી, કુસુંભ, કોદ્રવ, કાંગ, રાળ, સણ, સરસવ અને મૂળાના બીજ, આ ધાન્યોના કોઠારમાં કે પાલામાં ઘાલીને યાવત્ ઢાંકીને રાખ્યા હોય તો કેટલો કાળ તેની યોનિ સચિત્ત રહે ? – હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સાત વર્ષ પર્યન્ત, ત્યારપછી તેની યોનિ મ્લાન થાય છે યાવત્ યોનિનો નાશ થાય છે તેમ કહ્યું છે.

(૬૭૩) બાદર અપ્કાયની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષની કહી છે.

ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટથી નૈરયિકની સ્થિતિ સાત સાગરોપમ છે.

ચોથી પંકપ્રભા પૃથ્વીમાં નૈરયિક સ્થિતિ જઘન્ય સાત સાગરોપમ છે.

(૬૭૪) દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ મહારાજની સાત અગ્રમહિષી છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સોમ અને યમની સાત–સાત અગ્રમહિષી છે.

(૬૭૫) દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અભ્યંતર પર્ષદાના દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રની અગ્રમહિષી દેવીની સાત પલ્યોપમની સ્થિતિ છે.

સૌધર્મકલ્પે પરિગૃહીતા દેવીની સ્થિતિ ઉત્કૃષ્ટથી સાત પલ્ય છે.

(૬૭૬) સારસ્વત, આદિત્યના સાત દેવોને ૭૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિત દેવના સાત દેવો ૭૦૦૦ દેવોના પરિવારવાળા છે.

(૬૭૭) સનત્કુમાર કલ્પે ઉત્કૃષ્ટ દેવસ્થિતિ સાત સાગરોપમની છે.

માહેન્દ્ર કલ્પે ઉત્કૃષ્ટ દેવસ્થિતિ સાધિક સાત સાગરોપમ છે.

બ્રહ્મલોક કલ્પે જઘન્યથી દેવસ્થિતિ સાત સાગરોપમ છે.

(૬૭૮) બ્રહ્મલોક, લાંતક કલ્પે વિમાનો ૭૦૦ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી છે.

(૬૭૯) ભવનવાસી દેવોના ભવધારણીય શરીર, ઉત્કૃષ્ટથી સાત હાથ ઉર્ધ્વ ઉચ્ચત્વ છે. એ રીતે વાણવ્યંતર અને જ્યોતિષ્કોના જાણવા. સૌધર્મ–ઈશાનકલ્પે સાત હાથ ઊંચાઈ છે.

(૬૮૦) નંદીશ્વરદ્વીપની અંદર સાત દ્વીપો કહ્યા છે – જંબૂદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, પુષ્કરવર, વરુણવર, ક્ષીરવર, ધૃતવર, ક્ષોદવર.

નંદીશ્વરદ્વીપની અંદર સાત સમુદ્રો છે – લવણ, કાલોદ, પુષ્કરોદ, વરુણોદ, ક્ષીરોદ, ઘૃતોદ, ક્ષોદોદ.

(૬૮૧) સાત શ્રેણીઓ કહી છે – ઋજુઆયતા, એકતોવક્રા, ઉભયતોવક્રા, એકતોખુહા, ઉભયતોખુહા ચક્રવાલા અને અર્ધચક્રવાલા.

(૬૮૨) અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના સાત સૈન્યો અને સાત સેનાધિપતિઓ કહ્યા છે – પદાતિસૈન્ય, અશ્વ–સૈન્ય, હસ્તિસૈન્ય, મહિષસૈન્ય, રથસૈન્ય, નૃત્યસૈન્ય, ગાંધર્વસૈન્ય.

દ્રુમ પદાતિ સૈન્યાધિપતિ છે, એ પ્રમાણે પાંચમાં સ્થાન મુજબ કહેવું યાવત્ કિન્નર રથ સૈન્યાધિપતિ, (૬) રિષ્ટ નૃત્યસૈન્યાધિપતિ અને (૭) ગીતરતિ–ગાંધર્વ સૈન્યાધિપતિ.

વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલીના સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિ છે. પાદાતિ સૈન્ય યાવત્ ગાંધર્વસૈન્ય. (૧) મહાદ્રુમ–પાદાતિસૈન્યાધિપતિ યાવત્ (૫) કિંપુરુષ–રથ સૈન્યાધિપતિ, (૬) નૃત્ય સૈન્યાધિપતિ મહારિષ્ટ (૭) ગંધર્વસેનાધિપતિ ગીતયશા

નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજાના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ છે. પદાતિસૈન્ય યાવત્ ગંધર્વસૈન્ય, રુદ્રસેન – (૧) પાદાતિ સૈન્યાધિપતિ છે યાવત્ (૫) આનંદ–રથસૈન્યાધિપતિ, (૬) નૃત્ય સૈન્યાધિપતિ નંદન (૭) ગંધર્વસેનાધિપતિ તેતલી

ભૂતાનંદના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ છે – પદાતિસૈન્ય યાવત્ ગાંધર્વ સૈન્ય. (૧) દક્ષ – પદાતિસૈન્યાધિપતિ યાવત્ (૫) નંદોત્તર – રથસૈન્યાધિપતિ, (૬) રતિ–નૃત્યસેનાનો, (૭) માનસ ગંધર્વ સેનાનો, એવી રીતે યાવત્ ઘોષ અને મહાઘોષ પર્યન્ત જાણવુ.

દેવેન્દ્ર દેવરાજ શક્રના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ કહ્યા છે – પદાતિ યાવત્ ગાંધર્વસૈન્ય (૧) હરિણૈગમેષી–પદાતિ સૈન્યાધિપતિ યાવત્ માઢર–રથ સૈન્યાધિપતિ, (૬) શ્વેત–નૃત્યનો, (૭) તુંબરુ–ગંધર્વનો.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિઓ છે – પદાતિ સૈન્ય યાવત્ ગંધર્વ સૈન્ય. લઘુ

પરાક્રમ નામે પદાતિસૈન્ય અધિપતિ યાવત્ મહાસેન નામે નૃત્યા સૈન્યાધિપતિ. શેષ પાંચમાં સ્થાન મુજબ જાણવુ. એ પ્રમાણે યાવત્ અચ્યુતને પણ જાણવા.

(૬૮૩) અસુરેન્દ્ર અસુરકુમાર રાજાના 'દ્રુમ' પદાતિ સૈન્યાધિપતિના સાત કચ્છાઓ કહ્યા છે – પ્રથમા કચ્છા યાવત્ સપ્તમી કચ્છા.

આ દ્રુમની પહેલી કચ્છામાં ૬૪,૦૦૦ દેવો છે, તેથી બમણા બીજી કચ્છામાં છે, બીજી કચ્છાથી બમણા દેવો ત્રીજી કચ્છામાં છે યાવત્ એ રીતે છટ્ઠી કચ્છાથી બમણા દેવો સાતમી કચ્છામાં છે.

એ રીતે બલીન્દ્ર વિશે પણ કહેવું. વિશેષ એ કે– મહાદ્રુમ પદાતિ સૈન્યાધિપતિની કચ્છામાં ૬૦,૦૦૦ દેવો છે

ધરણેન્દ્રમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે – ૨૮,૦૦૦ દેવો છે. બાકીનું પૂર્વવત્. જેમ ધરણેન્દ્રનું કહ્યું, તેમ યાવત્ મહાઘોષ પર્યન્ત કહેવું. વિશેષ એ કે પદાતિ સૈન્યાધિપતિ અન્ય છે, તે પૂર્વે કહેલાં છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રના હરિણૈગમેષી દેવની સાત કચ્છાઓ કહી છે. પહેલી કચ્છા આદિ જેમ ચમરેન્દ્રનું કહ્યું તેમ અચ્યુતેન્દ્ર પર્યન્ત કહેવું. પદાતિ સૈન્યાધિપતિ પૂર્વવત્ જાણવા.

દેવ પરિમાણ આ રીતે – શક્રના ૮૪,૦૦૦ દેવો છે. ઈત્યાદિ ગાથાનુસાર જાણવુ યાવત્ અચ્યુતેન્દ્રના લઘુ પરાક્રમના પહેલી કચ્છામાં ૧૦,૦૦૦ દેવો છે, પછી બમણા–બમણા.

(૬૮૪) – (૧) ૮૪,૦૦૦, (૨) ૮૦,૦૦૦, (૩) ૭૨,૦૦૦, (૪) ૭૦,૦૦૦, (૫) ૬૦,૦૦૦, (૬) ૫૦,૦૦૦, (૭) ૪૦,૦૦૦, (૮) ૩૦,૦૦૦, (૯) ૨૦,૦૦૦, (૧૦) ૧૦,૦૦૦.

સૂત્ર–૬૮૫

વચન વિકલ્પ સાત ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે – આલાપ, અનાલાપ, ઉલ્લાપ, અનુલ્લાપ, સંલાપ, પ્રલાપ અને વિપ્રલાપ.

સૂત્ર–૬૮૬

વિનય સાત ભેદે ખેલ છે – જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, મનવિનય, વચનવિનય, કાયવિનય, લોકોપચારવિનય.

પ્રશસ્ત મન વિનય સાત ભેદે ખેલ છે – અપાપક, અસાવદ્ય, અક્રિય, નિરુપક્લેશ, અનાશ્રવકર, અક્ષતકર, અભૂતાભિશંકન.

અપ્રશસ્ત મનોવિનય સાત ભેદે – પાપક, સાવદ્ય, સક્રિય, સોપક્લેશ, આશ્રવકર, ક્ષયિકર, ભૂતાભિશંકન.

પ્રશસ્તવચન વિનય સાત ભેદે – આપપક યાવત્ અભૂતાભિશંકન.

અપ્રશસ્ત વચન વિનય સાત ભેદે – પાપક યાવત્ ભૂતાભિશંકન.

પ્રશસ્ત કાય વિનય સાત ભેદે – ઉપયોગપૂર્વક – (૧) જવું, (૨) સ્થાન, (૩) બેસવું, (૪) સૂવું, (૫) ઉલ્લંઘવું, (૬) પ્રલંઘવું, (૭) સર્વ ઇન્દ્રિયોના યોગનું પ્રવર્તન.

અપ્રશસ્તકાય વિનય સાત ભેદે - ઉપયોગરહિતપણે–ચાલવું, ઉભવું, બેસવું, સુવું, ઓળંગવુ, વારંવાર ઓળંગવું, સર્વેન્દ્રીયનો વ્યાપાર કરવો.

લોકોપચાર વિનય સાત ભેદે ખેલ છે, તે આ – અભ્યાસવર્તિત્વ, પરછંદાનુવર્તિત્વ, કાર્યહેતુ, કૃતપ્રતિકૃતિતા, આર્ત્તગવેષણતા, દેશકાલજ્ઞતા, સર્વાર્થોમાં અપ્રતિલોમતા.

સૂત્ર–૬૮૭

સાત સમુદ્‌ઘાતો કહ્યા છે – વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત, આહાર સમુદ્‌ઘાત, કેવલિ સમુદ્‌ઘાત. મનુષ્યોને આ રીતે જ સમુદ્‌ઘાત કહ્યા.

સૂત્ર–૬૮૮, ૬૮૯

(૬૮૮) શ્રમણ ભગવંત મહાવીરના તીર્થમાં સાત પ્રવચન નિહ્નવો કહ્યા છે – બહુરતા, જીવપ્રદેશિકા, અવ્યક્તિકો, સામુચ્છેદિકો, દોક્રિયા, ત્રૈરાશિકો, અબદ્ધિકો.

આ સાત પ્રવચન નિહ્નવોના સાત ધર્માચાર્યો હતા – જમાલી, તિષ્યગુપ્ત, આષાઢ, અશ્વમિત્ર, ગંગ, ષડ્‌લુક, ગોષ્ઠામાહિલ. આ સાત પ્રવચન નિહ્નવોના સાત ઉત્પત્તિનગરો હતા. તે આ–

(૬૮૯) શ્રાવસ્તી, ઋષભપુર, શ્વેતાંબિકા, મિથિલા, ઉલ્લુકાતીર, અંતરંજિકા, દશપુર. આ નિહ્નવોની ઉત્પત્તિના નગરો છે.

## સૂત્ર–૬૯૦ થી ૬૯૮

(૬૯૦) સાતા વેદનીય કર્મનો અનુભાવ સાત ભેદે કહ્યો છે – મનોજ્ઞ શબ્દ, મનોજ્ઞ રૂપ યાવત્ મનોજ્ઞ સ્પર્શ, મનસુખતા, વચનસુખતા.

અસાતા વેદનીય કર્મનો કર્મનો અનુભાવ સાત ભેદે કહેલ છે – અમનોજ્ઞ શબ્દો યાવત્ વચનદુઃખતા.

(૬૯૧) મઘા નક્ષત્ર, સાત તારાવાળા કહ્યા છે.

અભિજિત આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા કહ્યા છે તે આ – અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી.

અશ્વિની આદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા કહ્યા છે. તે આ – અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ.

પુષ્ય આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા કહ્યા છે – પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા.

સ્વાતિ આદિ ૭ નક્ષત્રો ઉત્તર દ્વારવાળા છે–સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

(૬૯૨) જંબૂદ્વીપમાં સોમનસવક્ષસ્કાર પર્વતમાં સાત કૂટો છે–

(૬૯૩) સિદ્ધ, સોમનસ, મંગલાવતી, દેવકુરુ, વિમલ, કંચન, વિશિષ્ટ.

(૬૯૪) જંબૂદ્વીપમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં સાત કૂટો છે–

(૬૯૫) સિદ્ધ, ગંધમાદન, ગંધીલાવતી, ઉત્તરકુરુ, સ્ફટિક, લોહીતાક્ષ અને આનંદન. આ સાત કૂટો જાણવા.

(૬૯૬) બેઇન્દ્રિય જીવોની જાતિ કુલકોટિ યોનિ પ્રમુખ સાત લાખ છે.

(૬૯૭) જીવો સાત સ્થાન નિર્વર્તિત પુદ્‌ગલોને પાપકર્મપણાએ વૃદ્ધિ કરેલ છે–કરે છે–કરશે, તે આ પ્રમાણે – નૈરયિક નિર્વર્તિત યાવત્ દેવ નિર્વર્તિત. એ રીતે વૃદ્ધિ યાવત્ નિર્જરામાં જાણવું.

(૬૯૮) સાત પ્રદેશિક સ્કંધો અનંતા કહ્યા છે. સાત પ્રદેશ અવગાઢ પુદ્‌ગલો યાવત્ સાતગુણ રુક્ષ પુદ્‌ગલો અનંતા જાણવા.

**સ્થાન–૭નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન–૮

## સૂત્ર–૬૯૯ થી ૭૦૧

(૬૯૯) આઠ ગુણોથી યુક્ત સાધુ એકલવિહાર પ્રતિમાને સ્વીકારી વિચરવા માટે યોગ્ય છે. તે આ – શ્રદ્ધાવાન્, સત્યવાદી, મેધાવી, બહુશ્રુત, શક્તિમાન્, અલ્પાધિકરણ, ધૃતિમાન્, વીર્યસંપન્ન.

(૭૦૦) આઠ ભેદે યોનિસંગ્રહ કહ્યો છે. તે આ – અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્ચ્છિમ, ઉદ્‌ભિજ્જ અને ઔપપાતિક.

અંડજો આઠ ગતિવાળા અને આઠ આગતિવાળા કહ્યા છે. તે આ – અંડજ, અંડજોને વિશે ઉપજતો અંડજમાંથી, પોતજમાંથી યાવત્ ઔપપાતિકોમાંથી ઉત્પન્ન થાય. તે જ અંડજ, અંડજપણાને છોડતો અંડજપણામાં, પોતજપણામાં યાવત્ ઔપપાતિક–પણામાં જાય. એ પ્રમાણે પોતજો પણ અને જરાયુજો પણ જાણવા. બાકીનાને આઠ ગતિ આગતિ નથી.

(૭૦૧) જીવોએ આઠ પ્રકારની પ્રકૃતિને એકઠી કરી છે – કરે છે – કરશે. તે આ પ્રમાણે – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

નૈરયિકોએ આઠ કર્મપ્રકૃતિને એકઠી કરી છે – કરે છે – કરશે. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકોમાં કહેવું.

એ પ્રમાણે આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કર્યો છે – કરે છે અને કરશે. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરા છે, તે ચોવીસે દંડકમાં કહેવા.

## સૂત્ર–૭૦૨

આઠ સ્થાને માયાવી માયા કરીને આલોચતો નથી, પ્રતિક્રમતો નથી યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારતો નથી, તે આ – (૧) મેં કર્યું છે, (૨) હું કરું છું, (૩) હું કરીશ, (૪) મારી અપકીર્તિ થશે, (૫) મારો અપયશ થશે, (૬) પૂજા–સત્કારની મને હાનિ થશે. (૭) કીર્તિની હાનિ થશે, (૮) યશની હાનિ થશે.

આઠ સ્થાને માયાવી માયા કરીને આલોચે યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારે – (૧) માયાવીનો આ લોક ગર્હિત થાય છે, (૨) પરભવ ગર્હિત થાય છે, (૩) ભવોભવ ગર્હિત થાય છે, (૪) એક વખત માયા કરીને ન આલોચે યાવત્ પ્રાયશ્ચિત્ત ન સ્વીકારે તેને આરાધના થતી નથી. (૫) જે માયાવી માયા કરીને આલોચે યાવત્ સ્વીકારે, તેને આરાધના થાય છે. (૬) અનેક વાર માયા કરીને ન આલોચે યાવત્ પ્રાયશ્ચિત્ત ન કરે તો આરાધક ન થાય. (૭)અનેક વાર માયા કરીને આલોચે આદિ, તેને આરાધના થાય છે. (૮) મારા આચાર્ય, ઉપાધ્યાયને અતિશયવાળા જ્ઞાન, દર્શન ઉત્પન્ન થાય તો મને માયાવી જાણે, માટે કરું.

જેમ લોઢું, તાંબું, કલઈ, શીશું, રૂપું, સોનું ગાળવાની ભઠ્ઠી બળતી રહે છે, તલ, તુસ, ભુસા, નલ, પાંદડાનો અગ્નિ, દારુની ભઠ્ઠી, માટીનું વાસણ, ગોળ, નીંભાડો, ઈંટ આદિ બનાવવાનું સ્થાન, ગોળ બનાવવાની ભઠ્ઠી, લુહારની ભઠ્ઠી, તેમાં કેશુડાના ફૂલ, ઉલ્કાપાત જેવા જાજવલ્યમાન હજારો ચીનગારીઓ જેનાથી ઉછળી રહી છે, એવા અંગારા સમાન માયાવીનું હૃદય પશ્ચાત્તરૂપ અગ્નિથી નિરંતર બળતું રહે છે. માયાવીને સદા એવી શંકા બની રહે છે કે આ બધા લોકો મારા પર જ શંકા કરે છે.

એ રીતે માયાવી માયા કરીને આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના કાળ અવસરે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણાએ ઉત્પન્ન થાય તો તે આ પ્રમાણે – તે મહર્દ્ધિક યાવત્ સૌધર્માદિકમાં કે ચિરસ્થિતિકમાં ઉત્પન્ન થતો નથી. તે મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થતો નથી. ત્યાં તેની બાહ્ય પર્ષદા, અભ્યંતર પર્ષદા હોય છે તે પણ તેનો આદર–સત્કાર કરતા નથી. મહાપુરુષને યોગ્ય આસન વડે નિમંત્રતા નથી. ભાષણ કરવાને પણ બોલાવતા નથી. યાવત્ ચાર, પાંચ દેવો ભાષણનો નિષેધ કરવા, નહીં કહ્યા છતાં ઊઠે છે અને કહે છે – હવે બહુ ન બોલ.

તે દેવ તે દેવલોકથી આયુ–ભવ–સ્થિતિ ક્ષય પછી આંતરા સહિત ચ્યવીને જ આ મનુષ્ય ભવમાં

નીચકુલોમાં ઉત્પન્ન થાય છે. જેમ કે – અંતકુલ, પ્રાંતકુલ, તુચ્છકુલ, દરિદ્ર કુલ, ભિક્ષુકુલ, કૃપણકુલ કે તેવા પ્રકારના કુળોમાં પુરુષપણે અવતરે છે.

તે પુરુષ ત્યાં દુરૂપ, દુર્વર્ણ, દુર્ગન્ધ, દુરસ, દુસ્પર્શ, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાંતસ્વર, અપ્રિયસ્વર, અમનોજ્ઞ સ્વર, અમણામ સ્વર, અનાદેય વચનવાળો થાય છે

વળી જે તેની બાહ્ય–અભ્યંતર પર્ષદા છે, તે પણ તેનો આદર–સત્કાર કરતા નથી, મહાપુરુષ યોગ્ય આસન વડે નિમંત્રતા નથી, ભાષાને પણ બોલતા એવા તેનો યાવત્ ચાર–પાંચ જણા નિષેધ કરવા માટે નહીં કહેવા છતાં ઊઠીને, ન બોલવા કહે છે.

(અમાયીની સુગતી)– માયાવી, માયા કરીને તેને આલોચી–પ્રતિક્રમીને મૃત્યુ સમયે કાળ કરીને કોઈ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તે મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થાય છે.

તે ત્યાં મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થઈને હાર વડે શોભિત હૃદયવાળો, કડા અને ત્રુટિત વડે સ્થંભિત ભૂજાવાળો, અંગદ–કુંડલ–મુગટ–ગંડતલ–કર્ણપીઠધારી વિચિત્ર એવા – હસ્તાભરણ, વસ્ત્રા–ભરણ, માળા–મુગટ, કલ્યાણક પ્રવર એવા વસ્ત્ર પહેરનાર, ગંધ–માલ્ય–લેપનધર, ભાસુરબોંદી, લાંબી વનમાળાધર, દિવ્ય એવા–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘાત, સંસ્થાન, ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, છાયા, જ્યોતિ, તેજ, લેશ્યાથી દશે દિશાને ઉદ્યોતિત કરતો, પ્રકાશિત કરતો, મહત્ એવા શબ્દોથી રચિત નાટ્યયુક્ત ગીત, વાજિંત્ર, તંત્રી, હસ્તતાલ, તાલ, ઢોલ આદિના મધુર ધ્વનિ સહ દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરે છે.

ત્યાં બાહ્ય–અભ્યંતર પર્ષદા તેનો આદર–સત્કાર કરે છે. મહાપુરુષને યોગ્ય આસન વડે નિમંત્રે છે, ભાષા બોલતા એવા તેને યાવત્ ચાર પાંચ દેવો ન કહ્યા છતાં ઊભા થઈને તેને કહે છે – હે દેવ ! તમે ઘણું બોલો. તે પણ તે દેવલોકથી આયુક્ષયાદિ થતાં ચ્યવીને આ મનુષ્ય ભવમાં આવા કુળોમાં જન્મે છે – ઈષ્ટ યાવત્ ઘણા લોકો મળીને પરાભવ ન કરી શકે તેવા પ્રકારના કુળોમાં જન્મે છે. ત્યાં તે પુરુષ સુરૂપ–સુવર્ણ–સુગંધ–સુરસ–સુસ્પર્શ, ઈષ્ટ, કાંત યાવત્ મણામ, અહીન સ્વર યાવત્ મણામ સ્વર, આદેય વચન થાય છે. જે તેની બાહ્ય–અભ્યંતર પર્ષદા હોય છે, તે પણ તેનો આદર કરે છે યાવત્ બહુ બોલવા કહે છે.

### સૂત્ર–૭૦૩ થી ૭૦૫

(૭૦૩) સંવર આઠ ભેદે કહ્યો– શ્રોત્રેન્દ્રિયસંવર યાવત્ સ્પર્શઈન્દ્રિયસંવર, મનસંવર, વચનસંવર, કાયસંવર.

આઠ પ્રકારે અસંવર કહેલ છે – શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ કાયઅસંવર.

(૭૦૪) સ્પર્શો આઠ ભેદે કહ્યા છે – કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, ઋક્ષ.

(૭૦૫) લોક સ્થિતિ આઠ પ્રકારે છે – આકાશ પ્રતિષ્ઠિત વાયુ આદિ સ્થાન–૬માં કહ્યા મુજબ યાવત્ કર્મપ્રતિષ્ઠિત જીવ, અજીવો જીવોથી સંગૃહીત છે, જીવો કર્મોથી સંગૃહીત છે. અર્થાત્ બદ્ધ છે.

### સૂત્ર–૭૦૬ થી ૭૦૮

(૭૦૬) આઠ પ્રકારે ગણિ સંપદા કહી છે – આચાર સંપદા, શ્રુત સંપદા, શરીર સંપદા, વચન સંપદા, વાચના સંપદા, મતિ સંપદા, પ્રયોગ સંપદા, સંગ્રહ પરિજ્ઞા સંપદા.

(૭૦૭) એક એક મહાનિધિ, આઠ ચક્ર ઉપર પ્રતિષ્ઠિત છે, તે આઠ–આઠ યોજન ઉર્ધ્વ–ઉચ્ચત્વથી કહી છે.

(૭૦૮) આઠ સમિતિઓ કહી છે. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પ્રસ્રવણ સમિતિ, મન સમિતિ, વચન સમિતિ, કાય સમિતિ.

### સૂત્ર–૭૦૯ થી ૭૧૧

(૭૦૯) આઠ ગુણોથી સંપન્ન અણગાર આલોચના આપવાને યોગ્ય છે – આચારવાન, અવધારણાવાન, વ્યવહારવાન, અપવ્રીડક, શુદ્ધિ કરવામાં સમર્થ, અપરિશ્રાવી, નિર્યાપક, અપાયદર્શી.

આઠ ગુણસંપન્ન સાધુ દોષની આલોચના કરી શકે – જાતિસંપન્ન,, કુલસંપન્ન,, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, ચારિત્રસંપન્ન, ક્ષાંત અને દાંત.

(૭૧૦) પ્રાયશ્ચિત્ત આઠ ભેદે કહ્યું છે – આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય, વિવેક યોગ્ય. વ્યુત્સર્ગ યોગ્ય, તપ યોગ્ય, છેદ યોગ્ય, મૂલ યોગ્ય.

(૭૧૧) આઠ મદસ્થાનો કહ્યા છે – જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ.

**સૂત્ર–૭૧૨**

આઠ અક્રિયાવાદી કહ્યા છે – એકવાદી, અનેકવાદી, મિતવાદી, નિર્મિતવાદી, સાતવાદી, સમુચ્છેદવાદી, નિત્યવાદી, નસંતિપરલોકવાદી.

**સૂત્ર–૭૧૩ થી ૭૨૨**

(૭૧૩) આઠ પ્રકારે મહાનિમિત્તો કહ્યા– ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અંતરીક્ષ, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન–શાસ્ત્ર.

(૭૧૪) આઠ પ્રકારે વચનવિભક્તિઓ કહી છે – તે આ પ્રમાણે–

(૭૧૫) નિર્દેશમાં પ્રથમા, ઉપદેશમાં દ્વિતીયા, કરણમાં તૃતીયા, સંપ્રદાનમાં ચતુર્થી તથા...

(૭૧૬) અપાદાનમાં પંચમી, સ્વસ્વામી સંબંધે ષષ્ઠી, સન્નિધાનમાં સપ્તમી અને આમંત્રણમાં અષ્ટમી.

(૭૧૭) તેમાં પ્રથમા વિભક્તિ નિર્દેશમાં–તે, આ, હું – આમ કહું છું. બીજી ઉપદેશક્રિયામાં – ભણ, કર – તેમ 'તું' કહે છે.

(૭૧૮) ત્રીજી કરણમાં – કરાયુ, લઈ જવાયું, તેના વડે, મારા વડે આદિ. નમો, સ્વાહાના યોગે ચોથી સંપ્રદાન

(૭૧૯) અપનયન, ગ્રહણ, ત્યાંથી, અહીંથી માં પંચમી અપાદાન. તેનું, આનું, ગયેલાનું, સ્વામી સંબંધે છઠ્ઠી.

(૭૨૦) સાતમી–તેમાં, આમાં, આધાર, કાળ, ભાવમાં થાય છે. આઠમી આમંત્રણી–જેમ કે, હે યુવાન, હે રાજા

(૭૨૧) આઠ સ્થાનોને છદ્મસ્થ સર્વભાવથી જાણતો નથી, જોતો નથી. તે આ – ધર્માસ્તિકાય યાવત્ ગંધ અને વાયુ. આ આઠેને ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર અર્હત્, જિન, કેવલી જાણે છે – જુએ છે યાવત્ વાયુ.

(૭૨૨) આઠ પ્રકારે આયુર્વેદ કહેલ છે – કુમારભૃત્ય, કાયચિકિત્સા, શાલાક્ય, શલ્યહત્યા, જંગોલી, ભૂતવિદ્યા, ક્ષારતંત્ર, રસાયણ.

**સૂત્ર–૭૨૩ થી ૭૨૮**

(૭૨૩) દેવેન્દ્ર દેવરાજ શક્રને આઠ અગ્રમહિષીઓ કહી છે. તે આ – પદ્મા, શિવા, શચી, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનને આઠ અગ્રમહિષીઓ કહી છે – કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા, રામરક્ષિતા, વસુ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા.

દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલને આઠ અગ્રમહિષીઓ કહી છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વૈશ્રમણ લોકપાલને આઠ અગ્રમહિષીઓ કહી છે.

આઠ મહાગ્રહો કહ્યા – ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરુ, મંગળ, શનિ, કેતુ.

(૭૨૪) આઠ પ્રકારે તૃણ વનસ્પતિકાયિક કહ્યા છે – મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ.

(૭૨૫) ચઉરિન્દ્રિય જીવોને ન હણનારને આઠ પ્રકારે સંયમ થાય છે – ચક્ષુમય સૌખ્ય નષ્ટ ન થાય, ચક્ષુમય દુઃખનો સંયોગ ન થાય. એ રીતે યાવત્ સ્પર્શમય સુખ આદિ જાણવુ.

(૭૨૬) આઠ સૂક્ષ્મો કહ્યા છે – પ્રાણ સૂક્ષ્મ, પનક સૂક્ષ્મ, બીજ સૂક્ષ્મ, હરિત સૂક્ષ્મ, પુષ્પ સૂક્ષ્મ, અંડ સૂક્ષ્મ, લયન સૂક્ષ્મ, સ્નેહ સૂક્ષ્મ.

(૭૨૭) ચાતુરંત ચક્રવર્તી રાજા ભરતના આઠ પુરુષયુગ સુધી અનુક્રમથી સિદ્ધ, બુદ્ધ થયા યાવત્ સર્વ

દુઃખથી પ્રક્ષીણ થયા. તે આ – આદિત્યયશ, મહાયશ, અતિબલ, મહાબલ, તેજોવીર્ય, કાર્તવીર્ય, દંડવીર્ય, જલવીર્ય.

(૭૨૮) પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને આઠ ગણ અને આઠ ગણધર થયા. તે આ – શુભ, આર્યઘોષ વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીર્ય, ભદ્રયશ.

### સૂત્ર–૭૨૯ થી ૭૩૨

(૭૨૯) દર્શન આઠ ભેદે કહેલ છે – સમ્યગ્‌દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્‌મિથ્યાદર્શન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન, કેવલદર્શન અને સ્વપ્નદર્શન.

(૭૩૦) આઠ ભેદે ઔપમિક કાળ કહ્યો છે – પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્‌ગલ પરાવર્ત્ત, અતીતકાળ, અનાગતકાળ અને સર્વકાળ.

(૭૩૧) અરહંત અરિષ્ઠનેમિને યાવત્‌ આઠમા પુરુષયુગ પર્યન્ત યુગાંતકર ભૂમિ થઈ. બે વર્ષ કેવલી પર્યાય પછી કોઈ મોક્ષે ગયું.

(૭૩૨) શ્રમણ ભગવંત મહાવીરના આઠ રાજાએ મુંડ થઈ, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લીધી. તે આ – વીરાંગદ, વરયશ, સંજય, એણેયક, શ્વેત, શિવ, ઉદાયન, કાશિવર્ધન અને શંખ રાજર્ષિ.

### સૂત્ર–૭૩૩ થી ૭૩૬

(૭૩૩) આહાર આઠ ભેદે કહ્યો છે. તે આ પ્રમાણે – મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને અમનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ.

(૭૩૪) સનત્કુમાર અને માહેન્દ્રકલ્પની ઉપર તથા બ્રહ્મલોકકલ્પ નીચે રિષ્ટ વિમાન પ્રતરમાં અખાડા સમાન ચોરસ સંસ્થાન સંસ્થિત આઠ કૃષ્ણરાજિઓ કહી છે – પૂર્વમાં બે કૃષ્ણરાજિ, દક્ષિણમાં બે કૃષ્ણરાજિ, પશ્ચિમમાં બે કૃષ્ણ–રાજિ અને ઉત્તરમાં બે કૃષ્ણરાજિ.

પૂર્વની અંદરની કૃષ્ણરાજિ દક્ષિણની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. દક્ષિણની અંદરની કૃષ્ણરાજિ પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે, પશ્ચિમની અંદરની કૃષ્ણરાજિ ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. ઉત્તરની અંદરની કૃષ્ણરાજિ પૂર્વની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. પૂર્વ અને પશ્ચિમની બાહ્ય બે કૃષ્ણરાજિ છ હાંસવાળી છે. ઉત્તર અને દક્ષિણની બે કૃષ્ણરાજિ ત્રિકોણ છે. બધી અભ્યંતરમાં ચોરસ છે.

આ આઠે કૃષ્ણરાજિના આઠ નામો કહેલા છે – કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘા, માઘવતી, વાતપરિઘક, વાતપરિ–ક્ષોભ, દેવપરિઘ, દેવપરિક્ષોભ.

આ આઠ કૃષ્ણરાજિના આઠ અવકાશાંતરોમાં આઠ લોકાંતિક વિમાનો કહ્યા છે. તે આ પ્રમાણે – અર્ચિ, અર્ચિમાલી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂરાભ, સુપ્રતિષ્ઠાભ, આગ્નેયાભ.

આ આઠ લોકાંતિક વિમાનોમાં આઠ પ્રકારના લોકાંતિક દેવો છે –

(૭૩૫) સારસ્વત, આદિત્ય, વન્હી, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય.

આ આઠ લોકાંતિક દેવોની અજઘન્યોત્કૃષ્ટ આઠ સાગરોપમ સ્થિતિ છે.

(૭૩૬) ધર્માસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે. અધર્માસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે, એ રીતે આકાશાસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે. એ રીતે જીવના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે.

### સૂત્ર–૭૩૭ થી ૭૩૯

(૭૩૭) મહાપદ્મ અરહંત આઠ રાજાઓને મુંડિત કરીને, ઘર છોડીને અણગારપણાને પ્રાપ્ત કરાવશે. તે આ – પદ્મ, પદ્મગુલ્મ, નલીન, નલીનગુલ્મ, પદ્મધ્વજ, ધર્મધ્વજ, કનકરથ, ભરત.

(૭૩૮) કૃષ્ણ વાસુદેવની આઠ મુખ્ય રાણીઓ અરહંત અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈને, ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા લઈને સિદ્ધ યાવત્‌ સર્વ દુઃખોથી રહિત થઈ. તે આ – પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા,

જાંબવતી, સત્યભામા, રુક્મી.

(૭૩૯) વીર્ય પ્રવાદ પૂર્વની આઠ વસ્તુ, આઠ ચૂલિકાવસ્તુઓ કહી છે.

સૂત્ર–૭૪૦ થી ૭૪૬

(૭૪૦) આઠ ગતિઓ કહી છે. તે આ – નરકગતિ, તિર્યંચગતિ યાવત્ સિદ્ધિગતિ, ગુરુગતિ–(પરમાણુ આદિની સ્વાભાવિક ગતિ),પ્રણોદનગતિ–(બીજાની પ્રેરણાથી થતી ગતિ),પ્રાગ્ભારગતિ–(ભારથી નીચે થતી ગતિ)

(૭૪૧) ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી, દેવીના દ્વીપ આઠ–આઠ યોજન આયામ અને વિષ્કંભથી કહ્યા છે.

(૭૪૨) ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુત્મુખ અને વિદ્યુત્દંત દ્વીપ આઠ–આઠ યોજન આયામ–વિષ્કંભથી છે.

(૭૪૩) કાલોદ સમુદ્ર આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે.

(૭૪૪) અભ્યંતર પુષ્કરાર્દ્ધદ્વીપ આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ થકી કહ્યો છે. બાહ્ય પુષ્કરાર્દ્ધ પણ એ પ્રમાણે જ જાણવો.

(૭૪૫) પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને આઠ સુવર્ણ પ્રમાણ કાકણી રત્ન, છ તલ, બાર અગ્નિ, આઠ કર્ણિકા, અધિકરણ સંસ્થિત છે.

(૭૪૬) માગધનો યોજન આઠ હજાર ધનુષ પ્રમાણ નિશ્ચિત છે.

સૂત્ર–૭૪૭ થી ૭૮૧

(૭૪૭) સુદર્શના જંબૂવૃક્ષ આઠ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી, બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન વિષ્કંભ વડે અને સાધિક આઠ યોજન સર્વાગ્રથી કહ્યું છે. કૂટ શાલ્મલી વૃક્ષ આઠ યોજન પ્રમાણ એ રીતે જ કહ્યું છે.

(૭૪૮) તિમિસ્ર ગુફા આઠ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી કહી છે.

ખંડપ્રપાત ગુફા પણ એ જ રીતે આઠ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી કહી છે.

(૭૪૯) જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે સીતા મહાનદીના બંને કિનારે આઠ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે. તે આ – ચિત્રકૂટ, પક્ષ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન.

જંબૂના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીને બંને કાંઠે આઠ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – અંકાવતી, પદ્માવતી, આશીવિષ, સુખાવહ, ચંદ્રપર્વત, સૂર્યપર્વત, નાગપર્વત, દેવપર્વત.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય કહી છે – કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, આવર્ત, મંગલાવર્ત, પુષ્કલ, પુષ્કલાવતી.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતા મહાનદીની દક્ષિણે આઠ ચક્રવર્તી વિજયો કહી છે– વત્સ, સુવત્સ યાવત્ મંગલાવતી.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે આઠ ચક્રવર્તી વિજયો કહી છે – પક્ષ્મ યાવત્ સલિલાવતી

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય છે–વપ્ર યાવત્ ગંધિલાવતી.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ રાજધાનીઓ કહી. ખેમા યાવત્ પુંડરીકિણી.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે આઠ રાજધાનીઓ કહી છે – સુસીમા, કુંડલા યાવત્ રત્નસંચયા.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે આઠ રાજધાની કહી છે. તે આ – આસપુરા યાવત્ વીતશોકા.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની ઉત્તરે આઠ રાજધાની છે વિજયા યાવત્ અયોધ્યા.

(૭૫૦) જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે ઉત્કૃષ્ટપદે આઠ અરિહંત, આઠ ચક્રવર્તી, આઠ

બળદેવ, આઠ વાસુદેવ ઉત્પન્ન થયા છે – થાય છે અને થશે.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા નદીની દક્ષિણે પણ તેમજ જાણવુ. જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે તથા ઉત્તરે (બંને સ્થાને) ઉત્કૃષ્ટ પદે આ પ્રમાણે જ જાણવુ.

(૭૫૧) જંબૂદ્વીપમાં મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ દીર્ઘ વૈતાઢ્યો, આઠ તિમિસ્રગુફાઓ, આઠ ખંડ–પ્રપાત ગુફાઓ, આઠ કૃતમાલ દેવો, આઠ નૃત્યમાલ દેવો, આઠ ગંગાકુંડો, આઠ સિંધુ કુંડો, આઠ ગંગા, આઠ સિંધુ, આઠ ઋષભકૂટ પર્વતો, આઠ ઋષભકૂટ દેવો, આઠ નૃત્યમાલક દેવો કહ્યા.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે આઠ દીર્ઘ વૈતાઢ્યો યાવત્ આઠ ઋષભકૂટના દેવો કહ્યા છે. વિશેષ એ – અહીં રક્તા, રક્તાવતી નદીઓ અને તેના કુંડો કહેવાય.

જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે શીતોદા મહાનદીની દક્ષિણે આઠ દીર્ઘ વૈતાઢ્યો યાવત્ આઠ ઋષભકૂટના દેવો કહ્યા.

જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉત્તરે આઠ દીર્ઘ વૈતાઢ્યાદિ પૂર્વવત્. વિશેષ રક્તા, રક્તવતી નદી તથા કુંડ જાણવા.

(૭૫૨) મેરુની ચૂલિકા બહુમધ્ય દેશ ભાગે આઠ યોજન વિષ્કંભ છે.

(૭૫૩) ધાતકીખંડ દ્વીપે પૂર્વાર્દ્ધમાં ધાતકીવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ–ઉચ્ચત્વથી કહ્યું છે. બહુમધ્ય દેશભાગે આઠ યોજન વિષ્કંભથી. સાતિરેક આઠ યોજન સર્વાગ્રથી કહ્યું છે. એ રીતે બધુ કથન જંબૂદ્વીપ માફક કહેવું.

એ પ્રમાણે પશ્ચિમમાં પણ મહાધાતકી વૃક્ષાદિ જાણવુ. એ રીતે પુષ્કરવરદ્વીપાર્ધની પૂર્વે. પદ્મવૃક્ષાદિ – એ રીતે તેની પશ્ચિમે પણ મહાપદ્મવૃક્ષાદિ યાવત્ મેરુ ચૂલિકા જાણવુ.

(૭૫૪) જંબૂદ્વીપના મેરુ પર્વતમાં ભદ્રશાલ વનમાં આઠ દિશાહસ્તિકૂટો કહ્યા છે – તે આ પ્રમાણે...

(૭૫૫) પદ્મોત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનગિરિ, કુમુદ, પલાશ, અવતંસક, રોચનગિરિ.

(૭૫૬) જંબૂદ્વીપની જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચપણે, મધ્યભાગે આઠ યોજન વિષ્કંભથી છે.

(૭૫૭) જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે મહાહિમવંત વર્ષધર પર્વત ઉપર આઠ કૂટો કહ્યા છે. તે આ –

(૭૫૮) સિદ્ધ, મહાહિમવાન, હિમવાન, રોહિતા, હરિકૂટ, હરિકાંતા, હરિવર્ષ, વૈડૂર્યકૂટ.

(૭૫૯) જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રુકિમ વર્ષધર પર્વત ઉપર આઠ કૂટો કહ્યા છે –

(૭૬૦) સિદ્ધ, રુકિમ, રમ્યક, નરકાંત, બુદ્ધિ, રૂપ્યકૂટ, હૈરણ્યવત, મણિકંચન.

(૭૬૧) જંબૂદ્વીપના મેરુની પૂર્વે રૂચકવર પર્વત પર આઠ કૂટો કહ્યા છે.

(૭૬૨) રિષ્ટ, તપનીય, કાંચન, રજત, દિશા સ્વસ્તિક, પ્રલંબ, અંજન, અંજનપુલક.

(૭૬૩) ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકાઓ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ વસે છે–

(૭૬૪) નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા.

(૭૬૫) જંબૂદ્વીપના મેરુની દક્ષિણે રૂચકવર પર્વતે આઠ કૂટો કહ્યા છે. તે આ –

(૭૬૬) કનક, કાંચન, પદ્મ, નલિન, શશિ, દિવાકર, વૈશ્રમણ વૈડૂર્ય.

(૭૬૭) ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકાઓ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે આ –

(૭૬૮) સમાહારા, સુપ્રતિજ્ઞા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, વસુંધરા.

(૭૬૯) જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે રુચક પર્વત પર આઠ કૂટો કહ્યા છે –

(૭૭૦) સ્વસ્તિક, અમોઘ, હિમવંત, મંદર, રુચક, રુચકોત્તમ, ચંદ્ર, સુદર્શન.

(૭૭૧) ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકા મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે આ –

(૭૭૨) ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાશા, નવમિકા, સીતા, ભદ્રા.

(૭૭૩) જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રુચકવર પર્વતે આઠ કૂટો કહ્યા છે. તે આ –

(૭૭૪) રત્ન, રત્નોચ્ચય, સર્વ રત્ન, રત્નસંચય, વિજય, વૈજયંત, જયંત, અપરાજિત.

(૭૭૫) ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકા યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે આ –

(૭૭૬) અલંબુસા, મિતકેશી, પૌંડ્રી, ગીતવારુણી, આશા, સર્વગા, શ્રી, હ્રી.

(૭૭૭) આઠ અધોલોકમાં વસનારી દિશાકુમારી મહત્તરિકાઓ કહી છે –

(૭૭૮) ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા, બલાહકા.

(૭૭૯) આઠ ઉર્ધ્વલોકમાં રહેનારી દિશાકુમારી મહત્તરિકાઓ કહી છે –

(૭૮૦) મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા, અનિંદિતા.

(૭૮૧) આઠ કલ્પો તિર્યંચ અને મનુષ્ય બંનેની ઉત્પત્તિવાળા કહ્યા છે – સૌધર્મ યાવત્ સહસ્રાર.

આ આઠ કલ્પમાં આઠ ઈન્દ્રો કહ્યા છે – શક્ર યાવત્ સહસ્રાર.

આ આઠ ઈન્દ્રોને આઠ પરિયાનિક વિમાનો કહ્યા છે – પાલક, પુષ્પક, સોમનસ, શ્રી વત્સ, નંદાવર્ત્ત, કામાક્રમ, પ્રીતિમન, વિમલ.

## સૂત્ર–૭૮૨ થી ૭૮૫

(૭૮૨) અષ્ટ–અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા ૬૪ રાત્રિદિવસ વડે ૨૮૮ ભિક્ષા વડે જેમ શ્રુતમાં કહેલ છે, તે રીતે યાવત્ પાલન કરેલી હોય છે.

(૭૮૩) સંસારી જીવો આઠ ભેદે કહ્યા છે. તે આ – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક એ રીતે યાવત્ અપ્રથમ સમય દેવો.

સર્વે જીવો આઠ ભેદે કહ્યા છે. તે આ – નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિક સ્ત્રીઓ, મનુષ્યો, મનુષ્ય સ્ત્રીઓ, દેવો, દેવીઓ, સિદ્ધો. અથવા સર્વે જીવો આઠ ભેદે જાણવા. તે આ – આભિનિબોધિકજ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની.

(૭૮૪) આઠ ભેદે સંયમ કહ્યો છે. તે આ – ૧. પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ, ૨. અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ, ૩. પ્રથમ સમય બાદર સંયમ, ૪. અપ્રથમ સમય બાદર સંયમ, ૫. પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ, ૬. અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ, ૭. પ્રથમ સમય ક્ષીણ કષાય વીતરાગ સંયમ, ૮. અપ્રથમ સમય ક્ષીણ કષાય વીતરાગ સંયમ.

(૭૮૫) આઠ પૃથ્વીઓ કહી છે. તે આ – રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી અને ઈષત્પ્રાગ્ભારા.

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બહુમધ્ય દેશભાગમાં અષ્ટયોજન ક્ષેત્રમાં આઠ યોજન બાહલ્યથી કહેલ છે.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના આઠ નામો કહ્યા છે તે આ – ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તનુ, તનુતનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય.

## સૂત્ર–૭૮૬ થી ૭૮૮

(૭૮૬) આઠ સ્થાનોમાં સમ્યક્ રીતે પ્રવર્તન, પ્રયત્ન અને પરાક્રમ કરવું જોઈએ, પણ પ્રમાદ કરવો ન જોઈએ

(૧) ન સાંભળેલા શ્રુતધર્મોને સમ્યક્ સાંભળવા માટે ઉદ્યમ કરવો.

(૨) સાંભળેલ ધર્મોને અવધારણ કરવા ને વિસરાય નહીં તેવા દૃઢ કરવા ઉદ્યમ કરવો.

(૩) પાપકર્મોને ન કરવા માટે સંયમ વડે ઉદ્યમ કરવો.

(૪) પૂર્વ સંચિત કર્મોને ખપાવવા અને વિશોધન કરવા માટે તપ વડે ઉદ્યમ કરવો.

(૫) અસંગૃહિત પરિણતના સંગ્રહ માટે ઉદ્યમ કરવો.

(૬) શૈક્ષને આચાર ગોચર શીખવવાને ઉદ્યમ કરવો.

(૭) ગ્લાનને અગ્લાન કરવા વૈયાવચ્ચ કરવા માટે ઉદ્યમ કરવો.

(૮) સાધર્મિકમાં કલહ ઉત્પન્ન થતા તેમાં અનિશ્રિત ઉપશ્રિત અપક્ષગ્રાહી મધ્યસ્થભાવભૂત અને સાધર્મિકોમાં અલ્પ શબ્દ, અલ્પકલહ, અલ્પ તું–તું કેમ થાય તે વિચારી ઉપશાંત કરવા ઉદ્યમ કરવો.

(૭૮૭) મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં વિમાનો ૮૦૦ યોજન ઊંચા છે.

(૭૮૮) અર્હત્ અરિષ્ટનેમિને દેવ–મનુષ્ય–અસુરની પર્ષદામાં કોઈ વાદમાં જીતે નહીં એવી ઉત્કૃષ્ટ ૮૦૦ વાદી મુનિઓની સંપદા હતી.

સૂત્ર–૭૮૯

કેવલી સમુદ્ઘાત આઠ સમયનો કહેલ છે – પહેલા સમયે દંડ કરે, બીજા સમયે કપાટ કરે, ત્રીજા સમયે મંથાન કરે, ચોથા સમયે લોકને પૂરે છે. પાંચમા સમયે આંતરાને સંહરે છે, છઠ્ઠા સમયે મંથાનને સંહરે છે, સાતમા સમયે કપાટને સંહરે છે, આઠમા સમયે દંડને સંહરે છે.

સૂત્ર–૭૯૦ થી ૭૯૯

(૭૯૦) શ્રમણ ભગવંત મહાવીરને અનુત્તરોપપાતિક, ગતિકલ્યાણક યાવત્ આગમેષિભદ્રક ૮૦૦ સાધુની ઉત્કૃષ્ટ અનુત્તરોપપાતિક સંપત થઈ.

(૭૯૧) આઠ ભેદે વાણવ્યંતર દેવો કહ્યા છે – પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરિષ, મહોરગ, ગાંધર્વ.

આ આઠ વાણવ્યંતર દેવોના આઠ ચૈત્યવૃક્ષો કહ્યા છે. તે આ –

(૭૯૨) પિશાચોનું કલંબ, યક્ષોનું વડ, ભૂતોનું તુલસી, રાક્ષસોનું કંડક તથા...

(૭૯૩) કિન્નરોનું અશોક, કિંપુરિષનું ચંપક, ભુજંગોનું નાગ અને ગંધર્વોનું તિંદુક (એ પ્રમાણે ચૈત્યવૃક્ષો છે.)

(૭૯૪) આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજન ઊંચા અંતરે સૂર્ય વિમાન ચાર ચરે છે. (ગતિ કરે છે).

(૭૯૫) આઠ નક્ષત્રો ચંદ્રમા સાથે પ્રમર્દ લક્ષણ યોગને જોડે છે, તે આ પ્રમાણે – કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચત્રા, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા.

(૭૯૬) જંબૂદ્વીપ દ્વીપના દ્વારો આઠ યોજન ઉર્ધ્વ ઊંચાઈથી છે. બધા દ્વીપ, સમુદ્રોના દ્વારો આઠ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી કહેલા છે.

(૭૯૭) પુરુષવેદનીય કર્મની જઘન્યથી આઠ વર્ષની બંધસ્થિતિ છે. યશઃ કીર્તિ નામકર્મની જઘન્ય આઠ મુહૂર્ત્ત બંધસ્થિતિ છે. ઉચ્ચ ગોત્રકર્મની પણ એમજ છે.

(૭૯૮) તેઇન્દ્રિયોની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખની સંખ્યા આઠ લાખ કહી છે.

(૭૯૯) જીવો, આઠ સ્થાન નિવર્તિત પુદ્ગલોને પાપકર્મપણાએ ચયન કર્યું છે – કરે છે – કરશે. તે આ પ્રમાણે – પ્રથમ સમય નૈરયિક નિવર્તિત યાવત્ અપ્રથમ સમય દેવ નિવર્તિત.

એ રીતે ચય, ઉપચય યાવત્ નિર્જરાને કરેલ છે – કરે છે – કરશે. આઠ પ્રદેશિક સ્કંધો અનંતા કહેલ છે, આઠ પ્રદેશ અવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે યાવત્ આઠ ગુણરુક્ષ પુદ્ગલો અનંતા કહેલા છે.

**સ્થાન–૮નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન-૯

## સૂત્ર-૮૦૦ થી ૮૦૨

(૮૦૦) નવ કારણે શ્રમણ નિર્ગ્રન્થ સાંભોગિકને વિસંભોગિક કરતા આજ્ઞાને અતિક્રમતો નથી,તે આ પ્રમાણે ૧. આચાર્યના પ્રત્યનીકને, ૨. ઉપાધ્યાયના પ્રત્યનીકને, ૩. સ્થવીરના પ્રત્યનીકને, ૪. કુલ-૫. ગણ-૬. સંઘ પ્રત્યનીકને -૭. જ્ઞાન-૮. દર્શન-૯. ચારિત્રના પ્રત્યનીકને.

(૮૦૧) બ્રહ્મચર્ય (અધ્યયન) નવ કહેલ છે – શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય યાવત્ ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા.

(૮૦૨) બ્રહ્મચર્ય ગુપ્તિઓ નવ કહી છે –

(૧) વિવિક્ત શયન-આસનાદિ સેવનાર હોય, પણ સ્ત્રી, પશુ અને નપુંસક સંસક્ત શયનાદિને ન સેવે.

(૨) સ્ત્રી કથાને કહેનાર ન હોય. (૩) સ્ત્રીના સ્થાનને સેવનાર ન હોય.

(૪) સ્ત્રીની મનોહર, મનોરમ ઈન્દ્રિયોને જોનાર, ચિંતવનાર ન હોય. (૫) પ્રણીતરસ ભોગી ન હોય.

(૬) પાન, ભોજનના અતિ માત્રાએ આહારમાં સદા કર્તા ન હોય.

(૭) પૂર્વ રત, પૂર્વક્રીડિતનું સ્મરણકર્તા ન હોય. (૮) શબ્દ-રૂપ-પ્રશંસાને અનુસરનાર ન હોય.

(૯) સાતા-સૌખ્યમાં પ્રતિબદ્ધ થનાર ન હોય.

નવ બ્રહ્મચર્યની અગુપ્તિઓ કહી છે –

(૧) વિવિક્ત શયન-આસનાદિ સેવનાર ન હોય પણ સ્ત્રી-પશુ-નપુંસક સંસક્ત સ્થાનને સેવનાર હોય.

(૨) સ્ત્રી કથા કરનાર હોય. (૩) સ્ત્રીના સ્થાનોને સેવે.

(૪) સ્ત્રીની ઈન્દ્રિયોને યાવત્ ચિંતવનાર હોય. (૫) પ્રણીતરસ ભોગી હોય.

(૬) પાન-ભોજનનો અતિમાત્રાએ સદા આહાર કરે. (૭) પૂર્વરત, પૂર્વક્રીડિતનું સ્મરણ કરે.

(૮) શબ્દ-રૂપ-પ્રશંસાને અનુસરે. (૯) શાતા, સુખમાં આસક્ત હોય.

## સૂત્ર-૮૦૩ થી ૮૦૬

(૮૦૩) અભિનંદન અર્હત્ પછી સુમતિ અર્હત્ નવ લાખ ક્રોડ સાગરોપમ પછી ઉત્પન્ન થયા.

(૮૦૪) નવ સદ્ભુત પદાર્થો કહ્યા છે. તે આ – જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.

(૮૦૫) – (૧) નવ ભેદે સંસારી જીવો કહ્યા છે – પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, તેઉકાયિકો, વાયુકાયિકો વનસ્પતિકાયિકો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયો, ચતુરિન્દ્રિયો, પંચેન્દ્રિયો.

(૨) પૃથ્વીકાયિકો નવ ગતિ, નવ આગતિવાળા કહ્યા છે – પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થતો પૃથ્વીકાયિકમાંથી યાવત્ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થાય છે. તે જ પૃથ્વીકાયિક પૃથ્વીકાયકત્વને છોડતો પૃથ્વીકાયિકપણે યાવત્ પંચેન્દ્રિયત્વમાં જાય છે.

(૩ થી ૧૦) એ પ્રમાણે અપ્કાયિકો યાવત્ પંચેન્દ્રિયો પણ જાણવા.

(૧૧) નવ ભેદે સર્વે જીવો કહ્યા છે – એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, નૈરયિક, પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, દેવો અને સિદ્ધો.

(૧૨) નવ ભેદે સર્વ જીવો કહ્યા છે – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ અને સિદ્ધ.

(૧૩) નવ ભેદે સર્વે જીવોની અવગાહના કહી છે – પૃથ્વીકાયની અવગાહના યાવત્ વનસ્પતિકાયની અવગાહના, બેઈન્દ્રિયની અવગાહના યાવત્ પંચેન્દ્રિયની અવગાહના.

(૧૪) જીવો નવ સ્થાને સંસારમાં વર્તતા હતા – વર્તે છે – વર્તશે, તે આ – પૃથ્વીકાયિકપણામાં યાવત્ પંચેન્દ્રિયપણામાં.

(૮૦૬) નવ કારણે રોગની ઉત્પત્તિ થાય છે. તે આ – અતિ અશનથી, અહિતકારી અશનથી, અતિનિદ્રાથી, અતિ જાગવાથી, મળનિરોધથી, મૂત્રનિરોધથી, અતિ ચાલવાથી, પ્રતિકૂળ ભોજનથી, ઇન્દ્રિયવિષયોના અતિ સેવનથી.

### સૂત્ર–૮૦૭ થી ૮૧૪

(૮૦૭) દર્શનાવરણીય કર્મ નવ ભેદે કહ્યું છે, તે આ – નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિ દર્શનાવરણ, કેવલદર્શનાવરણ.

(૮૦૮) અભિજિત્ નક્ષત્ર સાતિરેગ નવ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે,

અભિજિત આદિ નવ નક્ષત્રો ચંદ્રને ઉત્તરથી યોગ કરે છે. તે આ – અભિજિત્, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા, પૂર્વભાદ્રપાદા, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી.

(૮૦૯) આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૯૦૦ યોજનના અંતરે ઉપરનું તારામંડલ ચાર ચરે છે – (ગતિ કરે છે.)

(૮૧૦) જંબૂદ્વીપ નામક દ્વીપમાં નવ યોજનના મત્સ્યો પ્રવેશ્યા છે – પ્રવેશે છે અને પ્રવેસશે.

(૮૧૧) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ–વાસુદેવ પિતા થયા. તે આ –

(૮૧૨) પ્રજાપતિ, બ્રહ્મ, રુદ્ર, સોમ, શિવ, મહાસિંહ, અગ્નિસિંહ, દશરથ, વસુદેવ (ક્રમથી આ નામો જાણવા.)

(૮૧૩) અહીંથી આરંભીને જેમ સમવાયાંગમાં કહ્યું છે, તેમ એક નવમો બલદેવ બ્રહ્મલોકથી ચ્યવી એક ભવ કરી મોક્ષે જશે ત્યાં સુધી કહેવું.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ–વાસુદેવના પિતા થશે, નવ માતા થશે આદિ સમવાય સૂત્ર મુજબ પ્રથમ ભીમસેન અને છેલ્લા સુગ્રીવ પર્યન્ત બધું જ કહેવું.

(૮૧૪) આ પ્રતિવાસુદેવ નિશ્ચે કીર્તિપુરુષ વાસુદેવને હણવા ચક્ર મૂકે, તે જ ચક્રથી તેઓ પોતે મૃત્યુ પામે.

### સૂત્ર–૮૧૫ થી ૮૨૯

(૮૧૫) પ્રત્યેક ચાતુરંતચક્રવર્તીને નવ મહાનિધિઓ છે, પ્રત્યેક મહાનિધિ નવ–નવ યોજન પહોળી છે, તે આ

(૮૧૬) નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક, શંખ–મહાનિધિ.

(૮૧૭) નૈસર્પ મહાનિધિમાં નિવેશ, ગામ, આકર, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર અને ઘરની સ્થાપના છે – (નિર્માણ થાય).

(૮૧૮) પાંડુક મહાનિધિમાં ગણિતનું, બીજનું, માન–ઉન્માનનું પ્રમાણ તથા ધાન્ય અને બીજોની ઉત્પત્તિ કહી છે.

(૮૧૯) પિંગલ મહાનિધિમાં પુરુષો, સ્ત્રીઓ, ઘોડા, હાથીની સર્વ આભરણ વિધિ છે.

(૮૨૦) સર્વરત્ન મહાનિધિમાં ચક્રવર્તીના શ્રેષ્ઠ ચૌદ રત્નોનો ઉપજવાનો વિધિ છે, તેમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિય રત્નો જાણવા.

(૮૨૧) મહાપદ્મ મહાનિધિમાં સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ, નિષ્પત્તિ, રંગવાની અને ધોવાની વિધિ છે.

(૮૨૨) કાલ મહાનિધિમાં – કાલ, તે ભૂત–વર્તમાન–ભાવિનું તથા ત્રણ વર્ષનું, સો શિલ્પ, કર્મ એ ત્રણેનું પ્રજાને હિતકર જ્ઞાન છે.

(૮૨૩) મહાકાલ મહાનિધિમાં લોઢુ, ચાંદી, સોનુ, મણી, મોતી, સ્ફટિક શિલા અને પ્રવાલ તથા ખાણોની ઉત્પત્તિ છે.

(૮૨૪) માણવક મહાનિધિમાં યોદ્ધા, શસ્ત્ર, બખ્તર, યુદ્ધનીતિ, દંડનીતિ હોય છે.

(૮૨૫) શંખ મહાનિધિમાં નૃત્યવિધિ, નાટકવિધિ, ચાર પ્રકારના કાવ્યોની અને મૃદંગાદિ સર્વે વાદ્યોની ઉત્પત્તિ વિધિ છે.

(૮૨૬) આઠ ચક્ર ઉપર રહેલ, આઠ યોજન ઊંચા, નવ યોજન પહોળા, બાર યોજન લાંબા પેટી આકારે છે, ગંગા નદીના મુખ પાસે સ્થિત છે.

(૮૨૭) વૈડૂર્ય મણિમય, સુવર્ણના બનેલ, વિવિધ રત્નોથી પરિપૂર્ણ, ચંદ્ર-સૂર્ય-ચક્ર લક્ષણ અનુસમ યૂપ આકારે દ્વાર શાખવાળા છે.

(૮૨૮) આ નિધિ સદશ નામવાળા, પલ્યોપમ સ્થિતિક દેવ તેમાં રહે છે. આ નિધાનો અક્રેય કે દેવોના આધિપત્ય વાળા છે.

(૮૨૯) આ નવ નિધિઓ પ્રભૂત ધન-રત્નસંચયથી સમૃદ્ધ અને ચક્રવર્તીને વશવર્તી છે.

## સૂત્ર-૮૩૦ થી ૮૩૫

(૮૩૦) વિગઈઓ નવ કહી છે – દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદિરા, માંસ.

(૮૩૧) ઔદારિક શરીર નવ છિદ્રથી સ્રવતું કહ્યું છે – બે શ્રોત, બે નેત્ર, બે નસકોરા, મુખ, મૂત્રસ્થાન, ગુદા.

(૮૩૨) પુન્ય નવ ભેદે કહ્યું છે – અન્ન પુન્ય, પાન પુન્ય, વસ્ત્ર પુન્ય, ઘરનું પુન્ય, શયન પુન્ય, મન પુન્ય, વચન પુન્ય, કાય પુન્ય, નમસ્કાર પુન્ય.

(૮૩૩) પાપના આયતનો નવ ભેદે કહ્યા – પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ.

(૮૩૪) પાપશ્રુત નવ ભેદે છે, તે આ પ્રમાણે –

(૮૩૫) ઉત્પાત, નિમિત્ત, મંત્ર, આખ્યાયક, ચૈકિત્સિક, કલા, આવરણ, અજ્ઞાન અને મિથ્યા પ્રવચન-શાસ્ત્ર.

## સૂત્ર-૮૩૬ થી ૮૩૮

(૮૩૬) નવ નૈપૂણિક વસ્તુ કહી છે – સંખ્યાન, નિમિત્ત, કાયિક, પુરાણ, પારિહસ્તિક, પરપંડિત, વાદી, ભૂતિકર્મ, ચૈકિત્સિક.

(૮૩૭) શ્રમણ ભગવંત મહાવીરને નવ ગણ થયા – ગોદાસ, ઉત્તર બલિસ્સહ, ઉદ્દેહ, ચારણ, ઉર્દ્ધવાતિક, વિશ્વવાદી, કામર્દ્ધિક, માનવ, કોટિક.

(૮૩૮) શ્રમણ ભગવંત વીરે શ્રમણ નિર્ગ્રન્થોને નવ કોટિ વડે પરિશુદ્ધ ભિક્ષા કહી છે – હણે નહીં, હણાવે નહીં, હણતાને અનુમોદે નહીં. રાંધે નહીં, રંધાવે નહીં, અનુમોદે નહીં, ન ખરીદે, ન ખરીદાવે, ન અનુમોદે.

## સૂત્ર-૮૩૯ થી ૮૪૫

(૮૩૯) દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વરુણ લોકપાલને નવ અગ્રમહિષીઓ કહી છે.

(૮૪૦) દેવેન્દ્ર દેવરાજ ઈશાન ની અગ્રમહિષીઓની નવ પલ્યોપમની સ્થિતિ કહી છે.

(૮૪૧) દેવ નિકાયો નવ કહ્યા, તે આ પ્રમાણે –

(૮૪૨) સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય, રિષ્ટ.

(૮૪૩) અવ્યાબાધ દેવોના ૯૦૯ દેવો કહ્યા છે, એ પ્રમાણે આગ્નેયના અને જ રિષ્ટના પણ જાણવા.

(૮૪૪) ગ્રૈવેયક વિમાનના પ્રસ્તટો નવ કહ્યા છે. (૧) અધસ્તન અધસ્તન, (૨) અધસ્તન મધ્યમ, (૩) અધસ્તન ઉપરિમ, (૪) મધ્યમ અધસ્તન, (૫) મધ્યમ મધ્યમ, (૬) મધ્યમ ઉપરિમ, (૭) ઉપરિમ અધસ્તન, (૮) ઉપરિમ મધ્યમ, (૯) ઉપરિમ ઉપરિમ-ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

આ નવ ગ્રૈવેયક વિમાનના નવ પ્રસ્તટો કહેલા છે, તે અ પ્રમાણે –

(૮૪૫) ભદ્ર, સુભદ્ર, સુજાત, સૌમનસ, પ્રિયદર્શન, સુદર્શન, અમોઘ, સુપ્રબુદ્ધ, યશોધર.

## સૂત્ર-૮૪૬ થી ૮૪૮

(૮૪૬) આયુ પરિણામ નવ ભેદે છે. તે આ – ગતિ પરિણામ, ગતિ બંધન પરિણામ, સ્થિતિ પરિણામ, સ્થિતિ બંધન પરિણામ, ઉર્દ્ધ્વગૌરવ પરિણામ, અધો ગૌરવ પરિણામ, તિર્યગ્ગૌરવ પરિણામ, દીર્ઘ ગૌરવ પરિણામ,

હ્રસ્વ ગૌરવ પરિણામ.

(૮૪૭) નવ નવમિકા ભિક્ષુ પ્રતિમા ૮૧ અહોરાત્ર વડે અને ૪૦૫–ભિક્ષાઓ વડે યથાસૂત્ર યાવત્ આરાધેલી હોય છે.

(૮૪૮) પ્રાયશ્ચિત્ત નવ ભેદે – આલોચનાર્હ યાવત્ અનવસ્થાપ્ય.

સૂત્ર–૮૪૯ થી ૮૬૮

(૮૪૯) જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ભરતમાં દીર્ઘ વૈતાઢ્ય ઉપર નવ કૂટો કહ્યા છે, તે આ –

(૮૫૦) સિદ્ધ, ભરત, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિસ્રગુફા, ભરત, વૈશ્રમણ–કૂટ.

(૮૫૧) જંબૂદ્વીપના મેરુની દક્ષિણે નિષધ વર્ષધર પર્વતે નવ કૂટો કહ્યા છે, તે આ –

(૮૫૨) સિદ્ધ, નિષધ, હરિવર્ષ, વિદેહ, હ્રી, ધૃતિ, શીતોદા, અવર વિદેહ, રુચક–કૂટો.

(૮૫૩) જંબૂદ્વીપના મેરુ પર્વતે નંદનવનમાં નવ કૂટો કહ્યા છે, તે આ –

(૮૫૪) નંદન, મંદર, નિષધ, હૈમવત, રજત, રુચક, સાગરચિત્ત, વૈર, બલ–કૂટ જાણવા.

(૮૫૫) જંબૂદ્વીપમાં માલ્વંત વક્ષસ્કાર પર્વતે નવ કૂટો છે, તે આ –

(૮૫૬) સિદ્ધ, માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છ, સાગર, રજત, શીતા, પૂર્ણ, હરિસ્સહ – કૂટો.

(૮૫૭) જંબૂદ્વીપમાં કચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો કહ્યા છે, તે આ –

(૮૫૮) સિદ્ધ, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, કચ્છ, વૈશ્રમણ–કૂટો.

(૮૫૯) જંબૂદ્વીપમાં સુકચ્છ વિજયમાં દીર્ઘ–વૈતાઢ્ય ઉપર નવ કૂટો છે, તે આ –

(૮૬૦) સિદ્ધ, સુકચ્છ, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, સુકચ્છ, વૈશ્રમણ–કૂટો.

(૮૬૧) એ રીતે યાવત્ પુષ્કલાવતી વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે, એમ જ કચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે, એ પ્રમાણે યાવત્ મંગલાવતીમાં દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો કહ્યા છે.

જંબૂદ્વીપમાં વિદ્યુત્પ્રભ વક્ષસ્કારે નવ કૂટો છે, તે આ –

(૮૬૨) સિદ્ધ, વિદ્યુત્પ્રભ, દેવકુરુ, પક્ષ્મ, કનક, સૌવસ્તિક, સીતોદા, સજલ, હરિકૂટ.

(૮૬૩) જંબૂદ્વીપના પક્ષ્મ વિજયના દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો છે – સિદ્ધ, પક્ષ્મ, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય એ રીતે યાવત્ સલીલાવતી, વપ્રના દીર્ઘ વૈતાઢ્યે એ પ્રમાણે યાવત્ ગંધિલાવતી દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો છે, તે આ –

(૮૬૪) સિદ્ધ, ગંધિલાવતી, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્ર ગુફા, વૈશ્રમણ–કૂટો.

(૮૬૫) એ રીતે બધા દીર્ઘ વૈતાઢ્યે બે કૂટો સદૃશ નામવાળા છે. શેષ કૂટોના તે જ નામો છે.

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતે નવ કૂટો છે, તે આ –

(૮૬૬) સિદ્ધ, નીલવંત, વિદેહ, સીતા, કીર્તિ, નારિકાંતા, અવરવિદેહ, રમ્યક્, ઉપદર્શન કૂટ.

(૮૬૭) જંબૂદ્વીપના મેરુની ઉત્તરે ઐરવતમાં દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો કહ્યા છે, તે આ –

(૮૬૮) સિદ્ધ, રત્ન, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિસ્રગુફા, ઐરવત, વૈશ્રમણ, ઐરવતકૂટો.

સૂત્ર–૮૬૯

પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્ વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત, નવ હાથ ઊંચા હતા.

સૂત્ર–૮૭૦

શ્રમણ ભગવન મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કર્યું – શ્રેણિક, સુપાર્શ્વ, ઉદાયી, પોટ્ટિલ અણગાર, દૃઢાયુ, શંખ, શતક, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા.

સૂત્ર–૮૭૧

હે આર્યો ! કૃષ્ણ વાસુદેવ, રામ બલદેવ, ઉદય પેઢાલપુત્ર, પોટ્ટિલ, શતક ગાથાપતિ, દારુક નિર્ગ્રન્થ, સત્યકી નિર્ગ્રન્થી પુત્ર, શ્રાવિકાથી બોધિત અંબડ પરિવ્રાજક, પાર્શ્વનાથના પ્રશિષ્યા સુપાર્શ્વા આર્યા, આ નવ આગામી ઉત્સર્પિણીમાં ચાર મહાવ્રતરૂપ ધર્મરૂપી સિદ્ધ થશે યાવત્ અંત કરશે.

સૂત્ર–૮૭૨ થી ૮૭૬

(૮૭૨) હે આર્યો ! ભિંભિસાર શ્રેણિક રાજા કાળ માસે કાળ કરીને રત્નપ્રભા પૃથ્વીમાં સીમંતક નરકવાસમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિમાં નારકોને વિશે નૈરયિકપણે ઉત્પન્ન થશે. તે ત્યાં નૈરયિક થશે, સ્વરૂપથી કાળો, કાળો દેખાતો યાવત્ વર્ણથી પરમકૃષ્ણ થશે. તે ત્યાં એકાંત દુઃખમય યાવત્ વેદનાને ભોગવશે.

તે નરકમાંથી નીકળીને આવતી ઉત્સર્પિણીમાં આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતના પાદમૂલે પુંડ્ જનપદમાં શતદ્વાર નગરમાં સમુદિત કુલકરની ભદ્રાભાર્યાની કુક્ષિમાં પુરુષપણે અવતરશે. પછી તે ભદ્રા નવ માસ પૂર્ણ અને સાડા સાત રાત્રિદિન વીતી ગયા બાદ જેના હાથ–પગ સુકુમાલ છે, અહીં–પ્રતિપૂર્ણ–પંચેન્દ્રિય શરીર છે જેનું એવા લક્ષણ, વ્યંજન યુક્ત યાવત્ સુરુપ બાળકને જન્મ આપશે.

જે રાત્રિએ તે બાળક જન્મશે તે રાત્રિમાં શતદ્વાર નગરમાં બાહ્ય–અંદર ભારાગ્ર અને કુંભાગ્ર પદ્મવર્ષા અને રત્નવર્ષા થશે. પછી તે બાળકના માતાપિતા ૧૧મો દિવસ વીતતા યાવત્ બારમા દિવસે આવું ગૌણ અને ગુણનિષ્પન્ન નામ સ્થાપન કરશે. જ્યારે અમારે આ બાળકનો જન્મ થયો તે સમયે શતદ્વાર નગર બાહ્યાભ્યંતર ભારાગ્ર કુંભાગ્ર પદ્મ અને રત્નવર્ષા થઈ માટે અમારા બાળકનું 'મહાપદ્મ' એવું નામ થાઓ.

પછી તે બાળકના માતાપિતા 'મહાપદ્મ' નામ કરશે. પછી મહાપદ્મ બાળક સાધિક આઠ વર્ષનો થયો જાણીને મહારાજ્યાભિષેકથી સિંચિત કરશે. તે ત્યાં મહાહિમવંત મહામલય, મેરુ સમાન રાજાના ગુણ વર્ણનવાળો રાજા થશે

પછી તે મહાપદ્મ રાજાને અન્યદા ક્યારેક બે દેવો મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય સેનાકર્મ કરશે. તે – પૂર્ણભદ્ર અને માણિભદ્ર. ત્યારે શતદ્વાર નગરમાં ઘણા રાઈસર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ વગેરે એકમેકને બોલાવીને એમ કહેશે કે –

જે કારણે હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજા બે મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ સેનાકર્મ કરે છે – પૂર્ણભદ્ર અને માણિભદ્ર, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થાઓ. પછી તેમનું બીજું નામ દેવસેન થશે.

પછી તે દેવસેન રાજાને અન્ય કોઈ દિવસે શ્વેત, શંખતલવત્, નિર્મલ અને ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થશે. ત્યારે તે દેવસેન રાજા કોઈ દિવસે શ્વેત–શંખતલ–વિમલરૂપ ચતુર્દન્ત હસ્તિરત્ન પર બેસીને શતદ્વાર નગરની વચ્ચોવચ્ચ થઈને વારંવાર આવશે–જશે.

ત્યારે શતદ્વાર નગરના ઘણા રાજા, ઈશ્વર યાવત્ પરસ્પર બોલાવીને એમ કહેશે કે જેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાને શ્વેત–શંખતલ–વિમલ એવો ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાનું વિમલવાહન એવું ત્રીજું નામ થાઓ, પછી તેમનું વિમલવાહન ત્રીજું નામ થશે.

પછી તે વિમલવાહન રાજા ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને માતા–પિતા દેવગત થયા પછી વડીલ વર્ગની આજ્ઞા મેળવી શરદ ઋતુમાં અનુત્તર મોક્ષમાર્ગમાં તત્પર થશે.

વળી લોકાંતિક દેવો જિતકલ્પ મુજબ તેવી ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ઉદાર, કલ્યાણકારી, ધન્ય, શિવ, મંગલ, સશ્રીક એવી વાણીથી અભિનંદાતા, અભિસ્તવાતા બહારના સુભૂમિ ભાગ ઉદ્યાનમાં એક દેવદૂષ્ય ગ્રહણ કરીને, મુંડ થઈને, ગૃહવાસ છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેશે.

તે ભગવંત સાતિરેક બાર વર્ષ હંમેશા કાયાને વોસિરાવીને દેહની સંભાળ ન કરતા જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થશે. જેમ કે – દેવ, મનુષ્ય કે તિર્યંચયોનિકો વડે ઉત્પન્ન કરાયેલા તે સમ્યક્ રીતે સહન કરશે, ખમશે, તિતિક્ષા કરશે,

અધ્યાસિત કરશે.

ત્યારે તે ભગવંત ઈર્યાસમિત, ભાષાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, અમમત્વ, અકિંચન, છિન્નગ્રંથ, નિરુપલેપ, કાંસ્ય પાત્રવત્ મુક્તતોય યાવત્ જ્ઞાનરૂપ તેજ વડે દીપ્ત થશે, (તે સંગ્રહણી ગાથાઓ આ પ્રમાણે–)

(૮૭૩) કાંસ્ય, શંખ, જીવ, ગગન, વાયુ, શારદસલીલ, કમલપત્ર, કુર્મ, વિહગ, ખડ્ગ, ભારંડ.

(૮૭૪) કુંજર, વૃષભ, સિંહ, પર્વતરાજ, અક્ષોભસાગર, ચંદ્ર, સૂર્ય, કનક, વસુંધરા, સુહુત અગ્નિ – એવા થશે.

(૮૭૫) તે ભગવંતને ક્યાંય પ્રતિબંધ નહીં હોય, તે પ્રતિબંધ ચાર પ્રકારે કહ્યો છે – અંડજ, પોતજ, અવગ્રહિક, પ્રગ્રહિક.

જે જે દિશામાં ઇચ્છશે તે તે દિશામાં અપ્રતિબદ્ધ શુચિભૂત લઘુભૂત અલ્પગ્રંથ થઈ સંયમ વડે આત્માને ભાવતા તે વિમલવાહન મુનિ વિચરશે.

તે ભગવંતને અનુત્તરજ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર વડે એ રીતે આલય–વિહાર વડે, આર્જવ, માર્દવ, લાઘવ, ક્ષમા, મુક્તિ, ગુપ્તિ, સત્ય, સંયમ, તપ–ગુણ–સુચરિત–સોવચિય–ફલ પરિનિર્વાણ માર્ગ વડે આત્માને ભાવતા ધ્યાનાંતરિકામાં વર્તતા અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત યાવત્ ઉત્તમ કેવલજ્ઞાન–દર્શન ઉત્પન્ન થશે.

ત્યારે તે ભગવંત અર્હત્ જિન થશે. કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, દેવ સહિત મનુષ્ય અને અસુરલોકના પર્યાયોને જાણશે અને જોશે.સર્વ લોકને, સર્વે જીવોના આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, મનો માનસિક, ભુક્ત, કૃત, પરિસેવિત, પ્રગટકર્મ, ગુપ્ત કર્મ, તેને છાના નહીં રહે, રહસ્યના ભાગી નહીં થાય.

તે તે કાળમાં મન, વચન, કાયાના યોગમાં વર્તતા સર્વલોકમાં સર્વ જીવોના સર્વભાવોને જાણતા અને જોતા વિચરશે. ત્યારે તે ભગવન્ તે અનુત્તર ઉત્તમ કેવલજ્ઞાન–દર્શનથી દેવ–મનુષ્ય–અસુરલોકને જાણીને શ્રમણ નિર્ગ્રન્થોને જે કોઈ ઉપસર્ગ ઉપજશે, કેમ કે – દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપજશે તેને સારી રીતે સહેશે, ખમશે, તિતિક્ષશે, અધ્યાસિત કરશે,

ત્યારે તે ભગવન્ અણગાર થશે, ઈર્યાસમિત, ભાષાસમિત એ રીતે જેમ વર્ધમાનસ્વામીમાં કહ્યું તે બધું જ કહેવું યાવત્ અવ્યાપાર શાંત યોગયુક્ત, તે ભગવંતને એવા વિહારથી વિચરતા બાર વર્ષ અને તેર પક્ષ વીતતા તેરમાં વર્ષની મધ્યે વર્તતા અનુત્તર જ્ઞાન વડે યાવત્ ભાવના અધ્યયન મુજબ ઉત્તમ કેવલજ્ઞાન–દર્શન ઉત્પન્ન થશે સર્વજ્ઞ સર્વદર્શી થશે. ભાવના સહિત પાંચ મહાવ્રત અને છ જીવનિકાયની રક્ષાનો ધર્મ કહેતા વિચરશે. હે આર્યો ! –

જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને એક આરંભ સ્થાન કહેલ છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને એક આરંભ સ્થાનને કહેશે.

જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને બે બંધન–પ્રેમ બંધન અને દ્વેષ બંધન કહ્યા, તેમ મહાપદ્મ અર્હત્ શ્રમણ નિર્ગ્રન્થોને બે બંધન કહેશે – પ્રેમ અને દ્વેષ બંધન.

જેમ મેં શ્રમણ નિર્ગ્રન્થોને ત્રણ દંડ કહ્યા – મનદંડ આદિ, તેમ મહાપદ્મ અર્હત્ શ્રમણ નિર્ગ્રન્થોને ત્રણ દંડ કહેશે. આ અભિલાપ વડે ક્રોધકષાય આદિ ચાર કષાયો, શબ્દાદિ પાંચ કામગુણો, પૃથ્વીકાય યાવત્ ત્રસકાય એ છ જીવનિકાયો જેમ મેં કહ્યા તેમ યાવત્ તે પણ કહેશે.

આ અભિલાપ વડે સાત ભયસ્થાનો મેં કહ્યા, તેમ મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને સાત ભયસ્થાનો કહેશે, એ રીતે આઠ મદસ્થાન, નવ બ્રહ્મચર્યગુપ્તિઓ, દશવિધ શ્રમણ ધર્મ, યાવત્ ૩૩–આશાતનાઓ. જે રીતે હે આર્યો ! મેં શ્રમણ નિર્ગ્રન્થોને નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધાવન, અછત્રત્વ, પગરખા રહિતતા, ભૂમિશય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરગૃહપ્રવેશ યાવત્ લબ્ધ–અપલબ્ધ વૃત્તિ કહેલી છે, એ રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને નગ્નભાવ યાવત્ લબ્ધ–અપલબ્ધ વૃત્તિ કહેશે.

હે આર્યો ! જે રીતે મેં શ્રમણ–નિર્ગ્રન્થોને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિક, ક્રીત, પ્રામિત્ય,

આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વર્દલિકાભક્ત, પ્રાઘૂર્ણભક્ત, મૂલ–કંદ–ફલ–બીજ –હરિત–ભોજન નિષેધેલ છે, એ રીતે મહાપદ્મ અર્હત્ પણ આધાકર્મિક યાવત્ હરિતભોજન લેવાનો નિષેધ કરશે.

હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને પાંચ મહાવ્રતિક, સુપ્રતિક્રમણ, અચેલક ધર્મ કહેલ છે, એ રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને પંચમહાવ્રતિક યાવત્ અચેલક ધર્મને કહેશે.

હે આર્યો ! જે રીતે મેં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત યુક્ત બાર પ્રકારનો શ્રાવકધર્મ કહ્યો છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ કહેશે.

હે આર્યો ! જે રીતે શ્રમણ નિર્ગ્રન્થોને મેં શય્યાતર અને રાજપીંડ નિષેધ્યો છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણોને નિષેધ કરશે.

હે આર્યો ! જે રીતે મને નવ ગણ અને અગિયાર ગણધરો છે, એ રીતે મહાપદ્મ અર્હત્‌ને પણ નવ ગણ, અગિયાર ગણધરો થશે.

હે આર્યો ! જે રીતે હું ૩૦ વર્ષ ગૃહવાસ મધ્યે વસીને મુંડ થઈને યાવત્ દીક્ષિત થઈ બાર વર્ષ, તેર પક્ષ છદ્મસ્થ પર્યાય પાળીને તેર પક્ષ ન્યૂન ૩૦ વર્ષના કેવલી પર્યાયને પાળીને ૪૨ વર્ષ શ્રામણ્ય પર્યાયને પાળીને ૭૨ વર્ષ સર્વાયુ પાળીને સિદ્ધ થઈશ યાવત્ સર્વ દુઃખોનો અંત કરીશ, એ રીતે મહાપદ્મ અર્હત્ ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને યાવત્ ૭૨ વર્ષ સર્વાયુ પાળીને યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

(૮૭૬) જે શીલ સમાચાર અર્હત્ તીર્થંકર મહાવીરનો હતો તે શીલ સમાચાર મહાપદ્મ અર્હત્‌ના થશે.

### સૂત્ર–૮૭૭ થી ૮૮૭

(૮૭૭) નવ નક્ષત્રો ચંદ્રના પશ્ચિમભાગા કહ્યા છે, તે આ –

(૮૭૮) અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, ચિત્રા. આ નવ પશ્ચિમભાગા છે.

(૮૭૯) આનત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પમાં વિમાનો ૯૦૦ યોજન ઊર્ધ્વ ઉચ્ચત્વથી કહેલા છે.

(૮૮૦) વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ ઉર્ધ્વ ઊંચાઈપણે હતા.

(૮૮૧) કૌશલિક અર્હત્ ઋષભ આ અવસર્પિણીમાં નવ કોડાકોડી સાગરોપમ વ્યતીત થયા પછી તીર્થ પ્રવર્તાવ્યું.

(૮૮૨) ધનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત અંતર્દ્વીપના દ્વીપો ૯૦૦–૯૦૦ યોજન લાંબા–પહોળા છે.

(૮૮૩) શુક્ર મહાગ્રહની નવ વીથીઓ કહી છે – હયવીથી, ગજવીથી, નાગવીથી, વૃષભવીથી, ગોવીથી, ઉરગવીથી, અજવીથી, મૃગવીથી, વૈશાનરવીથી.

(૮૮૪) નવ પ્રકારે નોકષાય વેદનીય કર્મો કહ્યા છે – સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતી, અરતી, ભય, શોક અને દુર્ગંછા.

(૮૮૫) ચઉરિન્દ્રિયની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ નવ લાખ કહી છે. ભૂજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોની જાતિકુલ કોટિ તેમજ છે.

(૮૮૬) જીવો નવ સ્થાન વડે નિવર્તિત પુદ્‌ગલ પાપકર્મપણે ચયન કર્યા છે – કરે છે – કરશે. પૃથ્વીકાય નિવર્તિત યાવત્ પંચેન્દ્રિય નિવર્તિત. એ પ્રમાણે ચય, ઉપચય યાવત્ નિર્જરા કર્યા છે – કરે છે – કરશે.

(૮૮૭) નવ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, નવ પ્રદેશ અવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા છે યાવત્ નવગુણ રુક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.

**સ્થાન–૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ**

# સ્થાન–૧૦

સૂત્ર–૮૮૮

લોક સ્થિતિ અર્થાત લોકનો સ્વભાવ દશ ભેદે કહેલ છે –

(૧) જે લોકમાં જીવો મરી મરીને ત્યાં ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય છે એ પ્રમાણે એક લોકસ્થિતિ કહી.

(૨) જે જીવોને પ્રવાહથી નિરંતર પાપકર્મ બંધાય છે, એ પ્રમાણે એક લોકસ્થિતિ કહી છે.

(૩) જે જીવોને પ્રવાહથી નિરંતર મોહનીય પાપકર્મ બંધાય છે, એમ એક લોકસ્થિતિ કહી છે.

(૪) એમ થયું નથી, થતું નથી, થશે નહીં, જે જીવો અજીવો થશે કે અજીવો જીવો થશે એવી એક લોકસ્થિતિ.

(૫) એમ થયું નથી, થતું નથી, થશે નહીં કે જે ત્રસજીવોનો વ્યવચ્છેદ થશે, સ્થાવર જીવોનો વ્યવચ્છેદ થશે અથવા સ્થાવર જીવો ત્રસરૂપે થશે એ પ્રમાણે પણ એક લોક સ્થિતિ છે.

(૬) એવું થયું નથી, થશે નહીં કે જે લોક અલોક થશે, અલોક લોક થઈ જશે, એવી એક લોકસ્થિતિ કહી છે.

(૭) એવું થયું નથી, થતું નથી, થશે નહીં કે – જે લોક અલોકમાં પ્રવેશશે અથવા અલોક લોકમાં પ્રવેશશે એવી એક લોક સ્થિતિ કહી છે.

(૮) જેટલા ક્ષેત્રમાં લોક છે તેટલા ક્ષેત્રમાં જીવો છે, જેટલામાં જીવો છે તેટલામાં લોક છે એવી એક લોક સ્થિતિ છે.

(૯) જ્યાં સુધી જીવો અને પુદ્‌ગલોનો ગતિપર્યાય છે ત્યાં સુધી લોક છે, જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવો અને પુદ્‌ગલોનો ગતિ પર્યાય છે એમ એક લોકસ્થિતિ છે.

(૧૦) બધા લોકાંતમાં અબદ્ધ પાર્શ્વસ્પૃષ્ટ પુદ્‌ગલો રૂક્ષતાએ પરિણમે છે, જેથી જીવો તથા પુદ્‌ગલો લોકાંતથી બહાર જવા સમર્થ ન થાય તે લોકસ્થિતિ.

સૂત્ર–૮૮૯ થી ૮૯૧

(૮૮૯) દશ પ્રકારે શબ્દ કહેલ છે, તે આ પ્રમાણે –

(૮૯૦) નિર્હારી, પીંડિમ, રૂક્ષ, ભિન્ન, જર્જરીત, દીર્ઘ, હ્રસ્વ, પૃથક્ત્વ, કાકણી, કિંકિણી સ્વર.

(૮૯૧) દશ ઇન્દ્રિયના અર્થો અતીતા કહ્યા છે – કોઈ દેશથી શબ્દને સાંભળે, કોઈ સર્વથી શબ્દને સાંભળે, કોઈ દેશથી રૂપને જુએ, કોઈ સર્વથી રૂપને જુએ છે, એ રીતે ગંધ, રસ, સ્પર્શ યાવત્ કોઈ સર્વથી સ્પર્શને અનુભવેલ છે.

દશ ઇન્દ્રિયના અર્થો પ્રત્યુત્પન્ન કહ્યા છે – કોઈ એક દેશથી શબ્દને સાંભળે છે, કોઈ એક સર્વથી શબ્દને સાંભળે છે યાવત્ સ્પર્શને.

દશ ઇન્દ્રિયાર્થો અનાગત કહ્યા છે – કોઈ એક દેશથી શબ્દને સાંભળે છે, કોઈ સર્વથી શબ્દને સાંભળે છે યાવત્ સ્પર્શને અનુભવે છે.

સૂત્ર–૮૯૨ થી ૮૯૪

(૮૯૨) દશ પ્રકારે અચ્છિન્ન પુદ્‌ગલો ચલિત થાય, તે આ – ૧. આહાર કરાતા પુદ્‌ગલ ચલે, ૨. પરિણામ પમાડાતા ચલે, ૩. ઊંચો શ્વાસ લેતા ચલે, ૪. નીચો શ્વાસ લેતા ચલે, ૫. વેદાતા ચલે, ૬. નિર્જરાતા ચલે, ૭. વિકુર્વાતા ચલે, ૮. પરિચાર કરતા ચલે, ૯. યક્ષાવિષ્ટતાથી ચલે, ૧૦. શરીરના વાયુથી પ્રેરિત પુદ્‌ગલો ચલે.

(૮૯૩) દશ કારણે ક્રોધોત્પત્તિ થાય છે. તે આ પ્રમાણે –

૧. મારા મનોજ્ઞ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ–અપહરેલ છે. ૨. અમનોજ્ઞ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ આણે આપેલ છે. ૩. મારા મનોજ્ઞ શબ્દાદિ આ હરે છે. ૪. અમનોજ્ઞ શબ્દાદિ મને આ આપે છે. ૫. મારા મનોજ્ઞ શબ્દાદિ આ હરશે. ૬. અમનોજ્ઞ શબ્દાદિ મને આ આપશે. ૭. મારા મનોજ્ઞ શબ્દાદિ અપહરેલ છે – અપહરે છે –

અપહરશે. ૮. અમનોજ્ઞ શબ્દાદિ આ પુરુષે આપેલ છે – આપે છે – આપશે. ૯. મારા મનોજ્ઞ શબ્દાદિને યાવત્ અપહરેલ છે – અપહરે છે – અપહરશે તથા અમનોજ્ઞ શબ્દાદિ મને આપેલ છે – આપે છે – આપશે.

૧૦. હું આચાર્ય, ઉપાધ્યાયોને વિશે સમ્યગ્ વર્તું છું, મને આચાર્ય, ઉપાધ્યાયોએ વિપરીત પણે સ્વીકારેલ છે. એમ ચિંતવવાથી ક્રોધ ઉપજે.

(૮૯૪) દશ ભેદે સંયમ કહેલ છે – પૃથ્વીકાય સંયમ યાવત્ વનસ્પતિકાય સંયમ, બેઇન્દ્રિય સંયમ, તેઇન્દ્રિય સંયમ, ચઉરિન્દ્રિય સંયમ, પંચેન્દ્રિય સંયમ, અજીવકાય સંયમ.

અસંયમ દશ પ્રકારે કહેલ છે–પૃથ્વીકાયિક અસંયમ, અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ યાવત્ અજીવકાય અસંયમ

દશ પ્રકારે સંવર કહેલ છે – શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય સંવર, મન–વચન–કાય સંવર, ઉપકરણ સંવર, સૂચિકુશાગ્ર સંવર.

દશ પ્રકારે અસંવર કહેલ છે – શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ સૂચિકુશાગ્ર અસંવર.

## સૂત્ર–૮૯૫ થી ૯૦૦

(૮૯૫) દશ કારણે "હું જ ઉત્કૃષ્ટ છું." એમ મદવાળો થાય, તે આ – જાતિમદથી, કુલમદથી, બળમદથી, રૂપમદથી, તપમદથી, જ્ઞાનમદથી, લાભમદથી, ઐશ્વર્ય મદથી, નાગકુમાર–સુવર્ણકુમાર દેવો મારી પાસે શીઘ્ર આવે છે એવા મદથી, સામાન્ય પુરુષોના ધર્મથી મને શ્રેષ્ઠ અવધિજ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા છે એ મદથી.

(૮૯૬) સમાધિ દશ ભેદે કહી છે – પ્રાણાતિપાત વિરમણ, મૃષા–અદત્તાદાન–મૈથુન–પરિગ્રહ વિરમણ, ઈર્યા–ભાષા–એષણા–આદાન ભાંડ માત્ર નિક્ષેપણા – ઉચ્ચાર પ્રસ્રવણ પારિષ્ઠાપનિકા સમિતિ.

અસમાધિ દશ ભેદે કહી – પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ, ઈર્યા અસમિતિ યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંઘાણગ પારિષ્ઠાપનિકા અસમિતિ.

(૮૯૭) પ્રવ્રજ્યા દશ ભેદે કહી. તે આ પ્રમાણે–

(૮૯૮) છંદા–ઈચ્છાથી લેવાતી દીક્ષા, રોસા રોષથી લેવાતી દીક્ષા,, પરિજૂર્ણા–દરિદ્રતાથી લેવાતી દીક્ષા, સ્વપ્ના–સ્વપ્ન સંકેતથી લેવાતી દીક્ષા, પ્રતિશ્રુતા–પ્રતિજ્ઞાપૂર્વક લેવાતી દીક્ષા, સ્મારણા–જાતિસ્મરણ જ્ઞાનથી લેવાતી દીક્ષા,, રોગિણીકા–રોગના કારણે લેવાતી દીક્ષા, અનાદૃતા–અનાદર થવાથી લેવાતી દીક્ષા, દેવસંજ્ઞપ્તિ–દેવ દ્વારા પ્રતીબોધથી લેવાતી દીક્ષા,, વત્સાનુબંધિતા–પુત્રસ્નેહથી લેવાતી દીક્ષા.

(૮૯૯) શ્રમણધર્મ દશ ભેદે છે. તે આ – ક્ષમા, મુક્તિ–નિર્લોભતા, આર્જવ–સરળતા, માર્દવ–મૃદુતા, લાઘવ–લઘુતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ.

વૈયાવચ્ચ દશ ભેદે કહી છે. તે આ – આચાર્ય વૈયાવચ્ચ, ઉપાધ્યાય–સ્થવિર–તપસ્વી–ગ્લાન–શૈક્ષ–કુલ–ગણ–સંઘ–સાધર્મિક વૈયાવચ્ચ.

(૯૦૦) જીવ પરિણામ દશ ભેદે કહ્યા છે. તે આ – ગતિ પરિણામ, ઈન્દ્રિય પરિણામ, કષાય–લેશ્યા–યોગ–ઉપયોગ–જ્ઞાન–દર્શન–ચારિત્ર–વેદ પરિણામ. અજીવ પરિણામ દશ ભેદે કહ્યા છે – બંધન પરિણામ, ગતિ–સંસ્થાન–ભેદ–વર્ણ–ગંધ–સ્પર્શ–અગુરુલઘુ–શબ્દ પરિણામ.

## સૂત્ર–૯૦૧ / ૯૦૨

(૯૦૧) આકાશ સંબંધી અસ્વાધ્યાય દશ ભેદે કહ્યો છે – ઉલ્કાપાત, દિશાદાહ, ગર્જિત, વિદ્યુત્, નિર્ઘાત, યૂપક, યક્ષાદીપ્ત, ધૂમિકા, મહિકા, રજઘાત.

ઔદારિક અસ્વાધ્યાય દશ ભેદે કહ્યો છે – અસ્થિ, માંસ, લોહી, અશુચિ સામંત, શ્મશાન સામંત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, પતન, રાજવિગ્રહ, ઉપાશ્રયમાં ઔદારિક શરીર (મૃતક) પડેલું હોય.

(૯૦૨) પંચેન્દ્રિય જીવોનો આરંભ ન કરનારને દશ ભેદે સંયમ થાય – શ્રોત્રના સુખનો નાશ કરનાર થતો

નથી, શ્રોત્રના દુઃખનો સંયોગ કરનાર ન થાય. એ પ્રમાણે યાવત્ સ્પર્શના દુઃખનો સંયોગ ન થાય.

એ પ્રમાણે અસંયમ પણ દશ ભેદે કહેવો.

સૂત્ર–૯૦૩ થી ૯૧૭

(૯૦૩) દશ સૂક્ષ્મો કહેલા છે – પ્રાણ સૂક્ષ્મ, પનક સૂક્ષ્મ યાવત્ સ્નેહ સૂક્ષ્મ, ગણિત સૂક્ષ્મ, ભંગ સૂક્ષ્મ.

(૯૦૪) જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ગંગા, સિંધુ મહાનદીઓમાં દશ મહાનદીઓ મળે છે. તે આ – યમૂના, સરયૂ, આવી, કોશી, મહી, શતદ્રૂ, વિવત્સા, વિભાષા, ઐરાવતી, ચંદ્રભાગા.

જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રક્તા, રક્તવતી મહાનદીઓમાં દશ મહાનદીઓ મળે છે. તે આ – કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, તીરા, મહાતીરા, ઇન્દ્રા યાવત્ મહાભોગા.

(૯૦૫) જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં દશ રાજધાનીઓ કહી છે, તે આ પ્રમાણે –

(૯૦૬) ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેત, હસ્તિનાપુર, કાંપિલ્ય, મિથિલા, કૌશાંબી, રાજગૃહ.

(૯૦૭) આ દશ રાજધાનીમાં દશ રાજાઓ મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા. તે આ – ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિ, કુંથુ, અર, મહાપદ્મ, હરિસેન અને જય.

(૯૦૮) જંબૂદ્વીપનો મેરુ પર્વત ૧૦૦૦ યોજન જમીનમાં, પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન, ઉપરના ભાગે ૧૦૦૦ યોજન, સર્વાગ્રપણે લાખ યોજન કહ્યો છે.

(૯૦૯) જંબૂદ્વીપના મેરુ પર્વતના બહુ મધ્ય ભાગે આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરનો અને નીચેનો ક્ષુલ્લક પ્રતરમાં ત્યાં આઠ પ્રદેશિક રુચક કહેલ છે જ્યાંથી આ દશ દિશાઓ પ્રવર્તે છે. તે આ – પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન, ઊર્ધ્વ, અધો. આ દશ દિશાના દશ નામો કહ્યા છે, તે આ –

(૯૧૦) ઐન્દ્રી, આગ્નેયી, યમા, નૈઋત્યી, વારુણી, વાયવ્યા, સોમા, ઈશાના, વિમલા અને તમા જાણવી.

(૯૧૧) લવણ સમુદ્ર મધ્યે ૧૦,૦૦૦ યોજન ગોતીર્થ રહિત ક્ષેત્ર કહ્યું છે – લવણસમુદ્રની ૧૦,૦૦૦ યોજન પ્રમાણ ઉદકમાલા કહી છે.

બધા મોટા પાતાળકળશો એક લાખ યોજન ઊંડાઈથી કહ્યા છે, મૂલમાં ૧૦,૦૦૦ યોજન પહોળા છે, બહુમધ્ય દેશ ભાગે એક પ્રદેશવાળી શ્રેણીમાં લાખ યોજન પહોળા છે. ઉપરના મુખમાં મૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા છે.

તે મહાપાતાળ કળશોની ઠીકરી સર્વતઃ વજ્રરત્નમય, સર્વત્ર સમાન ૧૦૦૦ યોજન જાડાઈથી છે.

બધાં લઘુપાતાળ કળશો ૧૦૦૦ યોજન ઊંડાઈથી છે. મૂળમાં ૧૦૦ યોજન પહોળા છે. બહુમધ્ય દેશભાગમાં એક પ્રદેશિક શ્રેણીમાં ૧૦૦૦ યોજન પહોળા છે. ઉપર મુખના મૂલમાં ૧૦૦ યોજન પહોળા છે. તે લઘુ પાતાળ કળશોની ઠીકરી સર્વતઃ વજ્રરત્નમય, સર્વત્ર સમ દશ યોજનની જાડાઈ વડે કહેલી છે.

(૯૧૨) ધાતકીખંડના બંને મેરુ પર્વતો ૧૦૦૦ યોજન ઊંડાઈથી અને ભૂમિતલમાં દેશ–ઉન ૧૦,૦૦૦ યોજન પહોળાઈથી તથા ઉપરના ભાગે ૧૦૦૦ યોજન પહોળાઈથી કહેલ છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધના બંને મેરુ પર્વતો દશ યોજન, એ જ પ્રમાણે ધાતકીખંડની માફક જાણવા.

(૯૧૩) બધા વૃત્ત વૈતાઢ્ય પર્વતો ૧૦૦૦ યોજનની ઉર્ધ્વ ઉચ્ચત્વ વડે ૧૦૦૦ ગાઉની ઊંડાઈ વડે સર્વત્ર સમ, પ્યાલાને આકારે રહેલા અને ૧૦૦૦ યોજનની પહોળાઈ વડે કહેલા છે.

(૯૧૪) જંબૂદ્વીપમાં દશ ક્ષેત્રો કહેલા છે – ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ.

(૯૧૫) માનુષોત્તર પર્વત મૂલમાં ૧૦૨૨ યોજન પહોળાઈથી છે.

(૯૧૬) બધા અંજનક પર્વતો ૧૦૦૦ યોજન ઊંડા, મૂલમાં ૧૦,૦૦૦ યોજન પહોળા, ઉપર ૧૦૦૦ યોજન પહોળા છે. બધા દધિમુખ પર્વતો ૧૦૦૦ યોજન ઊંડા, સર્વત્ર સમ, પ્યાલા આકારે, ૧૦,૦૦૦ યોજન પહોળા છે.

બધા રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ ગાઉ ઊંડા, સમ, ઝાલર આકારના તથા ૧૦,૦૦૦ યોજન પહોળાઈથી કહ્યા છે.

(૯૧૭) રુચકવર પર્વત ૧૦૦૦ યોજન ઊંડા, મૂલમાં ૧૦,૦૦૦ યોજન પહોળા, ઉપર ૧૦૦૦ યોજન પહોળા છે. કુંડલવર પર્વત એમજ જાણવો.

સૂત્ર–૯૧૮

દ્રવ્યાનુયોગ દશ ભેદે કહ્યો છે, તે આ છે – દ્રવ્યાનુયોગ, માતૃકાનુયોગ, એકાર્થિકાનુયોગ, કરણાનુયોગ, અર્પિતાનર્પિતાનુયોગ, ભાવિતાભાવિતાનુયોગ, બાહ્યાબાહ્યાનુયોગ, શાશ્વતાશાશ્વત, તથાજ્ઞાન, અતથાજ્ઞાન.

સૂત્ર–૯૧૯

અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો તિગિચ્છિકૂટ ઉત્પાતપર્વત મૂલમાં ૧૦૨૨ યોજન વિષ્કંભ છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સોમ લોકપાલનો સોમપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઊંચો, ૧૦૦૦ ગાઉ ભૂમિમાં, મૂલમાં ૧૦૦૦ યોજન વિષ્કંભથી છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરના યમ લોકપાલનો યમપ્રભ ઉત્પાતપર્વત એમ જ છે. એ રીતે વરુણ અને વૈશ્રમણનો છે.

વૈરોચનરાજ વૈરોચનેન્દ્ર બલિનો રુચકેન્દ્ર ઉત્પાતપર્વત મૂલમાં ૧૦૨૨ યોજન વિષ્કંભથી છે.

વૈરોચનેન્દ્ર બલિના સોમ લોકપાલને એમ જ છે. જે રીતે ચમરેન્દ્રના લોકપાલનો ઉત્પાતપર્વત કહ્યા તેમ બલિન્દ્રના કહેવા.

નાગરાજ નાગકુમારેન્દ્ર ધરણનો ધરણપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઊંચો, ૧૦૦૦ ગાઉ જમીનમાં, મૂલમાં ૧૦૦૦ યોજન વિષ્કંભથી છે.

નાગરાજ નાગકુમારેન્દ્ર ધરણના કાલવાલ લોકપાલનો મહાકાલપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઊંચો આદિ એમ જ છે. એ રીતે યાવત્ શંખપાલનો કહેવો. એ રીતે ભૂતાનંદનું પણ કહેવું. એ રીતે લોકપાલોનું ધરણની જેમ કહેવું. તેમજ યાવત્ સ્તનિત કુમારોને લોકપાલ સહિત કહેવા. બધા ઉત્પાતપર્વતો સદૃશ નામવાળા જાણવા.

દેવેન્દ્ર દેવરાજ શક્રનો શક્રપ્રભ ઉત્પાતપર્વત ૧૦,૦૦૦ યોજન ઊંચો, ૧૦,૦૦૦ ગાઉ જમીનમાં, મૂલમાં ૧૦,૦૦૦ વિષ્કંભથી છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલનો જેમ શક્રનું કહ્યું તેમજ બધા લોકપાલોનો, બધા ઈન્દ્રોનો યાવત્ અચ્યુતેન્દ્ર અને તેના લોકપાલોનું કહેવું. બધાના ઉત્પાતપર્વતોનું પ્રમાણ સરખું છે.

સૂત્ર–૯૨૦ થી ૯૨૮

(૯૨૦) બાદર વનસ્પતિકાયિકોને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન શરીર–અવગાહના કહી છે.

જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન શરીર–અવગાહના કહી છે.

ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોને પણ તેમજ કહી છે.

(૯૨૧) સંભવ અર્હત્‌થી અભિનંદન અર્હત્ દશ લાખ ક્રોડ સાગરોપમ વ્યતીત થયે ઉત્પન્ન થયા.

(૯૨૨) અનંતક દશ ભેદે કહ્યા છે – નામાનંતક, સ્થાપનાનંતક, દ્રવ્યાનંતક, ગણનાનંતક, પ્રદેશાનંતક, એકતો–અનંતક, દ્વિધાઅનંતક, દેશવિસ્તારાનંતક, સર્વવિસ્તારાનંતક, શાશ્વતાનંતક.

(૯૨૩) ઉત્પાત પૂર્વની દશ વસ્તુઓ કહી છે. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વની દશ ચૂલવસ્તુઓ કહી છે.

(૯૨૪) પ્રતિસેવના દશ ભેદે છે, તે આ પ્રમાણે –

(૯૨૫) દર્પ, પ્રમાદ, અનાભોગ, આતુર, આપત્તિ, શંકિત, સહસાત્કાર, ભય, પ્રદ્વેષ અને વિમર્શ.

(૯૨૬) દશ આલોચના દોષો કહ્યા છે, તે આ પ્રમાણે –

(૯૨૭) ૧. આકંપઈત્વા–સેવા આદિ દ્વારા પ્રાયશ્ચિત્ત દેનારને પ્રસન્ન કરે, જેથી ગુરુ ઓછું પ્રાયશ્ચિત્ત આપે.
૨. અનુમાનઈત્વા– આ આચાર્ય મૃદુ કે કઠોર દંડવાળા છે એમ અનુમાન કરીને પ્રાયશ્ચિત્ત માંગે .
૩.જંદિટ્ઠં– ગુરુએ જોયેલા દોષની જ આલોચના કરવી, ન જોયેલા દોષ ન કહેવા.
૪. બાદર– માત્ર મોટા દોષ આલોચવા. ૫. સૂક્ષ્મ– માત્ર નાના દોષ આલોચવા ,
૬.છન્નં–ગુરૂ ન સમજે તેમ આલોચવું, ૭. શબ્દાકુલ–અન્ય અગીતાર્થ સાંભળે તેમ આલોચે,
૮. બહુજન–બહુવ્યક્તિ પાસે આલોચે , ૯. અવ્યક્ત–અગીતાર્થ પાસે આલોચે,
૧૦. તત્સેવી– આલોચના દેનાર જે દોષનું સેવન કરતા હોય તેની પાસે આલોચના લેવી .

(૯૨૮) દશ સ્થાનોથી સંપન્ન અણગાર પોતાના દોષોને આલોચવાને યોગ્ય છે – જાતિ સંપન્ન, કુલ સંપન્ન એ રીતે આઠમાં સ્થાનમાં કહ્યા મુજબ યાવત્ ક્ષાંત, દાંત, અમાયી, અપશ્ચાનુતાપી.

દશ સ્થાને સંપન્ન અણગાર આલોચના આપવાને યોગ્ય છે – આચારવાન, અવધારણવાન, યાવત્ અપાય–દર્શી, પ્રિયધર્મી અને દ્રઢધર્મી.

પ્રાયશ્ચિત્ત દસ પ્રકારે કહેલ છે – આલોચના યોગ્ય યાવત્ અનવસ્થાપ્ય અને પારાંચિત્ત યોગ્ય.

## સૂત્ર–૯૨૯ થી ૯૩૫

(૯૨૯) મિથ્યાત્વ દશ ભેદે કહ્યું – (૧) અધર્મમાં ધર્મસંજ્ઞા, (૨) ધર્મમાં અધર્મસંજ્ઞા, (૩) અમાર્ગમાં માર્ગ સંજ્ઞા, (૪) માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા, (૫) અજીવમાં જીવસંજ્ઞા, (૬) જીવમાં અજીવસંજ્ઞા, (૭) અસાધુમાં સાધુ સંજ્ઞા, (૮) સાધુમાં અસાધુસંજ્ઞા, (૯) અમુક્તમાં મુક્તસંજ્ઞા, (૧૦) મુક્તમાં અમુક્ત સંજ્ઞા.

(૯૩૦) અર્હત્ ચંદ્રપ્રભ દશ લાખ પૂર્વનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

અર્હત્ ધર્મ દશ લાખ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.

અર્હત્ નમી દશ હજાર વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.

વાસુદેવ પુરુષસિંહ દશ લાખ વર્ષનું સર્વાયુ ભોગવીને છઠ્ઠી તમા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજ્યા.

અર્હત્ નેમિ દશ ધનુષ ઊંચા હતા, ૧૦૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.

વાસુદેવ કૃષ્ણ દશ ધનુષ્ય ઊંચા હતા, ૧૦૦૦ વર્ષ સર્વાયુ ભોગવી ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થયા

(૯૩૧) ભવનવાસી દશ ભેદે કહ્યા – અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર.

આ દશ પ્રકારના ભવનવાસી દેવોના દશ ચૈત્યવૃક્ષો કહ્યા છે, તે આ પ્રમાણે –

(૯૩૨) અશ્વત્થ, સપ્તવર્ણ, શાલ્મલી, ઉંબર, શિરીષ, દધિપર્ણ, વંજુલ, પલાશ, વપ્ર, કણેરવૃક્ષ.

(૯૩૩) સુખ દશ પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે –

(૯૩૪) આરોગ્ય, દીર્ઘઆયુ, આઢ્યત્વ, કામ, ભોગ, સંતોષ અસ્તિ, સુખભોગ, નિષ્ક્રમ, અનાબાધ (મોક્ષ).

(૯૩૫) ઉપઘાત દશ ભેદે કહ્યો, તે આ પ્રમાણે –

ઉદ્ગમોપઘાત, ઉત્પાદનોપઘાત, જેમ પાંચમાં સ્થાનમાં કહ્યું હતું તેમ યાવત્ પરિહરણોપઘાત, જ્ઞાનોપઘાત, દર્શનોપઘાત, ચારિત્રોપઘાત, અપ્રીતિ વડે ઉપઘાત, સારક્ષણોપઘાત.

વિશોધિ દશ ભેદે કહી છે – ઉદ્ગમવિશોધિ, ઉત્પાદન વિશોધિ યાવત્ સારક્ષણ વિશોધિ.

## સૂત્ર–૯૩૬, ૯૩૭

(૯૩૬) સંક્લેશ દશ ભેદે કહ્યા છે – ઉપધિ સંક્લેશ, ઉપાશ્રય સંક્લેશ, કષાય સંક્લેશ, ભક્તપાન સંક્લેશ, મન સંક્લેશ, વચન સંક્લેશ, કાય સંક્લેશ, જ્ઞાન સંક્લેશ, દર્શન સંક્લેશ, ચારિત્ર સંક્લેશ.

દશ પ્રકારે અસંક્લેશ કહ્યો છે – ઉપધિ યાવત્ ચારિત્ર અસંક્લેશ.

(૯૩૭) બળ દશ ભેદે કહ્યું છે – શ્રોત્રેન્દ્રિય બલ યાવત્ સ્પર્શેન્દ્રિય બલ, જ્ઞાનબલ, દર્શનબલ, ચારિત્રબલ,

તપબલ, વીર્યબલ.

## સૂત્ર–૯૩૮ થી ૯૪૨

(૯૩૮) સત્ય દશ ભેદે છે, તે આ પ્રમાણે –

(૯૩૯) જનપદ, સમ્મત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્ય, વ્યવહાર, ભાવ, યોગ અને ઔપમ્ય.

(૯૪૦) મૃષા દશ ભેદે છે, તે આ પ્રમાણે –

(૯૪૧) ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, ભય, આખ્યાયિક અને ઉપધાન–નિશ્રિત.

(૯૪૨) સત્યામૃષા દશ ભેદે છે – ઉત્પન્નમિશ્ર, વિગતમિશ્ર, ઉત્પન્નવિગતમિશ્ર, જીવમિશ્ર, અજીવમિશ્ર, જીવાજીવ મિશ્ર, અનંતમિશ્ર, પરિત્તમિશ્ર, અદ્ધામિશ્ર અને અદ્ધદ્ધામિશ્ર.

## સૂત્ર–૯૪૩

દૃષ્ટિવાદના દશ નામો કહેલા છે – દૃષ્ટિવાદ, હેતુવાદ, ભૂતવાદ, તત્ત્વવાદ, સમ્યગ્‌વાદ, ધર્મવાદ, ભાષાવિષય, પૂર્વગત, અનુયોગગત અને સર્વ પ્રાણ–ભૂત–જીવ–સત્ય સુખાવહ.

## સૂત્ર–૯૪૪ થી ૯૪૯

(૯૪૪) શસ્ત્ર દશ ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે –

(૯૪૫) અગ્નિ, વિષ, લવણ, સ્નેહ, ક્ષાર, અમ્લ, દુષ્પ્રયુક્ત–મન, વચન, કાયા, અવિરતિ ભાવ.

(૯૪૬) દોષ દશ ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે –

(૯૪૭) તજ્જાતદોષ, મતિભંગદોષ, પ્રશાસ્તૃદોષ, પરિહરણદોષ, સ્વલક્ષણ, કારણ, હેતુ, સંક્રમણ, નિગ્રહ, વસ્તુ.

(૯૪૮) વિશેષ દશ ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે –

(૯૪૯) વસ્તુદોષ, તજ્જાતદોષ, મતિભંગદોષ, એકાર્થિકદોષ, કારણદોષ,, પ્રત્યુત્પન્નદોષ, નિત્યદોષ, અધિકદોષ, આત્મોપનીત દોષ, વિશેષદોષ.

## સૂત્ર–૯૫૦

દશ પ્રકારે શુદ્ધ વાગનુયોગ કહે છે, તે આ – ચંકાર, મંકાર, પિંકાર, સેતંકાર, સાતંકાર, એકત્વ, પૃથક્ત્વ, સંયૂથ, સંક્રામિત અને ભિન્ન.

## સૂત્ર–૯૫૧ થી ૯૫૬

(૯૫૧) દાન દશ ભેદે કહ્યું છે, તે આ પ્રમાણે –

(૯૫૨) અનુકંપા, સંગ્રહ, ભય, કારુણ્ય, લજ્જા, ગારવ, અધર્મ, ધર્મ, કરશે (એ આશાથી), કૃતદાન.

(૯૫૩) ગતિ દશ ભેદે કહી છે. તે આ – નરકગતિ, નરકવિગ્રહગતિ, તિર્યંચગતિ, તિર્યંચવિગ્રહગતિ યાવત્ સિદ્ધિગતિ, સિદ્ધિવિગ્રહગતિ.

(૯૫૪) મુંડો દશ કહ્યા–શ્રોત્રેન્દ્રિય મુંડ યાવત્ સ્પર્શનેન્દ્રિય મુંડ, ક્રોધમુંડ યાવત્ લોભમુંડ અને ૧૦.શિરમુંડ.

(૯૫૫) સંખ્યાન દશ પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે –

(૯૫૬) પરિકર્મ, વ્યવહાર, રજ્જુ, રાશિ, કલાસુવર્ણ, યાવત્–તાવત્, વર્ગ, ઘન, વર્ગવર્ગ, કલ્પ.

## સૂત્ર–૯૫૭ / ૯૫૮

(૯૫૭) પ્રત્યાખ્યાન દશ ભેદે કહ્યા, તે આ પ્રમાણે –

(૯૫૮) અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિમાણકૃત્, નિરવશેષ, સંકેત અને અદ્ધા. એ રીતે દર્શાવેલ પ્રત્યાખ્યાન કહ્યા છે.

## સૂત્ર–૯૫૯ થી ૯૬૧

(૯૫૯) સામાચારી દશ ભેદે કહી છે, તે આ પ્રમાણે –

(૯૬૦) ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદણા, નિમંત્રણા અને ઉપસંપદા, એ રીતે દશ પ્રકારે સામાચારી થાય છે.

(૯૬૧) શ્રમણ ભગવંત મહાવીર છદ્મસ્થકાળમાં અંતિમ રાત્રિમાં દશ મોટા સ્વપ્નો જોઈને જાગ્યા તે આ પ્રમાણે–

(૧) એક મહાઘોર રૂપવાળા, દિપ્તધર, તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કરેલ જોઈને જાગૃત થયા.

(૨) એક મહાશ્વેત પાંખવાળા પુરુષ કોકીલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૩) એક મહાન ચિત્રવિચિત્ર પાંખવાળા પુરુષ કોકીલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૪) એક મહાન દામયુગલ – સર્વ રત્નમય માળાને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૫) એક મહાન શ્વેત ગાયોનું ટોળું સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૬) એક મહાન પદ્મસરોવર, ચોતરફ ફૂલો વડે ખીલેલ એવું સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૭) એક મહાસાગર હજારો કલ્લોલની લહેરો વડે કલિત બંને ભૂજાઓથી તરેલ સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૮) એક મહા દિનકર તેજ વડે પ્રકાશમાન સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૯) એક મહા પીંગલ નીલ વૈડૂર્યમણી જેવા વર્ણ વડે સમાન માનુષોત્તર પર્વતને પોતાના આંતરડાથી સર્વતઃ સમંતાત્ આવેષ્ટિત, પરિવેષ્ટિત સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.

(૧૦) મેરુ પર્વતમાં મેરુ ચૂલિકા ઉપર એક શ્રેષ્ઠ સિંહાસને બેઠેલા પોતાને સ્વપ્નમાં જોઈને જાગ્યા.

(ઉક્ત દશ સ્વપ્નો જોઈને જાગૃત થયા. હવે સ્વપ્નફળ કહે છે–)

(૧) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટો ઘોરરૂપ, દિપ્ત તેજ તાલ–પિશાચને સ્વપ્નમાં પરાજિત કરીને જાગ્યા, તેથી શ્રમણ ભગવંત મહાવીરે મોહનીય કર્મનો મૂલથી નાશ કર્યો.

(૨) શ્રમણ ભગવંત મહાવીરે એક મોટા શ્વેત પાંખવાળા યાવત્ જાગૃત થયા તેથી શ્રમણ ભગવંત મહાવીર શુક્લ ધ્યાનને પ્રાપ્ત થઈ વિચરે છે.

(૩) શ્રમણ ભગવંત મહાવીર એક મોટા ચિત્રવિચિત્ર પાંખવાળાને યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર સ્વસમય–પરસમયરૂપ ચિત્રવિચિત્ર દ્વાદશાંગ ગણિપિટકને સામાન્યથી કહે છે, વિશેષથી કહે છે, દર્શાવે છે, નિર્દેશે છે, ઉપદેશે છે, તે આ પ્રમાણે 'આચાર' યાવત્ દૃષ્ટિવાદ.

(૪) શ્રમણ ભગવંત મહાવીર સર્વરત્નમય એક મહા દામયુગલ યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર બે પ્રકારનો ધર્મ પ્રરૂપે છે. તે આ – અગારધર્મ અને અણગારધર્મ.

(૫) શ્રમણ ભગવંત મહાવીર એક મોટા શ્વેત ગોવર્ગને સ્વપ્નમાં યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીરનો ચાર પ્રકારનો સંઘ છે, તે આ – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.

(૬) શ્રમણ ભગવંત મહાવીર જે એક મહા પદ્મસરોવરને યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર ચાર પ્રકારના દેવોને પ્રરૂપે છે. તે – ભવનવાસી, વાણ–વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.

(૭) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા કલ્લોલવાળાને યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારને તર્યા.

(૮) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા સૂર્યને જોઈને જાગ્યા, તેથી શ્રમણ ભગવંત મહાવીરને અનંત, અનુત્તર યાવત્ (કેવલજ્ઞાન, કેવલદર્શન) ઉત્પન્ન થયેલ છે.

(૯) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા નીલ વૈડૂર્ય યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીરને દેવ–મનુષ્ય–અસુર સહિત લોકમાં ઉદાર કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા વિસ્તરી રહી છે. એવી રીતે નિશ્ચયે શ્રમણ ભગવંત મહાવીર વર્તે છે.

(૧૦) શ્રમણ ભગવંત મહાવીર જે મેરુ પર્વત મેરુ ચૂલિકાએ સિંહાસને બેઠેલ યાવત્ જાગૃત થયા. તેથી શ્રમણ ભગવંત મહાવીર દેવ–મનુષ્ય–અસુર સહિત પર્ષદા મધ્યે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ કહેશે, પ્રરૂપશે યાવત્ ઉપદેશશે.

### સૂત્ર–૯૬૨, ૯૬૩

(૯૬૨) દશ ભેદે સરાગ સમ્યગ્દર્શન કહ્યું છે, તે આ પ્રમાણે –

(૯૬૩) તે આ – (૧) નિસર્ગ રુચિ, (૨) ઉપદેશ રુચિ, (૩) આજ્ઞા રુચિ, (૪) સૂત્ર રુચિ, (૫) બીજ રુચિ, (૬) અભિગમ રુચિ, (૭) વિસ્તાર રુચિ, (૮) ક્રિયા રુચિ, (૯) સંક્ષેપ રુચિ, (૧૦) ધર્મ રુચિ.

### સૂત્ર–૯૬૪, ૯૬૫

(૯૬૪) સંજ્ઞાઓ દશ કહી છે – આહાર સંજ્ઞા યાવત્ પરિગ્રહસંજ્ઞા, ક્રોધ સંજ્ઞા યાવત્ લોભસંજ્ઞા, લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા. નૈરયિકોને આ રીતે જ દશ સંજ્ઞાઓ કહી છે. એ રીતે નિરંતર યાવત્ વૈમાનિકોને જાણવી.

(૯૬૫) નૈરયિકો દશ ભેદે વેદનાને ભોગવતા વિચરે છે. તે આ – શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, કંડુ, પરવશતા, ભય, શોક, જરા અને વ્યાધિ.

### સૂત્ર–૯૬૬ થી ૯૭૬

(૯૬૬) દશ સ્થાનોને છદ્મસ્થ સર્વભાવથી જાણતો–જોતો નથી. તે આ – ધર્માસ્તિકાય યાવત્ વાયુ, (૯) આ જિન થશે કે નહીં, (૧૦) આ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં. આ દશેને ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરિહંત યાવત્ (જાણે છે કે) આ સર્વે દુઃખોનો અંત કરશે કે નહીં.

(૯૬૭) દશ દશાઓ કહી છે – કર્મવિપાકદશા, ઉપાસકદશા, અંતકૃત્ દશા, અનુત્તરોપપાતિકદશા, આચારદશા, પ્રશ્નવ્યાકરણદશા, બંધદશા, દ્વિગૃદ્ધિદશા, દીર્ઘદશા અને સંક્ષેપિકદશા.

(૯૬૮) કર્મવિપાકદશાના દશ અધ્યયનો કહ્યા છે – મૃગાપુત્ર, ગોત્રાસ, અંડ, શકટ, બ્રાહ્મણ, નંદીષેણ, સૌરીક, ઉદુંબર, સહસોદાહ–આમરક અને કુમાર લિચ્છવી.

(૯૬૯) ઉપાસક દશાના દશ અધ્યયનો કહ્યા, તે આ પ્રમાણે –

(૯૭૦) આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા, સાલેયિકા (સાલિણી) પિતા.

(૯૭૧) અંતકૃત્ દશાના દશ અધ્યયનો કહ્યા, તે આ પ્રમાણે –

(૯૭૨) નમિ, માતંગ, સોમિલ, રામગુપ્ત, સુદર્શન, જમાલી, ભગાલી, કિંકર્મ, પલ્યક, અંબડપુત્ર.

(૯૭૩) અનુત્તરોપપાતિક દશાના દશ અધ્યયનો કહ્યા, તે આ પ્રમાણે – (

૯૭૪) ઋષિ દાસ, ધન્ય, સુનક્ષત્ર, કાર્તિક, સંસ્થાન, શાલિભદ્ર, આનંદ, તેતલી, દશાર્ણભદ્ર, અતિમુક્ત. આ દશ કહ્યા છે.

(૯૭૫) આચારદશાના દશ અધ્યયનો કહ્યા છે – (૧) વીશ અસમાધિ સ્થાન, (૨) એકવીશ શબલ દોષો, (૩) તેંત્રીશ આશાતના, (૪) આઠ પ્રકારે ગણિસંપદા, (૫) દશ ચિત્તસમાધિ સ્થાન, (૬) અગિયાર ઉપાસક પ્રતિમા, (૭) બાર ભિક્ષુ પ્રતિમા, (૮) પર્યુષણા કલ્પ, (૯) ૩૦ મોહનીય સ્થાન, (૧૦) આજાતિ સ્થાન.

* પ્રશ્ન વ્યાકરણ દશાના દશ અધ્યયનો કહ્યા – ઉપમા, સંખ્યા, ઋષિભાષિત, આચાર્યભાષિત, મહાવીરભાષિત, ક્ષૌમક પ્રશ્નો, કોમલ પ્રશ્નો, આદર્શ પ્રશ્નો, અંગુષ્ઠ પ્રશ્નો, બાહુ પ્રશ્નો.

* બંધ દશાના દશ અધ્યયનો કહ્યા છે – બંધ, મોક્ષ, દેવર્દ્ધિ, દશારમંડલિક, આચાર્ય વિપ્રતિપત્તિ, ઉપાધ્યાય વિપ્રતિપત્તિ, ભાવના, વિમુક્તિ, શાશ્વત અને કર્મ.

* દ્વિગૃદ્ધિ દશાના દશ અધ્યયનો કહ્યા છે – વાત, વિવાત, ઉપપાત, સુક્ષેત્રકૃષ્ણ, બેંતાલીસ સ્વપ્ન, ત્રીશ મહા–સ્વપ્નો, બોંતેર સર્વસ્વપ્નો, હાર, રામ અને ગુપ્ત. એ દશ કહ્યા છે.

* દીર્ઘદશાના દશ અધ્યયનો કહ્યા છે – ચંદ્ર, સૂર્ય, શુક્ર, શ્રીદેવી, પ્રભાવતી, દ્વીપસમુદ્રોપપત્તિ, બહુપુત્રિકા, મંદર, સ્થવિર, સંભૂતિ વિજય, સ્થવિર પદ્મ ઉચ્છ્વાસ નિઃશ્વાસ.

* સંક્ષેપિક દશાના (દશ) અધ્યયનો કહ્યા છે – (૧) ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ, (૨) મહતી વિમાન પ્રવિભક્તિ, (૩) અંગચૂલિકા, (૪) વર્ગચૂલિકા, (૫) વિવાહ ચૂલિકા, (૬) અરુણોપપાત, (૭) વરુણોપપાત, (૮) ગરુલોપપાત, (૯) વેલંધ–રોપપાત અને (૧૦) વૈશ્રમણોપપાત.

(૯૭૬) દશ સાગરોપમ કોડાકોડી ઉત્સર્પિણીકાલ છે અને દશ સાગરોપમ કોડાકોડીનો અવસર્પિણીકાલ છે.

સૂત્ર–૯૭૭

નૈરયિક દશ ભેદે કહ્યા – અનંતરોપપન્નક, પરંપરોપપન્નક, અનંતરાવગાઢ, પરંપરાવગાઢ, અનંતરાહારક, પરંપરાહારક, અનંતરપર્યાપ્તા, પરંપરપર્યાપ્તા, ચરિમા, અચરિમા. એ રીતે વૈમાનિક પર્યન્ત કહેવું.

ચોથી પંકપ્રભા પૃથ્વીમાં દશ લાખ નરકાવાસો કહેલા છે.

રત્નપ્રભા પૃથ્વીમાં જઘન્યથી નૈરયિકોની સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.

ચોથી પંકપ્રભામાં ઉત્કૃષ્ટથી નૈરયિક સ્થિતિ દશ સાગરોપમ છે.

પાંચમી ધૂમપ્રભામાં જઘન્યથી નૈરયિક સ્થિતિ દશ સાગરોપમ છે.

અસુરકુમારની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. એ રીતે યાવત્ સ્તનિતકુમાર જાણવી.

બાદર વનસ્પતિકાયિકો ની ઉત્કૃષ્ટથી સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે.

વાણવ્યંતર દેવોની જઘન્યથી સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.

બ્રહ્મલોક કલ્પે ઉત્કૃષ્ટથી દેવોની સ્થિતિ દશ સાગરોપમ છે.

લાંતક કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે.

સૂત્ર–૯૭૮

દશ સ્થાન વડે જીવો આગામી ભવમાં કલ્યાણ થાય એવા કર્મોને કરે છે – (૧) નિયાણુ ન કરવાથી, (૨) સમ્યગ્ દષ્ટિપણાથી, (૩) યોગવાહિતાથી, (૪) ક્ષમા વડે સહન કરવાથી, (૫) જિતેન્દ્રિયતાથી, (૬) અમાયિતાથી, (૭) અપાર્શ્વસ્થ–તાથી, (૮) સુશ્રામણ્યતાથી, (૯) પ્રવચન વત્સલતાથી, (૧૦) પ્રવચન ઉદ્ભાવના–પ્રભાવનાથી.

સૂત્ર–૯૭૯

આશંસા પ્રયોગ દશ ભેદે છે – (૧) આલોક આશંસા પ્રયોગ, (૨) પરલોક આશંસા પ્રયોગ, (૩) દ્વિધાલોક આશંસા પ્રયોગ, (૪) જીવિતાશંસાપ્રયોગ, (૫) મરણાશંસા પ્રયોગ, (૬) કામ આશંસા પ્રયોગ, (૭) ભોગ આશંસા પ્રયોગ, (૮) લોભાશંસાપ્રયોગ, (૯) પૂજાશંસાપ્રયોગ, (૧૦) સત્કારાશંસા પ્રયોગ.

સૂત્ર–૯૮૦

ધર્મ દશ ભેદે હોય છે. તે આ – ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, પાખંડધર્મ, કુલધર્મ, ગણધર્મ, સંઘધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ, અસ્તિકાય.

સૂત્ર–૯૮૧, ૯૮૨

(૯૮૧) સ્થવિર દશ ભેદે કહ્યા – ગ્રામસ્થવિર, નગરસ્થવિર, રાષ્ટ્રસ્થવિર, પ્રશાસ્તૃસ્થવિર, કુલસ્થવિર, ગણસ્થવિર, સંઘસ્થવિર, જાતિસ્થવિર, શ્રુતસ્થવિર, પર્યાયસ્થવિર.

(૯૮૨) પુત્રો દશ ભેદે કહ્યા – આત્મજ, ક્ષેત્રજ, દત્તક, વિનયિત, ઓરસ, મૌખર, શોંડીર, સંવર્ધિત, ઔપયા–ચિતક, ધર્માન્તેવાસી.

સૂત્ર–૯૮૩ થી ૯૮૭

(૯૮૩) કેવલીએ દશ અનુત્તર કહ્યા છે – અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર તપ, અનુત્તર

વીર્ય, અનુત્તર ક્ષાંતિ, અનુત્તર મુક્તિ, અનુત્તર આર્જવ, અનુત્તર માર્દવ અને અનુત્તર લાઘવ.

(૯૮૪) સમય ક્ષેત્રમાં દશ કુરુક્ષેત્રો કહ્યા છે – પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ.

તેમાં દશ અતિશય મોટા દશ મહાદ્રુમો કહ્યા છે – જંબૂસુદર્શના, ધાતકીવૃક્ષ, મહાધાતકીવૃક્ષ, પદ્મવૃક્ષ, મહાપદ્મવૃક્ષ, પાંચ કૂટ શાલ્મલીવૃક્ષ. ત્યાં દશ મહર્દ્ધિક દેવો યાવત્ વસે છે – અનાઢ્ય, જંબૂદ્વીપાધિપતિ, સુદર્શન, પ્રિયદર્શન, પૌંડરીક, મહાપૌંડરીક, પાંચ ગરુલ વેણુદેવો.

(૯૮૫) દશ પ્રકારે અવગાઢ દુષમકાળને જાણે. તે આ – અકાલે વર્ષા, કાલે ન વરસે, અસાધુ પૂજાય, સાધુ ન પૂજાય, ગુરુજનનો અવિનય કરે, અમનોજ્ઞ શબ્દ યાવત્ અમનોજ્ઞ સ્પર્શો. દશ પ્રકારે અવગાઢ સુષમ કાળ જાણે – અકાલે ન વરસે એ રીતે ઉક્તથી વિપરીત યાવત્ મનોજ્ઞ સ્પર્શો.

(૯૮૬) સુષમસુષમા સમયમાં દશ પ્રકારના કલ્પવૃક્ષો ઉપભોગપણે શીઘ્ર આવે છે, તે આ પ્રમાણે –

(૯૮૭) મત્તાંગદ, ભૃતાંગ, ત્રુટિતાંગ, દીપાંગ, જ્યોતિરંગ, ચિત્રાંગ, ચિત્રરસાંગ, મણ્યંગ, ગેહાકાર અને અનગ્ન.

## સૂત્ર–૯૮૮ થી ૯૯૨

(૯૮૮) જંબૂદ્વીપમાં ભરત વર્ષક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં દશ કુલકરો થયા. તે આ પ્રમાણે –

(૯૮૯) શતંજલ, શતાયુ, અનંતસેન, અમિતસેન, તર્કસેન, ભીમસેન, મહાભીમસેન, દૃઢરથ, દશરથ, શતરથ.

(૯૯૦) જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકરો થશે. તે આ – સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, વિમલવાહન, સંમુતિ, પ્રતિશ્રુત, દશધનૂ, દૃઢધનૂ, શતધનૂ.

(૯૯૧) જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે શીતા મહાનદીના બંને કાંઠે દશ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – માલ્યવંત, ચિત્રકૂટ, વિચિત્રકૂટ, બ્રહ્મકૂટ યાવત્ સોમનસ.

જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમે શીતા મહાનદીના બંને કાંઠે દશ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – વિદ્યુત્પ્રભથી ગંધમાદન. એ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો કહેવા યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો કહેવા.

(૯૯૨) દશ કલ્પો ઈન્દ્રાધિષ્ઠિત કહ્યા છે – સૌધર્મ યાવત્ સહસ્રાર, પ્રાણત અને અચ્યુત.

આ દશ કલ્પોમાં દશ ઈન્દ્રો કહ્યા છે – શક્ર, ઈશાન યાવત્ અચ્યુત.

એ દશ ઈન્દ્રોના દશ પરિયાનિક વિમાનો કહ્યા છે – પાલક, પુષ્પક યાવત્ વિમલવર અને સર્વતોભદ્ર.

## સૂત્ર–૯૯૩, ૯૯૪

(૯૯૩) દશ દશમિકા ભિક્ષુપ્રતિમા ૧૦૦ રાત્રિ દિવસ વડે અને ૫૫૦ ભિક્ષા વડે યથાસૂત્ર યાવત્ આરાધેલી હોય છે.

(૯૯૪) સંસાર સમાપન્નક જીવો દશ ભેદે હોય છે – પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય એ રીતે યાવત્ અપ્રથમ સમય પંચેન્દ્રિય. સંસાર સમાપન્નક જીવો દશ ભેદે કહ્યા છે – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક. બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિય. અથવા સર્વે જીવો દશ ભેદે કહ્યા છે – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ, પ્રથમ સમય સિદ્ધ, અપ્રથમ સમય સિદ્ધ.

## સૂત્ર–૯૯૫, ૯૯૬

(૯૯૫) સો વર્ષના આયુવાળા પુરુષની દશ દશાઓ કહી છે, તે આ પ્રમાણે –

(૯૯૬) બાલા, ક્રિડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયની, પ્રપંચા, પ્રભારા, મુંમુખી, શાયની.

## સૂત્ર–૯૯૭ થી ૧૦૦૦

(૯૯૭) તૃણ વનસ્પતિકાયિક દશ ભેદે કહ્યા – મૂલ, કંદ યાવત્ પુષ્પ, ફળ, બીજ.

(૯૯૮) બધી વિદ્યાધર શ્રેણીઓ દશ–દશ યોજન પહોળાઈથી કહી છે. બધી અભિયોગ શ્રેણી ૧૦–૧૦

યોજન પહોળાઈથી કહી છે.

(૯૯૯) ગ્રૈવેયક વિમાનો ૧૦૦૦ યોજન ઉર્ધ્વ ઊંચાઈ વડે છે.

(૧૦૦૦) દશ કારણે તેજોલેશ્યા સહ વર્તતા ભસ્મીભૂત કરે. તે આ પ્રમાણે –

(૧) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે, તે અત્યાશાતિત સાધુ ક્રોધ પામીને ઉપસર્ગ કરનાર પર તેજ ફેંકે, પરિતાપ ઉપજાવે, પરિતાપ ઉપજાવીને તે જ તેજોલેશ્યા વડે (તેજોલેશ્યાયુક્ત અનાર્યને) બાળી નાંખે.

(૨) કોઈ તેવા શ્રમણ, માહણની અતિ આશાતના કરે, અત્યાશાતિત સાધુનો પક્ષપાતી દેવ, ક્રોધ પામીને તેના પર તેજોલેશ્યા મૂકે, પીડા કરે, પીડા કરીને તે જ તેજોલેશ્યા વડે તેજોલેશ્યા યુક્તને બાળીને ભસ્મ કરે.

(૩) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આરાધના કરે, તે અતિ આશાતીત સાધુ અને તેનો પક્ષપાતી દેવ, ક્રોધ પામીને તે બંને પ્રતિજ્ઞા કરે કે આને હણવો. બંને તેના પર તેજોલેશ્યા મૂકે, પરિતાપ કરે, પરિતાપીને તેની જ તેજોલેશ્યા વડે તેને બાળીને ભસ્મ કરે.

(૪) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે. અત્યાશાતિત તે સાધુ ક્રોધ પામી તેના ઉપર તેજો લેશ્યા મૂકે, તેના શરીરમાં ફોડા ઉપજાવે, ફોડા ફૂટે, ફોડા ફૂટ્યા પછી તેજોલેશ્યા સહિત એવા તેને બાળીને ભસ્મ કરે.

(૫) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અત્યાશાતના કરે, અત્યાશાતિત તે સાધુનો પક્ષપાતી દેવ ક્રોધ પામીને તે દુષ્ટાત્મા ઉપર તેજોલેશ્યા ફેંકે, તેથી તેના શરીરમાં ફોડા ઉત્પન્ન થાય, તે ફોડા ફૂટે, ફૂટ્યા પછી તે દેવ, તે તેજોલેશ્યા યુક્ત દુષ્ટને બાળીને ભસ્મ કરે.

(૬) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અત્યાશાતના કરે, અત્યાશાતિત તે સાધુ અને તેનો પક્ષપાતી દેવ કોપ પામે. તે બંને પેલા અધમને મારવા પ્રતિજ્ઞા કરે. તે દુષ્ટ ઉપર તેજોલેશ્યા મૂકે. તે દુષ્ટના શરીરમાં ફોડા થાય, તે ફોડા ફૂટે, પછી તેઓ તેજોલેશ્યાવાળા તેને બાળીને ભસ્મ કરે.

(૭) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે, તે અતિ આશાતિત સાધુ ક્રોધ પામીને તે દુષ્ટ ઉપર તેજોલેશ્યા મૂકે તેથી તેના શરીરમાં ફોડા ઉત્પન્ન થાય, ફોડા ફૂટે પછી તેમાં નાની ફોડલીઓ થાય, તે ફોડલી ફૂટે પછી તે જ તેજોલેશ્યા યુક્ત અનાર્યને બાળીને ભસ્મ કરે.

(૮–૯) એ રીતે પૂર્વવત્ દેવના અને બંનેના બે આલાપક કહેવા.

(૧૦) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અત્યાશાતના કરે, તેની ઉપર તેજોલેશ્યા મૂકે, તે તેજોલેશ્યા, સાધુને આક્રમણ ન કરે, વિશેષ પરાભવ ન કરે, પણ આમતેમ ઊંચી–નીચી થાય છે, પછી આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને ઊંચે આકાશમાં જાય છે. ત્યાંથી હણાઈને પાછી ફરે છે, પાછી ફરીને તે જ ઉપસર્ગ કરનારના શરીરને બાળતી, તેજોલેશ્યા યુક્ત એવા તેને ભસ્મસાત્ કરે છે. જેમ ગોશાલક મંખલિપુત્ર તેનાથી હણાયો.

## સૂત્ર–૧૦૦૧ થી ૧૦૦૩

(૧૦૦૧) દશ અચ્છેરગ કહ્યા છે, તે આ પ્રમાણે –

(૧૦૦૨) ઉપસર્ગ, ગર્ભહરણ, સ્ત્રી તીર્થંકર, અભાવિત પર્ષદા, કૃષ્ણનું અપરકંકા ગમન, ચંદ્ર–સૂર્યનું ઉત્તરણ.

(૧૦૦૩) હરિવંશ કુલોત્પત્તિ, ચમરોત્પાત, ૧૦૮ સિદ્ધ, અસંયતોની પૂજા. આ દશ આશ્ચર્યો અનંતકાલે થયા.

## સૂત્ર–૧૦૦૪

આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ ૧૦૦૦ યોજન પહોળો છે.

આ રત્નપ્રભા પૃથ્વીનો વજ્રકાંડ ૧૦૦૦ યોજન પહોળો છે.

એ રીતે વૈડૂર્ય, લોહીતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલાક, રજત, સુવર્ણ, અંક, સ્ફટિક, રિષ્ટકાંડ, રત્નકાંડવત્ કહેવા.

## સૂત્ર–૧૦૦૫ થી ૧૦૦૮

(૧૦૦૫) બધા દ્વીપ સમુદ્રો ૧૦૦૦ યોજન ભૂમિમાં છે. બધા મહાદ્રહો ૧૦ યોજન ઊંડા છે. બધા પ્રપાતકુંડો ૧૦ યોજન ઊંડા છે. શીતા–શીતોદા મહાનદીઓ, મુખમૂલે દશ–દશ યોજન પ્રમાણ ઊંડાઈથી કહ્યા છે.

(૧૦૦૬) કૃતિકા નક્ષત્ર સર્વ બાહ્ય મંડલથી દશમાં મંડલમાં ચાર ચરે છે. અનુરાધા નક્ષત્ર સર્વાભ્યંતર મંડલથી દશમાં ચાર ચરે છે.

(૧૦૦૭) દશ નક્ષત્રો જ્ઞાનના વૃદ્ધિકર કહ્યા છે, તે આ પ્રમાણે –

(૧૦૦૮) મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પૂર્વાઓ, મૂલ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા.

**સૂત્ર–૧૦૦૯**

ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની જાતિકુલકોટિ યોનિ પ્રમુખ દશ લાખ કહેલી છે. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ દશ લાખ કહી છે.

**સૂત્ર–૧૦૧૦**

જીવો, દશ સ્થાન વડે બાંધેલા પુદ્‌ગલો પાપકર્મપણે ગ્રહણ કર્યા છે, કરે છે, કરશે. તે આ રીતે – પ્રથમ સમય એકેન્દ્રિય નિવર્તિત યાવત્ સ્પર્શનેન્દ્રિય નિવર્તિત. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા (ત્રણે કાળને આશ્રીને) જાણવા.

દશ પ્રદેશિક સ્કંધો અનંતા કહ્યા, દશ પ્રદેશાવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા છે, દશ સમય સ્થિતિક પુદ્‌ગલો અનંતા કહ્યા છે, દશ ગુણ કાળા પુદ્‌ગલો અનંતા કહ્યા છે. એ રીતે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ યાવત્ દશ ગુણરૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.

સ્થાન–૧૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ ભાવાનુવાદ પૂર્ણ

# સ્થાનાંગ સૂત્ર ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–**4 [603+**DVD] **1,36,000**<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– **603**, તેના કુલ પૃષ્ઠો **1,08,070** | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि-1** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि-2** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–**4 [603+**DVD] **1,36,000**<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– **603**, તેના કુલ પૃષ્ઠો **1,08,070** | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 | | |

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ **DVD** તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– (**1**) **www.jainelibrary.org** **(2) deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India. [Pin- 3611**20]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩

# સ્થાન

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397